शिवमस्तु सर्वजगतः

* मङ्गल—प्रार्थना. *

मङ्गलं भगवान् वीरो, मङ्गलं गौतमप्रभु ।
मङ्गलं स्थूलभद्राद्या, जैनधर्मोऽस्तु मङ्गलम् ॥

# કલ્યાણ

સંપાદક
સોમચંદ.ડી.શાહ.

વર્ષ ૮ અંક ૧-૨ ★ માર્ચ-એપ્રીલ ૧૯૫૧.

કલ્યાણ પ્રકાશન મંદિર
પાલીતાણા
[ સૌરાષ્ટ્ર ]

વર્ષ ૮ અંક ૧-૨.

# વિષય દર્શન

માર્ચ-એપ્રીલ ૧૯૫૧.


| લેખ. | લેખકનું નામ | પાનું નંબર. |
|---|---|---|
| સંપાદકીય | સં૦ | ૧ |
| ઝરણાં | પૂ. પંન્યાસ શ્રી કનકવિજયજી ગણિવર | ૩ |
| શ્રી અને સરસ્વતી | શ્રી સુકેતુ | ૮ |
| પલ્ટાતી વ્યાખ્યાઓ | શ્રીચાણાક્ય | ૧૧ |
| ચિન્તાનું પારાયણ | શ્રી ચીમનલાલ શાહ | ૧૨ |
| જળના સાથીઓ | શ્રી મોહનલાલ ધામી | ૧૫ |
| તેથી તને શું ? | પૂ. પંન્યાસશ્રી પ્રવીણવિજયજી ગણિવર | ૧૮ |
| સંસાર શેરી | શ્રી મુળચંદ એમ. શાહ | ૧૯ |
| ખલકના ખેલ | શ્રી કાંતિલાલ મોહનલાલ | ૨૧ |
| બોધ કથાઓ | પૂ. પંન્યાસ શ્રીકનકવિજયજી ગણિવર | ૨૫ |
| જીવનપ્રભા | શ્રી મફતલાલ સંઘવી | ૨૯ |
| કોને શરણે | શ્રી પન્નાલાલ મસાલીઆ | ૩૩ |
| હિંસા | પૂ. મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મ. | ૩૪ |
| પત્રમાલા | શ્રી અભ્યાસી | ૩૬ |
| નૈતિકતાનું મૂલ્યાંકન | પૂ. મુનિરાજ શ્રી રૂચકવિજયજી મ. | ૩૯ |
| આપણાં તીર્થો | | ૪૦ |
| જીવનજ્યોત | પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મ. | ૪૧ |
| સામે પાર | શ્રી કીર્તિકુમાર હાલચંદ | ૪૪ |
| પ્રમાણ અને નય | કુ. મૃદુલાબેન છો. કોઠારી | ૪૬ |
| સુખની શોધમાં | શ્રી અમૃતલાલ છ. શાહ | ૫૦ |
| શંકા-સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. | ૫૩ |
| ઇનામી હરીફાઇ | કાર્યાલય તરફથી | ૫૭ |
| બાળજગત | સં૦ શ્રી પંકજ | ૫૯ |
| મૃત્યુનો ભય | શ્રી સુંદરલાલ ચુ. શાહ M. A. | ૬૨ |
| નારી કુંજ | શ્રી પ્રશાંત | ૬૪ |
| પીળો ચાંલ્લો | શ્રી મનવંતરાય મ. શાહ | ૬૭ |
| ટ્રસ્ટ એક્ટ | શ્રી કેશરીચંદ નેમચંદ વકીલ | ૬૯ |
| અધિકાર | પૂ. મુનિરાજ શ્રી ચંદ્રકાંતસાગરજી મ. | ૭૨ |
| જ્ઞાન ગોચરી | સં. શ્રી એન. બી. શાહ | ૭૩ |
| મધપૂડો | સં. શ્રી મધુકર | ૭૫ |
| કાવ્ય સૌરભ | જુદા જુદા | ૭૮ |
| એક જ ભૂલ | શ્રી જયકીર્તિ | ૮૦ |
| વિરતિ વિનાનું જ્ઞાન | પૂ. આચાર્ય શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. | ૮૨ |
| નવી નજરે | શ્રી સંજય | ૮૪ |
| સેવા ધર્મ | પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. | ૮૬ |
| सुभाषित रत्नमाला | પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ. | ૮૯ |
| અભયકુમાર | પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મ. | ૯૨ |
| વ્યવહાર શુધ્ધિ | શ્રી ઉજમશી જુઠાભાઇ | ૯૪ |
| उपदेश रत्न मंजूषा | પૂ. મુનિરાજ શ્રી સુબુદ્ધિવિજયજી મ. | ૯૬ |
| કાનજીસ્વામિને | શ્રી પ્રભુદાસભાઇ પારેખ | ૯૮ |


ગઇ પંદરમીએ સંયુકતાંક પ્રગટ કરવાનું જાહેર કરી ચૂકયા હતા, પણ 'કલ્યાણ' ને નવા વર્ષથી નવા પ્રેસમાં છપાવવાનું હોઇ તાતકાલિક અમે પહોંચી વળી શકયા નથી અને એથી અંક પ્રગટ કરવાનું પંદર દિવસ મોડું થયું છે, ગ્રાહક બંધુઓએ જે ધીરજ ધરી અમને સહકાર આપ્યો છે, એ બદલ અમે આભારી છીએ.

**તીર્થ**ના કે ધર્મમહોત્સવોના ફોટાઓ કે બ્લોકો 'કલ્યાણ' માસિકમાં છાપવા માટે મોકલવાની વિનતિ કરીએ છીએ,

ગ્રાહક તરીકે ચાલુ રહેવા કરતાં 'કલ્યાણ' માસિકના સભ્ય થવું વધારે સારૂં છે, કારણ કે દર વર્ષે લવાજમ મોકલવાની માથાફોડ મટી જાય છે અને ભેટ પુસ્તક પ્રગટ થયે પહેલો ચાન્સ સભ્યોને મળે છે, આ વર્ષે સભ્યોને ભેટ પુસ્તક આપવાનું વિચારી રહ્યા છીએ.

આફ્રિકાના ગ્રાહક બંધુઓએ વાર્ષિક લવાજમ રૂા. ૬-૦-૦ પોષ્ટલ ઓર્ડરથી કે મનીઓર્ડરથી મોકલી આપવું, એ રીતે મોલકવામાં અગવડતા રહેતી

[ અનુસંધાન ટાઇટલ પેઇજ ત્રીજું ]

# કલ્યાણ

## નવલ વર્ષના સુવર્ણ પ્રભાતે.

'કલ્યાણ' આજે સાત વર્ષ પુરાં કરી, આઠમા વર્ષમાં પદાર્પણ કરે છે. 'કલ્યાણ' જન્મ્યું છે, તે વિકટ સંયોગોમાં, જીવ્યું છે એથી વધુ અટપટી પરિસ્થિતિમાં, અને હજુ એ રીતે જીવી રહ્યું છે, દિન-પ્રતિદિન વિષમ બનતી જતી સ્થિતિમાં.

છતાં એ એના ઉદ્દેશને અનુરુપ સંગીન પ્રગતિ કરતું જ રહ્યું છે. સમાજને સ્પર્શતા અનેક મૂંઝવણભર્યા પ્રશ્નોને શાસ્રીય દૃષ્ટિએ ઉકેલવા એને પોતાના જીવનકાલ દરમ્યાન શક્ય પ્રયત્નો આચર્યે જ રાખ્યા છે, હજુ પણ એ રીતે તે પ્રયત્નશીલ છે, એ અમારે કહેવાનું હોય નહિ!

તદુપરાંત; 'નવી નજરે' દ્વારા રાજકારણ, સમાજ તથા ધાર્મિક વાતાવરણને સ્પર્શતી માર્મિક સમાલોચના રજૂ થતી રહી છે અને જુદા-જુદા અભ્યાસી લેખકોના મનનીય લેખો; પૂજ્યપાદ આચાર્યાદિ સુવિહીત શ્રદ્ધેય મહાપુરુષોના બોધક સદુપદેશો, સમાજને માર્ગદર્શન આપતા લેખો ઈત્યાદિ મનનીય સાહિત્ય 'કલ્યાણ'માં પ્રસિદ્ધ થતું જ રહે છે.

પૂજ્યપાદ જૈનરત્ન વ્યા૦ વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રી દ્વારા, 'કલ્યાણ'ના વાચકોને શંકા-સમાધાન વિભાગમાં તત્ત્વ-બોધનું સાહિત્ય નિયમિત પીરસાતું રહ્યું છે, જે માટે પૂ૦ પાદ શ્રીના અમે અત્યંત ઋણી છીએ.

મહાસાગરનાં મોતી, નવી-નવી પ્રાચીન કથાઓ, પ્રાસંગિક નોંધો, સદુપદેશ ઈત્યાદિ વિભાગો અવાર-નવાર 'કલ્યાણ'ની સાહિત્ય સેવામાં સંગીનપણે વૃદ્ધિ કરનારા બન્યા છે.

વિશેષઃ આ અંકથી 'કલ્યાણ'ની રસસામગ્રીમાં નવાં-નવાં અંગો ઉમેરાયાં છે. 'નારી કૂંજ' 'બાલ જગત' 'મધપૂડો' 'શબ્દોની પલટાતી વ્યાખ્યાઓ' 'બોધ કથાઓ' 'પત્રમાળા' ઈત્યાદિ વિભાગોદ્વારા સાહિત્ય સેવાના અમારા મનોરથો મૂર્તરુપ લેતા રહ્યા છે.

આ બધું; અમારાં મર્યાદિત શક્તિ-સામર્થ્યને અનુલક્ષીને અમે શક્ય કર્યું છે, કરતા રહ્યા છીએ; છતાં અમે પણ માનવ સહજ નિર્બળતા, ક્ષતિઓ ઈત્યાદિને આધીન છીએ; ત્રૂટિઓ ડગલે ને પગલે રહી છે. અમારી સઘળી અપૂર્ણતાઓના ભાનપૂર્વક અમે આ બધી અમારી હકીકત અહિં રજૂ કરી છે. અમે જે કાંઈ પ્રગતિ કરી શક્યા છીએ તેમાં અમારા પર અસીમ કૃપાદૃષ્ટિ સીંચતા પૂ૦ પાદ શ્રદ્ધેય આચાર્યાદિ મુનિવરો, આપ્તમંડળના ઉદારચિત્ત સભ્યો, તથા હજારો શુભેચ્છકો તેમજ વાચકોનો અનન્ય સદ્દભાવ જ કારણરુપ છે, તે વિના અમે તે કોણ મોટા જે આટ-આટલી રીતે 'કલ્યાણ'ને ઉન્નત કરી શકીએ!

એક વિનંતિ કરવાને છેલ્લે-છેલ્લે મન લલચાય છે; 'કલ્યાણ'ની પ્રગતિમાં પ્રાણ પૂરવા અમે અમારા સર્વ શુભેચ્છકોના સંપૂર્ણ સહકારની આશા રાખીએ છીએ. 'કલ્યાણ' દ્વારા નવ-નવું સાહિત્ય સમાજને મળતું રહે છે, સમાજને ઉપયોગી માર્ગદર્શન પ્રાપ્ત થતું રહે છે, આમાં 'કલ્યાણ' વિશેષ પ્રગતિ કરતું રહે તે માટે તેના શુભેચ્છકોએ મમતાભરી લાગણીપૂર્વક આર્થિક સહાયક બનવા હજુ વધુ પ્રયાસ કરવાની જરૂર છે. કલ્યાણ'ની ગ્રાહક સંખ્યામાં વિશેષ વધારો થાય તે આજે વધુ ઈચ્છનીય છે, તે માટે સહુ શુભેચ્છકો પ્રયત્નશીલ રહેશે જ !

કાગળ, છાપકામ આદિમાં મોંઘવારી પારવિનાની છે. જીવનના બધા ક્ષેત્રોની જેમ પત્રસંચાલનના વ્યવસાયમાં પણ એ મોંઘવારીએ માઝા મૂકી છે. 'કલ્યાણ'ની પ્રગતિમાં આજની મોંઘવારીએ તેના શુભેચ્છકોની હિમ્મતને કેટલીક વેળા ડગ-મગતી કરી છે, છતાં હજુ શ્રીશાસન દેવની કૃપાથી 'કલ્યાણ' નું જીવનનાવ અવિરતગતિએ વહ્યે જાય છે.

વિશેષ લેખકોને પણ અમે વિનંતિ કરીએ છીએ કે, જેમ બને તેમ વર્તમાન લોકભોગ્ય શૈલીયે પ્રભુશાસનના સનાતન સત્યો સરળ ભાષામાં ગૂંથી તમારો અવાજ 'કલ્યાણ'માં રજૂ કરો ! તદુપરાંત વર્તમાન રાજકારણ સમાજ, તથા જગતના અવનવા બનાવો ઈત્યાદિને સ્પર્શતા લેખોમાં જૈનશાસનની સંસ્કૃતિને રજૂ કરતા રહો, તે જ રીતે નાની-નાની કથાઓ, વાર્તાઓ, સદુપદેશ પણ વર્તમાન હવાને સ્પર્શતી શૈલીયે સમાજને માર્ગદર્શન મળે તે રીતે લખીને 'કલ્યાણ'માં મોકલતા રહો, તમારા તરફની એટલી આશા વધારે પડતી ન કહેવાય.

વાચકોને એક વિનતી કે કલ્યાણ'માં જે રીતે સાહિત્ય પીરસાતું રહે છે,-રહ્યું છે; તેને અંગે તમારાં માનસપર જે છાપ અંકિત થઈ હોય; તેમાં તમારે અમને જે કાંઈ સલાહ-સુચના કે માર્ગદર્શન આપવાનું હોય તે નિઃસંકોચ અમને જણાવવું; તેમજ 'કલ્યાણ'માં આવતા લેખો, ખાસ વિભાગો વગેરેમાંથી કઈ વસ્તુ તમને ગમી? કયો વિભાગ તમને આકર્ષક લાગ્યો? કઈ શૈલીનું લખાણ તમને ઉપયોગી લાગ્યું? ઈત્યાદિ અવસરે અમને જરૂર જણાવતા રહેશો; અમારા હજારો વાચકોનો પ્રેમભર્યો-લાગણીપૂર્વક મમતાભાવ એ જ અમારે મન કલ્યાણની મ્હોટામાં-મ્હોટી મૂડી છે.

તા. ૧-૪-૫૧ ના નિયમિત સમયે 'કલ્યાણ'નો વિશેષાંક પ્રગટ કરવાની અમારી ધારણા હતી, છતાં 'કલ્યાણ પ્રીં. પ્રેસ'માં 'કલ્યાણ'ને પ્રીન્ટ કરવાનું હોવાથી, તે નવા પ્રેસની તૈયારીઓના કારણે અંક ધારણા મુજબ સમયસર પ્રગટ થઈ શકયો નથી, તે માટે અમારા શુભેચ્છકો, વાચકો તથા અમારા પ્રત્યે લાગણી દર્શાવનારા અમારા ધર્મબંધુઓ અમને ક્ષમા આપે. હવેથી સમયસર અંક પ્રકાશિત થતો રહેશે. દળદાર વિશેષાંકને બાર દિવસના ટુંક સમયમાં છાપી આપી, અમને અમારા કાર્યમાં ખૂબજ મમતાપૂર્વક સહાય કરનાર 'કલ્યાણ પ્રીં. પ્રેસના સ્થાપક તથા અમારા ભાગીદાર વઢવાણનિવાસી ભાઈશ્રી કીરચંદ શેઠનો અમે આ તકે આભાર માનીએ છીએ.

શાસન દેવ! અમને અમારા 'કલ્યાણ' માર્ગે પ્રગતિ સાધવાનુ નૈતિક બળ સમર્પો.

ભાવધર્મ ખરેખર સબરસ-મીઠા જેવો છે. ભોજનમાં બધા રસો હોવા છતાં જો મીઠું તેમાં ન હોય તો ભોજનની બધી મઝા મારી જાય છે. બીજા બધા રસો હોવા છતાં ભોજન નીરસ, લુખ્ખું અને ફીકકું લાગે છે; પણ એ મીઠું, વગર ભોજને એમને એમ કોરા ફાકડા મારવામાં આવે તો થૂ-થૂ કરીને એને થૂંકી નાંખવું પડે છે; તેજ રીતે ભાવધર્મ-જ્ઞાન સબરસ છે. દાન, શીલ તથા તપરૂપ ક્રિયામાર્ગની આરાધનાને દીપાવનાર, ધ્યેય શુદ્ધિને ટકાવી રાખનાર ભાવધર્મ છે, પણ કેવળ ભાવધર્મ, દાન, શીલ, કે તપ વિના નિરર્થક છે. દાન એ ભાવ આવ્યા પછી વ્યસનરુપ બની જાય છે. ધન જેને ભારરૂપ લાગે કે ધનની મૂર્છા ત્યજવાની ભાવનાવાળો સ્હેજે દાનનો વ્યસની હોય છે. દાન આપવું એ જુદું, અને દાનનું વ્યસન એ જુદું. દાનમાં એક વખતે લાખ્ખો આપી દે, પણ દાનના વ્યસનીની સ્થિતિ કોઇ જુદી હોય છે. એક વખત જે વસ્તુનું વ્યસન પડી જાય છે. તેના વિના પછી એ માણસથી રહેવાતું નથી, એને એ સિવાય બીજે ચેન ન પડે. વ્યસની માણસ ખાય-પીએ, પહેરે કે ઓઢે પણ જે વસ્તુનું એને વ્યસન પડયું હોય એના વિના એને બધું નીરસ લાગે, એને કોઇ જગ્યાએ મઝા ન પડે. દાનના વ્યસનીની સ્થિતિ લગભગ આવીજ હોય છે. જે દિવસ દાન વિનાનો જાય તે દિવસે એને ખાવું, પીવું કે બીજું કાંઇ પણ ગમે નહિ. આપ્યા વિનાનો એનો દિવસ એને વાંઝીઓ લાગે. આજે વ્યસન શાનું પડયું છે? દાનનું વ્યસન ગયું, અને મેળવવાનું તેમજ સાચવવાનું વ્યસન આવ્યું: માટેજ સંસારમાં આજે ચોમેર દુઃખનો દવ સળગી રહ્યો છે. અસંતોષ, તૃષ્ણા, અને લોભની માત્રા આજે અતિશય વધી ગઇ છે. કારણ, આ દાનધર્મ જીવનમાંથી ગયો તે માટેજ અનંતજ્ઞાની શ્રી જિનેશ્વર દેવોએ આ મેળવવાના અને સાચવવાના અધર્મની સામે દાનનો ધર્મ દર્શાવ્યો છે.

સંસારમાં પ્રત્યેક આત્માને મોટામાં મોટો રોગ, મેળવવાનો તેમજ સાચવવાનો લાગુ પડયો છે. આ જેવો તેવો રોગ નથી, પણ ભયંકર કોટિનો ચેપી રોગ છે. જીવનમાં અનેક પાપો આની પાછળ તણાઇને આવે છે. આજે ભણેલા કે અભણ બન્ને કોટિમાં ગણાતા માણસો આ રોગચાળાના ભોગ બનેલા જણાય છે. એટલે મેળવવાના ધમપછાડા ઓછા થતા નથી. મલ્યાનો સદુપયોગ કરવાની વૃત્તિ જણાતી નથી. દાનરૂચિ પણ ઘસાતી જાય છે. મેળવવામાંથી તથા સાચવવામાંથી ઉંચા અવાતું નથી. પુણ્યના યોગે જે મલ્યું છે, એમાં સંતોષ નહિ, સાચવવા માટે દિવસ-રાત અજંપો, ભયંકર રૌદ્રધ્યાનની ભઠ્ઠી ચોવીસે કલાક સળગતી જ રહે. સગાભાઇનો પણ વિશ્વાસ નહિ. મળેલું સાચવવા માટે ભાઈ-ભાઇને કોર્ટની દેવડીએ ખેંચી જાય. આથી જ મળેલા કે સાચવેલાને છોડવા જેવું માનવાની વૃત્તિ પેદા થાય તો આત્મસુખની ઝાંખી થયા વિના રહે નહિ અને તો જ દાનરૂચિ જાગે; દાનરૂચિ જાગ્યા વિના ધર્મ આવતો નથી. ધર્મની આરાધનાને દીપાવનાર આ દાનરૂચિગુણ છે.

ભ૦ શ્રી મહાવીરદેવનો પહેલો ભવ નયસારનો છે. નયસાર જેવા ધર્મના વાસ્તવિક તત્ત્વથી અનભિજ્ઞને સાધુનો સંસર્ગ જે રીતે મલ્યો અને ફલ્યો, તે આ દાનરૂચિ ગુણના યોગે. રાજાના આદેશથી પોતાની સાથે માણસોને લઇ નયસાર જંગલમાં ઇમારતી લાકડાઓને માટે જાય છે. સેંકડો માણસો જંગલમાં કામ કરી રહ્યાં છે. જંગલ બિહામણું અને વિકટ છે. મધ્યાહ્નનો સમય થયો છે, આકાશમાં સૂર્ય તપી રહ્યો છે, નીચે ધરતીની રેતી બળી રહી છે, માણસો નયસારને માટે ન્હાવાને સારૂ ગરમ-પ્રાસુક પાણી તથા ભોજનને માટે રસોઇનો [illegible] તૈયાર કરી લાવ્યા છે. એ વેળા પુણ્યવાન નયસારના હૃદયમાં એ શુભભાવના જાગે છે; 'જો અત્યારે મને કોઇ અતિથિ કે સુપાત્ર મળી જાય તો તેઓના પાત્રમાં આપી, પછી હું ભોજન કરૂં!' નયસારની આ ભાવના ખરેખર દાનનું વ્યસનીપણું બતાવે છે. દાનની રૂચિ એ એક અદ્ભૂત કોટિનો સદ્‌ગુણ છે. માનવમાં રહેલી માનવતા એ કોઇ બીજી વસ્તુ નથી, પણ દાનરૂચિતા એજ માનવતા છે. આજે આ માનવતા પરવારી બેઠી છે, માટે જ સ્વાર્થનો અંધાપો ચોમેર માનવહૃદયોમાં ઘેરાઇ ગયો છે. માણસ, માણસને

કેવળ પોતાના સ્વાર્થના કાટલાથી માપવા ઇચ્છે છે, માપી રહ્યો છે. થોડું ઘણું પણ આપવાની-છોડવાની બુદ્ધિએ આપવા-છોડવાની ત્યાગભાવના લગભગ આજે નાશ પામી છે. છોડવા જેવું છે, એ આત્માનો વૈરાગ્યભાવ સૂકાઇ ગયો છે, એટલે જ ત્યાગી આત્માઓના દર્શનની, વંદનની યા તેઓના સદુપદેશને ઉત્કટ ભાવથી શ્રવણ કરવાની અંતરની લાગણી લગભગ અદૃશ્ય થઇ ગઇ છે. નયસારના આત્મામાં આ માનવતા ભરેલી પડી છે, સુપાત્રને શોધવા તેનો આત્મા ઉત્સુક બન્યો છે. મોઢામાં મૂકેલો અનાજનો કોળીયો પેટમાં જઇને અમૃતરુપે ત્યારે જ પરિણમે જ્યારે આ પ્રકારની દાનની બુદ્ધિ જાગૃત હોય તો.

મનના નિર્મળ પરિણામથી આત્મામાં જાગ્રત થયેલી દાનરૂચિ ધાર્યું પરિણામ આણી શકે છે. આવી ભીષણ અટવીમાં નયસારને સુસાધુઓનો યોગ મળે છે, સુપાત્રભક્તિનો લાભ મળે છે અને તે દ્વારા નયસારનો આત્મા માર્ગને પ્રાપ્ત કરે છે, આ બધું દાનરૂચી ગુણના યોગે, એ ભૂલવા જેવું નથી. માટેજ ધર્મ મંદિરનું પહેલું દ્વાર દાનરૂચી ગુણ છે, એ આવ્યા પછી અન્ય અલૌકિક કોટિના ગુણો આપમેળે આકર્ષાઇને આવે છે.

દાનધર્મ તરીકે જો આવી જાય તો દાનદેનારને લક્ષ્મી મેળવવા કે સાચવવા માટે પાપ કરવાની વૃત્તિ ન જાગે; પાપ કરવું એ જુદી વસ્તુ છે, અને પાપભાવના એ જુદી વસ્તુ છે; આ બન્નેની વચ્ચે ગાડાનાં આડાં જાય તેટલું અંતર છે. પાપ એ જેટલું અનિષ્ટ કે આપત્તિનું તત્ત્વ નથી, એના કરતાં કઇગણું ભયંકર અનિષ્ટ પાપભાવના છે. આજના સંસારમાં પાપભાવના કૂદકે અને ભૂસકે આગળ વધી રહી છે. પાપભાવનાનો પ્રચાર ચોમેર ઝડપભેર વધતોજ જાય છે. હિંસા તો પૂર્વકાલમાં યુદ્ધ આદિ પ્રવૃત્તિઓમાં થતી, શિકાર કરનારા કે પશુ-પક્ષીઓને મારનારા પૂર્વકાલમાં હતા, પણ હિંસકભાવના આજે જે રીતે જોર પકડતી જાય છે, વાતાવરણમાં પાપભાવના કે હિંસકભાવના જે ઝેરી પ્રચાર આજના કહેવાતા બુદ્ધિમાન માનવો પોતાના લખાણ યા ભાષણદ્વારા કરી રહ્યા છે, એ અતિશય ભયંકર છે. આથી લોકોનાં માનસ વિકૃત બને છે, પાપ પ્રત્યેનો હૃદયનો ભય ચાલ્યો જાય છે. આસ્તિકતા બળીને ખાખ થાયછે. પરિણામે ધર્મભાવનાનું સંજીવન તત્ત્વ નષ્ટ થતાં સંસારમાં પાપના ફલરૂપે દુઃખ, દુઃખ અને દુઃખ સિવાય અન્ય કાંઇ જ રહેશે નહિ, માટે આપણે પાપભાવનાનો વિરોધ કરીએ છીએ. પાપ કરનાર પાપી નથી, જો પાપ છોડવા જેવું એમ એ હૃદયથી માનતો હોય તોપણ એમાં છે શું ? 'પાપ વિના તે કાંઇ ચાલતું હશે ? એતો સંસારમાં બધુંયે ચાલે' આમ માનનારો કદાચ પાપ ન કરે તો એ એનું હૃદય પાપના રંગથી રંગાયેલું છે, માટે તે પાપી છે, એમ જરૂર કહી શકાય;

દાનને-લક્ષ્મીના ત્યાગને ધર્મ માનનારો લક્ષ્મીને મેળવે, સાચવે કે ભોગવે એ જુદી વસ્તુ છે, પણ આ બધું કરવામાં એનો આત્મા પાપના રંગથી રંગાય નહિ. એને શ્રી જિનેશ્વરદેવનાં વચનો પ્રત્યેની પરિપૂર્ણ શ્રદ્ધા હોવાથી એ માને કે, સંસારનાં સુખો પુણ્યાઇના યોગે મળે છે, સચવાય છે પુણ્યના યોગે, અને ભોગવાય છે તે પણ પુણ્યના યોગે; આ બધાં પૌદ્‌ગલિક સુખો આત્માનો ઔદયિક ભાવ છે, આત્માના સ્વરૂપને ઢાંકી દેનારો તે મળ છે, આત્માને લાગેલો તે ભાર છે. જ્યારે દાનગુણ આત્માના ભારને હળવો બનાવે છે.' એટલે દાન દેનાર દાતાર સુપાત્રને પોતાનો ઉપકારી માને, પોતાના ભારને હળવો કરનાર સુપાત્રને હંમેશા સાચો દાતા શોધતો ફરે, જેમ માથા પર દોઢ મણનો બોજો ઉપાડીને ચાલનારો મજૂર, માથાના ભારને હળવો કરવાની જ તેવડમાં હોય છે. એ સ્થિતિ દાનધર્મી આત્માની હોય છે. મજૂર ભાર લઇને જતો હોય, રસ્તામાં તે થાકે અને એના માથાનો બોજ રસ્તે ચાલનાર કોઇ ઉતારી તેને રાહત આપે તો તેને એ કેટ-કેટલા પ્રેમથી-લાગણીથી સન્માને છે. તેને પોતાનો નિષ્કારણ ઉપકારી માને છે. એ રીતે લક્ષ્મીને આત્મા પરનો ભાર માનનાર દાની સુપાત્રને કે ઉત્તમ ધર્મક્ષેત્રોને પોતાના તારક, ઉદ્ધારક તથા ઉપકારક માને. સુપાત્ર સ્વરૂપ સાધુ સાધ્વી, યા શ્રાવક, શ્રાવિકાક્ષેત્રની ભક્તિ કરવામાં એનો આત્મા અતિશય ઉલ્લાસ પામે. ઘર, કુટુંબ, સ્ત્રી, પુત્ર-પરિવારની ખાતર હજારો ખરચાય છે, છતાં પરિણામે આત્માને સંસારના ક્લેશની પરંપરા સિવાય કાંઇ જ લાભ મલ્યો નથી.

જ્યારે સુપાત્રની ભક્તિ, બહુમાન અને વૈયાવચ્ચ આદિદ્વારા આત્માને અનંત સુખનો લાભ પ્રાપ્ત થાય એટલે આ બધા સુપાત્રની ભક્તિ કરવામાં એની રોમરાજી વિકસિત થાય. ઉત્તમ ધર્મક્ષેત્રોની ટીપ લઈને બહારગામથી કે ગામમાંથી આવનારને આ દાનરૂચિ આત્મા, પોતાના મહાન ઉપકારી માની, તેને હાથ જોડી પોતાના આંગણે તેડી લાવે. ફૂલ નહિ તો ફૂલની પાંખડી ભાવથી આપે. વાણીની મીઠાશ, હૃદયની ઉદારતા તથા આત્માની ઉત્તમતા એના વ્યવહારમાં સામાને જણાઇ જાય, એવું તે વર્તન રાખે. દાનમાં 'વસ્તુ કેટલી અપાય છે કે કેવી રીતે અપાય છે? એ કાંઇ માપ નથી, પણ દાનધર્મનું માપ તો 'એ કઇ રીતે કયા ભાવથી આપે છે?' એ ઉપરથી સમજાઇ જાય છે.

**आनंदाश्रूणि रोमांचो, बहुमानं प्रियं वचः ।**
**किंचानुमोदना पात्र–दानभूषणपंचकम् ॥**

દાનને શોભાવનારા, સુપાત્રભક્તિને અલંકૃત કરનારા આ પાંચ અલંકારો છે. જગતમાં દાન આપનાર આત્મા પોતાની પાસેની મહામૂલ્ય કે અલ્પમૂલ્ય વસ્તુથી સુપાત્રભક્તિ કરે, પણ તેની તે પ્રવૃત્તિ જ તેના હૃદયના બહુમાનભાવને વ્યક્ત કરે છે. દાનરૂચિ આત્મા, સુપાત્ર ભક્તિનો અંતરથી ભૂખ્યો હોય છે. મેઘની જેમ મયૂર રાહ જૂવે છે, તેમ દાતા સુપાત્રને શોધતો હોય છે. સુપાત્રને ઝંખતો તેનો આત્મા સુપાત્રને જૂએ, એટલે એના શરીરમાં આનંદ માય નહિ, સ્નેહી જેમ ઘણા લાંબા સમયના વિરહ પછી પોતાના પરમ સ્નેહપાત્રને જૂએ અને તેની આંખોમાં જેમ સ્નેહનાં આંસુ ઉભરાઈ જાય, તેમ દાતા સુપાત્રને જોઇને આનંદથી ગળગળો થઇ જાય એના હૃદયમાં બહુમાન માંય નહિ, એના શરીરમાં રોમરાજી વિકસિત થાય. દાનને એ જીવનનો સાચો લ્હાવો માને. દાનને પોતાની સાચી કમાણી માને, એના મુખમાં પ્રીય વચનો હોય. પધારો, પાવન કરો, ધન્યભાગ્ય, ધન્યઘડિ, આજનો દિવસ સફલ થયો. દાન આપ્યા પછી એની અનુમોદના કરતો એ થાકે નહિ. મોટાઇ બતાવવી કે જાતની બડાઇ ગાવી એ જુદી વસ્તુ છે. એ તો દાનના ફલને વેચી નાંખવા બરાબર છે, પણ જીંદગીમાં થએલા સુકૃતની અનુમોદના કરીને 'ફરી એવો લાભ કયારે મળે? અને હું કૃતકૃત્ય થાઉં!' આવી ઝંખના નિરંતર સેવ્યા કરવી, એ જુદી વસ્તુ છે.

આજે આનાથી જુદી દશા પ્રવર્તે છે. આજે દાન દેવાય છે, પણ દાનના ફલથી વંચિત રહેવાય તેવી કારવાઇ, દાતાના હાથે થઈ જાય છે. આપ્યા પછી કે એક વખત દાન કર્યા પછી જાણે ધરાઇ ગયા હોય. અને ગળે આવી ગયા હોય એવાં વચનો જ્યારે દાતાર તરફથી નીકળે ત્યારે ઘડીભર એમ થઇ જાય કે, આટ-આટલું કરનાર છેવટે શેકીને વાવ્યાની જેમ પોતાની બધી પ્રવૃત્તિઓને દાનના વાસ્તવિક ફલથી રહિત કરે છે. શેકીને વાવનાર જેમ બી'ને અને મહેનતને નિષ્ફળ બનાવે છે. તેમ દાનરૂચિ વિનાનો, દાનના વ્યસનીપણા વિનાનો સુપાત્રસ્થાનોની ભક્તિ કરે તોપણ પોતાની દાનક્રિયાને તે છારપર લીંપણની જેમ નકામી કરે છે. સાચો દાતા તે કે લેનાર લેતા થાકે. પણ આ દાતા કદિ આપતા થાકે નહિ, એતો એમ જ કહે, 'લો, લો, મને લાભ આપો. મારો ઉદ્ધાર કરો' કારણ કે દાન–ત્યાગ એજ પુણ્યાધીન સંપત્તિનું સાચું ફલ છે, એમ આ ભાગ્યશાળી ધર્માત્માના હૃદયમાં પરિપૂર્ણ શ્રદ્ધા છે. એથી એનું હૃદય દાનધર્મના ઉત્કટ–પ્રેમથી રંગાઇ ગયું હોય છે.

---

**બાપા**—[દીકરાને] એલ્યા મગન, હવે તું મોટો થયો, દુનીયામાં શું શું ચાલી રહ્યું છે? એની તારે ખબર રાખવી જોઇએ, સમજ્યોને?

**મગન**—હા, બાપા, મને એ બધી ખબર છે. તમારે કહેવાની જરૂર નથી. દુનીયામાં મોટર ચાલે છે, ટ્રામ ચાલે છે, બસ ચાલે છે, આગગાડી ચાલે છે, ઓલ્યું વેમાન ચાલે છે, સ્ટીમર ચાલે છે, ઘોડા ચાલે છે, ગધેડા ચાલે છે, અને માણસ ચાલે છે. બોલો મને ખબર છે કે નહિ?

‘શ્રી નવકાર મહામંત્ર’ લખાવવા અંગેની ઈનામી હરિફાઈ ગત પર્યુષણા મહાપર્વના સમયે રજુ કરવામાં આવી હતી. ૪૦૦ ભાઈ–બ્હેનોએ ભાગ લીધો હતો અને




પાંચલાખ શ્રી નવકાર મહામંત્ર લખાઇને આવ્યા હતા એમાં પ્રથમ ઈનામ રૂા. ૧૦૦,ના વિજેતા **શ્રી પન્નાલાલ જ. મશાલીઆના** આ છે સુંદર હસ્તાક્ષરો.

# પર્યુષણ પર્વનું જ્ઞાન-વાચન

## પં. બેચરદાસ

| | |
|---|---|
| પ્રાકૃત માર્ગોપદેશિકા | ૪-૪ |
| રાજપ્રશ્નીય [ ટીકા, વિસ્તૃત અનુવાદ, પ્રસ્તાવના તથા કોશ સાથે ] | ૭-૦ |
| પ્રાકૃત વ્યાકરણ | ૪-૦ |
| ભ. મહાવીરની ધર્મકથાઓ | ૨-૮ |
| ભ. મહાવીરના દશ ઉપાસકો | ૧-૮ |

## પં. સુખલાલજી

| | |
|---|---|
| તત્ત્વાર્થ સૂત્ર | ૪-૮ |
| પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો ૧-૨-૩ | ૧-૮ |
| આધ્યાત્મિક વિકાસક્રમ | ૦-૬ |
| પ્રમાણ મીમાંસા | ૭-૦ |
| જ્ઞાનબિન્દુ | ૫-૦ |

## શ્રી ધૂમકેતુ

| | |
|---|---|
| ગૂર્જરેશ્વર કુમારપાળ ૧-૨ | ૯-૦ |
| હેમચંદ્રાચાર્ય | ૨-૮ |
| હૈમસમીક્ષા [ મોદી ] | ૨-૮ |
| સુબોધવાણી પ્રકાશ [ ન્યાયવિજયજી ] | ૧૦-૦ |
| જૈન દર્શન " | ૨-૦ |

## શ્રી જયભિખ્ખુ

| | |
|---|---|
| ભ.ઋષભદેવ | ૪-૮ |
| નરકેશ્વરી વા નરકેસરી | ૪-૮ |
| કામવિજેતા સ્થુલિભદ્ર | ૪-૮ |
| મહર્ષિ મેતારજ | ૪-૮ |
| વિક્રમાદિત્ય હેમુ ભા.૧-૨ | ૮-૪ |
| વીરધર્મની વાતો ૧-૨ | ૫-૦ |
| મત્સ્ય ગલાગલ | ૪-૮ |
| હિંમતેમર્દા | ૧-૮ |
| જવાંમર્દ ભાગ ૧-૨ | ૨-૮ |
| ઉપવન | ૨-૮ |
| પ્રેમભક્ત જયદેવ | ૪-૮ |
| ગઈ ગુજરી | ૧-૮ |
| રાજા શ્રીપાળ | ૦-૮ |
| જૈનધર્મની પ્રાણી કથાઓ | ૧-૪ |

## પ્રકીર્ણ

| | |
|---|---|
| આર્હત દર્શન દીપિકા | ૯-૦ |
| સુંદરીઓનો શણગાર | ૪-૦ |
| સોળ સતી | ૧-૮ |
| ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ૧-૨ | ૫-૦ |
| અર્હન્નીતિ | ૧-૮ |
| અનેકાર્થ સાહિત્ય સંગ્રહ [ ૧૧૬ અર્થવાળી કૃતિ ] | ૨-૮ |
| અમર બલિદાન | ૧-૮ |
| ભાઈબીજ | ૪-૦ |
| સૂરીશ્વર અને સમ્રાટ્ | ૩-૦ |
| The Jinist Studies | ૫-૦ |
| Studies in jainism | ૩-૦ |
| Jainas in the history of Indian LITERATURE | ૨-૦ |

## જૈન બાલ ગ્રંથાવલિ

શ્રી જયભિખ્ખુએ નવીન રીતે સંપાદિત કરેલ, નવા ફેરફાર સાથે સુંદર ગેટઅપમાં પ્રગટ થયેલી બે શ્રેણીઃ કિં. ૭ રૂપિયા.

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય** ગાંધી રસ્તો—**અમદાવાદ.**

# શ્રી અને સરસ્વતી ——— શ્રી સુકેતુ.

## લક્ષ્મી અને સરસ્વતીના સંઘર્ષણનું કલ્પનાચિત્ર

**[ પૂર્વ પરિચય સાર: ]**

લક્ષ્મી તથા સરસ્વતી બન્ને એક વખત ભેગા મલ્યાં. પરસ્પર વાતે ચડયાં. લક્ષ્મી કહે છે, ‘ હું મોટી, સંસારમાં મારૂં બધે સામ્રાજ્ય છે.’ સરસ્વતીએ કહ્યું: ‘લક્ષ્મીની કાંઈ કિંમત નથી, ખરી મહત્તા સરસ્વતીની છે.’ લક્ષ્મીએ વળતો જવાબ આપ્યો. ‘જગતમાં વાતો તો બધાએ મોટી મોટી વિદ્વતાની કરે છે, પણ અવસરે ખબર પડી જાય છે. ભલ-ભલા દિગ્ગજ પંડિતો પણ અવસર આવે ધનવાનનાં બારણાં ઠોકતા આવે છે, ખાતરી ન થતી હોય તો આપણે અનુભવ કરીએ.’ સરસ્વતીએ હા ભણી.

એક શહેરમાં સરસ્વતી પંડિતનું રૂપ લઇ શહેરના જાણીતા શેઠના ચોકમાં કથા કરે છે. શેઠ, શેઠાણી તથા નગરના લોકો હજારોની સંખ્યામાં આતુરતાથી કથા સાંભળી રહ્યા છે. પંડિતજીની વિદ્વત્તા, વાણીની મીઠાશ તથા બોલવાની છટાથી લોકો કલાકોના કલાકો સુધી સાંભળવા છતાં થાકતા નથી. આ રીતે જ્યાં રસ જામ્યો, એટલે આ બાજુ, લક્ષ્મી પોતાનો પાઠ ભજવવા તૈયાર થયાં. વૃદ્ધ ડોશીનું રૂપ લઇ ઝોળીમાં હીરાજડિત સોનાની થાળીઓ લઇ, શેઠના ઘરમાં પાછલા ભાગમાં લથડતા પગે, જર્જરિત દેહે લાકડીના ટેકે આવી પહોંચ્યાં. પાણીની તરસ લાગી છે એટલે પાણીને માટે બૂમ મારે છે; કથાના રસમાં ભંગ પડે છે એટલે શેઠાણી વહુને મોકલે છે; વહુ પણ મન વિના આવીને ડોશીને પાણી આપે છે. ડોશી તરત ઝોળીમાંથી હીરાજડિત સોનાની થાળીઓ કાઢે છે. વહુનું મન લલચાયું, શેઠાણીને બોલાવ્યાં, શેઠ આવ્યા સહુ કથા સાંભળવી પડતી મૂકી અને ડોશીમાની આગતા-સ્વાગતા કરવા સહુ મંડી પડયાં.

લક્ષ્મીદેવી આટલી માયા કરીને અડકયાં નહિ, પણ કથામાં બેઠેલા લોકોને ઉઠાડવા નવી લીલા એમણે ગોઠવી: નગરના નગરશેઠ રાજાના અપરાધમાં આવ્યા છે: તેમનાં ધન, દોલત રાજા લૂંટાવે છે: કથામાં બેઠેલા લોકો તરત જ એ મફતનો માલ લેવા ઉભા થઈ ગયા: એટલે પેલા પંડિતજીની કથામાં હવે જુજ લોકો રહ્યા છે: ત્યાં રાજાના મંત્રીનો પુત્ર ઘણા સમયે મંદવાડમાંથી સાજો થયો છે; એટલે મંત્રીએ યજ્ઞ માંડયો છે; બ્રાહ્મણોને દક્ષિણાઓ મનમાની આપે છે. કથામાં બેઠેલા બાકીના બ્રાહ્મણો દક્ષિણા લેવા ઉભા થયા: થોડા વ્યાપારી તથા પ્રતિષ્ઠીત માણસો હજુ પંડિતજીની કથામાં બેઠા છે. એટલામાં બંદર પર એક વ્યાપારીનો માલ ખૂબ આવ્યો છે. એણે જલ્દી પરદેશમાં ઉપડી જવું છે, એટલે માલ ઓછા ભાવે તેણે વેચવા કાઢયો છે; વ્યાપારીઓ બંદર પર ભેગા થયે જાય છે, સસ્તા ભાવનો-પાણીનાં મૂલ્યનો માલ લેવા કથામાંથી વ્યાપારીઓ ઉભા થવા માંડયા. હવે ફક્ત ગણ્યા-ગાંઠયા માણસો કે જે ખખડપંચમ જેવા હતા તે બેઠા-બેઠા કથા સાંભળી રહ્યા છે; એટલે પેલા લક્ષ્મીદેવીએ ડોશીના વેષમાં શેઠને કહી દીધું; ‘આ અવાજ મારાથી સહન થતો નથી, શું કરૂં? આવી કથા ચાલી રહી છે; અને હું વિક્ષેપ કરૂં છું પણ થાય શું?’

આથી શેઠ, ડોશીના માલની લાલચથી પેલા પંડિતજીને-સરસ્વતીને તગડી મૂકે છે. પંડિતના ગયા પછી ઝાડે ફરવાના બ્હાનાથી ડોશીમા નગરની બ્હાર આવ્યા. પોતાના મૂળ રૂપમાં પ્રગટ થઇ ડોશીમા-લક્ષ્મીદેવીએ કહ્યું; ‘કેમ જોયું ને? શ્રી પહેલી કે સરસ્વતિ?’ હજુ પણ જો બરાબર વિશ્વાસ ન બેસતો હોયતો ફરી અનુભવ કરીએ!’

૨

શ્રીદેવી અને સરસ્વતી બન્ને જંગલમાં એક ઝાડ પર સંતાઇને રહ્યાં છે. જંગલમાં એક ભાગમાં સોનાની નાની ટેકરી શ્રીદેવીએ પોતાની માયાથી રચી છે. એટલામાં બે સીપાઇઓ પોતાના રાજાનું કામ પતાવી શહેર ભણી જઇ રહ્યા છે. દૂરથી સૂર્યનાં કિરણોમાં પ્રકાશિત થતી ટેકરીને જોઈ, એક સીપાઇની દ્રષ્ટિ તે બાજુ ગઇ, તેણે બીજાને થોભવાનું કહ્યું. પેલાએ ના પાડી. આ તો લોભમાં પડયો હતો, સીધો ટેકરી બાજુ ગયો. ત્યાં જઇને જોયું તો સોનાની શિલાઓની શિલાઓ ખડકાઇને પડી

હતી. એના હૃદયમાં પાપ પેઠું. ' બીજો સીપાઇ આગળ ચાલી જાય, એટલે નિરાંતે આ બધું ઉપાડી લઉં '–એ ગણત્રીમાં ભાઇસાબ થોડીવાર ત્યાંને ત્યાં ઉભા રહ્યા. આગળ ગયેલા સીપાઇને એમ થયું કે, ' પેલો હજી કેમ ન આવ્યો ? હું જોઉં તો ખરો કે, છે શું ? વખતે માલ જેવું હોયતો આપણો ભાગ જતો રહેશે. ' આમ વિચારી તે પાછો વળી ટેકરી તરફ આવ્યો. પેલાએ એને આવવા ના કહી. ભાગ આપવાની હા, ના'માં બન્ને વચ્ચે મારામારી થઇ, સ્હામ-સ્હામા તરવારના ઘાથી તે બન્ને ત્યાંજ કપાઇ મૂઆ. સરસ્વતીદેવીએ કહ્યું; ' અરે ! શ્રીદેવી ! તમે તો જબરા છો, તમારા લીધે આ બન્નેનો ભોગ લેવાયો ' જવાબમાં શ્રીદેવીએ હસીને કહ્યું; ' હજુ આતો નાટકનો પહેલો પ્રવેશ છે આગળ પર શું થાય છે, તે જોઇએ. '

એટલામાં એક સંન્યાસી, સંસારથી વિરક્ત જેવો અને સંસારની માયાથી ઉદાસીન બનેલો ત્યાં થઇને જઇ રહ્યો છે. સોનાની ટેકરી પર એનો પગ પડયો. ધૂળ સ્હેજ ઉડતાં, સોનું દેખાયું, એટલે બાવાજીએ ત્યાંજ રાતવાસો કરવાનું નકકી કર્યું. ' માયા દેખી મુનિવર ચળે'–એ રીતે રૂષિ ગણાતા બાવાજીનું મન હીલોળે ચઢવા માંડયું. એને થયું કે, ' રાતોરાત આ સોનાના ગચીયાઓનું ઠેકાણું કરી નાંખું, ફરી આવો અવસર કયાં મળવાનો છે. ' આમ શેખચલ્લીના તરંગોમાં ચઢેલા સંન્યાસી, લક્ષ્મીદેવીની માળા જપવામાં પડી ગયા. પરમાત્માનું નામ કોરાણે મૂકી દીધું. થોડીવાર થઇ, રાત પડવા આવી. શિલાઓના ટુકડા કઇ રીતે કરવા, એ મોટો પ્રશ્ન આ સંન્યાસીને મૂંઝવવા માંડયો. એટલામાં ત્યાં થઇને જતા કેટલાક માણસો એની દૃષ્ટિએ પડયા. હાથમાં જુદા–જુદા શસ્ત્રો, કુહાડો, કોદાળી, કોશ ઇત્યાદિ લઇને જતા, એ માણસો ચોરો હતા. ચોરી કરવા માટે સાંજના સમયે ગામડામાંથી નીકળી તે બધા શહેરભણી જઈ રહ્યા હતા. અચાનક આ ચોરોની દૃષ્ટિ પેલા બાવા પર પડી; બાવા પાસે જઇ તેમણે બાવાને કહ્યું, ' બાવાજી ! અહિં આવા ઘોર જંગલમાં શું કરો છો ? ' બાવાજીએ હસીને કહ્યું: ' અમારા જેવા સંસારત્યાગીને જંગલ અને શહેર બધું સરખું છે ! ' છેવટે લાગ જોઈ બાવાજીએ કહ્યું; ' જુઓ, મારી સિદ્ધિના પ્રભાવે આ સોનાની શિલા પ્રગટી છે, તમે એના ટુકડાઓ કરી આપો તો હું તમને ન્યાલ કરી દઇશ. '

પેલા ચોરો બાવાની બનાવટ સમજી ગયા. સોનાની ટેકરી જોઇ આ છએ જણનું મન બગડયું, બે જણાએ બાવાને વાતોમાં નાંખી, એકે પાછળથી બાવાના ગળાપર તરવાર ફેરવી દીધી. આમ સોનાની ટેકરીએ ત્રીજો ભોગ લીધો. [ હવે મૂળવાર્તા આગળ વાંચો– ]

૩

આ બાજુ ચોરોએ વિચાર કર્યો, ' હવે આ સોનાની શીલાઓનું કરવું શું ? ' છેવટે ગામમાં જઇને જાણીતા સોનીને મળીને તેને બોલાવી લાવવાનું તેઓએ નકકી કર્યું. એટલે પેલા ત્રણ મડદાઓનું ઠેકાણું કરી, તે બધામાંથી બે જણા ગામમાં સોનીને બોલાવવા ગયા. સોની જબ્બરો હતો. આવા બધા ચોરોનો રાત–દિવસનો તે પરિચીત હતો. ચોરીના માલનું અડધી રાતે ઠેકાણું પાડવામાં તે પાવરધો હતો, મનુષ્યોમાં બે જણા ધૂર્ત ગણાય છે, તેમાં હજામ પછી બીજો નંબર સોનીનો આવે છે. સ્હામાની આંખમાં ધૂળ નાંખી, તેના દેખતાંજ ચોરી કેમ કરવી, એ કલામાં સોનાર લોકો અજબ ચાલાક હોય છે. આવેલા ચોરોને તે પગ પરથી પારખી ગયો, અંદર આવવાનું કહી, તેમને ઓરડામાં તેણે બોલાવ્યા,

શું લાવ્યા છો ? કાંઇ ડલ્લો બલ્લો લાગ્યો છે કે શું ? સોની ભાઈએ વાતની શરૂઆત કરી. પેલાએ આકરા થઇને કહ્યું; ' લાવ્યા, લાવ્યા, શું કરો છો ? આજે તો મોટો માલ હાથ લાગ્યો છે. ' આમ કહીને સોનાની ટેકરીનો બધો વૃત્તાંત ચોરોએ ભોળાભાવે સોનીને કહી દીધો. આ સાંભળી સોનીભાઇની દાઢ ગળી થઇ. એના મનમાં પાપ બેઠું, એણે મનસૂબો ઘડયો; ' આ છ જણા ભેગા થઇ ઉપાડી જશે ને મને તો બે–ચાર ઘડી કદાચ સોનું મળશે, એમાં મારૂં શું વળ્યું ? આના કરતાં આ છયે જણનું ઠેકાણું કરી નાંખું તો મારી સાત–સાત પેઢી ચાલે એટલો

માલ મને મલી જશે, પછી તો હું બાદશાહનો પણ બાદશાહ છું' આમ વિચારી, એ એની તૈયારીમાં પડયો.

તેણે પેલા બેને કહ્યું; 'ઉતાવળ ન કરો, ધીરા પડો, રાત પડવા દો, આપણે જમવાનું લઈ અહિંથી નિરાંતે જઇએ, તમારા માટે હું લાડવા બનાવી આપું, ત્યાં જઇને તમે બધા જમી લેજો.' ચોરોએ હા કહી, એટલે સોનીભાઇએ આ બધાયનો ઘાટ ઘડવા ઝેરમિશ્રિત છ લાડવાઓ તૈયાર કર્યા. પોતાને માટે ત્યાં ખાવા માટે એક લાડવો ઝેર વિનાનો તૈયાર કરી જુદો રાખ્યો. અને પેલાઓની સાથે ઉપડયો. બધા વાતો કરતા-કરતા તે ટેકરી નજીક આવી ગયા. સોનીભાઇએ પેલા ચોરોને વિશ્વાસમાં લેવા માટે વાક્જાળ પાથરવા માંડી; 'જુઓ! તમે તો મારા જ છો, અડધી રાતે તમારૂં કામ માથું મૂકીને કરી આપવા હું બંધાયેલો છું. તમારા બધાનો ઉપકાર મારા પર પારવિનાનો છે, તમારૂં અનાજ મારા પેટમાં પડેલું છે. તમારે મારા સબંધી કાંઈ ચિંતા કરવી નહિ. હું તમારો જ છું' આમ વાતે ચઢાવીને બધાને કહ્યું 'હવે ઉતાવળ કરવાની કાંઇ જરૂર નથી. આ ક્રોડોનું, અરે અબજોનું બધું ધન તમારૂં જ છે, ખરેખર તમારા પર ભાગ્યદેવતા પ્રસન્ન થયા છે, હું તમે કહેશો તે રીતે તમને આ સોનાની શિલાઓના ટુકડાઓ કરી આપીશ પણ તમે ભૂખ્યા હશો, નિશ્ચિંત બનીને ભોજન કરી લો પછી બધી વાત' આમ કહી તેણે સાથે લાવેલ લાડવા આ છયે જણને ખાવા આપ્યા. ચોરોએ સોનીની મીઠી મધલાળ જેવી વાગ્જાળમાં ફસાઇને તે લાડવા આરોગવા માંડયા.

ખરેખર; લોભ તથા માયાના પાપો અતિ કારમાં છે; લોભી માનવો માયાની જાળમાં અન્યને ફસાવવા જાય છે, પરિણામે પરસ્પર બન્ને પોતાના ખોદેલા ખાડામાં પડે છે. લાડવા ખાધા પછી, ચોરોને પાણીની ખૂબ તરસ લાગવા માંડી; ગળું શોષાવા માંડયું, લથડીયાં ખાતા તે બધા કૂવાની શોધમાં આમ-તેમ ડાફોળીયા મારવા લાગ્યા. સોની તો જાણે તેમનો નિકટનો સાથી હોય તે રીતે તે બધાને કૂવા પાસે લઈ ગયો. પાણી ખીંચી આપ્યું, અને બધાને પાણી પાઈ, તૃષામુક્ત કર્યા. હજુ લાડવાના ઝેરની અસર થઇ ન હતી, ધીમું ઝેર હોવાથી તેની શરૂઆત થવાની તૈયારી હતી. સોનીભાઇને મનમાં નિરાંત હતી. પોતે પણ કૂવામાંથી પાણી કાઢીને પીધું, ઝાડે ફરવાની શંકા થઈ હોવાથી તે પાણીનો કળશો ભરીને જંગલમાં ઝાડે ફરવા ગયો.

પાણી પીધા પછી, કાંઇક શાંતિ થયા બાદ; સોનીની ગેરહાજરીમાં ચોરોને કાંઇક વિચાર આવ્યો; એક ડાહ્યાએ ઉતાવળા થઈ કહ્યું: 'ભાઇઓ! જે કરવું તે વિચારીને કરવું, આ જેવું તેવું કામ નથી. 'લોભે લખ્ખણ જાય'- એમ આપણા ઘરડાઓ કહે છે, એ ખોટું નથી. આવી બાબતોમાં તો સગા ભાઇનો પણ વિશ્વાસ ન થાય, તો આ તો સોનીભાઇ; બધાય કરતાં આ તો ધૂર્ત, અને લુચ્ચી જાત સોનારની. માટે એનો વિશ્વાસ કેમ થાય? આવો સોનાનો નગદ માલ જોઇને એનું મન માંકડું થયા વિના રહે ખરૂં કે? અને કાંઇ એક દિવસનું આ કામ નથી. વાઘ, વાનર અને સાપ જેવા જંગલી તથા હિંસક પશુઓનો વિશ્વાસ હજુ થાય પણ ભૂલે-ચૂકે સોનારનો વિશ્વાસ નહિ કરવો.'

આની વાત સાંભળી બીજા વિચારમાં પડયા; વચ્ચે એકે પૂછ્યું; 'એવું તે કાંઈ હોય? વાઘ, વાનર તથા સર્પ કરતાં સોની હલકો હતો હશે?' પેલાએ કહ્યું; 'તમારે જાણવું છે તો જુઓ, સાંભળો! આ પ્રસંગ પર એક લોકકથા છે. [અપૂર્ણ]

---

**એક ગામડીઓ**—[ શહેરમાં આવીને ] અરે ભાઈ! કાળુંબજાર કયાં આવ્યું?

**જાણીતો શહેરી**— રે ભાઇ! એટલી ખબર નથી. ધોળી ટોપીવાળાઓના ખીસ્સામાં.

**માસ્તર**—અલ્યા નટુ! હેન્રી ૪ થો કઇ લડાઇમાં મરણ પામ્યો?

**નટુ**—સાહેબ! એની જીંદગીની છેલ્લી લડાઈમાં, એ મર્યો.

## શબ્દોની પલટાતી વ્યાખ્યાઓ.... .... .... .... ....શ્રી ચાણાક્ય

**નિવેદન:**—કાંઇ ન કહેવા માટે વધુમાં વધુ શબ્દો વાપરવાની કલા.

**ધાટાધાટ:**—શૂન્યની આસપાસ ટોળે મળતા એકડા.

**ભૂખમરો:**—સરકારના આર્થિકતંત્રની અણુ-આવડતથી પ્રજાવર્ગને મરી જવાની સગવડ.

**રાહત:**—આફતનું હુલામણું નામ.

**કુદરતીઆફત:**—ઇશ્વર, પાપ કે પુણ્યને ભૂલી જતી નાસ્તિક દુનિયાની કાનપટ્ટી પકડનાર જાદુ.

**સરકાર:**—પ્રજાના દરેક વર્ગની મુશ્કેલીઓનું કાયમી સીરનામું.

**પ્રવાસ:**—પ્રજાકીય પ્રધાનો માટેનો ખાસ કાર્યક્રમ.

**ઉદ્દઘાટન:**—પ્રધાનો પાસે ઘણું કામ છે, એ બતાવનારૂં બ્યુગલ.

**રેડીયો:**—કિંમત આપીને ઘેર બાંધેલો રાડીયો સાંઢ

**રેડીયોગીત:**—કાન ખોતરનારી ક્રૂર અવાજ-સળી.

**સીનેગીત:**—નાનાથી મોટા દરેક છોકરા-છોકરીઓને પ્રેમના ટાયલાં શીખવા-ડનારી ચાવી.

**કેળવણી:**—ન લેવાય તો વધુ સારૂં અને લેવાયતો ભૂલી જવા જેવું શિક્ષણ.

**વિગ્રહ:**—સંપૂર્ણ શાંતિ જાળવવા માટેનો સૌથી સહેલો ઈલાજ.

**વિશ્વશાંતિ:**—ટીકીટબારી ઉપર ધૂમ મચાવ-નારી એક નટીનું નામ.

**તુમાર:**—પ્રજાસત્તાક ભારતના બંધારણની પોથી કરતાં વધુ પવિત્ર અમલદારી પોથી.

**સલાહ:**—કુદી-કુદીને બીજાને આપવી ગમે પણ લેવી આકરી પડે તેવી વસ્તુ.

**ટીકા:**—સેવા કે પ્રતિષ્ઠાનાં કાર્યો પરનો વિઘ્નસંતોષીઓદ્વારા લેવાતો કર:

**રેશનીંગ:**—ખરાબ અનાજ પ્રજાના ઉપકારના નામે સારા ભાવે વેચવાની સરકારે ગોઠવેલી તરકીબ.

**કામદાર મંડળો:**—સરકાર અને શ્રીમંતોની સામે લડવાનુ ચળવળીયાઓનું એક વ્યવસ્થિત હથીયાર.

**શ્રીમંતવર્ગ:**—સરકારને કર મેળવવાનું, જન-તાને અસંતોષનો ઉભરો ઠાલવવાનું તથા સમાજવાદી કે સામ્યવાદીઓને સ્ટેજ પર રોષની જવાળા ભભૂકતી રાખવાનું ઠેકાણું.

**મજુરવર્ગ**—દરેકનું દયાપાત્ર, છતાં જાવક કરતાં ચાર ગણી આવક મેળવનાર બેપરવાથી રહેનારો સમાજ.

**મધ્યમવર્ગ:**—નાક શ્રીમંતોની જોડે, અને ટાંટીયા મજૂરવર્ગમાં છતાં આવક કરતાં ચાર ગણી જાવક રાખીને મોભાની ખાતર ઢસડબોળ કરનારો નિરંતર ચિંતામાં સળગતો આબરૂ-દાર સમાજ.


**આપને આ અંક ગમ્યો ? જો હા, તો વાર્ષિક લવાજમ રૂા. પાંચ ભરી આજેજ ગ્રાહક તરીકે નામ નોંધાવો !**

કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

# ચિન્તાનું પારાયણ

-શ્રી. ચીમનલાલ શાહ

દાઢી કર્યા પછી ત્રીજે દિવસે-જ દાઢી કરાવવાની અને તેનું ભાડું આપવાની ચિન્તા જ્યારે જન્મે છે ત્યારે જ દુનિયાદારીનું ભાન થાય છે, સાથે-સાથ ચિન્તાનું મહત્ત્વ પણ સમજાઇ જાય છે. આનંદની રેલંછેલ હોય પણ જ્યારે ચિન્તા જેના હૈયામાં પેસે ત્યારે આનંદમાં દેવતા [અગ્નિ] મૂકાઇ જાય છે. માણસો કહે છે કે, ચિંતા ચિતા સમાન છે. ફરક માત્ર એટલોજ રહે છે કે, ચિતા બહારથી સળગાવે છે જ્યારે ચિન્તા અંદરથી સળગાવે છે. ચિતા ઘડીકવારમાં ખાખ કરી નાખે છે, જ્યારે ચિન્તા દિવસોના દિવસો મુંઝવણમાં અને રીબામણમાં શેકયા કરે છે.

પુરૂષની જ્યારે ડાબી અને સ્ત્રીની જ્યારે જમણી આંખ ફરકે છે ત્યારે તેમને જે ચિન્તા થાય છે, તે ચિન્તા તેમને અહર્નિશ બાળ્યાજ કરે છે. અલબત્ત! જ્ઞાની તેને જુદી આંખે જુએ છે: ખરાબ ગણાતું અંગ ફરકે તેથી આપણા પથમાં ખરાબ અગર અપયશવાળો કીસ્સો બને અને એવું બનવાના ચિહ્નરૂપે ખરાબ ગણાતું અંગ ફરકે પણ તે કીસ્સો આપણા ભવિષ્ય કાળ માટે એક પદાર્થ પાઠરૂપે અમૃતતુલ્ય બની રહે છે. આપણને એક પ્રકારનો અનુભવ મળે છે ને! અને તે રીતે તે લાભદાયક ગણાય પણ તેના-થી ઉદ્‌ભવેલી ચિન્તા રાજીપણામાં નહિ પણ ખરેખર ચિન્તામાંજ પરિણમે છે અને ચિન્તા માનવીનું મગજ કોરી ખાય છે.

ચિન્તાથી ઘેરાયેલા માનવીને ખાવાનું, પીવાનું ભાવતું નથી, રસ આવતો નથી. ખાય છે ખરો; પણ શું ખાય છે, કેટલું ખાય છે, તેનો ખ્યાલ હોતો નથી. સારાં મિષ્ટાન, સ્વાદિષ્ટ ચટણીઓ, સુંદર ફરસાણ હોવા છતાં તે આનંદથી કે લહેજતથી ખાતો નથી.

ચિન્તા ઉદ્‌ભવ્યા પહેલાં જેના પ્રત્યે વ્હાલસોયી વાતચીત કરતા હતા, તે પ્રત્યે પણ કોઇ પણ પ્રકારનું વર્તન કરવું ગમતું નથી વાતવાતમાં ચીડાઇ જવાય છે. નિદ્રા ઉડીજ ગઇ હોય છે, જે કારણે ચિન્તા થતી હોય તેના રાતદિવસ વિચારો આવ્યા કરે છે અને તે વિચારભૂતડાં મનમકાનને કોતરી ખાય છે. તે મટાડવા સારાં પુસ્તકો વાંચવાની અગર અનુભવી પાસે સલાહ લઇ નિદિધ્યાસન કે મનન કરવાની ઇચ્છા બતાવતો નથી અને એકલો મુંઝાય છે. ચિન્તાના વમળમાં થાક લાગવાથી ઉંઘે તોપણ નિદ્રાવશ થયો ન ગણાય પણ કાર્ય માટે થાક લીધો ગણાય.

પુરૂષને સ્ત્રીની, સ્ત્રીને પુરૂષની, યુવાનને ઘડપણની, વૃદ્ધને આવતા જન્મની, ભિખારીને ભિખની અને વહેપારીને વહેપારની ચિન્તા પ્રબળપણે કાયમ રહે છે.

કોઇ પેઢી તૂટે, મોટી ઉથલ-પાથલ થાય તે વખતે માનવીની શું દશા હોય? ખાવા-પીવામાં તેનું ધ્યાન રહેતું નથી, ખાધું ન ખાધું, કોળીયો મોઢામાં જતો હોય પણ મનમાં તો વહેપારના અને ભાવના ઉગ્ર ઘોડા આંદોલન મચાવતા હોય. બધા રંગરાગ બદલાઇ જાય છે.

વર્તમાન સમયના સદુપયોગ માટે મોટા ભાગે આત્મચિન્તા કારણરૂપ બની રહે છે અને ઉંડાણથી વિચાર કરતાં આત્મચિન્તા, ભવિષ્યની ચિન્તાના તત્ત્વ ઉપર અવલંબે છે. આત્મા માટે શું કરવું? એ વિચાર જ્યારે સ્ફૂરે ત્યારે ભવિષ્ય માટે શું કરવું? તેવો વિચાર કર્યાનો અર્થ થાય, એટલે કે ભવિષ્યની ચિન્તા આત્મચિન્તાથી થાય છે અને આત્મ-

ચિન્તા વર્તમાનકાળને સુધારે છે. આમ ચિન્તાથી તો દરેક પ્રકારે લાભ થાય છે. સાચી આત્મચિન્તા વીર્યને ટકાવે છે, પ્રમાદને હઠાવે છે, સત્ત્વશીલ અને સંયમી બનાવે છે અને તેના પરિણામે સિનેમા ઓછાં જોવાય છે એટલે કે આત્મહિતના બાધક વિષયાનંદમાં મહાલતા બંધ થવાય છે.

આમ તો ચિન્તા અમુક બાબતમાં સારી, અમુક બાબતમાં નરસી ઠરે છે પણ પરિણામ સારામાં પરિણમતું હોય તેવી ચિન્તા કરવી હિતાવહ ગણાય.

આત્માની ચિન્તા, આ ચિન્તા ન હોય તો કર્મના કાઠીયા આપણા ઉપર સ્વારી કરી જાય છે અને પછી આત્મચિન્તા કામ આપતી નથી, ટાઢી પડી જાય છે. કોઇ વખત જેમ જ્ઞાન કરતાં અજ્ઞાન મહત્ત્વનું ગણાય છે તેમ કોઈ વખત આનંદ કરતાં ચિન્તા વધુ મહત્ત્વની લેખાય છે, પણ અમુકમાં જ વસ્તુ સાધના માટેનું એક અમોઘ શસ્ત્ર છે. વસ્તુને મેળવવા અંતરમાં સાચી હિતચિન્તા ઉદ્‌ભવે એટલે તે વસ્તુ મેળવવા શક્ય કોશીષ કરશે જ. તેને વસ્તુ જોઇએ છે તે તો ચોક્કસ છે, તે ન મળે ત્યાંસુધી તેને ચેન નહિ પડે, તે પણ ચોક્કસ છે. એટલે પોતે પ્રયત્નો ઉપર પ્રયત્નો કરશે–જ, કંટાળશે નહિ. ધિરજ રાખી કાર્ય સફળ તો બનાવશે. આવી ચિન્તા સદ્‌ગુણોને પ્રગટાવવાને કારણરૂપ બને છે, પણ આવી ચિન્તા વિવેક રહિત નહિ હોવી જોઇએ, તે ખાસ ધ્યાનમાં રાખવું. વિવેકપૂર્વક થઇ રહેલી આત્માની ચિન્તા વડે સાચા પથ ઉપર રહી શકાય છે, દુઃખનાં વાદળ વિખેરી વસ્તુને વસ્તુરૂપે પ્રાપ્તકરી શકાય છે અને ઉત્સાહીત ગૌરવભર્યું જીવન જીવાય છે.

---

## પ ❀ ર ❀ પો ❀ ટા. —— કા૦ મો૦ ત્રિવેદી

સૌરાષ્ટ્રના પ્રધાનમંડળમાં ઓઝા સાહેબની નીમણુંક થશે [સમાચાર]
—અટકમાં "ઓઝા" ચાલશે પણ કામમાં "ઓઝા" નહિ ચાલે.

× × ×

રેલ્વે ભાડામાં વધારો થશે પણ રેલ્વે નુરમાં વધારો નહિ થાય. [રેલ્વે પ્રધાન]
—એટલે કે પ્રજાનું "નુર" હણાઈ જાય ત્યાંસુધી ભાડાનો વધારો થયાજ કરશે.

× × ×

યુદ્ધ અટકાવવા માટેજ લશ્કરી તૈયારીઓ થાય છે [ટ્રુમેન]
—પણ લશ્કરી તૈયારીઓથી યુદ્ધ અટકે કે આગળ વધે?

× ×

તમામ વર્ગના ભાડાના દરમાં વધારો. [રેલ્વે બજેટ]
—તુટેલા તળીયાની સ્ટીમર અને રેલ્વે બજેટમાં કાંઇ ફેર ખરો કે?

× × ×

દુનિયામાં જ્યાંસુધી અમેરીકા અને રશિયા જેવી રાક્ષસી તાકાત હોય ત્યાંસુધી વિશ્વશાંતિની સંભાવના નથી. [જયપ્રકાશ નારાયણ]
—આખી દુનિયાની શાંતિ માટે એ બે સત્તાઓએ શ્રી જયપ્રકાશને વહીવટ સોંપીને વાનપ્રસ્થ જીવન ગુજારવા માટે ગીરનારની ગુફામાં બેસી જવું જોઇએ.

# જળના સાથીયા

શ્રી મોહનલાલ ધામી.

મહાભારતના યુગથી માંડીને આજ સુધીનો ઇતિહાસ નિર્મળ દૃષ્ટિ-વડે વિચારવામાં આવે તો બે વસ્તુ સ્પષ્ટ દેખાશે.•

એક—નાના મોટાં કોઈ પણ યુધ્ધના કારણે જન સાધારણમાં પ્રસરતી પાપદૃષ્ટિ.

બીજું—જન સાધારણમાં વ્યાપક બનેલી પાશવી વૃત્તિને નિર્મળ કરવાનો સાચો પ્રયાસ.

કોઈ પણ યુદ્ધ અનિવાર્ય ન હોવા છતાં યુદ્ધમાં સપડાયેલાં બળો એને અનિવાર્ય બનાવી દે છે અને કોઈ પણ વિજેતા યુદ્ધના પરિણામોને ટાળી શકતો નથી.

યુધ્ધ અમુક રાજ્ય વચ્ચે હોય, અમુક પક્ષ વચ્ચે હોય, છતાં યુધ્ધના કારણે વેરાયેલો અગ્નિ, જેને યુધ્ધ સાથે કશોયે સંબંધ નથી એવા નાનામાં નાના માનવીને પણ દઝાડી જાય છે.

એટલે નાનું હોય કે મોટું હોય, આદર્શ ખાતરનું હોય કે સ્વાર્થ ખાતરનું હોય, સ્વાધિનતા માટેનું હોય કે ગુલામી લાદવા માટેનું હોય, ગમે તેવું યુધ્ધ માનવજાતનાં સંસ્કારોને, પ્રેરણાત્મક તત્ત્વોને અને સદ્દભાવનાઓને હંમેશાં શિથિલ બનાવે છે અને માનવીને નીચો ઉતારી દે છે.

આ એક જ દૃષ્ટિ ખાતર વિદ્વાનોએ યુદ્ધને માનવજાતના શાપ રૂપ પોકાર્યું છે.

છતાં આવાં યુધ્ધોથી ઉભરાતાં ખરાબ પરિણામોને નિવારવા માટે લોકોત્તર પુરુષ કદી પણ ગાફેલ રહ્યા નથી અને એક એવો વિરાટ પુરુષાર્થ કરતા ગયા હોય છે કે જેને પરિણામે યુદ્ધના પરિણામોમાંથી ઉત્પન્ન થતું વિષ નાબુદ થાય છે અને લોકોની ઉણી થઈ ગયેલી આધ્યાત્મિક સંપત્તિ પુનઃ સભર બની જાય છે.

આર્યાવર્ત્તમાં પ્રાચીનકાળમાં જે જે યુધ્ધો થયાં છે, તે એના નિયમોની વચ્ચે મર્યાદિત હતાં, યુદ્ધની જ્વાળા જનતાને ઓછામાં ઓછી સ્પર્શે એ રીતે થતાં, છતાં લોકોત્તર પુરૂષો એવાં યુદ્ધથી પ્રગટેલી જ્વાળાને ઠારવાનો પ્રયાસ કરી લેતા.

છેલ્લે છેલ્લે વિશ્વપર બે વિશ્વયુધ્ધો ખેલાઈ ગયાં....પહેલાં કરતાં બીજું અતિદારુણ અને પાશવી હતું અને માનવીની નૈતિક સંપત્તિને વેરણછેરણ કરી નાંખે એટલું ભયંકર હતું.

છેલ્લા વિશ્વયુદ્ધ પછી માનવી કેટલો નીચો ઉતરી ગયો છે, એટલું વિચારવાનો જાણે આજ કોઇને અવકાશ નથી રહ્યો અને વિશ્વની કમનસિબી એ છે, કે આજે એવો કોઈ લોકોત્તર પુરુષ પણ નથી કે જે યુદ્ધથી આવેલાં ભયંકર પરિણામોનું સંશોધન કરી લોકોને એના નૈતિક સ્તંભ પર મૂકી દે.

આપણે આપણા જ દેશનો વિચાર કરીએ.

છેલ્લા વિશ્વયુદ્ધની સીધી ચિનગારીઓ ભારતવર્ષ પર પડેલી ન હોવા છતાં ભારતની કમનશિબ જનતાને વધારેમાં વધારે દાઝવું પડયું છે અને નૈતિક તેમજ આધ્યાત્મિક સંપત્તિ વધારેમાં વધારે ગુમાવવી પડી છે.

યુધ્ધે સરજેલા અકુદરતી વિધિવિધાનો આજ યુધ્ધ ન હોવા છતાં વધુમાં વધુ સ્થિર બની રહ્યાં છે.

યુદ્ધનાં પરિણામોથી કંટાળી ચૂકેલી અને દાઝી ગયેલી ભારતની જનતા જ્યારે સ્વરાજ પ્રાપ્ત થયું ત્યારે આશાના એક દોરને વળગી રહી હતી, કે હવે ભારતીય સંસ્કૃતિનો

વિકાસ થશે, મુશ્કેલીઓ, જે મુશ્કેલીઓ કેવળ ઉભી કરવામાં આવી છે, તે મુશ્કેલીઓ વિલય પામશે અને સહુ પોત-પોતાના જીવન વ્યવહારને શાંતિપૂર્વક જાળવશે.

પરંતુ આશાનો આ દોર કેવળ 'ઝાંઝવાના નીર' જેવો હતો. કારણકે સ્વરાજની પ્રાપ્તિ પછી એવો કોઇ લોકોત્તર પુરૂષ આગળ ન હોતો આવ્યો, કે જે જનતાના નૈતિક થરને ટકાવી રાખવાનો પુરુષાર્થ કરી છુટે.

વધારે દુઃખદ વાત તો એ બની, કે જનતાએ જે લોકનેતાઓ પર શ્રદ્ધાભરી મીટ માંડી હતી, તે લોકનેતાઓ પણ માત્ર પશ્ચિમની સંસ્કૃતિનાજ આરાધક થવા માંડયા અને દેશના એક એક પ્રશ્નને પરદેશી રીતે જ વિચારવા લાગ્યા.

આપણે કેટલાક દાખલાઓ વિચારીએ.

સ્વરાજ પ્રાપ્ત થયું અને કોમવાદી ધોરણે ભાગલા પડયા; છતાં જગતમાં કોઇ સ્થળે નથી એવું બિનમજહબી રાજ્ય ઉભું કર્યું. બીનમહજબી રાજ્યની સુંદરતા તો ત્યારે જ સિદ્ધ થઇ શકે, જ્યારે દેશ અખંડ રહ્યો હોય અને લોકો પરસ્પર પ્રેમભાવથી રહેવા માગતા હોય.

બિનમજહબી રાજ્ય રચના જાહેર કરવામાં આવેલી હોવા છતાં 'હિંન્દુ કોડબીલ' જેવા કાયદાઓ જનતા પર પરાણે લાદવાના પ્રયાસો જીવતા બન્યા.

જે 'હિન્દુ કોડબીલ' કોઇપણ બિનમજહબી કહેવાતું રાજ્ય, નૈતિક દ્રષ્ટિએ કરી શકે નહિં,

જે હિન્દુ કોડબીલ જનતાના સાચા પ્રતિનિધિત્વ વગરની કોઇ પણ સંસ્થાથી થઇ શકે નહીં

જે હિંન્દુ કોડબીલ કેવળ હિન્દુ જાતિના સામુદાયિક અભિપ્રાયની ખેવના રાખ્યા વગર ઘડી શકાય નહિં.

જે હિન્દુ કોડબીલ હિન્દુ સિવાયના માણસો સમક્ષ ચર્ચા માટે મૂકી શકાય નહિ.

જે હિન્દુ કોડબીલમાં રહેલું અધાર્મિક અને અસાંસ્કૃતિક તત્ત્વ દાખલ કરવાનો હિન્દુ જાતિના કોઇપણ માનવીને હક્ક નથી.

અને જે હિન્દુ કોડબીલ કેવળ ભૌતિકવાદ પર રચાયેલ હોઇ સમાજની ધાર્મિક દ્રષ્ટિને જોખમમાં મુકનારૂં હોવાથી કોઇની ધાર્મિક લાગણીઓને આ રીતે છંછેડી શકાય નહીં અને એ રીતે એને સર્જી શકાય નહિં.

છતાં પરદેશી વાદો અને પરદેશી સંસ્કૃતિમાં રાચી રહેલો આજનો અલ્પજ્ઞ વર્ગ આવા બીલને ટેકો આપવામાં જાણ્યે ગર્વ લઇ રહ્યો હોય એમ દેખાય છે.

આવા બીલથી આવતીકાલના હિન્દુ સમાજને કેટલાં નુકશાન ભોગવવાં પડશે, એ વાત બાજુ પર રાખીયે તોપણ બિનમજહબી રાજ્યમાં કોઇ પણ સરકારને પોતાના રાજ્યમાં વસતી એક જાતિ માટે આવો કાયદો કરવાનો અધિકાર હોઇ શકે નહિ અને એવો અધિકાર કોઇ સરકાર ભોગવવા જાય તો એને જનતાની સરકાર કહી શકાય નહી.

બીજી રીતે, હિન્દુ નારીના આ સાંસ્કૃતિક સવાલને સમગ્ર હિન્દુ નારીના આ અભિપ્રાય જાણ્યા વગર દેશની આઠ-દશ પરદેશી વિચારસરણી ધરાવતી અને પરદેશી ઢબે રહેતી બ્હેનોના આગ્રહને કારણે સમગ્ર હિન્દુ-

સ્તાનના સાંસ્કારિક અધિકારની મર્યાદા પર કુહાડો મારી શકાય નહી.

યુદ્ધ પછીની વરસેલી ચિનગારીઓ ઠારવાના સ્થળે આજે એ ચિનગારીઓ ધીરે ધીરે કેવી રીતે સ્થિર બની રહી છે એનો ખ્યાલ આપવા ખાતર અને લોકોત્તર પુરૂષના અભાવની વેદના કેટલી ભોગવવી પડે છે તે જણાવવા ખાતર આ પ્રશ્નને જરા વધારે ચર્ચવામાં આવ્યો છે.

એજ રીતે યુધ્ધે વારસામાં આપેલી માપબંધી, પરમીટની પ્રથા, નવી જાતની ઇજારા પધ્ધતિ, ભાવનિયમનો વગેરે પણ ઉત્તરોત્તર વધારે ગાઢ બની રહેલ છે અને પરિણામે જનતાની નૈતિક તાકાત સાવ છીછરી બનતી જાય છે.

શ્રી ગાંધીજી જેવા રાજમાન્ય પુરૂષે પણ જે માપબંધીને અનીતિ, કાળા બજાર, મોંઘવારી અને સંગ્રહખોરીની જનેતા કહી હતી તે માપબંધીને આજ એનાજ અનુયાયીઓ બાથ ભીડીને વળગી રહ્યા છે. પરિણામ એ આવ્યું છે, કે લોકોની નીતિમત્તા ઉત્તરોત્તર ઘટતી જાય છે, અને પરિણામે સારાયે દેશમાંથી શાંતિથી જીવવાનું પરમ મંગળ તત્ત્વ વિદાય લઇ રહ્યું છે.

એવો જ પ્રશ્ન છે ધાર્મિક તત્ત્વ પ્રચારનો. સરકાર પોતેજ અધાર્મિક અર્થાત્ બિનમજહબી હોવાથી લોકોના આધ્યાત્મિક તત્ત્વને વેગ આપવામાં કોમવાદ અથવા એવોજ કોઇ ખ્યાલ ધરાવે એવું લાગ્યા કરે છે.

પરંતુ ધર્મના મૂળભૂત આદર્શો જનતામાંથી ઓસરી ગયા પછી દેશની માનવતા કયા કિનારે જઇને બેસશે, એની કલ્પના આજે કોઇ કરી શકતું નથી.

કારણ કે, વેંતીયા માનવીના મસ્તક પર આજે એક વિશદ કાર્ય આવી પડયું છે અને લોકોત્તર પુરુષનો અભાવ છે.

આજના નાના–મોટા દરેક પ્રશ્નોનો આપણે વિચાર કરશું તો દેખાશે, કે આ બધા પ્રશ્નો પાછળ લોકોત્તર પુરુષની દૃષ્ટિનો સંપૂર્ણ અભાવ રહેલો છે અને પરિણામે જે સ્વરાજ જનતાને આરામ અને સુખ આપનારૂં સર્જાવું જોઇએ, તે સ્વરાજ જનતાને ન પચે એવું કઠોર બની રહ્યું છે.

આમ થવાનું મૂળ કારણ એકજ છે, કે યુદ્ધના દુષ્ટપરિણામોના નિવારણની વિચારણા કરી શકે એવા લોકોત્તર પુરુષનો અભાવ છે.

યુદ્ધે સરજેલાં અકુદરતી વિધિવિધાનો આજે યુદ્ધ ન હોવા છતાં પણ વધુમાં વધુ સ્થિર બની રહ્યાં છે.


અને જ્યાંસુધી યુદ્ધના દુષ્ટપરિણામો જીવતાં રાખીને જેટલી નવી યોજનાઓ અને ભાતો કરવામાં આવશે તે બધી માત્ર જળના સાથીયા જ પુરવાર થશે.

---

**કંઇનું કંઇ સમજી બેઠો.**

એક કંજુસને તેનો એક મિત્ર સભામાં લઇ ગયો. આ સભામાં દાન–પુણ્યના મહત્ત્વની ચર્ચા ચાલી રહી હતી. એ ચર્ચાનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે 'કંજૂસ પોતાની કંજૂસાઇનો ત્યાગ કરી ઉદાર બની જાય' સભામાંથી પાછા વળતી વખતે કંજૂસે પોતાના સાથીને કહ્યું, કે—'આજની વાતોનો મારા પર એટલો તો પ્રભાવ પડયો છે અને ધર્મની વાતો એટલી તો ઉત્તમ માલમ પડી છે, કે હમણાંજ હું પણ લોકો પાસે દાન માગવાના કાર્યમાં લાગી જાઉં.

## **તેથી તને શું?**................પૂ૦ પંન્યાસ શ્રી પ્રવીણવિજયજી ગણિવર.



**હે** ચેતન ! સારીયે દુનિયા તને લાખ્ખો સલામો ભરતી હોય **તેથી તને શું** ? તારા જીવનની સલામતીનો આધાર સલામ ઉપર નહિ પણ તારા સદાચાર ઉપર નિર્ભર છે.

**હે** ચેતન ! કરોડો રૂપીઆનો ઢેર તારે ત્યાં હોય **તેથી તને શું** ? તારી સાથે તો તારા હાથે સુપાત્રોમાં જેટલો સદ્વ્યય થયો હશે તેટલુંજ આવશે ને ?

**હે** ચેતન ! ટેબલ ઉપર હાથ ઠોકી, અને પ્લેટફોર્મ ઉપર પગ અફાળી ભિન્ન ભિન્ન અભિનયદ્વારા ગમે તેવા નાસ્તિકોના શીર ડોલાવનારો તું પ્રખર વક્તા હોય **તેથી તને શું** ? તારૂં કલ્યાણ તો વીતરાગ ભગવાનની આજ્ઞાનો અમલ કરીશ ત્યારેજ થવાનું છે.

**હે** ચેતન ! તું ગમે તેવો મોટો સત્તાધીશ હોય **તેથી તને શું** ? તારે શીરે ઝઝુમતી કર્મસત્તાનો નાશ તો ધર્મસત્તાના શરણે જઈશ ત્યારેજ થશે.

**હે** ચેતન ! તારા મરણ બાદ તારા માનમાં ગમે તેટલા બજારો બંધ રહે **તેથી તને શું**? તારા જીવનમાં ચાલી રહેલો અધર્મનો બજાર બંધ ન થાય ત્યાંસુધી તારાં દુર્ગતિનાં દ્વાર બંધ થવાં મુશ્કેલ છે.

**હે** ચેતન ! તું દેખાવદાર, તાડના ત્રીજા ભાગ જેટલો ઉંચો, અને ભીમ જેવા કદાવર શરીરથી ભલે ધરણી ધ્રૂજાવતો હોય **તેથી તને શું** ? તારી સાચી બહાદુરી તો અભ્યંતર શત્રુનેજ ધ્રૂજાવવામાં ને !

**હે** ચેતન ! તારે ત્યાં અપ્સરાઓના રૂપને પણ મ્હાત કરે એવી સેંકડો સુંદરીઓનો સમુદાય હોય **તેથી તને શું**? શિવસુંદરીને પરણ્યા સિવાય તને સાચી શાન્તિ કદી પ્રાપ્ત થનાર નથી.

**હે** ચેતન ! દુનિયાભરની ભાષા અને શાસ્ત્રો ઉપર તારો કાબુ હોય **તેથી તને શું** ? તારૂં કલ્યાણ તો પાંચે ઈંદ્રિયોના વિષયો ઉપર કાબુ પ્રાપ્ત કરવાથીજ થશે.

**હે** ચેતન ! તારા અનુયાયીઓ ક્રોડોની સંખ્યામાં હોય **તેથી તને શું** ? તું જ્યારે ધર્મનો અનુયાયી થઈશ ત્યારે જ તારો નિસ્તાર થનાર છે.


**હે** ચેતન ! સારીયે દુનિયા તને ઓળખતી હશે **તેથી તને શું** ? તારૂં શ્રેય તો સુદેવ, સુગુરૂ અને સુધર્મ એ ત્રણને ઓળખવાથીજ થશે.

**હે** ચેતન ! તને ગમે તેવા દુનિયાના મહાન્ પુરૂષો સાથે પીછાણ હોય **તેથી તને**

# સંસાર શેરી વીસરી રે લોલ

—શ્રી મુળચંદ એમ. શાહ.

**જેઓશ્રીએ તાજેતરમાં પૂ૦ મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજ પાસે ભાગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે, જેઓનું નામ મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ રાખવામાં આવ્યું છે.**



માનવ-જીવન જિનશાસનથી આત્માને રંગી દેવા માટે જ છે. તે છ કાયના કૂટામાં, પરિગ્રહના પાપમાં ને વિષય-કષાયના વિષ કટોરામાં છવાતા દુન્યવી જીવનમાં શું કરી શકશો? **ભવનું અચિંત્ય મૂલ્ય સમજી અવળો પુરુષાર્થ મૂકી, સવળો પુરૂષાર્થ લેજો.**

એટલું ન ભૂલજો કે, યાત્રા એટલે માત્ર દેવને ભેટો ન થાય. યાત્રામાં શું ન આવે? બધુ આવે, તન-મન-ધનનું અર્પણ આવે- " ભજન આગળ ભોજન કોઈ ચીજ નથી. " પૂજન પ્રતિકૂળતા વેઠીને કરાય તે દિપે-ભક્તિનો **રંગ આત્માના પોત પર એવો** ચઢી ગયો હોય, કે વરસો સુધી એનો ઓપ ન લોપાય.

ગંભીરતા, ઔદાર્ય અને પ્રેમ આ ત્રણ ગુણો જીવનમાં મહાન્ બનવા અતિ આવશ્યક છે.

વિરાગીને વિલાસ, ભક્તને બાહ્ય કૌતુક જિજ્ઞાસા, મોક્ષાર્થીને માયાનાં આકર્ષણ કે મૂલ્યાંકન, જ્ઞાનીને અજ્ઞાન ચેષ્ટા, શ્રદ્ધાળુને જગત રીત રહીમ પર આસ્થા, કર્મના દ્વેષિને અસહિષ્ણુતા, આ હંસને વિષ્ટા ચુંથવા જેવું છે. અર્થાત્ તદ્દન અછાજતું છે.

આપણા મેરૂનિશ્ચલ નિર્ણય આગળ સર્વ વિઘ્નને નામશેષ થયે છૂટકો:-

પ્રભુ-ભક્તિમાં જરાય ખામી ન રાખતાં-એની રસગંગામાં માથાબુડ આત્મસ્નાન કરજો. ફરી એ સ્થળો અને એ પરમાત્મબિંબો ક્યારે મળશે, ખબર કોને? દરેકે દરેક તીર્થનાયકની મુખાકૃતિઓ ખૂબ જ હૃદયસ્થ થવી જોઈએ એ માટે સમયના સંકોચ વિના, જગતને ભૂલી હૃદયેશ્વર શ્રી જિનના સ્વરૂપચિંતન અને ગુણગાનમાં એકચિત્ત બનજો.

ત્યાગ જીવનની પૂર્વ ભૂમિકાનું સર્જન હવે ચાલુ જ રહેવું જોઈએ-એ માટે મંદ કષાય અને વિશિષ્ટ વિરાગનું લક્ષ ન ચૂકાય-

સૌની સાથે સૌએ એકહૃદય બનવાની ખાસ જરૂર-નિજના સહોદર કરતાંય સવિશેષ વાત્સલ્ય, પ્રેમ અને સેવાભાવ કેળવવા બધુંજ કરી છૂટજો-કોઈનો આકરો શબ્દ, પ્રતિકૂલ પ્રવૃત્તિ વિગેરે સહન કરીને પણ!

---

**હે ચેતન!** તને ગમે તેટલી ઉપાધિઓ [ડીગ્રીઓ] પ્રાપ્ત થઈ હોય **તેથી તને શું?** તારી સઘળી ઉપાધિઓનો અંત તો ધર્મની આરાધનાથી જ થશે.

**હે ચેતન!** તારી શ્મશાન યાત્રામાં ભલેને લાખો માણસો જોડાય **તેથી તને શું?** પરલોકમાં તો તારે એકલાનેજ સિધાવવાનું છે અને સુખ-દુઃખો પણ તારે એકલાનેજ ભોગવવાનાં છે ને?

**હે ચેતન!** તારા મૃત દેહને તારા ભક્તો સુખડથી બાળે કે બાવળના લાકડાથી બાળે **તેથી તને શું?** જો તું ધર્મ વિના ખાલી હાથે ગયો તો દુઃખ દાવાનળમાં તારૂં બાળવાનું તો કાયમ જ છે.

**હે ચેતન!** તું બહોંતેર કલાનો જાણકાર હોય **તેથી તને શું?** ધર્મકળાને જાણ્યા સિવાય તારી દુર્ગતિની બલા કદીયે હઠનાર નથી.

પ્રભુદર્શનથી સમ્યગ્દર્શનના દિવ્ય અજવાળાં હૃદયગુફામાં પથરાવાં જોઇએ-જેના તેજથી આત્માના કેઇક વિકારોના અંધકાર નષ્ટ થઇ જાય-

જગતમાં બધું સહેલું છે. ભયંકર કષ્ટ પણ સહવા સહેલાં છે, પણ સ્વચ્છન્દતા છોડવી અને જ્ઞાનીની ત્રિકરણ મન-વચન-કાયાની પરાધીનતા સેવવી એજ મહા કઠીન છે—અને એના વિના કદી મોક્ષ થનાર નથી.

આ જીવે અનંતકાળ ખાવાનો ધંધો કર્યો છે—રસનાનો ગુલામી અને કુટિલકાયાનું પોષણ કરવામાં બાકી રાખ્યું નથી. પણ એ બધું માત્ર ભવની વૃદ્ધિ કરનારૂં બન્યું છે—એના પર કાપ નહિ પડે ત્યાંસુધી સંસાર પર કાપ નહિ લાગે—એના પર તિરસ્કાર આવ્યા વિના પરમાત્મા અને એમના માર્ગ પર પ્રીતિનું જોર નહિ જામે.

રણસંગ્રામે ચઢેલા ક્ષત્રિય-સુભટો કાયાસુધીની માયાને જે ભૂલી જાય, તે કરતાં મોક્ષ-સાધનાના માર્ગે કુચ કરનારા કર્મની સામે ઝઝુમતા કાંઇ ગુણું અનાદિનું ભૂલે એમાં શી નવાઈ?

અર્થ, કામ અને એની સામગ્રીએ આત્માને રાગ-દ્વેષથી રંગી જીવના સ્વરૂપને આવરી, જૂલ્મગાર, ભયંકર જૂલ્મગાર એવા કર્મરૂપ કસાઇને સોંપી દીધો છે.

વિષયરાગ અને કષાયની પકડે આત્માની ભવોભવ કારમી કત્લેઆમ કર્મ-ચંડાલ પાસે કરાવી છે. જાલિમ કર્મપીશાચ રાંકજીવન અનેક કુયોનિઓના જન્મ-મરણ, રોગ-શોક, આધિ-ઉપાધી, પરાધીનતા અને બેશુમાર ત્રાસની હોળીઓમાં ઝીંકે છે.

આત્મસત્તા જે દિ, જાગ્રત થાય તે દિ, કર્મ-સત્તાના ને ઇચ્છારાણીના ખેલ ખલાસ !

દુનિયાના પ્રાણી માત્ર પ્રત્યે કરૂણાબુદ્ધિવાળા જ્ઞાનીઓ કહે છે, કે જગતમાં કોઇ પણ પૌદ્ગલિક વસ્તુમાં સંપૂર્ણ સંતોષ આપણે ઇચ્છીએ તેવો આપવાની શકિત નથી.

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવો ફરમાવે છે કે, " દુર્લભ એવા મનુષ્યજીવનને પામીને કલ્યાણના અર્થી આત્માઓએ વિષયભોગમાં જીવનને બરબાદ ન કરવું "

મુકિતપદના અભિલાષી માટે શ્રી વીતરાગદેવની આરાધના એજ એક ઉપાય છે. શ્રી વીતરાગદેવની વાસ્તવિક કોટિની આરાધનાનો ઉપાય એ તારકદેવની આજ્ઞાનો અખંડ અભ્યાસ છે આજ્ઞાઓના અભ્યાસ સિવાય સાચી આરાધના પ્રાપ્ત થઇ શકતી નથી.

ધર્મનો ઉપદેશ એ શાસનની દીવાદાંડી છે, જ્યાં-સુધી એ આજ્ઞા મુજબ ચાલીએ ત્યાંસુધી શાસન નૌકા સલામત-નહિતર ભરદરિયે, ઉદધિના ઉંડાણુમાં !

ગુણપૂજક બનો. આત્માના ગુણો પ્રગટાવવાને માટેજ દેવ-ગુરૂ, ધર્મની ઉપાસના કરો, ગુણગાનના બદલે ગુણાભાસના પલ્લે ન પડી જવાય તેનો પણ ખ્યાલ રાખવો-ગુણરાગી-બનજો, વ્યકિતરાગી નહિ.

આ દુનિયામાં મનુષ્યમાત્રની ઇચ્છા કલ્યાણની છે. પ્રવૃત્તિ જુદી જુદી કરે છે પરંતુ સૌ પોતાની પ્રવૃ-ત્તિના પરિણામે કલ્યાણની આકાંક્ષા સેવે છે. ધર્મી ધર્મ કરે તોય ઇરાદો પોતાનું કલ્યાણ, પાપી પાપ કરે છે તોય એનો ઇરાદો પોતાનું ભલું !

સુખ-દુઃખનું સાચું સ્વરૂપ અને નિદાન અનંત-જ્ઞાની પરમાત્માઓએ બતાવ્યું છે.-એ જાણીને સર્વજીવો પર પરમદયાળુ બનેલા ભાગ્યશાળી મહા ભાગ આત્મા મહાપુણ્ય ઉપાર્જે છે, ને એથી સાચા વીતરાગ અને અનંતજ્ઞાની બનીને જગતને સાચો કલ્યાણમાર્ગ બતાવી, અનંતા આત્માઓને તારનારા આત્મા એજ સાચા પરમાત્મા છે.

જગતના નાશવંત પદાર્થોમાં સાચું અને સ્થાઇ સુખ આપવાની તાકાત છેજ નહિ-નાશવંત પદાર્થ સંયોગથી થતું સુખ નાશવંત હોય. છતાં સાચા સુખને બદલે આવા કૃત્રિમ, તુચ્છ સુખોની ઘેલછાવાળા એમાંજ મુંઝાઇ જનારા જીવો એ સુખો મેળવવામાં, સાચવવામાં ને ભોગવવામાં એટલાં પાપો આચરે છે, કે પરિણામે મહાદુઃખનો દાવાનળ ખડકે છે.

સંસાર દુઃખમય ! ધર્મ એકજ કલ્યાણનો માર્ગ છે. ધર્મ સિવાયના પ્રયત્નો પાપરુપ પ્રયત્નો છે. એનાથી દુઃખવૃદ્ધિ પામે, પાપ પ્રયત્નોથી પાછા હઠી ધર્મ પ્રય-ત્નોમાં ને તેના સેવનમાં અપ્રમાદી બની જવું જોઇએ.

મોહના નશામાં નાશવંત પદાર્થના યોજનારાઓ સાચા ઉપકારી નથી. સુખદુઃખનું સાચું સ્વરૂપ સમજ્યા

# ખલકના ખેલ.

**શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી.**



## મ્યુ. ની નફાખોરી.

અમદાવાદ મ્યુ. એ રસ્તાઓ પહોળા કરવા માટે માર્ગમાં અંતરાયભૂત મકાનો નજીવી કિંમતે ખરીદ કરી જરૂર કરતાં પણ વધુ પડતી જમીનો કબજે કરીને રસ્તાઓ મોટા કર્યા, ત્યારબાદ વધેલી જમીનોના પ્લોટ મોટી કિંમતે વેચીને મ્યુ.-એ ભારે નફાખોરી કરીને, જનતાને મહાન અન્યાય કર્યો. ખરી રીતે તો જરૂર જેટલીજ જમીનો એકવાયર કરવી જોઇતી હતી. આમ છતાં કોઇ કારણુસર એ શકય ન હોય તો એ જમીનમાંથી નફાખોરી કરવાને બદલે ખરીદેલી કિંમતેજ, બની શકે તો એજ અસલ માલીકોને આપવી જોઇએ, આમ છતાં એવું નહિ કરતાં મ્યુ. એ જનતાને જે અન્યાય કર્યો તેને નફાખોરી, અથવા ચુસણુનીતિ કહેવામાં આવે તો જનતાના એ આક્ષેપને ગેરવ્યાજબી કહી શકાય નહિ. પ્રજાને નીતિનું પાલન કરવાનો ઉપદેશ આપનારા ભટજીઓ પોથીમાંના રીંગણાં જેવી નીતિ અપનાવી રહ્યા છે, એને ભારતવાસીઓનું કમભાગ્યજ કહેવું પડે.

## પ્રજાના પૈસાનું પાણી.

મજુરોને ૧૯૪૮ની સાલનું બોનસ આપવામાં આવ્યું ત્યારે બોનસનો અમુક ભાગ નેશનલ સેવીંગ્સ સર્ટીફીકેટના રૂપમાં આપવાનું મધ્યસ્થ સરકારે ફરમાન કર્યું અને તે સર્ટીફીકેટો જ્યારે ઇચ્છા થાય ત્યારે વટાવી શકાય એ શરતે ફરજીયાત સર્ટીફીકેટો આપવામાં આવ્યાં. ફરજીયાત રીતે અપાયેલા એ સર્ટીફીકેટો જો બાંધી મુદતે વટાવવાની શરતે આપવામાં આવ્યાં હોત તો કામદારો પાસે ફરજીયાત બચતરૂપે તે રકમ રહી શકી હોત અને તે રકમ સરકાર દેશના ઉત્કર્ષાર્થે વાપરી શકી હોત પણ આવી બાબતમાં સરકારે ગમે ત્યારે વટાવવાની છુટ આપીને હિમાલય જેવડી ગંભીર ભૂલ કરી અને જ્યારે સર્ટીફીકેટો કામદારોએ તાત્કાલીક વટાવવાની શરૂઆત કરી ત્યારે કામદાર આગેવાનોએ તેને સામ્યવાદી કાવત્રુ કહીને પોતાની ભૂલનો બચાવ કર્યો. પરિણામ એ આવ્યું, કે કોઇક અપવાદ બાદ કરતાં ૯૯ ટકા સર્ટીફીકેટો વટાઈ ગયાં અને ૧૯૪૯ સુધીમાં માત્ર એક પોસ્ટ સંસ્થાજ એવી હતી, કે જેને કમાવાનો ચાન્સ મલ્યો ન હોતો તેને અને તેના સ્ટાફને સારો તડાકો પડયો એટલુંજ નહિ પણ તે સર્ટીફીકેટો તૈયાર કરવાનો ખર્ચ મજરે આવ્યો નહિ અને લાખો કે કરોડો રૂપીયાનું પાણી થયું ને તેનો દંડ નિર્દોષ પ્રજાજનોને પણ ભોગવવો પડયો; કારણ કે એ ખાદ આખરે તો મધ્યમવર્ગ અને મજુરવર્ગનેજ પુરી કરવાની હોય છે. સામાન્ય બાબતમાં પણ દીર્ઘદૃષ્ટિ નહિ વાપરવાથી કેટલું નુકશાન થાય છે, એ આવા બનાવો ઉપરથી સમજી શકાય તેમ છે.

---

વિના ઉપકાર કરવા નીકળી પડનારા ઉપકારને બદલે અપકાર રેડે છે. સાચું સ્વરૂપ સમજાય તોજ સાચો ઉપકાર. અને સાચુ સ્વરૂપ સમજેલાને જગતની શહેનશાહી પણ દુઃખરૂપ લાગે!

**વી**રના આદરેલા આ સંયમ જીવન છે, એ સુચવે છે, કે સંયમ પાલનમાં વીરતા જોઇશે. વિષયના મોહક આકર્ષણો અને કષાયના સુંવાળા લપસણામાં તણાઇ જવાની માયકાંગલી સ્થિતિ હવે નહિ નભે. પ્રમાદની સેવા ઉઠાવવાની પામરતાને બદલે પરમાત્માની કલ્યાણ આજ્ઞાને આધીન બની અપ્રમત્તભાવ, **રત્નત્રયીમાં આત્માનો જાગ્રત** ઉપયોગ રાખવાની વીરતા જોઇશે.

**ત**પ ત્યાગ તો સંયમ દેહના ઢાંકણુ અને આભૂષણ છે, એ વિનાની એ કાયા નગ્ન, બેડોળ અને બીભત્સ લાગે.

## પાર્લામેન્ટનું નાટક.

દીલ્હી પાર્લામેન્ટમાં દરેક પ્રસંગે કોંગ્રેસસભ્યો થોડો ઘોંઘાટ મચાવે છે, કડક ટીકાઓ કરે છે ને શબ્દોનાં તીર છોડે છે, પણ આખરે તો જે બીલ રજુ થયું હોય છે, તે પાસ થાય જ છે. એનો તાજો નમુનો આપણને રેલ્વે બજેટની ચર્ચા વખતે જોવા મલ્યો. શબ્દોની થોડી મારામારીના અંતે રેલ્વેમાં મુસાફરી ઉપર કર વધારો થયો એટલુંજ નહિ પણ એક સભ્યે તો આયંગરને પાંડવોના રથ હાંકનાર કૃષ્ણની ઉપમા આપી બહુમાન કર્યું. સભ્યો બીજું કરી પણ શું શકે? જેની ટીકીટ ઉપર ચુંટાઇને આવ્યા હોય તે પક્ષનો સક્રિય વિરોધ કરવામાં આવે તો શિસ્તભંગની શિક્ષા-રૂપે ખુરસી ખાલી કરવી પડે. જેને માટે નામદારો તૈયાર હોતા નથી. જેથી કરીને પાર્લામેન્ટમાં એક પ્રકારનું નાટક ભજવાય છે એમ કહીએ તો તે વધારો પડતું નહિ ગણાય.

## બજેટમાં ખાદ.

ખાતર મંગાવવામાં કરોડો રૂપીયાની ગોલમાલ થઇ. સીંદરીના વેપારમાં પણ એવુંજ થયું. કામદારોના ૧૯૪૮ના બોનસને સર્ટીફીકેટના રૂપમાં આપીને ફાવે ત્યારે વટાવવાની છુટ આપીને કરોડોનું પાણી કર્યું. વહીવટી ખર્ચ વધી ગયું. યોજનાઓનો રાફડો ફાટ્યો, નિષ્ણાતોની કમિટિઓ પાછળ કરોડોનું આંધણ થયું. અંકુશોની અવ્યવસ્થાના કારણે મોટી રકમોનો દુર્વ્યય થયો. આમ અનેક રીતે નિરર્થક અને બેફામપણે કરોડો રૂપીયા ખરચાય તો બજેટમાં નફાની આશા ક્યાંથી રખાય? ને એ નુકસાનને પુરવા માટે નવા કરવેરા સીધી કે આડકત્રી રીતે કરોડોની સંખ્યામાં હસ્તી ધરાવતી આમજનતાએજ ભરવા પડે છે. આ સ્થિતિ જો ચાલુ રહે તો દેશમાં નિર્ધનતા ન વ્યાપે તો બીજું થાય પણ શું?

## કાયદાને પડકાર.

ભારતમાં નવું બંધારણ અમલમાં આવ્યું તેને અનુસરીને પ્રાંતોના કાયદામાં ફેરફાર કરવો જરૂરી છે પણ એમ નહિ થયું હોવાથી છાશવારે સરકારના કાયદાને મોચીથી માંડીને મહારાજાઓ પણ પડકારે છે. આમ થવાથી કાયદાની કિંમત ઘટી જાય છે, એટલુંજ નહિ પણ પ્રજાને પારાવાર મુશ્કેલીઓમાં મુકાવું પડે છે. દા. ત. દ્વિપત્નિ પ્રતિબંધક કાયદો, સરકારે પાસ કર્યો પણ તેમાં નાગરીક સ્વાતંત્ર્યનું ખુન કરવામાં આવ્યું, કારણ કે પતિ-પત્નિ જો કોર્ટમાં એફીડેવીડ કરીને એક બીજાની સંમતિથી બીજું લગ્ન કરે તો તેને કાયદેસર ગણવું જોઇએ, કારણ કે દરેક માણસને પોતાના જીવન-કાર્યમાં એક બીજાની સંમતિથી કાર્ય કરવાની છૂટ આપવામાં ન આવે તો તેને ગુલામીજ કહી શકાય, હકીકત આમ હોવાથી તે કાયદાને પણ કોઇએ પડકાર ફેંકયો ને બીજું લગ્ન કરનાર માનવી નિર્દોષ છુટી ગયો છતાં સરકારે કાયદામાં રહેલી ભૂલને સુધારી નહિ, એવીજ રીતે જુગારીઓ અને શરાબીઓ પણ કાયદાને પડકારીને નિર્દોષ છુટી જાય છે એટલે કાયદાને નામે સરકારને એક જાતની આડકત્રી આવક મેળવવાનું સાધન બને છે.

## ચેરીટી કમિશનર.

ધર્માદા મિલ્કતમાં ગેરવહીવટ ચાલતો હોય તો વહીવટદાર બદલી શકાય એ તો સમજી શકાય તેવી બાબત છે, પણ ગેરવહીવટના નામે ચેરીટી કમિશ્નરને રાજા-મહારાજા કરતાં પણ વધુ સત્તા મળે એનો અર્થ એવો થયો કે, ચેરીટી કમીશ્નરને કમાવાનો ચાન્સ આપવામાં આવ્યો. ચેરીટી કમીશ્નરના કાર્ય સામે અદાલતમાં અપીલ થઈ શકે નહિ, એવો પ્રબંધ કર્યાનું સાંભળ્યું છે. એ હકીકત જો બરાબર હોય તો દરેક ધંધા કરતાં ચેરીટી કમીશ્નરનો ધંધો થોડી મહેનતે વધુ નફો કરી આપનાર કામધેનુ ગાયજ ગણાય.

## બીન સાંપ્રદાયિક રાજ્ય.

આપણા નેતાઓ બીનસાંપ્રદાયિક રાજ્યના હિમાયતીઓ છે, આમ છતાં જે કાયદાઓ ઘડાય છે તે હિંદુકોમની સંસ્કૃતિને છીન્નભિન્ન કરવાના ઉદ્દેશને નજર સમક્ષ રાખીનેજ ઘડાય છે. હરિજન મંદિર પ્રવેશ, હિંદુ કોડ બીલ, ધર્માદા ટ્રાસ્ટબીલ વિગેરે કાયદાઓ હિંદુત્વને જ નષ્ટ કરવામાં વપરાય છે ને તે પણ પ્રજામતની અવગણના કરીને પસાર કરાવવામાં આવે છે. ખરી રીતે તો અત્યારે ચાલતો વહીવટ લોકશાહીની રીતે નહિ પણ બીજી કોઇ રીત-રસમ મુજબ ચાલી રહ્યો છે.

## પાકિસ્તાની રૂપીયાનો સ્વીકાર.

આપણી સરકાર " વાર્યું " કરવા તૈયાર નથી પણ " હાર્યું " કરવા તૈયાર છે. ભલમનસાઇથી પાકિસ્તાનનો સ્વીકાર ન કર્યો, પણ અનેક માણસોના જાન-મિલ્કતનો નાશ થયા પછી, ભાગલા સ્વીકાર્યા અને મહાન યાતનાઓ જનતાને વેઠવી પડી, ત્યારબાદ પાકિસ્તાને પોતાના ચલણમાં ઘટાડો ન કર્યો તેથી ભારતે તેની સાથેનો વ્યાપાર બંધ કર્યો પણ આખરે તો ભારતને નમતું જોખવું પડયું ને જે કામ પહેલાં ન કર્યું તે હવે કરવું પડયું. પરિણામે લીયાકતઅલી આનંદમાં નાચી રહ્યા હશે. લાભની દ્રષ્ટિએ કરારો વ્યાજબી મનાય છે, પણ મુત્સદ્દીગીરીની દ્રષ્ટિએ ભારતની હાર મનાય છે. હવે ત્રીજો મહત્વનો મુદ્દો રહે છે કાશ્મીરના ભાગલાનો સ્વીકાર ભારત જો કોમનવેલ્થમાંથી નહિ નિકળી જાય ને એંગ્લો-અમેરીકન છાવણીમાં બેસવાનું ચાલુ રાખશે તો કાશ્મીરના ભાગલાનો સ્વીકાર કર્યેજ છુટકો છે, ભારત જો રશીયન છાવણીમાં પડાવ નાંખે તોજ કાશ્મીરના ભાગલા પડતા અટકે પણ એમ કરવામાં નેતાઓને ભય રહે છે, કે ભારતવાસીઓ કદાચ સામ્યવાદી બની જાય તો સોનાનું ઈંડુ આપતી મુરઘી નાશ પામે, આમ અચોક્કસ પક્ષના કારણે ભારત મહાન મુસ્કેલીમાંથી પસાર થઈ રહ્યું છે. જોઇએ છીએ કે કોઇ પણ પક્ષમાં નહિ જોડાવાનો નિર્ધાર કરેલા ભારતને કાશ્મીરમાં વિજય મળે છે કે હાર ?

## જનતાની મુશ્કેલી.

જનતાના અવાજને રજુ કરનારા વર્તમાનપત્રો સિવાય જનતા પાસે બીજું કોઇ સાધન છેજ નહિ. કોંગ્રેસ સત્તા ઉપર હોવાથી કોંગ્રેસીઓ સરકાર સામે સત્યાગ્રહ કરી શકતા નથી. કારણકે જો એમ કરવામાં આવે તો કોંગ્રેસમાંથી પાણીચું મળી જાય ને એને ઘણું ગુમાવવું પડે એટલે કોંગ્રેસમેનો સ્પષ્ટ દોરવણી જનતાને આપી શકતા નથી, એવી જ રીતે સમાજવાદીઓ પણ " વાતોનાં વડાં " સિવાય કાંઈજ કરતા નથી. સત્તાહસ્તગત કરવા માટે અનેક જાતની ગુલાંટો મારે છે, પણ એકે નક્કર કાર્યક્રમ જનતાને આપી શકતા નથી. એટલે જો કોઇ પણ માણુસ એમ માને કે, સમાજવાદીઓ જનતાનો ઉધ્ધાર કરી નાખશે તો તે એક પ્રકારનો ભ્રમ છે અને સામ્યવાદીઓને તો " ખુની " તરીકે ઓળખાવવામાં આવે છે એટલે નેતા વિહોણી જનતા આજે પારાવાર મુશ્કેલીમાંથી પસાર થઇ રહી છે. જાણે આ અંધાધુધીમાંથી નીકળવાનો કોઈ આરો જ નથી. ચીનની પ્રજા એદી અને અફીણી મનાતી હતી ને જેની સ્થિતિ ભારત કરતાં કઇ ગુણી વધારે બદતર હતી. એવી પ્રજા અને તેમનો ચીનદેશ, માત્ર એકથી બે વર્ષના ગાળામાં જો મહાન પ્રગતિ કરીને સ્વાવલંબી બની શકે અને ઉત્પાદન તથા કેળવણીમાં અને આર્થિક મોરચે વિજય પ્રાપ્ત કરી શકે તો ભારત જેવો મહાન દેશ કે જેને વિશ્વયુદ્ધ અગર આંતરવિગ્રહમાં હોમાવું પડયું નથી, તે શા માટે આગેકુચ ન કરી શકે ? બેકારી, મોંઘવારી કરભારણ, કેળવણી, ખેતી વિગેરે અનેક વિષયોમાંથી એકાદ વિષયમાં પણ પ્રગતિ કેમ ન કરી શકે ? ચાંગ કાઇ શેકે ચીનને જે સ્થિતિમાં મુકયું હતું તેવી, નપાવટ સ્થિતિમાં બ્રિટને ભારતને નહોતુંજ મુકયું. આમ છતાં દિનપ્રતિદિન ચીન પ્રગતિના પંથે આગેકુચ કરી રહ્યું છે, જ્યારે ભારત દિનપ્રતિદિન અવનતિના પંથે આગેકુચ કરી રહ્યું છે. એમ વર્તમાનપત્રોના અહેવાલો બોલે છે. આ બધું જોતાં એમ લાગે છે, કે આપણા વહીવટકર્તાઓમાંથી થોડાકને ત્યાં શિક્ષણ લેવા મોકલ્યા હોય તોજ આ દેશનો ઉધ્ધાર શકય છે. નહિ તો અત્યારે જે સ્થિતિ પ્રવર્તી રહી છે તેમાં અને અરાજકતામાં જરાય ફરક નથી. થોડાં વધુ વર્ષો જો આમજ ચાલે તો તેનું પરિણામ કેવું ભયંકર આવે, તેની કલ્પના કરવી એ મુસ્કેલ નથી.

### કસમ ખા

**એક** ફકીર કોઇ કાજીને ઘેર ગયો અને માંગણી કરી–'બાવા, કંઇ ખાવા માટે આપો!' **કાજીએ** કહ્યું–'ભાઇ આતો કાજીનું ઘર છે. કસમ ખા અને ચાલ્યો જા.

# બોધક કથાઓ.

——પૂ૦ પંન્યાસ શ્રી કનકવિજયજી ગણિવર.

જૈન-જૈનેતર લોકસાહિત્યમાં આવતા કથા પ્રસંગોને બોધક શૈલીએ બાલભોગ્ય ભાષામાં ગૂંથીને અહિં રજુ કર્યા છે.

## લીટી આમ ન્હાની થાય !



એકવાર બાદશાહ અકબરે રાજસભામાં બેઠેલા સહુને અનુલક્ષીને કહ્યું: 'જુઓ! આ કાગળ પર મેં જે લીટી દોરી છે, તેને કાપ કૂપ કર્યા વિના ન્હાની કરી આપો.' દરબારમાં હાજર રહેલા કર્મચારીઓ ઘડિભર એક-બીજાની સ્હામે જોતા રહ્યા. બાદશાહ જેવા બાદશાહને જવાબ શો દેવો, એ વિમાસણમાં સહુ પડી ગયા. કોઇ કાંઇ ઉકેલ ન આણી શક્યા. બધાયને થયું 'માલીકનો કોઇ માલીક છે, એના ભેજામાં ગમે તેવા તરંગી તુક્કાઓ ઉઠે, એનો જવાબ આપણે ક્યાંથી આપવો? કાગળ પર દોરેલી લીંટી કાપ-કૂપ કર્યા વિના તે કાંઈ ન્હાની થતી હશે?' પણ એટલામાં અકબર બાદશાહની નજર, રોજ કરતાં આજે સ્હેજ મોડા પડેલા અને હમણાંજ દરબારમાં પ્રવેશ કરતા બીરબલ પર પડી, તેમણે પૂછ્યું. 'કેમ બીરબલ! બોલ આનો જવાબ તારી પાસે છે કે?' બીરબલે બાદશાહનો પ્રશ્ન સ્હમજી લીધો. સભામાં બેઠેલા સહુની મૂંઝવણ એ કળી ગયો. એણે જવાબ આપતાં કહ્યું: 'માલીક! આતો સીધી વાત છે, લાવો, કાગળ મારી પાસે!' કહી બીરબલે બાદશાહ પાસેથી કાગળ માંગી લીધો.

અકબર બાદશાહ હજુ ન સ્હમજી શક્યા. તેમણે ફરી બીરબલને કહ્યું; 'દેખ બીરબલ! મારી દોરેલી લીટીને કાપ્યા વિના એને ન્હાની કરી આપ તો તારી હુંશીયારી હું ખરી માનું' બીરબલે તરતજ પોતાના ખીસ્સામાંથી કલમ કાઢી, અકબરે આપેલા કાગળપર તે દોરેલી લીટી-જોડે તેણે બીજી મોટી લીટી દોરી કાઢી, અને કાગળ બાદશાહને પાછો આપ્યો. બાદશાહે કાગળ જોયો. પોતાની લીંટી ન્હાની દેખાઈ. સભામાં રહેલા સહુ આશ્ચર્ય પામ્યા.

પાછળથી સ્હેલી પણ શરૂઆતમાં સહુ-કોઇને અઘરી જણાતી આ વાત, આપણી સ્હામે એક ઉમદા બોધપાઠ આપી જાય છે. કોઈની પણ કીર્તિ, પ્રતિષ્ઠા કે મોટાઇને જાણ્યા-સાંભળ્યા પછી, એને ઉતારી પાડવાની જે મનોદશા આજે આપણી આજુ-બાજુ ઘર કરી ગઈ છે, તેને અંગે આપણે સ્હમજી લેવું ઘટે કે આમ ઈર્ષા, દ્વેષભાવ, અસૂયા કે મત્સરથી સ્હામાને ઉતારી પાડીને એને ન્હાનો નહિ કરી શકાય, એના કરતાં સ્હેલો રસ્તો એ છે કે, આપણા જીવનમાં આપણે એવાં સુંદર આચરણો આચરી બતાવીએ, કે સ્વાભાવિક રીતે આપણાં સદાચરણોની સુવાસથી સ્હામાની પ્રતિષ્ઠા કરતાં આપણી પ્રતિષ્ઠા આપોઆપ વધતીજ રહે! અર્થાત્ એટલું સ્હમજી લો કે,

સ્હામાના ઉત્કર્ષથી બળવા કરતાં આપણે સદાચરણદ્વારા નિરભિમાનભાવે આગળ વધતા રહેવું, એમાંજ સાચી મોટાઇ રહેલી છે.

## ૨ ઘરમાં શોધતા શીખો !

**એક** ડાહી ગણાતી બાઈના જીવનમાં બનેલી આ વિચિત્ર હકીકત છે. ઘરકામથી પરવારી, સમીસાંજે તે પોતાનાં કપડાં સોયથી સીવી રહી છે. સીવતાં-સીવતાં દિવસ આથમવા માંડયો. ગામના ગીચ લતામાં રહેલા તેના ઘરમાં અંધારૂં થવા લાગ્યું, કામ બંધ કરી, તે બાઇ સોયને ઠેકાણે મૂકવા ઘરમાં રહેલા હાટીયા તરફ ગઇ. છેલ્લો ટાંકો દીધા પછી, દોરો પૂરો થયો હતો; દોરા વિનાની સોય એના હાથમાંથી નીચે પડી ગઇ. મકાનમાં અંધારૂં હતું. દીવો સળગાવ્યો ન હતો. એનું ઘર રસ્તાપર હતું, સુધરાઇના ફાનસોનો પ્રકાશ રસ્તામાં અજવાળું આપી રહ્યો હતો. એટલે એને થયું કે, 'લાવ, રસ્તાપર અજવાળું છે, માટે સોય શોધી લઉં !'

એટલે એ ડાહી ગણાતી બાઇ, રસ્તાપર સોય શોધવા લાગી, આમ કરતાં તેને પા કલાક વીતી ગયો. સોય ન મળી, જતાં-આવતાં લોકો આ બાઇને કેડવાળીને દીવા નીચે કાંઇક શોધતી જોઇ, તેને પૂછવા લાગ્યાં. 'શું શોધો છો?' બાઇએ કહ્યું; 'મારી સોય ખોવાઇ ગઇ છે, જડતી નથી, એટલે કયારની હું શોધી રહી છું' આ સાંભળીને બે-પાંચ જણા બાઇની મદદે તેની સોય શોધાવા લાગ્યા. થોડીવાર થઇ, એટલે પેલાઓએ પૂછયું; 'બ્હેન ! તમારી સોય કયાં ખોવાઇ છે ?' તે બાઇએ જવાબ આપ્યો; 'સોય તો ઘરમાં પેલા ખૂણા આગળ હાટીયું છે, ત્યાં જતાં હાથમાંથી પડી ગઇ, તેને કયારની હું અહિં શોધી રહી છું, પણ કેમેય તે જડતી નથી.'

બાઇની હકીકત સાંભળી સહુ ખડખડાટ હસી પડ્યા. બધાએ કહ્યું; 'બ્હેન ! ઘરમાં ખોવાયેલી સોય તે અહિં શોધો છો, એ તો વિચિત્ર વાત કહેવાય, તમે પહેલેથી જ અમને આ કહ્યું હોત તો તમારી ભેગા અમેય તે આ નકામી મહેનત તો ન કરત ને !' બાઇ હજુ પોતાની ભૂલ સ્પષ્ટ રૂપે ન સ્હમજી શકી. તેણે કહ્યું: 'હા, એ વાત ખરી, પણ ત્યાં અંધારૂં હતું, એટલે કાંઈ દેખાતું ન હતું' પેલા વટેમાર્ગુઓએ કહ્યું; 'બ્હેન ખોવાએલી સોય શોધવી હોય તો દીવો સળગાવી ત્યાં અજવાળું કરવું પડે, એ સિવાય અહિં તમે શોધી-શોધીને થાકશો તોયે તમારી સોય તમને મળવાની નથીજ, એ તમારે લખી રાખવું.' જતાં-આવતાં લોકોની આ વાત છેવટે બાઈના ગળે ઉતરી.

આમ બધી વાતે હુંશીયાર ગણાતા માણસોનાં રોજ-બરોજ જીવન વ્યવહારમાં આજે લગભગ આવી જ ભૂલો થઇ રહી છે. સુખ, શાંતિ તથા આબાદી માટે દિવસ-રાત દુનિયાના પૌદ્ગલિક પદાર્થોની પૂંઠે અવિરત શ્રમ વેઠતા લોકો સુખ, શાંતિ તથા આબાદિના સ્થાને ઉલટું, દુઃખ અશાંતિ તથા બરબાદી મેળવે છે. પોતાના ચૈતન્યમય આત્મામાં રહેલા સુખ તથા શાંતિને અજ્ઞાન મોહનાં ગાઢ આવરણોથી નહિ જોઇ શકવાના કારણે તેઓના પ્રયત્નો નિષ્ફળ જાય છે.

માટે જ; શાંતિ, સુખ કે વાસ્તવિક આબાદિ જોઇતી હોય તો બહારના સંસારમાં તેને શોધવાના વ્યર્થ ફાંફા મારવાનું માંડી વાળી, મોહરૂપ અંધકારના કારણે આત્મામાં ખોવાએલા તે સચ્ચિદાનંદ સુખને સમ્યગ્જ્ઞાનના

દિવ્ય પ્રકાશથી શોધવા પ્રયત્ન કરવો એમાં જ ડહાપણ રહેલું છે.

### ૩ ખરાબ કરનારનું પણ સારૂં કરો !

એક રાજા પોતાના રસાલાની સાથે નગર બ્હાર ઉદ્યાનમાં ફરવા નીકળ્યો છે. બપોરના સમયે વાડીમાં પડાવ નાખી, સુંદર–ઘટાદાર આંબાના વૃક્ષ નીચે તે આરામ કરવા આડો પડયો છે. તેના સેવકો, તેની આજુબાજુ ચોકી કરી રહ્યા છે. એટલામાં બાજુના ગામડામાં રહેતા ગામડીયા લોકો શહેરનું કામકાજ પતાવી પોતાના ગામ ભણી જઇ રહ્યા છે. મોટી વાડી જોઇ, વાડીમાં રહેલા આંબાના ઝાડ પર લટકી રહેલી કેરીઓને પાડવા માટે દરરોજની ટેવ મુજબ તેમણે પત્થરાઓ ફેંકવા માંડયા. વાડીમાં રાજા અને તેનો પરિવાર પડાવ નાંખીને પડયા છે, એની આ ગામડીઆઓને કાંઇ જ ખબર નથી. તેમજ ચોમેર સેંકડો ઘટાદાર વૃક્ષોથી ઢંકાએલી વાડીમાં બ્હારથી જોનારને અંદર રહેલાઓ દેખી શકાતા ન હતા. બે–ચારવાર પત્થરાઓ ફેંકયા પછી, ઝાડપરથી કેરીઓ નીચે પડી, તે આ લોકોએ વીણી લીધી, પણ આમ ઝાડ પર પત્થરાઓ ફેંકતા તેમના હાથથી એક ગંભીર અકસ્માત બની ગયો.

વાડીમાં ઝાડ નીચે આરામ કરતા રાજાની નજીકમાં જ એક પત્થરો જઇ પડયો. અવાજ થતાંની સાથે રાજા ઝબકીને જાગી ગયો. આજુબાજુ ફરતા પહેરગીરોએ પત્થરો ક્યાંથી આવ્યો, તેની તપાસ કરી, વાડીની બ્હાર રસ્તા પર ઉભા રહી, કેરીઓ વીણુતા પેલા ગામડીયાઓ તરફ તેમની નજર ગઇ. 'પકડો પકડો' કહી, રાજસેવકોએ પેલા ગામડીયાઓને પકડ્યા. ભયના માર્યા ગામડીયાઓ થર–થર ધ્રૂજવા લાગ્યા. રાજાની પાસે આ બેવકૂફોને ઉભા કરવામાં આવ્યા. રાજા, ગામડીઓના ઉતરી ગયેલા ચ્હેરાને જોઇ, તેમના તરફ ઉદાર બન્યો. તેણે પૂછયું; 'કેમ અલ્યા, તમે લોકો શું કરતા હતા, તે સાચેસાચું મને કહી દેજો?' રાજાના મુખ પર રહેલી પ્રસન્નતાથી ગામડીયાઓનાં જીવમાં જીવ આવ્યો, તેમણે સરળતાથી પોતે જે ગુન્હો કર્યો હતો તે કહી દીધો. રાજાની વાડીમાં ઝાડપર રહેલી કેરીઓને પત્થરા મારીને પાડવાની હકીકત તેમણે સાફ દીલથી રાજાને કહી સંભળાવી. સાંભળ્યા પછી રાજા વિચારમાં પડયો. કાંઇક ગંભીર બની એણે પૂછયું; આંબા પર પત્થરો મારવાથી કેટલી કેરી પડી?' પેલાઓએ કંપતા–કંપતા ત્રુટક અવાજે કહ્યું 'માલીક! બે કેરીઓ પડી. મા–બાપ! અમારા હાથે મોટો અપરાધ થઇ ગયો છે, અમને ખમા કરો, અમારા પર રહેમ રાખજો, નહિતર અમારા બૈરા–છોકરાં રઝળી મરશે, ફરી આવું કોઇ દિ, નહિ કરીએ.' ખુબજ કાકલુદી ભર્યા સ્વરે તે લોકો રડી પડયા.

રાજા સ્હેજે વિચારક હતો. સજ્જનતા તેને વારસામાં મળેલી હતી, તેનાં અંતર ચક્ષુઓ ગામડીઆ લોકની આ વાતથી ઉઘડી ગયાં હતાં. તેણે વિચાર કર્યો; ઝાડ જેવાનો એ સ્વભાવ છે કે, પત્થરો મારનારને પણ કેરીઓ આપે છે, તો હું પ્રજાનો માલીક કહેવાઉં, રાજા જેવો રાજા ગણાઉં, અને પત્થર મારનારને હું આમ પકડી મંગાવું કે શિક્ષા કરૂં, એ મને કેમ શોભે?

શું હું ઝાડ કરતાંયે ગયો' તરતજ તેણે પોતાના સેવકોને હુકમ કરી દીધો કે, "જાઓ! રાજમહેલમાંથી મેવા, મિઠાઇ, દરદાગીના તથા કિંમતી વસ્ત્ર આદિ લાવી આ લોકોને વ્હેંચી દો! જ્યારે પત્થરો માર-

નારને ઝાડ ફળ આપે છે, તો હું મને પત્થર મારનારને રાજી કરૂં, એમાંજ મારી મોટાઇ છે. શું હું આંબાના ઝાડ કરતાં યે ગયો કે !

આપણું ખરાબ કરનાર કે ખરાબ બોલનારનું જ્યારે આપણે ખરાબ કરવાનો વિચાર કરીએ ત્યારે આપણા સ્મૃતિપટપર વૃક્ષમાં રહેલી આ તેની નૈસર્ગિક પ્રકૃતિ યાદ આવવી જોઇએ. પત્થરો મારનારને પણ વૃક્ષ જ્યારે ફળ આપે છે, મીઠી મધુર છાયા આપે છે, તાજગીભરી ખુશબો આપે છે, અને બળતી કાયાને ટાઢી પાડે છે; વૃક્ષમાં જ્યારે આવો સ્વભાવ છે, તો માણસ જેવો માણસ, પોતાનું ખરાબ કરનારનું સારૂં કરવા કે બોલવા તૈયાર ન થાય તો એની માણસાઇ લાજે છે, એમ કહેવામાં કાંઇ અતિશયોક્તિ નથી. દેવદુર્લભ મહાન માનવજીવનને-પૂર્વની અતિ ઉત્કટકોટિની આરાધના-સત્કમાઇના યોગે પામેલા માનવની મહત્તા તે જ કે, ખરાબ કરનારનું, ગાળ દેનારનું કે અશુભ યા અનિષ્ટ ચિંતવનારનું પણ સારૂં-શુભ અથવા ઇષ્ટ કરવા તેણે હંમેશા ઉદ્યમવાન બનવું જોઇએ.

## ૪ વડીલોનું ઘસાતું ન સાંભળો !

એક ગૃહસ્થના ઘરમાં મોટા દીકરાની વહુ હમણાં જ પીયરથી સાસરે આવી હતી. બાઇ સુશીલ તથા સંસ્કારી હતી, તેની માએ એને નમ્ર તથા ગંભીર બનવાની કેળવણી મૂળથી આપી હતી. સાસરીયામાં સાસુ, સસરાં, પતિ, બે દીયરો તથા એક નણંદ હતી. નણંદ, ઘરમાં એકની એક ત્રણ દીકરાઓ વચ્ચે ખોટની દીકરી હતી, એટલે મા-બાપને મોઢે ચડેલી હતી. ભાઈઓને પણ માનીતી હતી. બોલવામાં છુટી, ઉધ્ધત અને હાજરજવાબી હતી.

એક વખત ઘરનાં માણસો જમી રહ્યા હતાં. પતિ હજુ બજારમાંથી આવ્યા ન હતા, તેની રાહ જોઈ વહુ હજુ જમવા બેઠી ન હતી; એટલામાં બટકબોલી નણંદ આવીને નવી ભાભીને વહાલી થવા તે બોલવા લાગી; ' ઓ હો હો ! હજી મારા ભાઈ આવ્યા જ નથી કે શું ? ભાભી ! તમે આમ ને આમ એમની રાહ જોઈને કયાં સુધી બેસી રહેશો, તમે તમારે ખાઈ લ્યો ! મોટાભાઇને તો એવી કુટેવ જ પડી છે, એતો દોસ્તોની સાથે ગપ્પાં મારવામાં પડયા હશે ! એમને ઘરનાં માણસોની કાંઈ જ પડી નથી. એતો પહેલેથી આવા એકલપેટા અને બેફીકરા છે !

ઘરમાં હમણાં જ આવેલી શાણી તથા સંસ્કારી વહુ-ભાભીથી આ બધું કેમેય સાંભળ્યું ન જાય; એનાથી ન રહેવાયું; એણે કહ્યું; ' બેન બા ! મારા માટે-તમારા નવા ભાભી માટે, આટ-આટલી કાળજી રાખો છો એ સારી વાત છે. નણંદનું આવું હેત ભોજાઈ પર હંમેશા આ રીતે રહો, એમ હું ઇચ્છું છું; પણ ભૂલે-ચૂકે તમારા મોટાભાઈને માટે આવું-એમનું ઘસાતું મારી આગળ બોલતાં નહિ, એ સાંભળવા હું કોઇ રીતે તૈયાર નથી. મારૂં મન આવું સાંભળી નારાજ થાય છે. તમારે જો તમારા ભોજાઇને રાજી રાખવાં હોય તો ઘરમાં વડિલનાં સ્થાને રહેલા કોઇનું પણ સ્હેજ ઘસાતું મારી આગળ મહેરબાની કરીને તમારે બોલવું નહિં ! ડાહી ભાભીના આ રોકડીયા જવાબથી ઘરમાં બધાએ મોઢે ચઢાવેલી નણંદના ભવાં ચડી ગયાં. તેણે કહ્યું, ભાભી ! તમે તો બહુ દોઢ ડાહ્યાં દેખાઓ છો. તમારૂં ડહાપણ તમારી પાસે રાખો, મારા ભાઈ છે, એમને માટે હું ગમે તે બોલીશ, એમાં તમારે કે કોઇનેય શું ? જવાબમાં નવી વહુએ કહ્યું 'તમારા ભાઈ છે,

# જૈનની જીવનપ્રભા... ... ... ... ...શ્રી મફતલાલ સંઘવી.



**સ્વ–પર** કલ્યાણની મંગલ ભાવનાયુક્ત જૈન માનવકુલનું એક અણમોલ રત્ન ગણાય. તેની તે માંગલિક ભાવના ઉપર જડતાનાં જાળાં ન બંધાય અને ઉત્તરોત્તર નિજ ભાવનાનો વિકાસ સાધી શકે તે માટે તેને નિયમિત રીતે વિવિધ જાતનાં આધ્યાત્મિક ક્રિયા–અનુષ્ઠાનો કરવાનાં રહે છે.

પરંતુ પાશ્ચાત્ય ઢબે કેળવાયેલા આજના કેટલાક જૈન યુવક-યુવતીઓ જૈનશાસનના પરંપરાગત બંધારણની વિલક્ષણતાને સમજ્યા સિવાય આત્મકલ્યાણ અને જાગૃતિને નામે-તે બંધારણથી વિપરીત દિશામાં પગલાં ભરવાની મોટી ભૂલ કરી બેસે છે અને જ્યારે તેમનું તે તરફ ધ્યાન દોરવામાં આવે છે, ત્યારે તેઓ ખંડનાત્મક દલીલદ્વારા પોતાનો જ કક્કો ખરો કરવા મથે છે,

આજે, જ્યારે ભારતની આર્યપ્રજા ખરેખરી સાંસ્કૃતિક કટોકટીમાંથી પસાર થઈ રહી છે, ત્યારે તેની આશાના દીપક સમાન યુવક-યુવતીઓની વિચારસરણી ભારતીય સંસ્કૃતિની પરંપરાને ઘાતક નીવડતી રહે તે ખરેખર એક શોચનીય બીના ગણાય.

ભારતની અન્ય સ્થાનિક પ્રજાઓની સાંસ્કૃતિક જીવનપ્રભાની તુલનામાં આજે પણ જૈનોની સાંસ્કૃતિક જીવનપ્રભા વધુ નિર્મળ અને ચીરસ્થાયી રહીને ભારતનું ગૌરવ ટકાવી રહી છે, પરંતુ જમાનાના પવનનો વેગ આજે ભારતની આર્યપ્રજાઓના માનસમાં જે સંક્રાંતિ જન્માવી રહ્યો છે, તેનો ખ્યાલ કરતાં એ અનુમાન પર આવવું પડે છે કે જૈનો, જો હવે વધુ દૃઢતાપૂર્વક તેમના પરંપરાગત બંધારણને નહિ વળગી રહે તો, ભારતીય આર્યપ્રજાનું ભાવિ વધુ અચોક્કસ અને અંધકાર ઘેરું બની જશે.

જૈનોને જ વધુ દૃઢતાપૂર્વક ધર્મપરાયણ બની રહેવાનું સૂચન કરવાનો ઉદ્દેશ માત્ર એટલો જ છે કે, ભારતની અન્યપ્રજાઓની જેમ જો જૈનો પણ જમાનાને નામે જૈનશાસનના તાત્ત્વિક બંધારણ અને તેના રહસ્યને વિસરી જશે તો, ભારતીય સંસ્કૃતિને ટકાવતી રહી–સહી આશા પણ આથમી જશે.

પાશ્ચાત્ય સંસ્કૃતિના અંધ અનુકરણની ધૂનમાં ભારતીય પ્રજાએ મેળવવાની અપેક્ષાએ ગૂમાવ્યું જ વિશેષ છે. જો કે જૈનો પણ તેમાંથી સાવ બચી જવા નથી પામ્યા, છતાં પણ અન્ય પ્રજાઓની તુલનામાં તેને ઓછું નુકસાન થયું છે અને તેનું મૂળ કારણ જૈનશાસનના બંધારણની તાત્ત્વિક વિલક્ષણતા જ છે.

---

એની હું ક્યાં ના કહું છું, પણ તમારા ભાઈની સાથે રહી આ ઘરમાં મારે જીંદગી ગાળવી છે, આજે આમ એમનું હું ઘસાતું સાંભળવામાં ટેવાઈ જાઉં તો પરિણામ કુટુંબના વડિલો પ્રત્યે મારા હૃદયમાં જે સદ્ભાવ છે, તે ટકી ન રહે પણ સદ્ભાવ નાશ પામે, આ કારણે જ મેં તમને આમ કહ્યું છે.

ખરેખર વડિલો કે શ્રદ્ધેય પુરૂષો પ્રત્યે હૃદયમાં સદ્ભાવ જાળવી રાખવો, એ આજના કાળમાં ખુબજ જરૂરી છે. દોષો તો સહુ કોઈમાં રહેલા છે, પણ એ દોષોને–અને તે પણ વડિલોના દોષોને સાંભળવામાં એમના માટે ઘસાતું કોઈ બોલતું હોય તો તે સાંભળવામાં પરિણામે તેમના પ્રત્યેનો આદરભાવ ઘસાતો જાય છે, છેવટે તેઓના તરફથી આપણી જાત પર–જે ઉપકારો–લાભ થવાની સંભાવના હોય તે રહેતી નથી માટે જ ઉપકારીઓનું ઘસાતું કદી કોઇ બોલતું હોય તો તે સાંભળવા માટે ઘસીને ના કહી દેજો.

પરંતુ જૈનોમાં પણ ધીમે ધીમે 'નવા' અને 'જુના' ના વર્ગ બંધાતા જાય છે. તે વર્ગ બંધાવાનું મૂળ કારણ જૈનોની રુઢિચુસ્તતા નહિ; પરંતુ શિક્ષણ અને સમાજ સુધારાને નામે ભારતીય પ્રજામાં ફેલાએલી ભૌતિકવાદી વિચારસરણી છે.

શુદ્ધ આચારધર્મ પાળવામાં જગતની સર્વ પ્રજાઓમાં મોખરે આવતા જૈનોએ તેમના તે આચારધર્મની રક્ષાને માટે આજે વધુ સાવધ બનવું જોઇએ, કારણ કે વિજ્ઞાનના વિકાસની સાથે હિંસક વિચારસરણીનો, આજે ભારતમાં બહુ મોટા પાયા ઉપર પ્રચાર થઈ રહ્યો છે અને ભારતીય આર્યપ્રજા 'સંયોગોને અનુકૂળ થવાના' પાશ્ચાત્ય પ્રજાના સિદ્ધાન્ત અનુસાર તે વિચારસરણિનો ભોગ બની રહી છે.

ઉગતા સૂરજના રંગ-બેરંગી કિરણોના મૃદુ સ્પર્શે જેમ દુનિયામાંથી અંધકાર નાબૂદ થાય છે, તેમ જૈનના માનસ-શિખરેથી પ્રગટતી નિર્મળ કારુણ્ય ગંગાના શિતળ સ્પર્શે, જગતના જીવોનો મનસ્તાપ શમે છે.

આવો વિશ્વોપકારક જૈન, જગતની પ્રજાઓના ગુરુપદે રહે તેમાં જ સહુનું શ્રેય: સમાયલું છે અને તે ગુરૂપદને યોગ્ય લક્ષણો ખીલવવાં તેમજ તેને ટકાવી રાખવાં તે પ્રત્યેક જૈનની ફરજ છે.

પ્રધાનપણે સ્વ-સંસ્કૃતિના વિકાસ કાજે પ્રયત્નશીલ રહેનારી ભારતની આર્ય પ્રજાઓના જીવનમાં છેલ્લા પચીસ વર્ષથી મોટો ફેર પડતો જાય છે અને ભારતીય સંસ્કૃતિને બદલે, લગભગ ભૌતિકવાદી સંસ્કૃતિનાજ વિકાસને અનુરૂપ કાર્યો તેને હાથે થઇ રહ્યાં છે.

## વર્તમાન સંયોગો જોતાં જૈનોએ આટલું તો કરવું જોઇએ.

[ ૧ ] પ્રગતિના લોભમાં તણાઈને ધર્મના મૂળભૂત સિદ્ધાન્તોનો ત્યાગ ન કરવો.

[ ૨ ] નવા-જુનાના રાજનૈતિક પ્રપંચમાં ફસાયા સિવાય શાસનના પરંપરાગત બંધારણને અનુસરવું.

[ ૩ ] સંયોગોની પ્રતિકૂળતાને નામે ભૌતિકમાર્ગે વળ્યા સિવાય આધ્યાત્મિક નીતિને વળગી રહેવું.

[ ૪ ] રાષ્ટ્રના સંયોગો મુજબ શાસનની પ્રણાલિકાને ઘાટ ન આપતાં, શાસનનીતિની સર્વશ્રેષ્ઠતા સ્થાપવી.

[ ૫ ] ખોટા તડ-વાડા ન ઉભા કરતાં, બધી પવિત્ર શક્તિવડે વિશ્વોપકારી વિભુ વર્ધમાને વહાવેલી જ્ઞાનગંગાનો પ્રવાહ જગતમાં ફેલાવવો.

જૈનો છે આધ્યાત્મિક સંસ્કૃતિના સાચા સ્થંભ, માટે જ આધ્યાત્મિક સંસ્કૃતિ છે, એમ લખતાં હું લેશ પણ સંકોચ નથી અનુભવતો. કારણ કે તેમને વારસામાં પણ આધ્યાત્મિક સંસ્કૃતિને દીપાવવાનું જ જ્ઞાન મળે છે, તેમજ તેમના શ્રી સંઘનું બંધારણ પણ તે સંસ્કૃતિને પૂરૂં પોષણ મળી રહે તે મુજબનું છે.

અહિંસાને લગતું જે તત્ત્વજ્ઞાન જૈનોએ જગતમાં ફેલાવ્યું છે, તેવું અન્ય કોઇ સંપ્રદાયના પ્રણેતાએ ફેલાવ્યું નથી જ; એટલે એ સ્વાભાવિક છે, કે જૈનો વધુ યોગ્ય રીતે અહિંસક નીતિમાં આગળ વધી શકે અને બીજાઓ ત્યાંસુધી નયે પહોંચી શકે.

આજે જાહેરમાં જૈનોની જે નિંદા થઇ રહી છે, તેનું મૂળ કારણ તો જૈનોની અહિંસા વિષેની તાત્ત્વિક દૃષ્ટિનો, તે તે નિંદકોને અભ્યાસ નથી બાકી તો આજે પણ જગતના મોટા ઉપકારક લેખાતા પુરૂષો કરતાં પણ જૈન એના નિત્ય જીવનદ્વારા જગતના જીવોને વધુ ઉપકારી બની રહે છે.

ખાનપાનથી માંડીને રાજવહીવટ ચલાવવા સુધીના સઘળાય કાર્યમાં અહિંસા અને સત્યનું કઇ રીતે પાલન કરી શકાય છે, તેનું જૈન નરવીરોએ જગતના ઇતિહાસમાં સાચું દર્શન પ્રગટ કર્યું છે.

આજે જમાનો પલટાયો છે. માનવી ધર્મના ભોગે પણ જીવન ટકાવતાં અચકાતો નથી. પેટ ભરવા માટે પાંચ નહિ ને પચાસ વખત અસત્ય આચરવું પડે તોપણ તે આચરી લે છે. જ્યાં-ત્યાં બાહ્ય શોભા જ પૂજાય છે. તાત્ત્વિક વિચારસરણીનો 'વિજ્ઞાનના જમાનાને' નામે ઉપહાસ થાય છે.

અધર્મનો આ રીતે વધતો જતો પ્રભાવ ભારતીય પ્રજાઓની શી દશા કરશે ?

જૈનો જાગે તો હજી વહેલું છે. જાગે એટલે

આધ્યાત્મિક સંસ્કૃતિના વિકાસના સર્વ રસ્તાઓનું જ્ઞાન મેળવી, અવળા રાહે ચાલનારાને તે. માર્ગનું મહત્ત્વ સમજાવે.

દા. ત. મૂર્તિપૂજા, માનસિક અને આધ્યાત્મિક શકિતના વિકાસના પરમ કેન્દ્ર સ્વરૂપ મંદિર અને તેમાં પ્રતિષ્ઠિત મૂર્તિના પૂજનનો જે આધ્યાત્મિક મહિમા આજે ભૂલાઈ રહ્યો છે, તે જૈનોએ ધીમે ધીમે તાજો કરવો જોઈએ. માનવદયાને નામે ભારતમાં ફેલાતી જતી હિંસાને અટકાવવા માટે જૈનોએ અહિંસાના તત્ત્વજ્ઞાનનો મહિમા વધારવો જોઇએ.

જીવનનો સ્વપર કલ્યાણકરમાર્ગ સુંદરમાં સુંદર રીતે ઉપયોગ કરવાની શાસ્ત્રીય તાત્ત્વિક પદ્ધતિઓના પુનરુદ્ધારની આજે ખાસ અગત્ય ગણાય. વાત વાતમાં પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ કરવાની આપણી ગુલામી મનોદશા ટાળવાનો સાચો ઉપાય જ આપણને આપણા પૂર્વપુરુષોએ ચીંધેલા શાંતિ અને મુકિતના માર્ગે વાળવામાં રહેલો છે. પૂર્વપુરુષોને પગલે ચાલવા જતા જમાનાવાદી માનવો આપણને જરૂર 'રૂઢિચુસ્ત' જાહેર કરશે પણ તેનાથી આપણે ન ગભરાવું જોઇએ, કારણ કે આ દુનિયામાં દરેક માણસ તાત્ત્વિક રીતે રૂઢિચુસ્ત બનીને જ આગળ વધી શકે છે. સાચા કલ્યાણકર સિદ્ધાન્તોને સહારે જીવનમાર્ગે આગળ વધનારા બધા જ રૂઢિચુસ્તો છે. રુઢિ એટલે રુઢ થએલા રિવાજો, તે રિવાજોમાંના જેટલા સાચા અને અનુકરણીય હોય તેનો 'રુઢિચુસ્ત' ગણાવાના ભયે આપણાથી કેમ ત્યાગ થાય ? ચાલે ત્યાં સુધી ફાટેલા કપડાને થીગડું મારીને ચલાવનારા આપણે, આપણા તે તે રિવાજોને પણ તેમાંના કેટલાક કદાચ કઢંગા બની ગયા હોય તો સુધારીને પણ વળગી રહેવું જોઇએ અને તે કઢંગા બની ગયા હોવાને કારણે તેને સર્વથા રદ ન કરવા જોઈએ, કારણ કે રદ કરવા જતાં આપણે આપણી સંસ્કૃતિને માફક નહિ એવા અર્થહીન રિવાજોનો ભોગ થઇ પડીએ છીએ.

ભારતમાં લોકશાહી સરકારની સ્થાપના પછી, ભારતીય આર્યપ્રજાઓનું ધાર્મિક, જીવન વધુ કટોકટીભર્યું બનતું જાય છે, કારણ કે કહેવાતી લોકશાહી સરકારના અગ્રણીઓ સંયોગોને નામે તે તે ધર્મના પરંપરાગત રિવાજો, માન્યતાઓ અને વ્રતોને કાયદાના જડ બંધનમાં બાંધી રહ્યા છે. આવા સંયોગોમાં જૈનોએ શુદ્ધ ધાર્મિક જીવનદ્વારા સરકારને સમજાવી દેવું જોઇએ, કે દુન્યવી સુખસંપત્તિ મેળવવા પાછળ અણમોલ માનવ જીવન વેડફી નાખનારા માનવો કરતાં, આધ્યાત્મિક સંસ્કૃતિનો જયનાદ ગજવનારા અમે અમારા ધર્મના પરંપરાગત તત્ત્વજ્ઞાનને યથાર્થ રીતે અનુસરીએ તેમાં સરકારે ડખલ ન જ કરવી જોઇએ.

કેવળ ભૌતિક સુખ, સંપત્તિ મેળવવી એજ જાણે માનવ જીવનનો હેતુ ન હોય તેમ જગતના વર્તમાન રાજકારણીય પ્રવાહો જોતાં પ્રતીત થાય છે. જગતમાં ફેલાએલા ઘણા ખરા-વાદો પણ તેની જ પ્રતીતિ કરાવે છે.

જ્યારે કોઇ પણ વાદને નહિ માનનારા જૈનો, કે જેઓ આજસુધી આધ્યાત્મિક સંસ્કૃતિના નિર્મળ પ્રવાહને વહેતો રાખી શક્યા છે અને જેમનું રોજીંદુ જીવન પણ કેવળ સ્વ-પર કલ્યાણના માર્ગોમાંથી પસાર થઇ રહ્યું છે, તેમને જમાનાને નામે 'રૂઢિચુસ્ત' કહી વગોવનારા તેમના તે જીવનનો મહિમા સમજતા નથી યા જૈનદર્શનની તાત્ત્વિક પ્રતિભાથી અજ્ઞાત છે.

આભ ફાટે કે ધરણી ધ્રૂજે, પણ જૈનોએ તેનાથી ન ડરતાં ભગવાન શ્રી મહાવીરે સ્થાપેલા ચતુર્વિધ શ્રી સંઘની આમન્યામાં રહી, પોતાના બંધારણ અનુસાર દાન, દયા અને ઉપકારનાં કાર્યો કરવાં જોઇએ.


ભૌતિક સંસ્કૃતિની ભૂતાવળને ભારતમાંથી દૂર ભગાડવાનો સરળમાર્ગ, તેને પોષણ ન આપવું તે જ છે પણ જનતા જ્યાંસુધી ભૌતિક અને આધ્યાત્મિક સંસ્કૃતિ વચ્ચેનો ભેદ સ્પષ્ટ રીતે સમજી નહિ શકે, ત્યાંસુધી જ્યારે ને ત્યારે દયા અને ઉપકારને નામે આગળ માર્ગ કરી જતી ભૌતિક સંસ્કૃતિની ચુંગાલમાં સામાન્ય રીતે તે ફસાયા સિવાય નહિ રહે.

ભારતમાં આજે પણ આધ્યાત્મિક સંસ્કૃતિનાં નિર્મળ ઝરણાં ઠેર ઠેર વહી રહ્યાં છે. આત્મહિત પરાયણ જનો ત્યાં જઇને સાચું સુખ માણે છે.

વર્તમાન જગતના ભૌતિકવાદી મુત્સદ્દીઓને હાથે પીસાઇ રહેલા માનવકુલના કલ્યાણ અર્થે ભારતીય

# કોના શરણે જાઉં ?

શ્રી પન્નાલાલ જ. મસાલીઆ



**સંસાર** જલધિ તોફાને ચડયો છે, મોહનાં વિલસતાં ચણ્ડ મોજાઓની મસ્તીએ માઝા મુકી છે, સુખ–દુઃખનાં પ્રબળ જળ ચક્કરો સાગરની છાતી પર ઘમસાણ મચાવી રહ્યાં છે, ત્યાં ઉછળતાં જલ–સિકરોની ગહન ઊંડાણમાં મને કોણ ખેંચી રહ્યું છે ?

**યુગવાદનો** સમાલિયો વાયરો વાય છે ને સંસ્કૃતિના સઢની ફરફરાટી બોલે છે. ભાવનાઓના રસ્તાઓ ઉબળી ગયા છે, વહેવારનો વડો ખુવો ઉંધો પડયો છે ને ફરજનાં હલેસાંઓ ભાંગી ગયાં છે. જુઓ ! મારા અંગમાંથી પ્રસ્વેદના સ્થાને ઇંદ્રગોપના રંગ જેવાં બુંદ ટપકી રહ્યાં છે અને મુક્તિનો કિનારો તો હજુ એટલોજ દૂર રહ્યો છે !

**કાળી** દિવાલ જેવો રાત્રિનો નિગૂઢ અંધકાર પૃથ્વી પર ઉતરી આવે છે, ત્યારે તેની હવામય અસર જીવસૃષ્ટિનાં હૈયાં પર જામી જાય છે, તે આંખો બંધ કરાવે છે અને માનવજાતની જલતી આરઝૂ હોલવી નંખાવે છે. દિશા–દિશાઓથી આવોજ અજ્ઞાન અંધકાર મારા અંતઃકરણ પર ઉતરી આવ્યો છે. મારી પાંપણનાં દ્વાર સહસ્ર ખાંડી ભાર નીચે દબાઇ ગયાં છે, વેદનાના ધબકાર વેરતો મારા હૈયાનો અજંપો આજે ઉઘાડો પડયો છે, મારી તૂટેહાલ કિસ્તી કેવી રીતે પાર થશે ?

**સહસ્ર** સૂર્યના તેજરશ્મિ જેવા જિનાગમના પવિત્ર પ્રકાશને બદલે મિથ્યાત્વનો આ ઘોર તિમિરરાશિ ક્યાંથી ઉભરાયો ? વીતરાગ ધર્મના મહામાર્ગને સ્થાને ધર્મવિમુખતાની આ ખોફનાક ભૂલ–ભૂલામણી અને અસત્યના આ ભયદ ખડકો ક્યાંથી ભરાયાં ? શિસ્ત, સંયમ અને ક્રિયાશીલતાના મારા નિરંતરાય જલ–માર્ગમાં પ્રમાદ, વહેમ અને પામરતાની આ સુરંગો પાથરવાનું પાપ કોને સુઝયું છે.

**હું**, ચૌદ ચૌદ બ્રહ્માંડોને અજવાળતી મારી તેજદૃષ્ટિ કર્મ–રાહુએ ગ્રસ્ત કીધી છે. સંસારને આંજતી મારી સમર્થ કાર્યશક્તિઓ મિથ્યાભિમાનના આવર્તોમાં ઠંડી–વેરાન બની ગઇ છે. સુંદર કલ્પનાઓ, સાહસ અને કુળ-મર્યાદાઓની એકલ દીવાદાંડીઓય હાલકડોલક તૂટી પડી છે, ત્યારે હાય ! અનેકાંતવાદની પેલી ધ્રુવ–તારલીય કલહ અને કદાગ્રહની ઘનઘટ્ટ વાદળીઓ પછવાડે ડૂબી ગઇ છે. કેટલું કમભાગ્ય !

**મોહ**, માન અને માયા–ચીની, હબસી અને જાસમી–આ જળ ચાંચિયાઓની ચપરખંધી જાતિઓ એક સાથે પ્રગટ થઇ મહાસાગરની પાણીવાટો વચ્ચે ઘુમી રહી છે. મહાન્ તીર્થંકરોનો વંશ આજે હું દીન બની આ હાથીમથા જનાવરોનો કરપીણ ભોગ બની રહ્યો છું. સાગરના અફાટ જલ થંભી જાય એવા એના હાકોટા અને ભોગસુખોરૂપી શસ્ત્રોના ઝાટકારા મારા આત્માને ચલાયમાન કરી રહ્યા છે.

હું કોના શરણે જાઉં ?

**સુદેવ, સુગુરુ અને સુધર્મના.**

---

આર્યપ્રજાઓએ કટિબદ્ધ બનીને આધ્યાત્મિક સંસ્કૃતિના વેગને વધુ જોરદાર બનાવવો જોઇએ.

જૈનનું જીવન છે આધ્યાત્મિક સંસ્કૃતિનું સાચું પ્રતીક. તે જરૂર. તે સંસ્કૃતિની શાન જાળવશે અને ભારતમાં ફેલાતી જતી ભૌતિકવાદી સંસ્કૃતિનાં મૂળિયાં હચમચાવી નાંખશે.

# સંસારની દુઃખ પરંપરાનું આદિ કારણ–હિંસા:—

પૂ૦ મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી ગણિ.

વિશ્વમાં દરેક આત્મા સુખને ઇચ્છે છે, દુઃખ કોઇ પણ આત્માને પ્રિય નથી–એ વાત દરેક ઓછે–વત્તે અંશે જાણે છે.

પણ ઉપરના વાકયમાં જે 'આત્મા' શબ્દ વપરાયો છે, તે વિષે કેટલાકનો મતભેદ છે. કેટલાએક આત્મા નામની કોઇ સ્વતંત્ર વસ્તુનો સ્વીકાર કરતા નથી, જ્યારે કેટલાએક આત્મા નામના પદાર્થને સ્વતંત્ર, બીજા પદાર્થોથી જુદો માનેછે. પણ તે કેવો છે, કેટલો છે–કેવડો છે, શા સ્વરૂપમાં છે, કયાં રહે છે, કેવી રીતે રહે છે? વગેરે બાબતોમાં ઘણા મતભેદો છે.

અહિં જે વિષય સમજવાનો છે તેમાં આત્માનો સ્વીકાર એ પ્રથમ આવશ્યક છે. જેઓ તેને ન સ્વીકારતા હોય તેને માટે પ્રસ્તુત વિષય સમજણમાં ન ઉતરે તે સ્વાભાવિક છે.

'આત્મા છે' એટલું સ્વીકારીને આગળની હકીકતો વિચારાશે તો તે સહેલાઇથી સમજાશે, તે કેવો છે–ઇત્યાદી ચર્ચા અગત્યની છે, પણ ચાલુ વિષયને સમજવા માટે અહિં તેની એટલી અગત્યતા નથી, છતાં આત્મા સુખ–દુઃખ સંવેદે છે, એક ભવમાંથી બીજા ભવમાં પરિભ્રમણ કરે છે, જન્મ–મરણ પણ તેનાંજ છે, તે જ્ઞાનવાળો છે, વગેરે નિશ્ચિત છે એમ માનીએ તો જ હિંસાનો મર્મ સમજાય.

સામાન્યરીતે આપણે કોઇ પણ કાળમાં કોઇપણ જાણકારને એક પ્રશ્ન કરીએ, કે જગતમાં સુખી આત્માઓ વધારે કે દુઃખી આત્માઓ?

તેનો જવાબ દરેક વખતે એ જ હશે, કે દુઃખી આત્માઓ વધારે ને સુખી આત્માઓ ઓછા.

એ જવાબ સાચો છે, એટલું જ નહિં પણ ખરેખર સાચો છે. ઉઘાડી આંખે જગતને જોઇએ તો જગતના જીવોને આપણે એક સરખા દુઃખને ભોગવતા અને સુખને માટે ફાંફા મારતા જોઇશું.

આમ થવાનું કારણ એ છે, કે જગતમાં સુખ ઓછું છે ને દુઃખ ઘણું છે, સુખ નહિંવત્ છે અને દુઃખના ડુંગરાઓ છે.

સુખ અને દુઃખ એ કોઈ અકારણ–આકસ્મિક થયેલાં નથી, એ બન્ને સકારણ છે, તેના હેતુઓ છે, જો તે બન્નેના હેતુઓનું સાચું ને સ્પષ્ટ ભાન થઇ જાય તો પછી વિશેષ દરવવાનું કાંઈ બાકી રહેતું નથી.

સુખ ને દુઃખ એ બન્ને પરસ્પર વિરોધી છે, એટલે સુખનાં કારણો પણ દુઃખનાં કારણોથી વિરોધી છે.

સુખનાં કારણો સમજતાં પહેલાં દુઃખનાં કારણો સમજવાં જરૂરી છે.

દુઃખનાં સેંકડો નાના–મોટાં કારણો છે. પણ તે દરેક કારણોમાં બીજભૂત કારણ કોઇ હોય તો તે 'હિંસા' છે.

**હિંસા** એ દુઃખ માત્રનું બીજ છે.

**હિંસા** એ સર્વ સંકટોનું સફળ સાધન છે.

**હિંસા** એ પીડામાત્રનું મૂળ છે.

હિંસા કરનાર આત્મા દુઃખી થાય છે, હિંસા નહિં કરનાર આત્મા દુઃખી થતો નથી. દુઃખની જનની હિંસાને ઓળખવી અને તેનાથી દૂર રહેવું એ દુઃખ નહિં ઇચ્છતા દરેક માટે ખૂબજ જરૂરી છે.

જીવમાત્ર જીવવાને ઇચ્છે છે, સુખે જીવવાને ઇચ્છે છે. તેમાં હાનિ પહોંચાડવી, જીવોને જીવનથી નષ્ટ કરવા–દુઃખી કરવા ને તે પણ પોતાના તુચ્છ સ્વાર્થને કારણે, એનું નામ 'હિંસા' છે

પ્રાણ એ જીવોની જીવનશક્તિ છે, તેને હાનિ પહોંચાડવી એ 'હિંસા' છે.

કોઇની પણ જીવનશક્તિ નાશ પામે, એવો વચનવ્યવહાર એ 'હિંસા' છે.

જીવનશક્તિને પ્રતિકૂળ મનમાં વિચારો થાય એ પણ 'હિંસા' છે.

હિંસા માટે વિચાર, વચન અને પ્રવૃત્તિના મૂળમાં બીજાને ભોગે પણ પોતાના સ્વાર્થો સાધવાની પ્રબળ વૃત્તિ મુખ્યત્વે ભાગ ભજવે છે.

બીજાનું ગમે તેમ થાય પણ મારૂં કાંઇ બગડવું ન જોઇએ, એવો જે ઇહલૌકિક વિચાર જ્યારે વૃત્તિમાં ગર્ભસ્થ થાય છે ત્યારે તે વૃત્તિ અચૂક હિંસાનો જન્મ કરે છે. જીવન પોતાનું અને પરનું એ જુદા છે,

તે દેખીતી હકીકત છે, છતાં પોતાના જીવનનું મહત્ત્વ ઓછી વિકસિત બુદ્ધિવાળા આત્માઓને વધારે પડતું હોય છે ને બીજાના જીવનનું મહત્ત્વ તેઓ તુચ્છ ગણતા હોય છે, બીજાના જીવન કરતાં પોતાનું જીવન પોતાને મન વધારે કિંમતિ હોય, એ ઘણી વખત વ્યવહારમાં અજુગતી વાત નથી ગણાતી. છતાં તેમાંથી હિંસા પ્રગટે છે–પછી ભલે તે ધીરે ધીરે પ્રગટતી હોય કે એકદમ, પણ હિંસા તેમાંથી પ્રગટે છે. એ નિર્વિવાદ છે.

મહત્ત્વ રૂપ મનાએલું પોતાનું જીવન સુખરૂપ કેમ બને, તે વિચાર એ હિંસાનું બીજું મુખ્ય કારણ છે. આ બે મહત્ત્વના ખ્યાલ ઉપર હિંસાના કેટલાક વિચારો સમાઇ જાય છે.

પોતાને કોઇ મારવા આવે ત્યારે તેનો કોઇ સામનો કરે–પોતાનું જીવન બચાવવા સામાના પ્રાણ લે તે હિંસામાં પોતાનું જીવન મહત્ત્વનું છે, એ વિચાર કેન્દ્રિત છે.

પ્રથમ એમને એમ કોઈ પણ વસ્તુ સામા પાસેથી પડાવી લેવા માટે, કે તે પોતાને આડખીલીરૂપ થાય છે માટે તેનો નિકાલ કરી નાખવો જોઇએ, એ આશયથી શક્તિવાળો કે શક્તિ વગરનો ગમે તેવો આત્મા બીજાની હિંસા કરે તેમાં પોતાનું જીવન સુખરૂપ કેમ બને, એ વિચાર કેન્દ્રિત છે.

ઉપરના બે પ્રકારો સિવાય પણ બીજા સુખની અસહિષ્ણુતા પણ હિંસામાં પરિણમે છે.

આગળ–પાછળના એવાજ પ્રસંગોમાંથી ઉત્પન્ન થતી હિંસા ઉપલક દૃષ્ટિએ ઉપરના કોઈ કારણો સાથે બંધ બેસતી નથી આવતી પણ તે હિંસામાં પણ અમુક સ્વાર્થ ગુપ્ત રીતે છુપાએલો તો હોય જ છે.

આટલા વિચારોમાં હિંસા સબંધી મુખ્ય રહસ્ય આવી જાય છે.

આ હિંસાનું સ્વરૂપ ખૂબજ મનન કરવા યોગ્ય છે. મનન કરીને હૃદયમાં દૃઢપણે ધારણ કરવા જેવું છે. દુઃખ દૂર કરવા ઇચ્છનારે કદી પણ તેની છાયા ન પડે તે માટે પૂરી કાળજી રાખવાની છે. જો આત્મા હિંસા એ શું છે, એજ ન જાણતો હોય તો તેનાથી બચી જ કેવી રીતે શકે! માટે દુઃખથી બચવા ઇચ્છનારે તેનું મુખ્ય કારણ હિંસા તે બરાબર સમજીને, ઓળખીને તેનાથી બચવા વ્યવસ્થિત પ્રયત્ન આદરવો જોઇએ.

હિંસા કરવી ને દુઃખ ન પામવું એતો અગ્નિ સળગાવવી–તેમાં પડવું પણ બળવું નહિં, ઝેર ખાવું પણ મરવું નહિં, એના જેવું છે

× × ×

હિંસાના વિચારો કેવા ને કેવી રીતે હૃદયમાં છુપાઇને રહે છે તે અંગે વિશેષ સ્પષ્ટ અને સહેલી સમજણ નીચેની પ્રશ્નોત્તરીથી થશે.

૧

**પ્રશ્ન**–હિંસા વગર જીવી શકાય ખરૂં ?

**ઉત્તર**–હિંસા ઉપરજ જગતનું જીવન ચાલે છે, એવા ઘણા કાળના દર્શનથી દરેકને એવો ખ્યાલ રૂઢ થએલો છે, કે જીવવું હોય તો કોઇને કોઇ પ્રકારના જીવોની હિંસા કર્યા વગર છુટકો નથી. પણ તે ખ્યાલ વાસ્તવિક નથી. હિંસા વગર પણ જીવી શકાય છે.

૨

**પ્રશ્ન**– કોઇની પણ હિંસા ન થાય અને જીવન નભે એ કઇ રીતે શકય છે ?

**ઉત્તર**– આ પ્રશ્ન ઘણોજ સૂક્ષ્મ છે. જેટલો સૂક્ષ્મ છે તેટલો જ મહત્વનો છે. આ પ્રશ્નનો ઉત્તર સમજતા પહેલાં એટલું સમજી લેવું જરૂરી છે, કે અમુક વગર હું જીવી નજ શકું, એવા કેટલાએક બંધાઇ ગયેલા પૂર્વગ્રહો માટે આ વિચાર નકામો છે, અહિં સાધારણ રીતે પાણી–પવન અને ખાદ્ય પદાર્થો પુરતોજ વિચાર કરવાનો છે તેમાં પાણી, પવન અને ખાદ્ય પદાર્થો મોટે ભાગે દરેક સજીવ છે, એ ચોક્કસ છે. જ્યારે એક આત્મા એવો નિશ્ચય કરે મારે આ સજીવ ખાદ્ય પદાર્થોનો મારા પોતાના જીવન માટે ઉપયોગ નથી કરવો ત્યારે તે, તેતે પદાર્થો કે જે કોઇ પણ પ્રકારે નિર્જીવ થયા હોય તેને મેળવવા યત્ન કરે–એવો તો નિર્દોષ તેનો યત્ન હોય કે જેમાં તેને સફળતા મળે અને તેનો જીવનનિર્વાહ સુખે ચાલે એવા નિર્જીવ થએલા પદાર્થો સુલભ છે, એમ ન કહી શકાય પણ અલભ્ય કે અશકય–લભ્ય છે એમ તો નથીજ. વ્યક્તિગત રીતે જે કોઇ ઇચ્છે તે

# પુરુષાર્થ પત્રમાલા

'કલ્યાણ'નો પત્ર વિભાગ. — શ્રી અભ્યાસી.

૧

**ભાઈ**............પત્ર મળ્યો; શ્રી કાનજીસ્વામીના વિચારો જે રીતે હાલ પ્રચાર પામી રહ્યા છે, તે ખૂબજ ભ્રામક તથા શ્રી જૈનશાસનના મૂળભૂત સિદ્ધાંતોથી તદ્દન વિપરીત છે. વ્યકિતગત માણુસને પોતાના વાણી કે વર્તનમાં સ્વતંત્રતા હોવી જોઇએ, એ દલીલ પણુ કદાચ સ્વીકારી લઈએ તો પણુ એમાં પણુ મર્યાદા જરૂર હોવી જોઇએ. ગમે તેમ બોલવાની કે ગમે તેમ ચાલવાની સ્વચ્છંદિતા, વ્યકિત સ્વાતંત્ર્યના મોહક નામે ન ચાલી શકે. કાનજીસ્વામી પોતે એક નવો જ સંપ્રદાય ઉભો કરવા ઇચ્છતા હોય તો તેઓ તે રીતે પ્રચાર કરી શકે, એ માની શકાય પણુ જૈનધર્મના નામે, તેનાં શાસ્ત્રો અને સિદ્ધાંતોના નામે પોતાના સ્વચ્છંદી વિચારોનો યથેચ્છપણે પ્રચાર કરવાનો કાનજીસ્વામીને કશોજ અધિકાર નથી અને અધિકાર વગર જૈનશાસનના સિદ્ધાંતોથી વિપરીત, પણે તેઓ જે રીતે વર્તમાનમાં પ્રચાર કરી રહ્યા છે, તેનો વિરોધ કરવો, જોરશોરથી પ્રતિકાર કરવો એ જૈનધર્મમાં માનનાર સહુ કોઇ ધર્માત્માઓની નૈતિક ફરજ છે, એમના વિચારોને પડકારવા એ જૈનધર્મની અને તેના ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી સનાતન સિદ્ધાંતોની સાચી સેવા છે. એ હકીકત ભૂલવા જેવી નથી. મિથ્યામાર્ગમાં દોરવાઇ જતા અજ્ઞાન આત્માઓને સત્યનો સનાતનમાર્ગ બતાવવો એના જેવો વાસ્તવિક ઉપકાર જગતમાં એકેય નથી.

૨

**શ્રીયુત**............પત્ર મળ્યો; કોંગ્રેસ સરકારની વર્તમાન રાજનીતિ મોં-માથા વિનાની છે, એ માટે હાથ-કંકણુને આરસીની જરૂર હોતી નથી. એના હાથ નીચે દેશમાં જે વહિવટ આજે ચાલી રહ્યો છે, તેના પરિણામે પ્રજાના દરેકે દરેક વર્ગમાં અસંતોષ ઉગ્રરૂપ લેતો જાય છે. બ્રીટીશતંત્રના જે દૂષણોને આપણે મોટું બીહામણું રૂપ આપીને તે તંત્રની સામે જે બળવો દેશમાં ઉભો કર્યો હતો, તેજ અનિષ્ટો

---

કોઇ પણ જીવની જરી પણ હિંસા વગર જીવન ટકાવી શકે છે, એ શકય છે એટલું જ નહિં પણ વિશ્વમાં તે પ્રમાણે જીવન જીવતા આદર્શો પણ વિદ્યમાન છે.

૩

**પ્રશ્ન**-દરેક આત્મા નિર્જીવ પદાર્થોનો જ ઉપયોગ કરે ને જીવન જીવે એ સંભવિત ખરૂં?

**ઉત્તર**-એ અસંભવિત છે, છતાં એટલા માત્રથી પોતાની શકયતાનો વિચાર ન કરવો, એ હિતાવહ નથી.

૪

**પ્રશ્ન**-પોતાની તેવા પ્રકારની શકયતા છે કે નહિં, તે કઇ રીતે સમજાય?

**ઉત્તર**-તે સમજવા માટે પ્રથમ પોતે કઇ કઇ સ્થિતિમાં કેટલી હિંસા કરે છે ને તેમાં જરૂરી અને બીનજરૂરી હિંસાઓ કેટલી છે, તેની વિચારણા કરે, તેમાંથી બિનજરૂરી હિંસા છોડી દે પછીથી પોતે જેને જરૂરી હિંસા માનતો હોય તેમાંથી પણુ ધીરે ધીરે જેમાં વધારે હિંસા થતી હોય અને પોતાના જીવનમાં તેનો ઉપયોગ ઓછો હોય એવી હિંસાઓને છોડે પછી ઓછી હિંસા હોય છતાં જીવનમાં તેનું મહત્ત્વ ઘણું હોય તેનો વિચાર કરવો ને તેમાં તે વગર જીવન નભે કે નહિં તે વિચારવું, નભે છે એવાં ઉદાહરણો દૃષ્ટિ સમક્ષ લેવાં. તે ઉદાહરણોની મહત્તા પોતામાં મજબૂત કરવી. હિંસાથી થતો જીવનનિર્વાહ અને હિંસા વગર થતો જીવનનિર્વાહ એ બેમાં ભલે પ્રથમમાં બહારથી ઓછી અડચણો અને બીજામાં બહારથી વેઠવી પડતી મુશ્કેલીઓ હોય તો પણુ બીજો પ્રકારજ આદર્શ અને પરિણામે સુખરૂપ છે, એમ વિચારવું. આવા વિચારોનું મંથન આત્માને હિંસા વગર પણુ કેમ જીવાય, તેનો પ્રકાશ આપશે, એ નિ:સંશય છે.

આજે નવાજ લેબાશમાં કોંગ્રેસસરકારના રાજ્યમાં પગ પેસારો કરીને જામી ગયા છે. આજે વધુ ભયંકર તો એ હકીકત બની છે, કે અમલદારશાહીનું માળખું જે રીતે પરદેશી સરકારના તંત્રમાં હતું, તેજ માળખું ચોક્કું આજે આપણી કહેવાતી સરકારના વહિવટમાં ચાલ્યું આવે છે: પ્રજાની દાદ, ફરિયાદ, વ્યાજબી માંગણીઓ કે લોકમત; આ બધાયની આજે ખુબજ અવગણના કરવામાં આવે છે, અને ગરજ પડે ત્યારે એજ લોકમતનો પોતાની સત્તા ટકાવવા માટે કુહાડાના હાથાની જેમ ઉપયોગ કરવામાં આવે છે. આ એક વિચિત્ર પરિસ્થિતિ છે. સરકાર આજે જે રીતે વહિવટ ચલાવી રહી છે, તેણે એ પૂરવાર કર્યું છે કે, 'કોંગ્રેસની સ્વાતંત્ર્ય ચળવળ ચલાવી, જેલમાં જવું કે સત્યાગ્રહ કરવો'–આ બધું દેશની વિશાલ પ્રજા પર શાસન ચલાવવા માટેની લાયકાત માટે પૂરતું નથી; આ માટે તો બહોળો અનુભવ, દીર્ઘદ્રષ્ટિતા, નિઃસ્વાર્થ સેવાભાવ; તથા વાતાવરણનો સમચિત અભ્યાસ ઇત્યાદિ જરૂરી છે. તોજ આજની તંગ પરિસ્થિતિમાં પલટો આવવો શક્ય છે.

૩

ભાઈ............તમારો લંબાણ પત્ર મળ્યો; આપત્તિ અને સંપત્તિ, સુખ ને દુઃખ, અનુકૂળતા–પ્રતિકૂળતા આ બન્ને જીવનરથનાં ચક્રો છે, સંસારમાં આપત્તિ એ તો સ્વાભાવિક છે. અનેક પ્રકારની વિષમતાઓ સંસારમાં ચોમેર ભરેલી પડી છે વિવેકી આત્મા આ વિષમતાઓમાં રહેવા છતાં એનાથી અકળાય નહિ. ખૂબજ ધીરતાથી સમભાવે આ બધું સહી લેવામાં જ દુઃખનો પાર પામી શકાય છે. આપત્તિઓને અદીનભાવે સહી લેવી તથા સંપતિઓને હૃદયની ઉદારતાથી સરળ તેમજ નમ્રપણે પચાવી લેવી એમાં માનવજીવનની સફળતાની ચાવી છે. આપત્તિઓને 'WEL-COME' વેલકમ કહી, જીવનમાં આવકારવાથી આત્મા તેને સહી લેવાની દ્રઢતા મેળવે છે. આજની મૂંઝવણભરી પરિસ્થિતિ, દરેકે દરેક વર્ગને જરૂર અસમાધિભાવ ઉપજાવે તેવી તંગ છે, છતાં આવી પરિસ્થિતિમાં આત્માને સ્થિતિપ્રજ્ઞ બનાવવો એ, પોતાની ઇચ્છા શક્તિ–શ્રદ્ધા કે મનોબલ ઉપર આધાર રાખે છે. પૂર્વકાલીન મહાપુરૂષો તથા મહાસતીઓ જે રીતે જીવન જીવી, જીવનનો પમરાટ જગતમાં ફેલાવી ગયા, અને ઇતિહાસના પૃષ્ઠો પર પોતાનાં યશસ્વી નામોને અમર કરી ગયા, તે આ રીતે આપત્તિઓને ફૂલની માળની જેમ વધાવી લઈને, જ; એમની આપત્તિઓની આગળ આપણાં વર્તમાન કષ્ટો કઇ વિસાતમાં છે? દુઃખોને સહન કરવાનું ધૈર્ય. આત્મનિરીક્ષણ પર આધાર રાખે છે. જાતને જોવાની જાગૃતિ આજે કેળવવાની ખૂબજ જરૂર છે. આપત્તિની વેળાયે સ્હામાના–પારકાના દોષો–છીદ્રો શોધવા અને સંપત્તિમાં જાતની મહત્તાના તથા હુંશીયારી કે આપબડાઇના ગાણા ગાવા–આ ઉંધી પ્રવૃત્તિ વર્તમાનમાં ચાલી રહી છે, તેથી અકળામણ અને ઉકળાટ વધારે પડતો જણાય છે. પ્રજા, સરકારનો દોષ કાઢે, સરકાર, પ્રજાનો દોષ કાઢે; અને બન્ને ભેગા થઇ વ્યાપારીવર્ગનો દોષ કાઢે; મજૂર, માલીકનો દોષ જૂએ, તેમજ મજૂરનો દોષ, માલીકો કાઢતા ફરે આ વિષચક્ર જયાંસુધી ચાલુ રહેશે ત્યાંસુધી કોઇ પણ વર્ગનો દુઃખમાંથી આરો નહિ આવે. એ નિશ્ચિત વાત છે.

૪

**શ્રીમતી**............બેન! સ્ત્રીઓની વર્તમાન પરિસ્થિતિ રજૂ કરતો તમારો દર્દભર્યો પત્ર મળ્યો; સ્ત્રી સમાજનાં સુખ–દુઃખો સ્ત્રીઓ વધારે જાણી–સમજી શકે, એ તમારી વાત સાચી; પણ એ દર્દ કે દુઃખ; તમે જે રીતે વર્ણવો છો એટલી હદનાં ભયાનક નથી. વર્તમાનમાં જે રીતે સ્ત્રીસમાજના દુઃખ-દર્દના નામે આડી–અવળી વાતો ચાલી રહી છે, એ કોઇ રીતે ઇચ્છનીય નથી જ. સ્ત્રી એટલે સહિષ્ણુતાની સાક્ષાત્ મૂર્તિ છે. પવિત્રતાનું પ્રતીક છે. વસુંધરા–પૃથ્વીની જેમ ગંભીર, ધીર બની તે જગતનાં દુઃખોને જીતી જાય છે. સહનશીલતા, પવિત્રતા, ધીરતા તથા ગંભીરતા– આ ચાર ગુણોના યોગે સ્ત્રી જગતમાં વંદનીય બને છે, માટે જ કહેવાય છે કે,—

**यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवताः**

જ્યાં નારીઓ પૂજનીય છે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે ભાવાર્થ એ કે, જ્યાં સ્ત્રીઓ પૂજનીય કોટિમાં રહી છે,

પવિત્ર તથા વંદનીય તરીકેનું જીવન જીવી રહી છે, તેજ સંસાર ઉજ્વળ છે, ગૌરવશીલ છે, તથા મહાન છે, આજ હકીકત કહી આપે છે કે, નજીવી બાબતોમાં અકળાઇ ઉઠનાર, તુચ્છ સ્વાર્થની ખાતર, ભોગ–વિલાસ કે સાંસારિક તૃષ્ણાની ખાતર કોળી–વાઘરીના ઘરસંસારની જેમ ઘરો બદલનાર, નારી સંસાર કદરૂપો, બીહામણો તથા ગૌરવહીણો બને છે, આ હકીકત પણ ભૂલવા જેવી નથી.

૫

ભાઈ...........તમારો પત્ર તથા નિવેદનની નકલ મલી. હિંદીસરકારના કાયદાપ્રધાન ડૉ. આંબેડકર હિંદુ કોડ બીલને અંગે પાર્લામેન્ટમાં જે કાંઇ બોલ્યા છે, તે તેમની પ્રકૃતિને અનુરૂપજ છે. ચિત્તો પોતાના ટપકાં બદલતો નથી, તે મુજબ સત્તાની ખુરશી પર આવેલા છતાં મૂળ તો પછાત કોમના ગણાતા આ ગૃહસ્થ, જે રીતે વર્ષોથી બેજવાબદારી ભરેલું લખવા–બોલવામાં ટેવાઇ ગયેલા છે, તે તેમનો સ્વભાવ કેમ જાય? તેઓ કહે છે; બુદ્ધધર્મ તથા વૈદિક ધર્મ ઐતિહાસિક છે. જ્યારે જૈનધર્મ તો શ્રીમહાવીરસ્વામીએ શરૂ કર્યો છે. હિંદુધર્મમાંથી જૈનધર્મ નીકલ્યો છે, જૈનોનાં સ્વતંત્ર ધર્મશાસ્ત્રો કે સિદ્ધાંતો છે નહિ.' આના જવાબમાં આપણે તેઓને કહીશું કે, 'ડોકટર સાહેબ! ખુરશી પરથી નીચે ઉતરો! અને ઇતિહાસની બારાખડી ભણવી હવે નવેસરથી શરૂ કરો! ગઇ કાલ સુધી કોંગ્રેસને તથા ઉચ્ચવર્ણના હિંદુઓને પછાત કોમના હિતના બ્હાને દમદાટી દેનારા તમે, આજે બૌદ્ધધર્મ સ્વીકારીને હવે હિંદુધર્મનો ઉદ્ધાર કરવા બ્હાર પડ્યા છો, પણ ઇતિહાસ વિષેનું તમારૂં અજ્ઞાન એ કેવળ દયાપાત્ર છે. જૈનધર્મ અતિ પ્રાચીન છે. વૈદિક સંસ્કૃતિનું મૂળ–ઉગમસ્થાન જૈનધર્મ છે. બૌદ્ધ ધર્મ એ તો હમણાં જ, જૈનોના ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથસ્વામીના શાસનમાં જ શરૂ થયો છે. જૈનધર્મના ૨૪ તીર્થંકરો વર્તમાન અવસર્પિણી કાળમાં થયા છે. આવી અવસર્પિણી તથા ઉત્સર્પિણીઓ ભૂતકાલમાં અનંત થઈ ગઇ છે. શ્રી મહાવીરસ્વામીજી તો આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકર ગણાયા છે, તેઓએ જૈનધર્મને સ્થાપ્યો નથી પણ તે કાલના આત્માઓના કલ્યાણને માટે તેઓશ્રીએ જૈનધર્મ બતાવ્યો છે. માટે શ્રી મહાવીરસ્વામી ભગવાન જૈનધર્મના સ્થાપક નહિ પણ ઉપદેશક છે. બૌદ્ધધર્મ કે વૈદિક ધર્મ કરતાં જૈનધર્મના સિદ્ધાંતો, તેની સંસ્કૃતિ, ધર્મશાસ્ત્રો–ઇત્યાદિ તદ્દન સ્વતંત્ર તથા મૌલિક છે.' માટે જ બૌદ્ધધર્મ કે વૈદકધર્મને લાગુ પડતા કોઇ પણ કાયદાઓ જૈનોને લાગુ કરતાં પહેલાં જૈનધર્મને માનનારી ધર્માનુયાયી શાંત પ્રજાને સાંભળી, તેની સંસ્કૃતિ કે સિદ્ધાંતોને અન્યાય ન થાય તે રીતે શાસન કરવું એ વર્તમાન હિંદી સરકારની નૈતિક ફરજ છે. એ એણે ભૂલવું જોઇતું નથી.

૬

ભાઇ...........યોગ્ય: તમારા વિચારો બરાબર છે. હિંદની પરિસ્થિતિ અનિચ્છનીય બનતી જાય છે, એ વાત સાચી છે. પણ આ વણસતી પરિસ્થિતિમાંથી ઉગરવાનો ઉપાય સામ્યવાદ કે સમાજવાદ કોઈ રીતે નથી. ભૂખ્યા માણસને પેટમાં નાંખવા અનાજ ન આપી શકાય એ બને પણ એથી ઝેરતો નજ અપાય. ભૂખથી માણસ મરવાનો સંભવ ઓછો, પણ ઝેર તો માણસને રીબાવી–રીબાવીને મારે છે. સમાજવાદ કે સામ્યવાદ! આ બન્ને ભારત દેશની પ્રાચીન આર્યસંસ્કૃતિને લાંછન લગાડનારાં ઘોર કલંક છે. આ વાદો, પરદેશી સંસ્કૃતિ તથા પાશ્ચાત્ય દેશની આયાત છે. વર્ણવ્યવસ્થાને તોડી પાડવા માટે, પરદેશી સાહિત્યના વાંચનથી કે તેની દોરવણીથી અછૂતોદ્ધારના નામે ગાંધીજીએ 'સર્વ સમાનવાદ' કાઢ્યો. ધોળી ટોપીવાળાઓએ વગર સમજે આંધળીયા કરી, એને ગાંધીવાદના નામે અપનાવી લીધો. પરિણામે ઉચ્ચવર્ણના અને નીચવર્ણના માનવો જે રીતે પરસ્પર એક–બીજાની સાથે હૃદયની નીખાલસતાથી સૌહાર્દતાપૂર્વક હળી–મળીને રહેતા હતા. બન્ને વચ્ચે જે ભાઇચારો હતો તે ગયો; અને એકબીજા પરસ્પર ઘુરકયા કરતા થયા, તે રીતે મજૂર–માલીક વચ્ચે, શેઠ–નોકર વચ્ચે, શ્રીમંત–દરિદ્ર વચ્ચે; આપણા આ દેશમાં પૂર્વકાલમાં મીઠો સંબંધ હતો. પરસ્પર સુખ-દુ:ખમાં એક–બીજાની પડખે રહેતા હતા પણ પરદેશી સંસ્કૃતિએ આવી, બન્નેના ચાલ્યા આવતા સંબંધોમાં ભેદની મજબૂત દીવાલ ઉભી કરી પરિણામે આજે મજૂરો પોતાના દુ:ખ–દોષોનો રોષ માલીક પર

# જીવનમાં નૈતિકતાનું મૂલ્યાંકન.

પૂ૦ મુનિરાજ શ્રી રૂચકવિજયજી મહારાજ

કોઇ પણ મનુષ્ય, કે જે પોતાના મનુષ્ય જીવનને ઉચ્ચ સપાટી પર લઈ જવા ઇચ્છતો હોય અને પ્રેમ કરીને તે વિશ્વના તમામ જીવાત્માઓનો દુઃખમાંથી ઉદ્ધાર કરી તેમને સુખી બનાવવા ઇચ્છતો હોય તેણે તેના પ્રવાહી જીવનમાં **નૈતિક ઉચ્ચતાને** પ્રથમ પસંદગી આપવી જ પડશે. પોતાના મનુષ્ય જીવનને ઉચ્ચ સપાટી પર લઇ જઇને દુનિયામાં દુઃખોદ્ધારાદિનું કાર્ય કરીને મહાન બની ગએલા સૌ ધાર્મિક, રાજદ્વારી, સામાજિક અને કૌટુંમ્બિક મનુષ્યોની જીવનકથાને મનુષ્ય જો ઝીણવટભરી નજરે જુએ અને વિચારે તો તેને સ્પષ્ટપણે જણાઈ આવશે, કે તેમના મહાન જીવનની શરૂઆતથીજ તેમનામાં **નૈતિક ઉચ્ચતા** સુવર્ણમાં શુદ્ધતાની જેમ સ્થાન પામેલી હતી; જીવનની ઉચ્ચ સપાટીના તળીઆમાં અને મહાન જીવનના પાયામાં જેઓ નૈતિક ઉચ્ચતાને પ્રથમ સ્થાન નથી આપતા, તેઓ જીવનને ઉચ્ચ અને મહાન કહેવડાવવામાં, ભલે કંઈગુણા પ્રયત્નો કદાચ કરી શકતા હશે પણ એ રીતે કહેવડાવાએલી જીવનની ઉચ્ચતા અને મહાનતા, પાયાની મજબૂતાઈ વિનાના મહેલની જેમ કુદરતી યા અકુદરતી ખોફ આગળ કકડભુસ થઇને તૂટી જ પડે છે, ટકી શકતી નથી જ, એ પણ ભૂતકાળમાં બની ગયેલ અને વર્તમાનમાં બનતી અનેક ઘટનાઓમાંથી મનુષ્ય સહેલાઇથી જાણી શકશે.


ભૂતકાળમાં બની ગએલા સૌ મહાન પુરુષોને, તેમના ઉચ્ચ મનુષ્ય જીવનની શરૂઆતમાં, નૈતિકઉચ્ચતાને પ્રથમ સ્થાન આપવામાં મૂળભૂત કારણ શું હશે. ? તેનો વિચાર બહુ ઓછા મનુષ્યો દુનિયામાં કદાચ કરતા હશે, પણ મનુષ્ય પોતે જો વિચાર કરે તો તેને સમજાશે, કે નૈતિક ઉચ્ચતામાં એક એવી અસરકારક શક્તિ છુપાએલી છે, કે જે મનુષ્યને સર્વત્ર પ્રિયતા અને આદર અપાવવા સાથે તેના વચનને સૌ પાસે મોટા ભાગે ગ્રાહ્ય બનાવે છે, નૈતિકઉચ્ચતાનું આ એક પ્રાથમિક સફળ પરિણામ છે, કે જેને મનુષ્ય હંમેશા પોતાના જીવનમાં ચ્હાય છે, એટલું જ નહિ પણ મનુષ્ય જીવનને ઉચ્ચ બનાવી શકવા માટેનું અને દુનિયામાં દુઃખોધ્ધાર આદિનું કાર્ય સફળતાપૂર્વક કરી શકવા માટેનું આ એક શરૂઆતનું મજબૂત ચણતર છે.

મનુષ્ય પોતે હંમેશા પોતાના માટે એવો અભિપ્રાય ધરાવતો હોય છે, કે પોતે સૌને વ્હાલો લાગે, સૌ તેને આદર–માન આપે અને તે પોતે બીજાઓને જે કાંઇ કહે તેનો બીજાઓ હંમેશા સ્વીકાર કરે. મનુષ્યની આ એક કુદરતી સ્થિતિ છે, કે જેનો કોઇ પણ કદી ઇન્કાર કરી શકે તેમ નથી પરંતુ મનુષ્ય પોતે પોતાને માટે એ કયારે બનાવી શકે ? એ એક પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉકેલ બીજાઓ કદાચ લેમ્પ બનીને આણી શકે પણ તે


---

નાંખે છે, નોકરો પોતાનો ગુસ્સો શેઠ પર ઠાલવે છે અને ગરીબ પ્રજા પોતાની આપત્તિઓ મૂંઝવણોથી અકળાઇ શ્રીમંતો પર અસૂયાથી બળે છે, આ સ્થિતિ સમાજવાદ તથા સામ્યવાદના પ્રચારકોએ ઉભી કરી છે ત્યારે માલીકો, શ્રીમંત તથા શેઠ પોતાનાથી હલકી સ્થિતિમાં રહેલાને સાંભળવા કે સમજવા અથવા તેમને હમદર્દી આપવાથી આજે બેપરવા છે. માટેજ હિંદ દેશમાં આ બન્ને વાદોમાંથી એક પણ વાદ પોષાય તેમ નથી. ધર્મવાદ ભલાઇવાદ કે અધ્યાત્મવાદ સિવાય વિશાલ હિંદની પ્રત્યેક પ્રજાને, કોઇ પણ વાદ સુસંગત નહિ જ બની શકે, એ સત્ય સહુ કોઇએ સમજી લેવા જેવું છે.

# આપણાં તીર્થો.



૧ જૈન મંદિર - ભોપાવર




૨ જૈન મંદિર - કંપીલાનગરી




૩ મેત્રાણા - જૈન મંદિર



૪ થાણા - જૈન તીર્થ



૫ પાવાપુરી - જૈન તીર્થ



૬ કુંડલપુર - જૈન તીર્થ

૧-૨-૫ ૬ નંબરના ફોટાઓ શ્રી શાંતિચંદ્ર હિરાચંદ ઝવેરી મુંબઈના અને ૩ અને ૪ નંબરના ફોટાઓ શ્રી રતિલાલ ચીમનલાલ ગઢવાળાના સૌજન્યથી.

# જીવન જ્યોત............ ....પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ.



રાજા ભોજની રાજસભામાં પરમાર્હત્ કવિ ધનપાલ નિયમિત જતા હતા, પંડિતોમાં તેમનું અગ્રસ્થાન હતું. એક વખત પંડિતજીને રાજસભામાં જવાનું મોડું થયું. રાજા ભોજે વિલંબથી આવવાનું કારણ પૂછયું, ધનપાલે જણાવ્યું કે, 'હે મહારાજ તિલકમંજરી કથાની રચનામાં હું ગુંથાયલો હતો. જેથી જરા મોડું થયું છે.'

રાજાને તિલકમંજરીની કથા સાંભળવાની ઘણીજ ઉત્કંઠા હતી, ગ્રન્થ જયારે પૂર્ણ ગૂંથાઇ ચૂકયો ત્યારે રાજાભોજને ધનપાલ સંભળાવે છે. ભાષાનું લાલિત્ય અને કથાની રસિકતા અપૂર્વ હતી, વાદિવેતાલ શ્રી શાંતિસૂરિજીએ જે કથાનું સંશોધન કર્યું હતું. ધનપાલને સરસ્વતી પ્રસન્ન હતી, પછી એ કથાની રસિકતાનું તો પૂછવું શું ! નવરસોથી પૂર્ણ હતી. રાજાભોજ સાંભળવામાં તન્મય બની ગયો હતો.

અદ્ભૂત રસપ્રદ કથા શ્રવણ કરી રાજા ભોજે અપૂર્વ આલ્હાદને અનુભવ્યો.

કથા સમાપ્ત થયા બાદ રાજાભોજે કવીશ્વર ધનપાલને જણાવ્યું, 'હે કવિવર ! હું તારી પાસે કંઇક માંગણી કરૂં છું, તું રોષ ન કરીશ.'

એક તો કથાના આરંભમાં જ 'શિવ રક્ષણ કરો,' એમ મંગળાચરણ કર તેમજ મારા કહેવાથી અયોધ્યા નગરીના સ્થાને ધારાનગરી, શક્રાવતાર ચૈત્યના સ્થાને મહાકાલ, ઋષભદેવના સ્થાને શંકર, અને ઈંદ્રના સ્થાને મારૂં નામ રાખ 'જો આ પ્રમાણે તું તિલકમંજરીમાં ફેરફાર કરી નાંખે તો તું જે માંગે તે તને હું આપવા તૈયાર છું.'

---

[અનુસંધાન પેજ ૩૯ થી ચાલુ]

એટલો સંપૂર્ણ નહિ બને કે જેટલો સંપૂર્ણ મનુષ્ય પોતે પ્રયોગદ્વારા બનાવી શકશે.

જીવનમાં નૈતિક ઉચ્ચતાને પ્રથમ પસંદગી આપવામાં મનુષ્યને કઠિનતા અને વિઘ્નોની સામે અડગ ઉભા રહેવું પડશે પણ તેણે યાદ રાખવું જોઇએ, કે એક વખત કઠિનતા પર જો તમારી અડગતા વિજય વરસે તો તમને હંમેશને માટે નૈતિક ઉચ્ચતા, સરળતાની વસ્તુ બની જશે કે જેની, તમારા મનુષ્ય જીવનને ઉચ્ચસપાટી પર લઇ જવા માટે ને તેમ કરીને દુનિયામાં દુઃખોધ્ધાર આદિનું કાર્ય સફળતાપૂર્વક કરવા માટે ખુબજ જરૂર છે.

કદીબધ્ધ રીતે દરેક જન્માંતરમાં મનુષ્યને જીવનનો અભ્યાસ હોય છે પણ નૈતિક ઉચ્ચતાનો અભ્યાસ તેને ઘણો ઓછો હોયછે અગર નથી પણ હોતો એમ એક દ્રષ્ટિએ કહીએતો તે ખોટું નથી. આથી જ જીવનમાં નૈતિક ઉચ્ચતાને પ્રથમ પસંદગી આપવામાં કઠિનતાનો અનુભવ થવો સંભવિત છે. આ સંભવિત પ્રસંગની સામે મનુષ્ય અડગ રહેવાનું શીખી લે તો આ દુનિયામાં તે ફતેહના માર્ગ ઉપર ટકી જાય છે, આગળ વધે છે.

જીવનમાં નૈતિક ઉચ્ચતા એ મનુષ્યને મનુષ્ય બનાવે છે, એટલું જ નહિ પણ દેવ યા સર્વોચ્ચ મનુષ્ય બનવા માટેના દ્વાર ખુલ્લાં કરી આપે છે.

ધનપાલે રાજાના આવાં વચનો સાંભળી તરતજ જવાબ વાળ્યો; 'હે નરેન્દ્ર! આમ કરતાં-શુભના બદલે અશુભ થાય, જેમ દુધના ભરેલા પ્યાલામાં એક વિષની કણી પડે તો સઘળુંય દુધ વિષમય બની જાય છે, તેમ એ નામોનું પરિવર્તન કરતાં પવિત્રતાને મહા હાનિ પહોંચે છે. દેશ, કુળ અને રાજ્યનો પણ અંતે ક્ષય થઇ જાય છે.

ધનપાળ પૂર્ણ શ્રદ્ધાળુ અને અજબ ધર્મ-પ્રેમી હતો, અડગ ને નિડર બની છેવટે રાજા-ભોજને સાફ સાફ સંભળાવે છે, 'રાજન્! આ કથાના નાયક ત્રણ-લોકના નાથ દેવાધિદેવ ઋષભદેવ ભગવાનનું વર્ણન બાજુએ મૂકી, આ લોકનાં તુચ્છ સુખો, કીર્તિ કે રાજ્યની મારે મન કંઇજ કિંમત નથી, જેમ ખદ્યોત અને સૂર્યમાં, સરસવ ને મેરૂમાં, ધતૂરાને કલ્પ-વૃક્ષમાં જેટલું અંતર છે તેટલુંજ આપ અને એમાં છે, માટે એ વાત પ્રાણના ભોગે પણ હું માનવા તૈયાર નથી, તે નથી.'

ધનપાળે જ્યારે સાફ શબ્દોમાં સંભળાવી દીધું-ત્યારે રાજાભોજને ભારે ક્રોધ ચઢયો અને તરત જ ઠંડી દૂર કરવા સમીપમાં જ સગડી રાખી હતી તે સગડીના ધગધગતા અંગારામાં તિલકમંજરીની મૂળ પ્રત રાજાએ બાળી મૂકી.

પંડિત ધનપાલને રાજાના આ દુષ્કૃત્યથી ઘણુંજ માઠું લાગ્યું. ઘેર જઇ ગાલ ઉપર હાથ મૂકી, ખાટલા ઉપર ચિંતાતુર થઇ પંડિતજી બેઠા હતા, તેવામાં બાલપંડિતા નામની પંડિતજીની પુત્રી ત્યાં આવી પહોંચી, પુત્રીએ પિતાજીને ચિંતાનું કારણ પૂછયું; ધનપાલે સઘળીય હકીકત જણાવી, છેવટે બાલપંડિતાએ પિતાને સ્નાન કરાવી, ખુબ ભક્તિપૂર્વક જમાડી આસને બેસાડી પોતે તિલકમંજરીની પ્રથમ પ્રતિના લેખનું સ્મરણ કરાવતી ગઇ. લગભગ અડધો ગ્રન્થ તે બાલપણ્ડિતાએ લખાવ્યો, છેવટનો ઉત્તરાર્ધ નવીન તૈયાર કરી ગ્રન્થ સંપૂર્ણ કર્યો, પણ ધર્મની ટેક ન છોડી; તે નજ છોડી. ધન્ય છે એ કવિવર **ધનપાલને!**

## [ ૨ ]

કંઇ એક સૈકા પૂર્વની આ વાત છે. જે કાળે પાટલીપુર નગરમાં રાજા મુરંડનું રાજ-શાસન ચાલતું હતું તેજ નગરમાં ક્રમશઃ વિચરતા ભૂમિતલને પાવન કરતા મુનિગણ-પરિવૃત, બાળસૂરિ જૈનાચાર્ય શ્રી પાદલિપ્તસૂરીશ્વરજી મહારાજ પધાર્યા. શ્રી સંઘે તેમનું ભાવભીનું સ્વાગત કર્યું. પોતાની અદ્‌ભૂત પ્રજ્ઞાથી રાજા-પ્રજા તમામને સૂરિદેવે આશ્ચર્ય-મુગ્ધ બનાવી દીધા હતા, રાજા મુરંડ સૂરિજીના પ્રત્યે ખુબજ આકર્ષાયો હતો.

એક વખત સૂરિજીના દર્શનાર્થે મહારાજા મુરંડ ઉપાશ્રયે આવી ચઢયા. એકાંત સમયે સવિનય રાજામુરંડે સૂરિજીને પ્રશ્ન કર્યો; 'હે ભગવન્! અમારા સેવકો તો પગાર-વેતન પ્રમાણે પોતાનું કર્તવ્ય બજાવે છે, જ્યારે આપના શિષ્યો માત્ર ભિક્ષાવૃત્તિના આધારે રહેલા આપની સેવામાં શી રીતે તત્પર રહેતા હશે?'

સૂરિજીએ જવાબમાં જણાવ્યું- 'હે નરેન્દ્ર! આલોક ને પરલોકના હિતની ખાતર અમારા શિષ્યો હંમેશાં સેવામાં તત્પર રહે છે. એમને બીજી કોઇ વસ્તુની પરવા હોતી નથી. તેઓ ગુરૂ આજ્ઞામાંજ પોતાનુ હિત સમજે છે.'

'પણ મહારાજ! એ વાત મારા માનવામાં નથી આવતી, કારણ કે શુષ્ક જંગલને જાનવરો પણ તજી દે છે, ધનહીનની સામું પણ કોઇ

નિરખતું નથી એથી સમજાય છે કે, સૌ સ્વાર્થનાં સગાં છે'–એમ રાજાએ જણાવ્યું.

શ્રી પાદલિપ્તસૂરિજી મહારાજે કહ્યું 'હે રાજન! મોટા પગારદાર તમારા સેવકો જે કામ નથી કરી શકતા, તે કાર્ય વગર–પગારે આત્મકલ્યાણાર્થે અમારા શિષ્યો કરી બતાવે છે. તમારે જો ખાત્રી કરવી હોય તો બોલાવો, તમારા સેવકને, કે જે સેવકને તમે ધનમાલ આપી ખુબ સંતોષ્યો હોય, અને એના ઉપર તમારો પૂર્ણ વિશ્વાસ હોય.'

રાજાને પણ પરીક્ષા કરવાનું મન થયું. તરતજ રાજાએ પોતાના વિશ્વાસુ પ્રધાનને બોલાવ્યો. પ્રધાન તરતજ હાથ જોડી વિનમ્ર ભાવે હાજર થયો અને રાજાને સવિનય વિનંતી કરી, 'હે રાજન્! આ સેવક આપની સેવામાં હાજર છે, હુકમની જ માત્ર વાર છે. ચાહે પછી ગમે તેવું દુષ્કરમાં દુષ્કર કાર્ય કેમ ન હોય! તે વિના વિલંબે કરવા આ સેવક તૈયાર છે.

રાજાએ સૂરીજીના દેખતાંજ પ્રધાનને આજ્ઞા કરી કે, 'જાવ! જુઓ અત્યારે ગંગા નદીનો પ્રવાહ કઇ દિશામાં વહી રહ્યો છે?'

રાજાનું વચન શ્રવણ કરી પ્રધાન મનમાં જ બબડવા લાગ્યો. જરૂર બાળસૂરિજીના સંસર્ગથી રાજા પણ બાળ–અજ્ઞાન થઈ ગયો લાગે છે, નહિતર આવી સામાન્ય વાત પૂછે ખરા!'


પ્રધાન તો રાજાને પ્રણામ કરી 'જેવી આપની આજ્ઞા' એમ કહી ત્યાંથી ચાલતો થયો.

રસ્તામાં જતાં પ્રધાને વિચાર કર્યો કે, રાજા તો ઘેલો થઇ ગયો છે, પણ હું કંઇ થોડો ઘેલો થયો છું એટલે દૂર ગંગા નદી પાસે જવાની શી જરૂર છે, એવો વળી વ્યર્થ પરિશ્રમ કોણ કરે? એના કરતાં લાવને એટલો ટાઇમ જુગાર રમવામાં ગાળું, એમ વિચારી ત્યાંથી બે–ત્રણ કલાક જુગાર રમવામાં ગાળ્યા, ત્યારબાદ રાજાની પાસે આવી પ્રણામ કરી પ્રધાને જણાવ્યું;

'હે રાજન! ગંગા નદીનો પ્રવાહ પૂર્વાભિમુખ વહી રહ્યો છે. રાજાએ તો છુપા બાતમીદારોથી પહેલેથી જાણી લીધું હતું, કે પ્રધાન નદી ઉપર ગયો નથી ખોટી ડિંગજ મારે છે. ભાઇએ તો જુગાર રમવામાંજ ટાઇમ ગાળ્યો છે. આચાર્ય મહારાજે અવસરોચિત જરા હાસ્યનો ભાવ લાવી, રાજાને જણાવ્યું 'કેમ નરેન્દ્ર! જોઇને આપના વિશ્વાસુ સેવકની સેવા, અને કર્તવ્ય પરાયણતા! જ્યારે આવા વિશ્વાસુ અને ધનથી સંતુષ્ટ થએલા આપના સેવકની આવી દશા તો બીજાનું તો પૂછવું જ શું?

બાળસૂરિએ કહ્યું 'રાજન્! હવે અમારા આજકાલના નવ દીક્ષિત અને અશિક્ષિત શિષ્યનો ચમત્કાર જુઓ! તરતજ સૂરિજીએ, બાળ શિષ્યને બોલાવ્યો; બાળમુનિ હાથ જોડી 'ઇચ્છામિ' કહી સહર્ષ નત મસ્તકે હાજર થયા અને ગુરૂદેવને વિનવણી કરી, કે આ સેવક પર કૃપા કરી સેવાનો લાભ આપો. સૂરિજીએ શિષ્યને હુકમ કર્યો કે, જાવ, જુઓ અત્યારે ગંગા નદીનો પ્રવાહ કઇ દિશા તરફ વહી રહ્યો છે. વિનાવિલંબે નમસ્કાર કરી બાળમુનિ ત્યાંથી રવાના થયા. રસ્તામાં આવતા લોકોને પૂછયું, 'ભાઇ! ગંગા કઇ તરફ વહે છે? લોકોએ જવાબ આપ્યો, 'પૂર્વાભિમુખ!' પણ એમને વિશ્વાસ ન બેઠો ત્યાંથી સીધા નદી કિનારે પહોંચી ગયા. જોયું

# સામે પાર જાવું છે.... .... ....શ્રી કીર્તિકુમાર હાલચંદ વોરા



મુંબઈ પાલવા કીનારે એક આલીશાન મોટો બંગલો છે. એક બેન્કના હેડ મેનેજર આ બંગલાના ઉપરના મજલે રહે છે. ઉંમર તો હશે પાંત્રીસેક વર્ષની, પૈસે ટકે સુખી છે, અને આરામ અને આનંદમાં રહે છે.

બેન્કમાં પોણી અગ્યાર વાગે જાય છે. પાંચ વાગે પાછા આવે છે, દરરોજ સવા છ કલાક કામ કરે છે. જેમનો પગાર માસિક રૂપીયા સાતસો, બાર મહીને [ વાર્ષિક ] આઠ હજાર ચારસોનો છે. વળી વધારામાં આજ સુધી કરેલી બચતના રૂપીઆ બેન્કમાં વ્યાજે મુકેલા, તેનુ વ્યાજ પણ વાર્ષિક ત્રણેક હજાર સહેજે આવે છે. આવી મોટી આવક હોય પછી શા માટે સુખી ન હોય, વળી પોતે શરીરે તંદુરસ્ત અને સુશીલ, ગુણીયલ નારી, બે છોકરા, એક છોકરી વગેરેથી બધી રીતે સુખી દેખાતા હતા. કેવળ દામની જ પરવા રાખતા હતા. બાકી કોઇની પરવા આ મેનેજર સાહેબ રાખતા નહોતા.

અને દામને ખાતરજ એક દિવસ આ બધી સુખ–સામગ્રી બાળ–બચ્ચાં એક મહીના માટે છોડવા પડયાં અને પંદર દિવસ એક જગ્યાએ પરાધીનતામાં રહેવું પડયું, આ બધું શા માટે? વધુ પૈસા કમાવા માટે. યુરોપની બેંક સાથે સંપર્ક સાધવા પોતાને ત્યાં જવાનુ થયું, કયાં સામે પાર આવેલું યુરોપ લંડનઃ પાલવાને પેલેપાર જવા માટે બાળ-બચ્ચાં વિ. ને સાથે લઇ જવા માટેની ઇચ્છા ઘણીજ હતી છતાં જગ્યાના અભાવે પરવાનો ન મળ્યો અને બાળ–બચ્ચાં, વૈભવ વિલાસ વગેરે છોડવું પડયું અને છોડયા પછી પણ સ્ટીમરમાં બેઠા પછી સ્ટીમરના કપ્તાનના કહેવા મુજબ જ કરવાનું તેની આજ્ઞા મુજબ રહેવાનું; તે કહે કે આ બાજુ પવનનુ દબાણ વધારે છે માટે સામે બેસો તો અહીંથી ઉઠી સામે જવું જ પડે અને જો સામે

---

તો પ્રવાહ પૂર્વાભિમુખ જ હતો પણ કંઇ ભ્રમતો થતો નથીને? પૂર્ણ નિશ્ચય કરવા માટે ઓઘાની ડાંડી કાઢી અને હાથમાં રાખી પાણીમાં તરતી મુકી ત્યારે ડાંડી પણ પૂર્વાભિમુખ હાથની સાથે તણાવા લાગી, ત્યારે પૂર્ણ નિશ્ચય થયો કે. જરૂર ગંગા નદીનો પ્રવાહ પૂર્વાભિમુખ વહી રહ્યો છે.

ગુરૂ આજ્ઞા હતી એટલે કાચા પાણીને કેમ અડાય? એ તર્ક–વિતર્ક પણ ન કર્યો, એમને મન ગુરૂઆજ્ઞા એજ પ્રમાણ હતી.

ત્યાંથી બાળ મુનિ ગુરૂદેવની પાસે આવી 'ઇર્યાવહી' પ્રતિક્રમી–દોષની આલોચના કરી ગુરૂદેવને વંદન કરી, વિનયપૂર્વક ગુરૂદેવને જણાવ્યું કે; 'ગુરૂદેવ! ગંગા પૂર્વાભિમુખ વહી રહી છે.'

છુપા બાતમીદારોથી રાજા વગેરેએ તો પહેલેથી જ જાણી લીધું હતું.–

રાજાને સાધુઓ પર ખુબજ બહુમાન પેદા થયું ખરેજ જૈન મુનિઓનો વિનય અજબજ છે. શિષ્યો, ગુરૂ આજ્ઞાપાલનાર્થે બધુંજ સમર્પણ કરવા તૈયાર થાય છે. સૌએ જૈનશાસનની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી છેવટે જૈનશાસનની જય જયના વાતાવરણથી ગગન ગૂંજી ઉઠયું.

ન બેસે અને કપ્તાનના કહેવા મુજબ ન વર્તે તો મધ્ય દરીએ ડૂબીજ મરે ! માટે સ્ટીમરમાં બેઠા પછી તો કપ્તાન પર બધુ છોડી અને તેની આજ્ઞા પ્રમાણે વર્તન ચલાવવું પડે.

આટ–આટલું મેનેજરને સામે પાર યુરોપ જવા માટે કરવું પડે છે અને છતાં તે તે બધું કરવા તૈયાર થાય છે છતાં તેજ માણુસને આ સંસાર સમુદ્રને પેલે પાર–મોક્ષ પ્રદેશમાં જવા માટે ધર્મ નૌકામાં બેસવાની જરૂર પડે ત્યારે આ ફાની દુનિયામાંથી કશું પણ છોડવા તૈયાર કેમ નહિ થતા હોય ?

અને જો વ્યક્તિ પોતે પુણ્ય રૂપી નૌકામાં નહિ બેસે, એટલે કે ધર્મ નહિ કરે તો સામે પાર તો કયાંથી જશે ? અને નહિ જાય તો આ સંસાર સમુદ્રમાં ક્ષણિક સુખો સાથે નર્કાદિ મોટાં દુ:ખો ભોગવતો ડૂબકાં ખાયા કરશે અને તેનાં આ દુ:ખોનો અંત નૌકામાં બેઠા સિવાય નથીજ આવવાનો, માટે ધર્મ કર્યા વિના દરેક દુ:ખોનો નાશ થવાનો નથી. માટે સંસારનાં દુ:ખો દૂર કરવાને માટે અને સંસારરૂપી સમુદ્રને પાર પામવા માટે મનુષ્યે ધર્મનું અવલંબન લીધે જ છુટકો છે.

નૌકામાં બેઠા પછી તેના કપ્તાનનું કહ્યું ન માનીએ તો ચાલેજ કેમ? આપણે રવીવારે પાલ્વા ફરવા ગયા, દરિયામાં ફરવાની ઈચ્છા થઇ, હોડકામાં ચાર આના ખર્ચી બેઠા, હોડકું ચાલ્યું, એકાદ માઈલ ગયું ત્યાં વાવાઝોડા સાથે પવન ફુંકાયો. દક્ષિણ બાજુ પવનનું દબાણ થયું ત્યારે કપ્તાને કહ્યું કે, ભાઇઓ ! જરા ઉત્તર તરફ બેસો, નહિં તો હોડી ડૂબી જશે ત્યારે આપણે એમ કહીએ કે ના ભાઇ, અમે તો અહીંજ બેસવાના છીએ અને જો આ મુજબનું વર્તન ચલાવવામાં આવે તો શું હાલત થાય ! પણ ત્યાં તો કપ્તાનના કહેવા મુજબ બેસવાના ત્યાં એક મીનીટનો વિલંબ પણ નહિ કરવાના, કારણ કે અહીં મોટો ભય મોતનો છે.

તેવીજ રીતે સંસાર રૂપી સમુદ્રને પાર ઉતરવા માટે પણ ધર્મનૌકાના કપ્તાનનું કહ્યું તો માનવુંજ પડશેને ! ધર્મ નૌકાના કપ્તાન કોણ તે તો સર્વ કોઇ જાણે છે. શ્રી વીતરાગ દેવ [ જિનેશ્વરદેવ ] ધર્મ નૌકાના કપ્તાન છે. તેમના કહેવા મુજબ એટલે તેમણે ભાખેલા આગમ શાસ્ત્રોનાં નિયમાનુસાર ન વર્તીએતો સંસારની ઉંડી ખાઇમાં ધકેલાઈ જઇએ.

એક તો આપણે માથે કર્મસત્તાનું પ્રબળ જોર ચાલી રહ્યું છે, તે સત્તાને ઉખેડી ફેંકી દેવાની છે, એના બદલે આપણે નૌકામાં બેઠા પછી પણ કપ્તાનના કહ્યા મુજબ ન વર્તીએ તો આપણું નાવ ભર દરીયે ડુબવાનું છે, એ પણ ભૂલવા જેવું નથી, માટે સંસાર સમુદ્રમાં ડુબવું ન હોય અને નરકાદિ દુ:ખો ભોગવવાં ન હોય તો ધર્મ નૌકમાં બેઠા પછી તેના ખુલાસી શ્રી જિનેશ્વર દેવે ભાખેલા આગમ–શાસ્ત્રાદિના નિયમો અનુસાર વર્તવું અગત્યનું છે અને શ્રી જિનેશ્વર દેવની આજ્ઞામાં રહીનેજ સર્વ કાર્ય કરવું જોઈએ અને નૌકામાં બેઠા પછી એકજ અવાજે હૃદયના તારને જોડી લલકારવું જોઇએ કે,

**હે વીર ! મારે જાવું છે સામે પાર, નૌકા ચલાવોને ! સંસારનો પામવો છે પાર, નૌકા ચલાવોને ! મારા કપ્તાન થઈને આજ, નૌકા ચલાવોને ! હે વીર મારે જાવું છે સામે પાર, નૌકા ચલાવોને !**

# પ્રમાણ અને નય તથા તેની ઉપયોગિતા

—: કુ. શ્રી મૃદુલાબ્હેન છોટાલાલ કોઠારી :—



**જ્ઞાન** એ આત્માનો સ્વાભાવિક ગુણ છે. જેમ પ્રદીપાદિનો સ્વભાવ છે કે તેઓ સ્વપ્રકાશ સાથે જ ઘટપટાદિ પ્રકાસ્ય તત્ત્વોનું પ્રકાશન કરે છે, તેમ જ્ઞાનનો પણ નૈસર્ગિક સ્વભાવજ છે કે સ્વપ્રકાશક હોવા સાથે પર અર્થનું ય પ્રકાશક બને. આ રીતે એક જ જ્ઞાનમાં પ્રકાસ્યતા અને પ્રકાશરૂપતા રૂપ ઉભયધર્મ વિદ્યમાન હોય છે. જેમ એક જ વ્યક્તિમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ પિતૃત્વ અને પુત્રત્વ અબાધિત હોઇ શકે છે તેમ એકજ જ્ઞાનમાં અર્થની અપેક્ષાએ પ્રકાશરૂપતા-અને સ્વની અપેક્ષાયે પ્રકાસ્યતા પણ હોઇ શકે. જેમ પ્રદીપાદિના પ્રકાશને સ્વપ્રકાશાર્થે અન્ય પ્રકાશની આવસ્યકતા નથી હોતી તેમ જ્ઞાનને પણ સ્વપ્રકાશાર્થે અન્યની સહાય અપેક્ષિત નથી.

જો જ્ઞાન સ્વતઃ પ્રકાસ્ય ન હોય તો પરનું ય પ્રકાશન કરી શકે નહિ. જે સ્વયં પ્રકાશ રૂપ હોય તેજ પરનું પ્રકાશન કરી શકે અગર જો આવારક આવરણ ન હોય તો સૂર્યનો પ્રકાશ સ્વભાવ છે તેમ જીવનો પણ પ્રકાશ સ્વભાવ છે. જેમ સૂર્યાદિનો નૈસર્ગિક પ્રકાશ મેઘ વગેરે આવરણના યોગે આવૃત થાય છે, તેમ જીવનો પ્રકાશ સ્વભાવ પણ આવૃત્ત થાય છે એ આવરણ મેઘાવરણ તુલ્ય છે અને એ કર્મ રૂપ છે, જે સત્ છે.

જેમ મેઘાવરણથી આવૃત સૂર્યપ્રકાશ ચીર્મીરિત-વિચિત્ર થઇ જાય છે તેમ મોહનીય આદિ આવરણોથી આવૃત, પ્રકાશ પણ એકરૂપ રહી શકતો નથી. વિચિત્ર બની જાય છે.

જીવનો પ્રકાશ સ્વભાવ તો એક જ છે, વ્યાપક અને ધ્રુવ છે. જેને ધ્રુવચેતના રૂપ અથવા અપ્રતિપાતિ જ્ઞાનરૂપ કહેવાય છે. આમ છતાં આવરણથી આવૃત થવાના કારણે એ ભિન્ન-ભિન્ન રૂપે દિસે છે એ આવૃત પ્રકાશને અધ્રુવચેતના અથવા મંદ પ્રકાશ કે વિભાવ કહેવાય છે. જેમ જન્માદિ વિભાવ રૂપ છે, છતાંય જીવનના અમુક કાલસ્થાયી પર્યાયો છે. તેમ આ મંદ પ્રકાશ પણ વિભાગ રૂપ છતાં અમૂક કાલસ્થાયી હોય છે.

જીવન સકલ પ્રકાશ સ્વભાવને આવૃત કરનાર કેવલજ્ઞાનાવરણ છે, તેના યોગે તેની શક્તિ સીમિત થાય છે અને તેમાં વિચિત્રતા થઇ જાય છે.

જેમ મેઘાવરણથીસૂર્ય પ્રકાશ પૂર્ણ આવૃત થાય તો ય દિન-રાત્રિના વિભાગાર્થે તેનો અમૂક આંશિક પ્રકાશ તો અનાવૃત જ રહે છે, સર્વદા ઉદ્-ઘાટિત જ રહે છે, અન્યથા દિન-રાત્રિનું ઐક્ય થઇ જાય, તેમ પ્રબલ કેવળજ્ઞાનાવરણથી આવૃત પણ જીવપ્રકાશ જડ-ચેતનાના વિભાગાર્થે અમુક અંશમાં સનાતન અનાવૃત જ રહે છે, પ્રકાશિતજ રહે છે. અન્યથા જીવ સર્વથા અજીવજ બની જાય. આમ છતાં જેમ સૂર્યના આંશિક પ્રકાશને ઘરમાં રહેલ બારી બારણાં બંધ કરી દેવામાં આવે તો આવરી શકાય છે તેમ જીવના તાદૃશ્ય મંદપ્રકાશને પણ બીજાં આવરણો આવરી શકાય છે અર્થાત્ જેમ મેઘસદૃશ પ્રબળ આવરણ પણ જે પ્રકાશને આવૃત કરવા અસમર્થ નીવડે તેને અન્ય દુર્બલ આવરણ પણ આવરી શકે તેવી જ રીતે કેવળજ્ઞાનાવરણ રૂપ પ્રબલ આવરણ જેને આવૃત ન કરી શક્યું તેને અન્ય આવરણો આવરી શક્યાં. એ આવરણોને મતિજ્ઞાનાવરણાદિ કહેવાય છે.

આ રીતે જ્ઞાનના મંદપ્રકાશ અને પૂર્ણ પ્રકાશ એ બે ભેદો થાય છે. જે જ્ઞાન પૂર્ણપ્રકાશ રૂપ છે, તેને કેવળજ્ઞાન કહેવાય અને જે જ્ઞાન નિજના આંત-

રિક આવરણના તથાવિધ વિલયના યોગેજન્ય બની મંદપ્રકાશ રૂપ બને છે, તેને મતિઆદિ જ્ઞાન કહેવાય છે. એ મંદપ્રકાશમાંય મતિ-શ્રુતજ્ઞાન આત્મા સાથે ઇન્દ્રિય, મનની સહાય પણ અપેક્ષે છે. જ્યારે અવધિ-મન:-પર્યવજ્ઞાન તો માત્ર આત્માની જ અપેક્ષા સેવે છે તાત્પર્ય એ છે, કે જ્ઞાનના બે ભેદ છે. પારમાર્થિક અને વ્યાહારિક: પારમાર્થિકજ્ઞાનના પણ બે ભેદ છે, સકલ અને વિકલ: કેવળજ્ઞાન સકલ છે અને અવધિ, મન:પર્યવજ્ઞાન વિકલ છે. જે જ્ઞાન માત્ર આવરણના સર્વથા વિલય સાથે આત્માની જ અપેક્ષા સેવે, તેને કેવલ કહેવાય અને જેમાં આત્માની જ અપેક્ષા હોવા છતાં આવરણોનો સર્વથા વિલય સાપેક્ષ ન હોય તેને વિકલ કહેવાય.

જે જ્ઞાન આત્માની આંશિક આવરણના વિલયની તથા ઇન્દ્રિય તથા મન આદિની અપેક્ષા રાખે તેને વ્યવહારિક કહેવાય. જ્યાંસુધી મિથ્યાત્વ નામનો દોષ આત્મામાં હયાત હોય છે ત્યાંસુધી જ્ઞાન વાસ્તવ પ્રકાશ રૂપ બની શકતું નથી કિન્તુ. વિપર્યયજનક બની જાય છે. આથીજ જ્ઞાનને નિર્મલ વિશુદ્ધ બનાવવું જોઇએ. એ વિશુદ્ધિ સમ્યગ્દર્શનના યોગે થાય છે. સમ્યગ્દર્શન એ જીવનો કતકચૂર્ણ તુલ્ય નૈસર્ગિક નિર્મલ ગુણ છે જેના યોગે જ્ઞાન અને ક્રિયાનું માલિન્ય દૂર થાય છે અને નિર્મલતા પ્રગટ થાય છે.

જગતમાં વિદ્યમાન પ્રાણીગણ સતત, અવિરત નિજના ઇષ્ટાર્થે પ્રવૃત્તિ કરે છે અને અનિષ્ટથી નિવૃત્તિ કરે છે. જ્યાં સુધી ઇષ્ટ અને અનિષ્ટના સ્વરૂપનું તથા તેના સાધનનું વાસ્તવ જ્ઞાન ન થાય ત્યાંસુધી ઇષ્ટના આદાનાર્થે તેના સાધનમાં પ્રવૃતિ ન થાય, કદાચિત થાય તો સફળ ન થાય તેમજ અનિષ્ટના પરિહારાર્થે તેના સાધનથી નિવૃત્તિ ન થાય; થાય તો પણ નિષ્ફળ જ થાય, અથવા હાનિકરજ થાય, આથી જ તેનું સમ્યગ્જ્ઞાન જોઇએ.

એ યથાર્થજ્ઞાન સમ્યગ્દર્શનથી પ્રભાવિત જ્ઞાન છે, એના યોગે વસ્તુતત્ત્વનો સવિવેક નિર્ધાર થાય છે, તેના યોગે ઇષ્ટના ગ્રહણાર્થે રૂચિ થાય છે અને અનિષ્ટાર્થે દ્વેષ થાય છે, તેથીજ ઇષ્ટ સાધનમાં પ્રવૃત્તિ થાય છે અને અનિષ્ટ સાધનથી નિવૃત્તિ થાય છે અને પરિણામે ઇષ્ટ પ્રાપ્તિ થાય છે અને અનિષ્ટ દૂર થાય છે, આ રીતે સમ્યગ્ જ્ઞાન જ ઇષ્ટાનિષ્ટનું પ્રાપક અને પરિહારક છે તથા વસ્તુ તત્ત્વનું વ્યવસ્થાપક છે,

જેના યોગે વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ધાર થાય તે સમ્યગ્ જ્ઞાન કહેવાય, તેના મુખ્ય બે ભેદ પડે છે, એક જ્ઞાન પૂર્ણ વસ્તુનો પ્રકાશ કરે છે, તેને પ્રમાણ કહેવાય, બીજું જ્ઞાન વસ્તુગત પ્રતિનિયત ઇષ્ટ ધર્મનો જ પ્રકાશ કરે છે, તેને નયજ્ઞાન કહેવાય છે. આ બંનેય જ્ઞાનના યોગે વસ્તુનો યથાર્થ નિર્ણય થાય છે, તેથી સમ્યગ્ દર્શનની શુદ્ધિ અને દૃઢતામાં આ બંનેય જ્ઞાન ઉપયોગી છે.

પ્રમાણનું કર્તવ્ય ઇષ્ટાનિષ્ટ વસ્તુનું સવિવેક પ્રકાશન, નિર્ધારણ કરાવવાનું છે. તેના યોગે વસ્તુ પ્રત્યે સત્ય અસત્ય ત્યારબાદ તેમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ અને પરિણામે વસ્તુની પ્રાપ્તિ-અપ્રાપ્તિ, થાય છે.

આ રીતે એક દ્રષ્ટિએ પ્રમાણ ઇષ્ટનું પ્રાપક છે અને અનિષ્ટનું અપ્રાપક છે. ઇષ્ટ સાધનમાં પ્રવર્તક છે અને અનિષ્ટથી નિવર્તક છે કિન્તુ વસ્તુતઃ પ્રમાણ માત્ર વસ્તુનું પ્રકાશક જ છે. વિષયનું વાસ્તવરૂપદર્શન કરવા પૂરતોજ પ્રમાણનો વ્યાપાર હોય છે. પ્રમાણ બલાત્ પ્રવૃત્તિ આદિ કરાવી શકતું નથી, પ્રવૃત્તિ આદિ તો રૂચિ પર નિર્ભર છે.

જો પ્રમાણનું કર્તવ્ય વિષયોપદર્શન દ્વારા પરિણામે પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં પર્યવસાન પામે છે તો તે પ્રમાણ જ્ઞાન રૂપજ હોઇ શકે. યથાર્થજ્ઞાન વિના વિષયોપદર્શકતા, પ્રવર્તકતા અને પ્રાપકતા અસંભવિત છે.

તેથી જ સમ્યગ્જ્ઞાન જ પ્રમાણ રૂપ હોઈ શકે આથીજ પ્રમાણનું સ્વરૂપ યા લક્ષણ યથાર્થજ્ઞાન છે. એ જ્ઞાનનો તથાવિધ સ્વભાવ છે કે, જે સ્વ-પ્રકાશ સાથે જ પરનો નિર્ણય કરાવે.

એવું કોઇ પણ યથાર્થ જ્ઞાન નથી કે જે સ્વ-પ્રકાશ વિના અર્થનો પ્રકાશ કરાવે. જેનામાં સ્વપ્રકાશનું સામર્થ્ય ન હોય, જે સ્વપ્રકાશમાં પરાપેક્ષિત હોય, તે કદાપિ પરપ્રકાશ ન કરી શકે, આથી જ જ્ઞાન સ્વતઃ પ્રકાસ્ય છે.

એજ રીતે યદિ પ્રકાસ્ય પરઅર્થ નામનું તત્ત્વજ

ન હોય, તો પ્રકાશક કોનો પ્રકાશ કરી શકે? જેમ છેદન-ભેદન ક્રિયામાં અત્યુપયોગ અને સમર્થ પણ અસિ છેદ્ય-ભેદ્ય તત્ત્વ વિના છેદનાદિ ક્રિયામાં સાધક ન બની શકે તેથી છેદ્ય-ભેદ્ય તત્ત્વો વાસ્તવ હોવાં જ જોઇએ તેવી જ રીતે પ્રકાસ્ય તત્ત્વ વિના પ્રકાશક પણ કોનો પ્રકાશ કરી શકે? તેથીજ પ્રકાસ્ય તત્ત્વો પણ વાસ્તવ જ છે. તે અંતરંગ અને બહિરંગ અર્થ રૂપ છે. યથાર્થ જ્ઞાન રૂપ પ્રમાણુ તેનો યથાર્થ પ્રકાશ કરાવે છે તેથી જ "स्वपर व्यवसायी ज्ञानं प्रमाणं" એ સૂત્ર યથાર્થ છે.

પ્રમાણુ વસ્તુગત ભિન્ન ભિન્ન એવા સકલ ધર્મોનું પ્રતિપાદન કરે છે. દરેક ધર્મને પક્ષપાત દર્શાવ્યા સિવાય યથાર્થતયા પ્રકાશિત કરે છે તેથી પારમાર્થિક પથમાં તે અનિવાર્ય આવસ્યક છે.

આધ્યાત્મિક માર્ગમાં ઉન્નતિ કરાવનાર સ્યાદ્વાદ પ્રમાણુ જ છે. તેના જ્ઞાનથી આત્મામાં પોતાને ઇષ્ટ અને અનિષ્ટ એવા દરેક પદાર્થો તરફ માધ્યસ્થ્ય ભાવે જોવાની ભાવના કેળવાય છે. રાગદ્વેષની પરિણુતિ ક્રમશઃ ઘટતી જાય છે. સમશીલતા પ્રગટ થાય છે.

પરંતુ કદાચિત એવી શંકા ઉપસ્થિત થાય કે, સ્યાદ્વાદ પ્રમાણુના જ્ઞાતા એવા વિદ્વાનોમાં આ માધ્યસ્થ્યભાવ સંપૂર્ણતયા કેમ જોવામાં નથી આવતો? તેનો પ્રત્યુત્તર એકજ હોઇ શકે કે, સ્યાદ્વાદના જ્ઞાનથી જ્યાંસુધી આત્મા રંગાય નહિ ત્યાંસુધી તદ્દજન્ય માધ્યસ્થ્ય ભાવ રૂપ પરિણામ અથવા તો ફળ સંપૂર્ણતયા પ્રગટ ન થઇ શકે. જેટલા જેટલા અંશે આત્મામાં એ જ્ઞાન પરિણમે તેટલા તેટલા અંશમાં વિશુદ્ધિ થતી જાય રાગદ્વેષ મંદ થતા જાય અને સમસ્ત વિશ્વ તરફ માધ્યસ્થય વૃત્તિ પ્રગટ થાય એટલે જ જેમ છેદન ભેદન ક્રિયામાં ઉપયોગી અને સમર્થ પણ અતિ છેદકના વાસ્તવિક પ્રયત્ન વિના છેદનાદિ ક્રિયામાં ઉપયોગી ન નિવડી શકે તેવી જ રીતે કર્મ રૂપ આવરણોને દૂર કરવામાં ઉપયોગી અને સમર્થ એવો પણ સ્યાદ્વાદ વ્યક્તિના વાસ્તવિક પ્રયત્ન વિના ઉન્નતિના સાધનભૂત ન બની શકે તેથી જ તેના અધ્યયનની જેટલી આવશ્યક્તા છે તેટલી જ કદાચ તેથી ય વિશેષ આવશ્યક્તા શક્ય એટલા પ્રયત્ને તેનાથી આત્માને રંગવાની છે.

પારમાર્થિક પથમાં સ્યાદ્વાદની સહાય આ રીતે અનિવાર્ય આવસ્યક છે.

પરંતુ એકલા પરમાર્થથી પણ ચાલતું નથી. જ્યાંસુધી વિશ્વના અનેક સબંધો રૂઢિઓ અને પ્રવૃત્તિઓ સાથે વ્યક્તિ સંકળાએલી હોય, ત્યાંસુધી તેને વ્યવહારની પણ અપેક્ષા રાખવી પડે, એ રીતે વ્યવહારિક જીવનમાં નય જ વધારે ઉપયોગી છે.

જો દરેક ઠેકાણે ઉભયાકાર રૂપથી જ વસ્તુની પ્રતિતિ થાય તો પ્રતિનિયત વ્યવહારનો તો ઉચ્છેદ જ થઇ જાય, જો કે પ્રમાણુથી દરેક રીતે વસ્તુનું પ્રકાશન થાય છે તથાપિ જે જે વ્યક્તિને જે જે પ્રતિનિયત ધર્મ ઇષ્ટ સાધનાર્થે આવસ્યક હોય તેનું તે તે ધર્મનું વસ્તુના અન્ય ધર્મથી પૃથક્કરણ કરવું અવસ્યક છે, તે પૃથક્કરણ નયજ કરી શકે, જો કે સ્વને અનપેક્ષિત છતાંય વસ્તુમાં વિદ્યમાન અન્ય ધર્મોનું સંપૂર્ણતયા નિરાસન ન કરવું જોઇએ, જો તેમ થાય તો તે નય દુર્નય બની જાય. અલબત, નય સ્વઅપેક્ષિત વસ્તુગત ધર્મ સિવાય અન્ય વિદ્યમાન એવા પણ ધર્મો તરફ ઔદાસિન્ય જ દાખવે છે. પરંતુ તેમાં દોષ ન ગણાય જો તે સ્વેષ્ટ એવા ધર્મના પ્રતિપાદનાર્થે અન્ય ધર્મોનો ધ્વંસ કરનારો બને તોજ બાધા ગણાય.

આ રીતે પ્રમાણુ અને નય પારમાર્થિક અને વ્યવહારિક પથમાં અનિવાર્ય આવસ્યક છે. સ્યાદ્વાદ પ્રમાણુ ન હોય તો પારમાર્થિક પથ અંધકારમય બની જાય. નય ન હોય તો જગતનો વ્યવહાર ખોરવાઇ જાય, માટે જ મર્યાદિત અવસ્થામાં રહીને બંને એકમેકના પૂરક બની રહે છે.

---


**જૈન બોર્ડીંગ, લાઇબ્રેરી, શાળાઓ માટે**

**જૈન તત્ત્વજ્ઞાન પ્રશ્નોત્તર**

**કિં. ૦—૧૨—૦**

**લખોઃ— સોમચંદ ડી. શાહ**

**પાલીતાણા [સૌરાષ્ટ્ર].**

# સુખની શોધમાં! ——————શ્રી અમૃતલાલ છ. શાહ.



વીલેપારલાના સ્ટેશન પરથી, હું રાત્રે આઠેક વાગે મારા ઘર પર જઇ રહ્યો હતો, ત્યાં એક બંગલામાંથી કોઈ સ્ત્રીના કરુણ રૂદનનો અવાજ મને સંભળાયો અને સ્વાભાવિક રીતે જ મારા પગ–એકાએક થંભી ગયા, ને મેં એ બંગલા તરફ નજર નાંખી. ચારે બાજુ ફરતા સુંદર બાગ–બગીચા. સાથે નૂતન પધ્ધતિથી બંધાયેલો એક આલીશાન બંગલો હતો. મુખ્ય પ્રવેશદ્વાર આગળ બે ભૈયાઓ–સશસ્ત્ર ચોકી ભરી રહ્યા હતા. ભારે મૂલ્યવાન અને છેલ્લામાં છેલ્લી મોડલની બે હીલમેનકારો બંગલાના કમ્પાઉન્ડમાં પડેલી હતી. મને વિચાર આવ્યો કે, આવા સુંદર બંગલામાં રહેનાર ભાગ્યશાળી સ્ત્રીઓની આંખોમાં આંસુ રહેતાં હશે ખરાં? આ વૈભવ, આ સુખ, ને આ સાહ્યબી હોવા છતાં આ પુણ્યશાળી આત્માઓને માટે શું બાકી રહ્યું હશે? પરંતુ હું વધુ સમય ન થોભતાં વિચારમાંને વિચારમાં મારા ઘર તરફ વળ્યો, ઘરે પહોંચ્યા પછી પણ પેલી સ્ત્રીના કરૂણ રૂદનની હકીકત મારા સ્મરણપટપરથી ખસી નહિં. રાત્રે હું સુઇ ગયો ત્યારે પથારીમાં પણ એ રૂદનનો અવાજ ન ભૂલાયો અને મારૂં મન વિચારોના પ્રવાહમાં તણાયું, આ સંસારમાં સુખ કયાં છે? અથવા આ સંસારમાં સંપૂર્ણ સુખી આત્મા કોણ હશે? એ પ્રશ્નોના જવાબ માટે મારૂં મન મથી રહ્યું હતું. સામાન્ય રીતે આજે સંપૂર્ણ રીતે સુખી હોય તેવો ભાગ્યશાળી આત્મા જોવામાં આવતો નથી પછી તે સામાન્ય માનવી હોય, ધનિક હોય, કે રાજાધિરાજ હોય! કોઇને નિર્ધનતાનું દુઃખ, તો કોઇને ધનની ઉપાધિનું દુઃખ! કોઇને પતિનું દુઃખ, તો કોઇને વૈધવ્યનીવિટંબના! કોઇને અજ્ઞાનતાનું દુઃખ, તો કોઈને સ્ત્રીનું દુઃખ, કોઇને વિરહની વેદના, તો કોઇને શરીરનું દુઃખ, કોઇને પુત્રનું દુઃખ, કોઇને શત્રુનું દુઃખ, તો કોઇને માતા–પિતાનું દુઃખ, જ્યારે રાજાને રૈયતનું દુઃખ અને રૈયતને રાજાનું દુઃખ! આ રીતે કોઇને એક કે બે કે તેથી વિશેષ દુઃખો આપણને જોવામાં આવે છે. જ્યાં જુઓ ત્યાં કંઇને કંઇ દુઃખ તો ખરૂંજ, ત્યારે વિચાર આવે છે, કે આ સંસારમાં સુખી કોણ હશે? પરંતુ આ પ્રશ્નનો જવાબ મને મારા વિચારો, મારી કલ્પનાઓ કે મારા અનુમાનોદ્વારા મળે તે પહેલાં આ વિચારમાં ને વિચારમાં મારી આંખો મળી ગઈ અને હું સ્વપ્ન સૃષ્ટિમાં વિહરવા લાગ્યો.

તે રાત્રે હું સુખની શોધમાં નિકળી પડયો છું. આ ગામથી બીજે ગામ ફરીને સંસારમાં સંપૂર્ણ સુખી કોણ છે? તેની શોધ કરી રહ્યો છું. હું ઘણા ગામોમાં રખડયો, ઘણી ધનાઢય વ્યક્તિઓના મહેલોમાં, નગરશેઠોના આવાસોમાં, અને દાતારોની દુનિયામાં ફર્યો, તેમનો પરિચય સાધ્યો, પરંતુ કોઇએ મને સંપૂર્ણ સુખની વાત ન કરી, કોઇને કંઇને કંઈ પ્રકારનું દુઃખ તો હતું જ, છતાં પણ હું નિરાશ ન થતાં મારા પ્રયત્નો ચાલુ રાખ્યા અને હું બીજા એક ગામમાં ગયો. અહીં મારા સાંભળવામાં આવ્યું કે, આ ગામના

નગરશેઠ હરકોઇ પ્રકારે સુખી છે. નગરશેઠના સુખની પ્રશંસા સાંભળી, મારામાં આશાનો સંચાર થયો અને આ પરમ ભાગ્યશાળી આત્માનો પરિચય સાધવા હું તેમના ઘેર ગયો.

મને અજાણ્યા માણસને સીધો ઘરમાં પ્રવેશ કરતો જોઇ, શેઠે જરાયે અજાયબી ન અનુભવી. મને બાજુ પર રહેલા એક સુંદર સોફા પર સન્માનપૂર્વક બેસાડયો.

થોડીવાર પછી શેઠ બોલ્યાઃ— 'કેમ કાંઇ કામ છે ?'

મેં કહ્યું ' હું એક વેપારીલાઇનનો સામાન્ય માણસ છું. હું ઘેરથી એવો વિચાર કરીને નિકળ્યો હતો, કે સંપૂર્ણ સુખી કોણ છે ? તે જોઉં. ઘણાં ગામો હું રખડયો. પરંતુ જ્યાં ગયો ત્યાં સામાન્ય માનવીથી માંડીને રાજાધિરાજ સુધી, બધામાં મને આધિ, વ્યાધિ અને ઉપાધિ જોવામાં આવી. આ તરફ આવતાં આપની કીર્તિની સુવાસ, અને આપના સુખની પ્રશંસા સાંભળી આપના દર્શનનો લાભ મળે તેવી ઇચ્છાથી આપના ઘેર આવ્યો છું. ખરેખર, આપનું ખાનદાન અને સંસ્કારી કુટુંબ, આપની રીદ્ધિ, સિદ્ધિ, આપની શાણી અને સુશીલ પત્ની, આપના કાન્તિમાન, કહ્યાગરા અને વિનયી પુત્રો, પુત્રીઓ, આપના પર લક્ષ્મીદેવીની મહેર, અને આપ પોતે પણ સદ્ગુણી, ધર્મશીલ, દાનેશ્વરી અને જિનેશ્વરના ઉત્તમ ઉપાસક છો, એટલુંજ નહિ પણ આપે આપનાં મહાન સત્કર્મો વડે આપે અને આપના કુટુંબે, મળેલો મહામૂલો મનુષ્ય અવતાર સફળ કરી, જીવતરને ધન્ય બનાવ્યું છે. ખરેખર, મારી દૃષ્ટિએ આપ વિશેષ અને સંપૂર્ણ રીતે સુખી છો તે જાણી મને હર્ષ થાય છે. આપ અભિનંદનના અધિકારી છો, પરમાત્માના આશીર્વાદ આપ અને આપના પરીવાર પર ઉતરો, અને આપ ઉત્તરોત્તર વિશેષ સુખ સંપાદન કરો, એવી મારી શાસનદેવ પ્રત્યે નમ્ર પ્રાર્થના છે.'

મારા જવાબથી શેઠને જરાયે આશ્ચર્ય ન થયું પણ ઉલટું તેમના મુખ પર ઉદાસીનતાની લાગણી છવાઈ ગઇ. શેઠનો ચહેરો જોઇ મને દુઃખ થયું એથી મેં કહ્યું, 'શેઠજી, કંઇ વધુ પડતું તો મારાથી કહેવાયું નથી ને ?'

શેઠે કહ્યું, 'નહિં, નહિં, ઉઠો આપ પહેલાં જમી લ્યો અને તે પછી આપણે બધી વાતચિત કરીશું.'

મેં ભોજનવિધિ પતાવ્યાબાદ શેઠ મને ઉપરના હોલમાં લઇ ગયા. થોડા સમય પછી ખુબજ ધીરજથી શેઠે મને કહ્યુંઃ–

'મહાશય ! આપે મારી, મારા કુટુંબની, અને મારાં સત્કાર્યોની કરેલી પ્રશંસા માટે હું આપનો આભાર માનું છું. પરંતુ તે માટે હું જરાયે લાયક નથી, એતો બધું મેં મારા આત્માને માટે કરેલું છે, પરંતુ તેથી હું સુખી છું, એમ માની લેવું એ ભૂલ ભરેલું છે. સુખ કે દુઃખ એ મનુષ્ય માત્રનાં કર્મોનું પરિણામ છે. છતાં મારો સિદ્ધાંત એવો છે, કે આ જગતમાં કોઈ સ્થળે સંપૂર્ણ સુખ નથી તેમ આ સંસારમાં કોઇ સુખી પણ નથી. તમે મને સુખી જુઓ છો પણ વાસ્તવિક રીતે હું પણ સુખી નથી.'

મેં કહ્યું 'આશ્ચર્ય ! અસંભવ ! આ સુખ, આ સાહ્યબી અને આ વૈભવ છતાં પણ તમે સુખી નથી, ત્યારે તમે એવું કયું સુખ ઇચ્છો છો કે જેથી તમને તૃપ્તિ થાય ?'

'મહાશય, આ સંસારમાં સંપૂર્ણ રીતે સુખેથી જીવવાનો અધિકાર એ મહાન આત્માને

છે કે, જેણે મૃત્યુને જીત્યું હોય ! જ્યાં સુધી હું આ સંસારનો ત્યાગ કરી, મારા દેહને ધર્મકાર્યો વડે કષ્ટ આપી. આ સંસારના દરેક પ્રાણીઓને માટે નિર્માણ થઇ ચૂકેલ મૃત્યુ રુપી ભયને ન જીતું, ત્યાંસુધી મારા જીવનમાં ખરૂં સુખ, ખરી શંતિ નથી. મનુષ્ય જીવનનું ખરૂં સુખ મૃત્યુને જીતવામાં છે અને જેણે મૃત્યુને જીત્યું નથી તે ગમે તેટલો સુખી હોય પરંતુ આખરે તે દુઃખીજ છે.'

શેઠના શબ્દોએ મને આશ્ચર્યમુગ્ધ કર્યો. મેં કહ્યું, 'આપ અવશ્ય કોઇ મહાપુરુષ છો. આપની વાણીએ મને અજ્ઞાનતા રુપી અંધકારમાંથી જ્ઞાન રુપી પ્રકાશમાં આણી ખરેખર, મને સન્માર્ગે વાળ્યો છે. આ સંસાર સળગતો જ છે, એમાંથી મળતાં સુખો અનેક ઉપાધિમય છે. જન્મ અને મૃત્યુના ફેરાની મુક્તિમાં જ મનુષ્ય જીવનનું શાશ્વત સુખ છે.

ત્યાં તો સવાર થયું ને આંખ ઉઘડી ગઇ. મને થયું, શું આ સ્વપ્ન હતું ?

ત્યાગીઓએ આ સંસારને સ્વપ્નાની ઉપમા આપી છે પરંતુ આવાં સ્વપ્નો આપણા જીવનમાં એક સત્ય હકીકતના સ્વરૂપમાં જડી આવે તો !

બીજે દિવસે સમય થતાં હું દુકાને જવા વીલેપારલાના સ્ટેશન પર જતો હતો, ત્યાં રસ્તામાં પેલો આલીશાન બંગલો કે જે મારા આ સ્વપ્નાનું કારણ હતો, તે બંગલાના મુખ્ય પ્રવેશદ્વારમાંથી ડાઘુઓ કોઇના મૃતદેહને નનામીમાં બાંધીને બહાર નીકળતા હતા. તેની પાછળ સ્ત્રીઓ હૈયાફાટ રૂદન કરતી હતી.

## શબ્દોની પલટાતી વ્યાખ્યાઓ

**રાષ્ટ્રસંઘ:**—હાથીનાં દાંત બતાવવાના જુદા અને ચાવવાના જુદા.
**રશીયન સરકાર:**—સામ્યવાદના નશામાં તોફાને ચઢેલું રીંછ.
**અમેરીકન સરકાર:**—અંકુશ વિનાનો આખલો.
**બ્રીટીશ ગવર્મેન્ટ:**—બે બિલાડીને લઢાવીને ન્યાય કરનારો વાનર.
**ભારત સરકાર:**—ઘર બાળીને તીરથ કરનાર પરગજુ ભટ્ટજી.
**રાજકીય નેતા:**—સેવાના નામે મીઠા મેવા આરોગનાર.
**મુત્સદ્દી:**—મેલાં પાણીને ડોળનાર કાળો માનવ.
**પોલીસ:**—સરકારે પાળેલો પાંજરાનો પોપટ.
**ગ્રેજ્યુએટ:**—વાત-વાતમાં 'હમ કુછ હૈ'નો નશાખોર.
**સીને દીગ્દર્શક:**—સો નારી પણ સદા બ્રહ્મચારી.
**એક્ટ્રેસ:**—સીતા અને સાવિત્રીનો કલિયુગી અવતાર.
**ગુજરાતી સ્ત્રી:**—મન માયકાંગલુ અને તન ધોળું. વૈદ-ડૉકટરની ટંકશાળ.
**ગુજરાતી પુરૂષ:**—પડે ઉગમણી ભાગે આથમણી; વાત-વાતમાં બાંયો ચઢાવીને પાછલે પગે ઘરમાં ઘુસી જનારો તક સાધુ.
**તકવાદ:**—રાજકીય નેતાઓનુ ચલણી નાણું.
**બકવાદ:**—ભારતની ગુલામ પ્રજાનું કોંગ્રેસ સરકાર સામેનું બુઠ્ઠું હથીયાર.

# શંકા અને સમાધાન

**સમાધાનકારઃ- પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.**

**પ્રશ્નકારઃ- શ્રી ફુલચંદ એમ. શાહ નડીઆદ**

**શં૦** ન્યાયના સિદ્ધાન્ત મુજબ પ્રત્યેક કાર્યને માટે એક કારણ હોય છે, તો તેજ પ્રકારે સૃષ્ટિરૂપી કાર્યને માટે ઇશ્વરરૂપી કારણની આવશ્યકતા ખરીને?


**સ૦** નહિ, કારણ કે સૃષ્ટિ અનાદિની હોઇ તે ઇશ્વરની જેમ કાર્ય નથી થઇ શકતું અને અનાદિની વસ્તુના કારણની કલ્પના કરતાં ઇશ્વરનું પણ કારણ માનવું પડશે અને તેમ કરતાં અનવસ્થાની પરંપરા ઉભી થશે.

**શં૦** છઠ્ઠું દિગ્પરિમાણવ્રત અને દશમા દેશાવગાશિકવ્રતમાં શું તફાવત? બન્નેમાં આશય તો લગભગ સરખો છે.

**સ૦** જ્યારે છઠ્ઠા દિગ્પરિમાણવ્રતમાં સેંકડો કોશોની મર્યાદાનો સદ્ભાવ હોય છે, ત્યારે દશમા દેશાવગાશિકવ્રતમાં તો દશ સામાયિકની અંદર ચરવલા સિવાય કટાસણા ઉપરથી ખાસ કારણ વગર ઉભા થવાનું વર્જ્ય છે, એટલે બંન્નેમાં જમીન-આસમાનનો ફરક છે. બંન્નેનો આશય જો કે લગભગ સરખા જેવો ખરો, પણ ફરક એટલો કે એક વ્યક્તિ રોજ સેંકડો ચીજો મુખમાં નાંખે અને બીજી વ્યક્તિ એક ચીજ સિવાય બીજી કોઇ પણ ચીજ મુખમાં ન નાંખે. અહિં બંન્ને ખાનાર કહેવાય પણ બન્નેના ખાવામાં જેટલું અંતર છે, તેવું આ બે વ્રતોમાં અંતર છે.

**શં૦** શ્રાવકના પાક્ષિક અતિચારમાં ધર્મધ્યાન શુકલધ્યાન ધ્યાયાં નહિ' એવું આવે છે તો શું શ્રાવક શુકલધ્યાનનો અધિકારી છે? અને શુકલધ્યાન કોને કહેવાય?

**સ૦** આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો અતિચારમાં પશ્ચાત્તાપ થાય છે, જ્યારે ધર્મધ્યાન અને શુકલધ્યાન ધ્યાવાનું અનુમોદન છે એટલે ધર્મધ્યાન અને શુકલધ્યાન ધ્યાવાના મનોરથો શ્રાવકપણ રાખી શકે, બાકી શુકલધ્યાનની શરૂઆત આઠમે ગુણસ્થાનકેથી થાય છે એટલે સંયમ સિવાય તે સંભવી શકે નહિ.



શુકલધ્યાનનું સ્વરૂપ ગુણસ્થાનકક્રમારોહ, જૈનતત્ત્વાદર્શ, પ્રશ્નોત્તર ચિંતામણિ આદિ ગ્રન્થોદ્વારા જાણી લેવું.

**શં૦** શ્રાવકના આઠમા વ્રતમાં 'ખાદિલિંગે અદેખાઇ ચિંતવી' તો એનો અર્થ શું?

**સ૦** કોઇની પણ ખ્યાતિ જોઇને કે સાંભળીને ઘણી હલકી કોટીના મનુષ્યો ઇર્ષા-અદેખાઇ કરે છે. તેમ કોઇની ખ્યાતિ ઉપર અદેખાઇ આવી હોય તો તેનો પશ્ચાત્તાપ કરાય છે. ખ્યાતિનો 'ખાદિ' એ અપભ્રંશ શબ્દ છે.

**શં૦** ઉવસગ્ગહરં પાંચ, સાત, સત્તર અને એકવીશ ગાથાનું મળી આવે છે, તો મૂળ ઉવસગ્ગહરંની કેટલીક ગાથા હતી?

**સ૦** અત્યારે ઉવસગ્ગહરંમાં જે પાંચ ગાથા છે તેજ મૂળ ગાથા છે, બાકી વધારે ગાથાઓ શ્રાવકોને

લોભાવવા યતિઓએ વધારી નાંખી છે; કારણકે પૂ૦ ભદ્રબાહુસ્વામી મ. કૃત આ પાંચ ગાથાઓની ભાષાથી વધારે ગાથાની ભાષા બીલકુલ જુદી પડી જાય છે.

**શં૦** શ્રી આનંદઘનજીએ સ્તવન ચોવીશી સિવાય બીજા કયા સાહિત્યનું સર્જન કર્યું છે ?

**સ૦** સ્તવનો અને સજ્ઝાયો ઉપર કેટલાંક પદો બનાવ્યાં છે. સંસ્કૃત અને પ્રાકૃતમાં તેમનો બનાવેલો કોઈ ગ્રન્થ જોવા તેમજ જાણવામાં નથી.

**શં૦** કુદરતનો અર્થ શું ? કુદરત એટલે સ્વાભાવિક એવો અર્થ થતો હોય તો દરેક કાર્ય સ્વાભાવિક રીતે થાય છે, કે કર્મને લીધે થાય છે ?

**સ૦** કુદરતનો અર્થ પાંચ સમવાયનું મલવું, એમ માનીએ એટલે કર્મ, કાલ, સ્વભાવ આદિ બધાં કારણો આવી જાય.

**શં૦** અતિચારના કર્તા કોણ ? ભાષાતો ગુજરાતી છે તો કેટલા વર્ષથી પ્રતિક્રમણમાં બોલાય છે ?

**સ૦** લગભગ ૫૦૦ વર્ષથી જુના હોવા જોઇએ કારણકે તેટલા જુના ટબ્બાઓમાં અતિચારનાં વાકયો જોવાંને તેવાં મલે છે. કર્તાનું નામ જાણવામાં આવ્યું નથી.

**શં૦** સકલતીર્થના કર્તા જીવવિજયજી કે કીર્તિવિજયજી ?

**સ૦** 'કલ્યાણ' માસિક વર્ષ ૬, અંક ૯ નું પૃષ્ટ ૩૬૪ જુઓ.

**શં૦** શ્રી આનંદઘનજીના ગુરુ કોણ ?

**સ૦** જાણવામાં તેમજ વાંચવામાં આવ્યું નથી.

**પ્રશ્નકારઃ શ્રી કુંવરજીભાઈ મુલચંદ દોશી**

**શં૦** ક્રિયાકાંડથી ધર્મ થાય ?

**સ૦** જો ક્રિયાથી કર્મ બંધાતાં હોય તો ક્રિયાકાંડથી ધર્મ પણ થઇ શકે છે, જો કે ધર્મ એ આત્માનું સ્વરૂપ છે પણ શુભક્રિયાઓ તેને વિકાસ કરવાનું કારણ છે એટલે કારણે કાર્ય ઉપચારથી ક્રિયાકાંડ પણ ધર્મ કહેવાય અને પોતે જ ધર્મનું નામ ધારણ કરી રહી છે, તેનાથી ધર્મ ન થાય એમ કોઇ મૂર્ખજ માને. મિથ્યાત્વ, અવિરતિ અને કષાય આદિ ક્રિયાઓથી અધર્મ થતો હોય તો સમકિત, વિરતિ અને અકષાયિક ક્રિયાઓ કરવાથી પણ ધર્મ થઇ શકે છે, એમ માનવું તે બેદુ-ચાર જેવી વાત છે.

**શં૦** ક્રિયાકાંડ એ શરીરની ક્રિયા છે કે આત્માની ?

**સ૦** જો આત્મા અનુપયોગે ક્રિયા કરે તો તે શારીરિક અને ઉપયોગથી કરે તો આત્મિક કહેવાય, એમ સમજી શકાય છે.

**શં૦** શુભ ક્રિયાથી પુણ્ય અને અશુભ ક્રિયાથી પાપ થાય છે, તો ક્રિયા એ તો શરીરને લગતી વસ્તુ હોય તો પુણ્ય-પાપનો કેવી રીતે બંધ થાય ?

**સ૦** શરીરને લગતી જ ક્રિયાઓ હોય તો મુડદાં પણ પુણ્ય-પાપ બાંધે, કારણ કે તે પણ શરીરરૂપ છે, માટે પુણ્ય-પાપ એ અશુદ્ધ આત્માના પર્યાયો છે.

**શં૦** ધર્મ અને અધર્મ એટલે શું ?

**સ૦** દુર્ગતિમાં પતન કરાવે તે અધર્મ અને તેથી બચાવે તે ધર્મ.

**શં૦** પુણ્ય-પાપમાં આત્માનાં પરિણામો કારણભૂત છે કે શરીરથી થતી ક્રિયાઓ ?

**સ૦** ત્રીજા પ્રશ્નના જવાબથી સમજી લેવું.

**શં૦** પુણ્ય ધર્મમાં સહાયક છે કે નહિ ?

**સ૦** અમુક અમુક પુણ્ય પ્રકૃતિઓ મલ્યા સિવાય મુક્તિ થઇ શકતી નથી અને જે જે પુણ્યપ્રકૃતિઓ જે જે જીવને મુકિત મેળવવામાં મદદ કરી રહી હોય તે તે પ્રકૃતિઓને મુકિતમાં પણ સહાયક રૂપ માનવામાં વાંધો નથી

**શં૦** પુણ્ય એ તો શુભરાગ છે અને સંસારને વધારનાર છે તો પુણ્યને ધર્મ માની શકાય ?

**સ૦** પુણ્યાનુબંધીપુણ્ય સંસારને વધારનાર નથી પણ પાપાનુબંધીપુણ્ય વધારનાર છે, માટે સંસાર વધારનાર પુણ્યને ધર્મ ન માની શકાય પણ પુણ્યાનુબંધી પુણ્યને ઉપચારથી ધર્મ માનવામાં વાંધો નથી. વાસ્તવિક ધર્મ તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર આત્માના ગુણો છે

**શં૦** આત્માને સંસારમાં અશુભ પર્યાય રખડાવે

છે કે કર્મ? જો કર્મ રખડાવે છે તો કર્મ એ તો જડ છે, તે શું કરી શકે?

સ૦ કર્મ અને અશુદ્ધ પર્યાયો આત્માને સંસારમાં રખડાવે છે એટલે ઉભયથી જે ચીજ બનતી હોય તેમાં ઉભયને કારણ કહી શકાય એટલે કર્મ અને અશુદ્ધ પર્યાયો એ બે રખડાવનાર કહેવાય. કર્મ એકલું કારણ નથી પણ અશુદ્ધ ચેતનાનો પર્યાય પણ સાથે ભળેલો છે.

શં૦ શુભ, અશુભ અને શુદ્ધ એવા ત્રણ ભાવો-માંથી આદરણીય ભાવ કયો?

સ૦ શુભ અને અશુભને છોડી શુદ્ધભાવ આદરણીય છે.

શં૦ નિમિત્ત અને નૈમિત્તિક એટલે શું?

સ૦ ઘટ એ નૈમિત્તિક છે, જ્યારે દંડ, ચક્ર અને કુંભાર આદિ નિમિત્ત છે. રોટલી નૈમિત્તિક છે. જ્યારે તવો, પરાટ, વેલણ, આટો આદિ સામગ્રી નિમિત્ત છે. મુક્તિ નૈમિત્તિક છે અને દેવ, ગુરૂ અને ધર્મ તેનાં નિમિત્ત છે. અર્થાત્ નિમિત્તથી જે ચીજ ઉત્પન્ન થાય છે, તેને નૈમિત્તિક કહેવામાં આવે છે.

શં૦ શ્રી કાનજીસ્વામિ કહે છે કે યથાર્થ તત્ત્વજ્ઞાન કરે તે એકાવતારી થાય છે, શું આ સત્ય છે?

સ૦ યથાર્થ તત્ત્વજ્ઞાન કરનાર ક્ષાયિક ભાવથી કરે અને આયુષ્ય ન બાંધ્યું હોય તો તે ભવે મુક્તિ મેળવે. એક અવતાર કરવાની જરૂર નથી એટલે આ વિષયને તે સમજ્યા નથી.

શં૦ સુખ-દુઃખ શાને આધિન છે? અંતરંગ કષાયોને કે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોને?

સ૦ અંતરંગ કષાયોને આધિન સુખ-દુઃખ છે.

શં૦ પુણ્ય દુઃખ ટાળવાનો ઉપાય ખરો કે નહિ?

સ૦ સાંસારિક સુખ-દુઃખ ટાળવાનો ઉપાય સંયમ ગ્રહણ છે. આત્મિક સુખ ઉપાદેય છે પણ હેય નથી.

શં૦ પુણ્ય પરંપરાએ પણ મોક્ષનું કારણ ખરું કે નહિ?

સ૦ પુણ્યાનુબંધીપુણ્ય ખરું.

શં૦ ચેતન એવા આત્માને જડ એવાં દ્રવ્યો અસર કરી શકે?

સ૦ આવરણ વિનાના આત્માને આવરણ કરી શકે નહિ.

શં૦ શ્રી કાનજીસ્વામિ વાતવાતમાં કહે છે, કે નિમિત્ત બિચારૂં કંઇ કરી શકતું નથી, તો શું આ કથન યથાર્થ છે?

સ૦ બીલકુલ નહિ, કેમકે દુનિયાની સઘળી ચીજો નિમિત્તથી ઉપલબ્ધ છે, અને નિમિત્ત વગરની અનુપ-લબ્ધ હોય છે તો પછી તે નિમિત્તને નહિ માનનાર જ્ઞાની છે, એમ કેમ કહેવાય? કપડું બનાવવું હોય તો તુરી, વેમાદિની જરૂર પડે, ઘડો બનાવવો હોય તો દંડ, ચક્ર અને કર્તા આદિ પણ જોઇએ. કોઇ પણ ચીજ નિમિત્ત વગર બનતી નથી, માટે ઉપાદાન અને નિમિત્ત એ બંન્ને મળીને કાર્ય કરે છે, આ વાત નિર્વિવાદ છે અને તે વાતની ઉપેક્ષા એ બકવાદ છે.

શં૦ શ્રી કાનજીસ્વામિનો મત નિયતિવાદ જેવો ખરો?

સ૦ કલ્યાણ માસિક વર્ષ ૭, અંક ૮ પૃષ્ટ ૩૩૭ માં પંડિત મહેન્દ્રકુમારનો લેખ વાંચી લેવા ભલામણ છે.

શં૦ સોનગઢનો સંપ્રદાય ખોટો છે, છતાં શ્વેતા-મ્બર, દિગમ્બર અને સ્થાનકવાસી સંપ્રદાય સૌરાષ્ટ્ર-માંથી કેમ હટાવતા નહિ હોય? અથવા જોરદાર પ્રતિકાર કેમ આદરતા નથી?

સ૦ જોરદાર પ્રતિકાર ન કરનાર પ્રમાદી છે.

શં૦ શ્રી કાનજીસ્વામિ પોતાના ભક્તો પાસે મંદિરો ગામોગામ ઉભાં કરાવે છે, તે દિગમ્બર મંદિરો છે? જો હા, તો દિગમ્બર ભાઇઓને લાભ ખરો ને?

સ૦ જેમના મંદિરો ઉભા થાય અને તે મતમાં સિદ્ધાન્તો ન પોષાતાં હોય તો કેવલ મંદિરો માત્રથી ફાયદો નથી.

શં૦ શ્રી કાનજીસ્વામિના મત પ્રચારથી શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજને શું નુકશાની?

સ૦ તેમના મતને ન માને તો કશુંય નુકશાન નથી અને માને તો મિથ્યાત્વની ઉંડી ગર્તામાં જાય પડે છે, તે શું ઓછું નુકશાન છે?




સં. શ્રી પંકજ

## : સંપાદકીય :

**પ્યારા** બાળકો! ઘણા સમયથી એક ઈચ્છા રહ્યા કરતી કે, આપણા 'કલ્યાણ' માસિકમાં બાળકો માટે એક વિભાગ શરૂ કરવામાં આવે તો સારૂં! આજે એ ઇચ્છા ફળે છે. હવેથી આ વિભાગ હેઠળ બાળકોને માટે ઉપયોગી લખાણો પ્રગટ થતાં રહેશે. તમને એ ગમશે ખરૂંને?

૮ વર્ષથી ૧૬ વર્ષ સુધીના બાળકિશોરો માટે ધર્મ, નીતિ, શિક્ષણ અને સંસ્કાર તથા વિજ્ઞાન ઇત્યાદિને અંગે બોધ આપતા લેખો અહિં પ્રગટ થતા રહેશે.

**મિત્રો**! તમારે પણ અવસરે અવસરે આ વિભાગમાં ઉપયોગી બને તેવું લખાણ તમારી સમજણ અને શૈલી મુજબ જરૂરથી લખી મોકલવું.

**આમાં** આવતાં લખાણો તમારે નિયમીત રીતે વાંચતાં રહેવું.

**તમારે** ત્યાં 'કલ્યાણ' ન આવતું હોય તો તમારા ગામમાં જૈન લાયબ્રેરી કે પાઠશાળામાં યા પૂ૦ મુનિરાજ શ્રી આદિની પાસે 'કલ્યાણ' આવતું હોય તો તે લઇને આ વિભાગ હંમેશાં વાંચજો.

**દોસ્તો**! અહિં જે જે લખાણો આવે તેમાંથી તમને કયાં લખાણો વધુ ગમે છે, તે અમને જણાવવું.

**આ** વિભાગ માટે લેખો, સૂચના કે સલાહ જે કાંઇ અમને જણાવવાનું હોય તે દર મહિનાની ૨૦ મી તારીખ સુધીમાં અમને જણાવી દેવું. ચાલો, ત્યારે પ્રિય બાળકિશોરો નમસ્તે. પત્ર વ્યવહારનું સીરનામું-સં. બાળ જગત C/o. શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર. જીવનનિવાસની સામે. પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

## જ્ઞાન ગમ્મત

૧ નવકારના કેટલા અક્ષરો છે? ૨ પૂ૦ પાદ શ્રી હેમચંદ્રસૂરિજીમહારાજનું જન્મ સ્થાન કયું? ૩ શ્રી અભયકુમાર કેટલી બુધ્ધિના નિધાન હતા? ૪ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. ના કાળધર્મની ભૂમિ કઇ? ૫ હમણાં સ્વર્ગવાસ પામ્યો તે યુરોપ-ઇંગ્લાંડનો પ્રખ્યાત નાટયકાર કોણ? ૬ કાલીદાસ કવિ કયા રાજાના વખતમાં થઇ ગયો? ૭ ગુજરાતના પ્રાચીન પાટણ શહેરનો પાયો નાંખનાર રાજાનું નામ શું? ૮ જન શબ્દ કરતાં જૈન શબ્દમાં બે માત્રા વધારે શાથી?

**જવાબો** શોધી કાઢો:-૬ ભોજના વખતમાં. ૪ ડભોઇ ૭ વનરાજ ચાવડો ૫ જ્યોર્જ બર્નાર્ડશો ૩ ચાર બુદ્ધિના ભંડાર ૧ ૬૮ અક્ષરો ૮ શ્રધ્ધા અને ક્રિયા, આ બે માત્રા જૈનમાં વધારે છે. ૨ ધંધુકા.

## તમે જાણો છો?

ઘડિઆળમાં જે રેડીયમનો ઉપયોગ કરવામાં આવે છે, અને જેનાથી વગર દીવાએ રાત્રે જોઇ શકાય છે, તે ઘડિઆળના કાંટા તેમજ આંકડાઓમાં આવતું રેડીયમ બ... કિંમતી છે. એક ઔંસ રેડીયમની કિંમત આઠ ટન સોના જેટલી થાય છે.

તમે હસો છો ત્યારે તમારા શરીરમાં રહેતા ૧૩ સ્નાયુઓને પરિશ્રમ પડે છે અને જ્યારે કોઇના પર ક્રોધ ઉપજે છે ત્યારે

શરીરમાં રહેલા ૫૦ સ્નાયુઓને શ્રમ પડે છે. એમ હાલના વૈજ્ઞાનિકો માને છે માટે કોઇના પર ક્રોધ કરતા નહિ અને બહુ જોરથી હસતા નહિ.

આજના જગતમાં સરેરાશ લગભગ ૪૬૬૭ દૈનિક વર્તમાનપત્રો છપાય છે, જેમાં અમેરિકામાં ૨૦૪૦, બ્રિટન અને બાકીના યૂરોપમાંજ ૮૩૭, અને ચીનમાં ૪૩૬, તેમજ ભારતમાં ૧૨૫.

જગતના સાહિત્યમાં આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી જેવા પ્રતિભાસંપન્ન સર્વમુખી સાહિત્યકાર છેલ્લા એક હજાર વર્ષમાં કોઇ થયા નથી, વ્યાકરણ, ન્યાય કાવ્ય, અલંકાર, છંદ, ચરિત્ર-કથા, શબ્દકોશ ભાષાજ્ઞાન આ બધા વિષયો પર ગદ્ય તેમજ પદ્યમાં તેઓશ્રીએ ક્રોડો શ્લોકોનું લખાણ લખીને કલિકાલ સર્વજ્ઞની પદવી પ્રાપ્ત કરી હતી.

શાહીના ડાઘ ન જતા હોય તો રાંધેલા ભાત ઘસીને પ્રયત્ન કરી જોજો.

નાનું બાળક કે કોઇ માણસ કાંઇ પણ વસ્તુ ગળી ગયો હોય તો તેને પાકા કેળાં તેની પ્રકૃતિને અનુકૂલ રહે તે રીતે દિવસ-ભરમાં, લેવાય તેટલાં આપવાં

## શબ્દોની ગમ્મત

હ્રસ્વ, દીર્ઘ, મીંડું અને ર, કે, ળ, ના ફેરફારથી એના એજ શબ્દોનો કેટ-કેટલો અર્થમાં ફેર પડી જાય છે, તે કેટલીક વખતે આપણી સમજમાં આવતું નથી. મોટેરાઓ કે નાનાઓ આજે બોલવામાં કે લખવામાં આવી શબ્દશુધ્ધિ પર લક્ષ્ય આપતા નથી. ભલે મોટાઓ તો રીઢા થઇ ગયા, પાકે ઘડે હવે કાંઠા ચઢવાના નથી, પણ વ્હાલા બાળકો! તમે તો હજુ નવા તૈયાર થતા છો. શરૂઆતથી જ શબ્દોનો ઉચ્ચાર કરવામાં કે લખવામાં તમારે આજથી ધ્યાન આપવું જોઇએ, કારણ કે, માણસની કિંમત, તેના બોલવાના શબ્દો પરથી થાય છે, આચરણ પછી જોવાય છે, પહેલાં તો તેના બોલ પરથી તોલ થાય છે. હવે ત્યારે શબ્દોની થોડી ગમ્મત આપણે જોઇએ, જેથી અર્થનો ગોટાળો કેટલો થાય છે, તેની આપણને ખબર પડે.

**મીંડાના ફેરફારથી:**-ઉદર-પેટ; ઉંદર-ઉંદર નામનું પ્રાણી; કદર-કોઇના કાર્યથી ખુશ થઇ તેને બે શબ્દો શાબાશીના કહેવા કે ઇનામ આપવું. કંદર- પર્વતની ગુફા; ચિતા-શબને બાળવાની શય્યા. ચિંતા-મૂંઝવણ; **હ્રસ્વ-દીર્ઘના ફેરફારથી**-સુણવું-સાંભળવું સૂણવું-સોજો આવવો, સુર-દેવ-સૂર-અવાજ; સૂર્ય. વિજન-જનરહિત, નિર્જન. વીજન-પંખો. જિન-શ્રી તીર્થંકરદેવ, જીન-ઘોડા પર બેસવાનું ચામડાનું જીન. જિત-જિતાએલું, પરાભવ પામેલું, જીત-આચાર, મર્યાદા.

પ્રિય દોસ્તો! આ અને આના જેવા શબ્દો અવસરે આ મથાળા હેઠળ અપાતા રહેશે. તમે ખુબ ધ્યાનપૂર્વક વાંચજો, વિચારજો અને આ બધું પચાવજો! આપણાં શાસ્ત્રોમાં પણ શબ્દશુધ્ધિ પર ખુબજ ભાર મૂકયો છે. સૂત્રો બોલવામાં જો શબ્દના હ્રસ્વ-દીર્ઘમાં કે મીંડા યા ષ, સ, ના ઉચ્ચારમાં ફેરફાર થાય તો મહાઅનર્થ થાય છે. કેવળ મીંડાની ભૂલથી મહારાજા અશોકનો ગાદી વારસ પુત્ર કુણાલ આંધળો થઇ ગયો હતો, એમ ઇતિહાસ કહે છે.

તમને પણ આવી શબ્દ ગમ્મત સૂઝે તો અમને લખી જણાવજો, બોલો, લખી મોકલશોને?

## કેટલીક ખોટી સમજણોનો સાચો ઉકેલ

ખોટા સહવાસથી અથવા ઉંધા શિક્ષણથી બાળકોને વિપરીત જ્ઞાન મળતું રહે છે, પરિણામે જૈનકુળમાં જન્મેલા બાળકોને બાલ્ય-કાળથી મિથ્યાજ્ઞાન આવે છે, અને મોટી ઉમ્મર થતાં–એમાં ફેરફાર થવો કઠીન પડે છે, એટલે આ વિભાગમાં આવી ખોટી સમજણોનો સાચો જવાબ મૂકાતો રહેશે, જેને અંગે કુટુંબના મોટેરાઓએ પણ ધ્યાન-પૂર્વક આ હકીકતથી વાકેફ થઈ બાળકોને અવસરે, અવસરે સમજણ આપવી.

૧ પૃથ્વી ફરતી નથી પણ સૂર્ય અને ચંદ્ર ફરે છે. ૨ પરમાત્મા કરે તે સાચું એમ નહિ બોલતાં, પરમાત્મા કહે તે સાચું એમ બોલવાનું રાખવું. ૩ ધણી–ઇશ્વરનું ધાર્યું થાય છે, એમ નહિ કહેવું પણ ઇશ્વરે જોયું તે થાય છે, એમ બોલવું. ૪ પૃથ્વી દડા જેવી ગોળ નથી, પણ થાળી જેવી ગોળ છે. ૫ તીડ, માંખ, મચ્છર કે માંકડ ઈંડા મૂકે છે એ વાત ખોટી છે, આ બધા ચઉરિંદ્રિય છે, તેઓને ઈંડા મૂકવાનાં ન હોય; તેઓ તો પોતાની અઘાર કે લાળ આદિમાં ઉત્પન્ન થાય છે, કારણ કે, તેઓ સમૂચ્છિંમ જીવો છે. ઈંડા પચેંદ્રિય ગર્ભજ હોય તે મૂકે, જેને કાન–શ્રવણ ઈંદ્રિય હોય તે પંચેન્દ્રિય કહે-વાય અને એમાં જેને કાનની આકૃતિ મીંડા જેવી હોય તે પ્રાણીઓ ઈંડા મૂકે છે, માટે 'મીંડા તેને ઈંડા'–એમ કહી શકાય. ૬ વીંછી-વીંછણ ભમરો, ભમરી, માંખો, માખી–આમ ભાષામાં બોલાય છે, પણ એ વાત સાચી નથી. કારણ કે, આ બધા ચઉરિંદ્રિય [ સમૂચ્છિંમ ] છે અને જે સમૂચ્છિંમ હોય તેમાં નર કે માદા –સ્ત્રી જેવા ભેદો નથી, તેઓ તો નપુંસક–નાન્યતર જાતિના જ હોય છે.

આના જેવી બીજી પણ પ્રચલિત ખોટી સમજણોના સાચા જવાબો અહિં રજૂ થતા રહેશે. પ્રિય દોસ્તો! તમારે પણ કાંઇ ખૂલાસા પૂછાવવા હોય તો જરૂર અમને લખી જણા-વશો, તો અવસરે અવસરે જવાબ અપાતા રહેશે.

## સમજદાર માનવી!

મધ્યભારતના એક રાજવીની વિરૂદ્ધ લોર્ડકર્ઝનને ફરિયાદ ગઇ, ફરિયાદમાં કહેવાયું હતું કે, 'રાજા સાહેબની અક્કલ ચાલી ગઇ છે, અને તેમનું મગજ ઢીલું થઇ ગયું છે.' આ ફરિઆદની તપાસ માટે લોર્ડકર્ઝને એક ગોરા સાહેબને મોકલી આપ્યો.

આ સાહેબની સમક્ષ રાજા સાહેબે અનેક સર્ટીફીકેટો રજુ કર્યાં અને પૂરાવો આપ્યો કે મારી અક્કલ તથા તબીયત સારી છે.

મુલાકાત વખતે સાહેબે પૂછ્યું—'આપની વય કેટલી?

'હજુર ૪૬ વર્ષની'

'આપની માતાની વય?'

જવાબ મળ્યો–'૫૧ વર્ષની'

'રાજા સાહેબ! શું રાજમાતા માત્ર પાંચ વર્ષનાં હતાં ત્યારેજ આપ જન્મ્યા હતા?'

હજુર મારી ભૂલ થઇ ગઇ. મારી વય ૫૧ વર્ષનું છે અને મારી માની માત્ર ૪૫ વર્ષની.'

'ત્યારે તો આપની મા કરતાં ૫ વર્ષ વહેલાં જન્મ્યા હતા એમજને?'

'આપ જેમ ઠીક સમજો તેમ' રાજા સાહેબે જવાબ આપ્યો.

'હું બધું સમજી ગયો, સર્ટીફીકેટોની જરૂર નથી, પધારો!'

# મૃત્યુનો ભય કોને નથી?........શ્રી સુંદરલાલ ચુનીલાલ શાહ M. A.

મૃત્યુ, એ શબ્દમાં કેટલી ભયાનકતા સમાયેલી હશે ! શબ્દ સાંભળતાંજ ગભરામણ, બેચેની–દુઃખનો પાર નહિ. માનવ માત્રને, પ્રાણી માત્રને ત્રાસજનક, અપવાદ કોકજ. પણ મૃત્યુ તો સહજ ગણાયને ? જન્મે તે મરેજને ? જન્મ્યો અને મર્યો નહિ એવો છે કોઇ આત્મા ? તો પછી મૃત્યુનો ડર શા માટે ? અને આજના જમાનામાં મૃત્યુ આવતું હશે ? આવા સુધરેલા જમાનામાં પણ મરવુંજ પડે ? મોટા મહાન ગણાતા માંધાતાઓને પણ ! પોતાને મરવું ન ગમતું હોય તો પણ અને તે પણ આદર્યાં–અધુરાં મુકીને ? દેશને જરૂર હોય, દુનિયાને જરૂર હોય તોપણ આ આ નશ્વર દેહને છોડવોજ પડે, અણધાર્યો અને અકાળે પણ !

તો પછી શું નિશ્ચિત વસ્તુ પણ આજની દુનિયા ભૂલતી જાય છે.? કે તે પ્રત્યે બેદરકાર છે ? એમ ન હોય તો આજના મોટા ગણાતાઓનો–દેશનાયકોનો ઘમંડ, પ્રજા પ્રત્યેની નિર્ઘૃણ બેદરકારી, મૂક પ્રાણી પ્રત્યેની નિસ્સીમ નિર્દયતા; ધનિકોની અત્યંત સ્વાર્થવૃત્તિ, અને નીચલા થરની દ્વેષવૃત્તિ સંભવેજ કેમ ? જ્યાં જુઓ ત્યાં સ્વાર્થ, પ્રપંચ–લૂંટ, મારામારી અને ખુનામરકીનાજ ખેલ, નરી પાગલતા ! માંધાતાઓને તો શાંતિ ખપતીજ નથી. હા, શાંતિને નામે અશાંતિનો દાવાનળ પ્રગટાવવાની સુફીયાણી ઘટનાઓ ઘડયેજ જાય છે. દુનિયાને મૃત્યુના મૂખમાં ધકેલવા તૈયાર થએલાઓ સ્વમૃત્યુને તો જાણે જાણુતાજ નથી, પીછાનતા પણ નથી. હીટલર. મુસોલીની, રૂઝવેલ્ટ જેવા કંઇક આજની આંખો સામે ચાલ્યા, ગયા છતાં આજની આંખોને પોતાનો અંતિમ ઈંતેજામ દેખાતોજ નથી.

મૃત્યુ પછી પુનર્જન્મને માનનાર આર્યાવર્ત્તના–ભારતવર્ષના માનૂવીઓનો મોટો ભાગ પણ માનવતાને ભૂલતો જાય છે, અનુભવગત શુભાશુભકાર્યના ફળને વિસરતો જાય છે, નર્યો જડવાદ ઘર કર્યે જાય છે, જર, જોરૂ અને જમીન સિવાય કાંઇ દેખાતું જ નથી, રમા અને રામાનાજ વિચારો પ્રચાર પામ્યે જાય છે, નર્યું પશ્ચિમનું અંધ અનુકરણ. કોઇ જાતનું વિશદ વિચાર પ્રાબલ્યજ નહિ. આપણામાં પ્રાણોને ધારણ કરનાર આત્મા જેવું અનોખું તત્ત્વ છે, એનું જાણે ભાનજ ભૂલાઈ ગયું છે ! પછી પ્રાણોને છોડી પુનર્જન્મ લેવાનો છે કે પરલોકમાં આલોકની કાર્યવાહીનું ફળ ભોગવવા જવાનું છે, એનો તો ખ્યાલ–વિચારજ શાનો આવે ?

મૃત્યુ પણ મુખ્યતયા ત્રણ પ્રકારનું ખરૂને ! પ્રાયઃ જીવનભરની કાર્યપ્રણાલિકા પર અંતિમ આધાર રાખેને ? શુભ અને સુંદર, ઉપકારી સાધુ જીવન જીવનારના મન–વચન અને કાયા, અંત વખતે પવિત્રતાથી રંગાયલાજ હોયને ? સદ્‌ગતિનું સુભાજનજ બનેને ? વિવેકભર્યાં એ મૃત્યુને પંડિતમરણ કેમ ન કહીએ ? એમાં પણ સર્વોત્કૃષ્ટ સિદ્ધિને સાધનારના દેહનાં પરમાણુઓ અતિ ઉત્કટ પવિત્રતાથી વ્યાપ્ત હોયજને ? એ મહા પવિત્રદેહના અવશેષ અવયવોને સ્વર્ગના દેવદેવેંદ્રો સાચવી રાખે, પૂજે અને સત્કારે, પ્રાણથી પણ અધિક ગણે તોજ એ સાચા વિબુધો કહેવાયને ? આજના પણ્ડિત નામધારીઓને હવે તો તેમાં અતિશયોક્તિ નહિ લાગેને ? ભક્તિ ઘેલછાના પડઘા નહિ પડેને ? જડવાદથી રંગાતી જતી પ્રજાના નાયકોના અવ-

રોષોનું બહુમાન આંખ સામે જોયા પછી પણ અવિવેકભર્યાં અજ્ઞાનનું ગાંડપણ તોડશોને ?

સાદુ અને સંયમી જીવન જીવનાર અવસરે પરને માટે સ્વશકિત અનુસાર ઘસાનાર માનવી પણ શાંતિભર્યું મૃત્યુ અનુભવે તેમાં કાંઇ નવાઇ છે ? પરને શાંતિ આપનાર જરૂર શાંતિ અનુભવે એતો સાયકોલોજી-માનસતંત્રનો સિધ્ધાંત છે પણ જીવનભર ક્રોધ. માન–માયા અને લોભના સંતાનીઆ રૂપ આજના વિકૃત અશાંતિમય જીવનને જીવનાર માનવી હાયવોય કરતો–ટાંટીઆ ઘસતો, હજારો અને લાખો તૃષ્ણાના દાવાનળમાં સળગતો મૃત્યુ પામીને બિચારો જાય કયાં ? મિથ્યા વાસનાઓમાં સબડતા આત્માને બીજા જન્મમાં એને યોગ્ય નીચકોટિની ભૂમિકા સાંપડે તેમાં આશ્ચર્ય પણ શું ? અને એના મૃત્યુને અપમૃત્યુ કહેવામાં વાંધો પણ શો ?

અને મૃત્યુનો ડરતો અપમૃત્યુવાળાને જ હોયને ? અહિંના માની લીધેલા સુખમાંથી વધુ દુઃખમાં બીચારાને જવાનું છે, માટે પણ્ડિતમરણ કે શાંત મૃત્યુ અનુભવનારને મૃત્યુની પરવા શી ? ઝુંપડી છોડી સ્વાસ્થ્યભર્યા સર્વ સુખની અનુકૂળતાભર્યા ધામમાં જવું કોને ન ગમે ? આ દીવા જેવાં સત્યો વિચારતાં પ્રશ્ન ઉઠે છે, કે મૃત્યુનો અંત ખરો કે નહિ ? જન્મ્યો તે તો મરવાનો જ પણ જન્મે જ નહિ તો ? મૃત્યુનું અસ્તિત્વ તે આત્મા માટે રહેજ નહિ.

એટલે કે મૃત્યુ બંધ જ કરવું હોય તો જન્મ બંધ થવો જ જોઇએ. જન્મ બંધ કરવો હોય તો કોઇના પણ જન્મ–મરણમાં નિમિત્તભૂત નજ બનવું જોઇએ. જન્મ–મરણમાં નિમિત્તભૂત નજ બનવું હોય તો રાગદ્વેષની વૃત્તિ ઘટાડયે જ–છેવટે સર્વથા ત્યાગે જ છુટકો તેવી વૃત્તિ કેળવવા માટે. શ્રીમદ્ વીતરાગ પરમાત્માઓની–ત્રણ જગતના તારક–સમ્યગ્ સત્ય માર્ગના ઉપદેશક–મહાજયોતિર્ધર વિભૂતિઓની–આજ્ઞાઓનું વિધિ બહુમાનપૂર્વક જ્ઞાન મેળવી, મનન–ચિંતન અને નિદિધ્યાસન થવું જોઇએ. છેવટમાં આવી અમૃત ક્રિયાને આત્મ–સાત્ કરી, જન્મ–જરા અને મૃત્યુના અભાવ રૂપ, અનંત અને અક્ષય સુખના ધામ રૂપ, મુક્તિપદ સિદ્ધકરી અજર અમર બનીએ, એજ અભિલાષા.

**મનની શાંતિ, આત્માની એકાગ્રતા, સદ્ વિચારોની અવિચ્છિન્ન ધારા માટે વાતાવરણ પણ તેવું જ સુગંધમય સર્જવું પડે છે.**

દહેરાસરો, મંદિરોમાં જેની સુવાસ જુદી જ તરી આવે છે, તે ઉમદા સુગંધીમય પદાર્થોમાંથી બનાવેલી–

**દિવ્ય અગરબત્તી**

ઘણું જ સુંદર વાતાવરણ સર્જે છે. આપ આજે જ મંગાવી ખાત્રી! કરો અમારી બીજી સ્પેશીયલ બનાવટો

**દિવ્ય સેન્ટ, કાશમીરી, શાંતિ, ભારતમાતા.**

નમૂના માટે લખો,

**૧ ધી નડીઆદ અગરબત્તી વર્કસ**
ઠે. સ્ટેશન રોડ, **નડીઆદ**

સોલ એજન્ટ,

**૨ શા. નાગરદાસ ખેતસીદાસ**
કરીયાણાના વેપારી,
અમદાવાદી બજાર, **નડીઆદ**




## : સંપાદકીય :

'કલ્યાણ'ના વાચકોને કલ્યાણ પ્રત્યે જે અનન્ય મમતા રહેલી છે, તેથી પ્રેરાઇને અમે 'કલ્યાણ' માં આજથી આ નવો વિભાગ શરૂ કરીએ છીએ.

**મા**તાઓ, બ્હેનો અને પુત્રીઓ સમાન સ્ત્રીશકિતને આજના વાતાવરણમાં માર્ગદર્શનની ખૂબજ જરૂર છે. રાષ્ટ્ર, સમાજ કે કુટુંબને યોગ્ય દોરવણી આપવા માટે સ્ત્રીશક્તિનો ફાળો મહત્ત્વનો છે. 'નારી' એ તો રત્નકૂક્ષી છે, બાળકોને, યુવાનોને તથા પ્રૌઢોને-સહુ કોઇને પ્રેરણાદાત્રી સ્ત્રીશકિત છે, આથી જ સ્ત્રી સમાજને સાહિત્ય, સંસ્કાર તથા ધર્મની દ્રષ્ટિયે યોગ્ય વાંચન આપવા સારૂ, આ વિભાગમાં શકય સાહિત્ય રજૂ થયા કરશે.

**આ** વિભાગને અંગે ઉપયોગી લખાણ શ્રધ્ધાળુ બ્હેનો, કલ્યાણના ઉદ્દેશને અનુરૂપ અને તે શૈલીએ લખી મોકલશે તો અહિં અવસરે પ્રગટ થતું રહેશે.

**અન્ય** લેખકો પણ સ્ત્રી સમાજના પ્રશ્નને અંગે સંસ્કાર તથા ધર્મની દ્રષ્ટિએ માર્ગદર્શન આપતા લેખો જો મોકલી આપશે તો અમે પ્રસિધ્ધ કરશું.

**નારીકુંજ** માટેના લેખો તથા ઉપયોગી સાહિત્ય અને યોગ્ય સલાહ, સૂચના આદિ અમને દર મહિનાની ૩૦ મી તારીખ સુધીમાં મળે તેમ કરવા સહુને અમે વિનંતિ કરીએ છીએ.

પત્ર વ્યવહાર; સંપાદક; 'નારીકુંજ' C/O. શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર-પાલીતાણા.

## સંસ્કૃતિના શણગારરૂપ તેજસ્વી-સ્ત્રીરત્નો:

—પૂ૦ પં૦ ક૦ વિ૦ ગણિ.

**પો**તાના પતિ શંખરાજાએ વગર પૂછયે કાંડા કપાવીને જંગલમાં ધકેલી દીધેલ છતાં, જેઓના હૃદયમાં પતિદેવ પ્રત્યે સ્હેજ પણ દુર્ભાવ ન જાગતાં, પોતાનાં જ પૂર્વકૃત દુષ્કર્મનો દોષ માની નિર્મળ શીલ પ્રભાવે અખંડ કરકમળને પ્રાપ્ત કરનાર મહાસતી **શ્રી કલાવતી** આજના સ્ત્રી સમાજને પ્રેરણામૂર્તિ બનો !

**પ**રણ્યા પછી ૨૨-૨૨ વરસ સુધી પતિએ સ્હામું ન જોવા છતાં, જેઓના જીવનમાં પતિ પવનંજય સિવાય અન્ય કોઇ પુરૂષનું મન, વાણી કે કાયાથી પતિ તરિકે સ્થાન ન હતું, અને બાવીસ વરસે પતિ પોતાને મળવા આવે, પોતાની ભૂલ માટે ક્ષમા માગે છતાં; પતિનો દોષ ન જોતાં જેઓએ કેવળ પોતાનો જ અંતરાય માની સતીત્ત્વની રક્ષા ખાતર જેમણે અનેક મરણાંત કષ્ટો સહ્યાં; મા-બાપ; સાસુ-સસરા ઇત્યાદિના આક્રોશ, તર્જના વેઠયા; અને પરિણામે શીલના પ્રભાવે સમૃધ્ધિ મેળવી, હનુમાન જેવા વીર પુરૂષની માતા બનવાનું સૌભાગ્ય મેળવ્યું, તે મહાસતી **શ્રીઅંજનાદેવી**, વર્તમાન સ્ત્રી સમાજના આદર્શરૂપ બનો !

**પ**રણીને બીજે દિવસે, સાળાના હાસ્ય પ્રસંગપરથી દીક્ષા લેવાને તૈયાર થનાર વજ્રબાહુ પતિની પૂંઠે, તેની દેહછાયાની જેમ

બનીને સંયમના માર્ગે જવાને ઉત્સુક બની. સંસારનાં અનેક ભોગસ્વપ્નોને સાપ જેમ કાંચલી ફગાવી દે તેમ ત્યજી દેનાર સતી **મનોરમાદેવી**, આજની સ્ત્રીજીવનને પ્રેરણાદાત્રી બનો!

જેઠ મણિરથના દગાથી અકસ્માત મૃત્યુ પથારી પર પોઢેલા પોતાના પતિ યુગબાહુને વિષયો તથા ક્રોધાદિ કષાયોની ભયંકરતા સમજાવી, આરાધનાપૂર્વક નિર્યામણા કરાવી દુર્ગતિમાં જવાની સ્થિતિમાં મૂકાએલા પતિની સાચી ધર્મપત્ની બની, તથા દ્રઢતાપૂર્વક સમાધિ આપનાર અને પતિને સદ્ગતિનું ભાથું બંધાવી આપવા માટે પોતાના ભાવિની ચિંતાને ગૌણ કરી જાગ્રત રહેનાર તથા પોતાનાં મહામૂલ્ય શીલધનને સાચવવા માટે કામાસક્ત જેઠની રાજધાનીને ત્યજી જંગલોમાં પરિભ્રમણ કરવાનું સ્વેચ્છાયે સ્વીકારનાર **શ્રીમતી મદનરેખા**, આપણા સ્ત્રીસમાજને દ્રષ્ટાંત રૂપ બનો!

અંબડ જેવા વિદ્યાધારી પરિવ્રાજકની કસોટીમાં સો ટચના સોનાની જેમ જેઓનું સમ્યક્ત્વ નિર્મળ રહ્યું અને ભગવાન શ્રી મહાવીરદેવ જેવા તીર્થંકરદેવ જેઓના માટે પોતાના શ્રીમુખે 'ધર્મલાભ' કહેવડાવે, તે પરમ ભાગ્યશાલી સતીરત્ન **શ્રી સુલસાની** ધર્મશ્રધ્ધા વર્તમાનકાલના મહિલા સમાજને માર્ગદર્શકરૂપ બનો!

ગિરનારની ગુફામાં એકાંત માની, વરસાદથી ભીંજાયેલાં વસ્ત્રોને સૂકાવવા રહેલાં જેમને નગ્ન જોઇ, દેહસૌંદર્યથી વિકારવશ બનેલા રથનેમી જેઓને ચલિત કરવા અનેક પ્રલોભનો આપે છે, છતાં જેઓએ પોતાના પવિત્ર સંયમમાર્ગમાં દ્દઢ રહી, માર્ગભૂલેલા પોતાના દીયર રથનેમીજીને માર્ગમાં સ્થિર કર્યા, તે મહાસાધ્વી **શ્રી રાજીમતી** આજના સ્ત્રીવર્ગને, તેઓના આચારધર્મમાં આદર્શરૂપ બનો!

## મે*ઘ બિં*દુ*ઓ.

**સ્ત્રી** અબળા છે, એ ત્યાંસુધી, જ્યારે; ત્યાગ, સ્નેહ કે વૈરની પૂંઠે ફના થવાની એને ધૂન ન જાગી હોય; ત્યાગને ધ્યેય માન્યા પછી એ પ્રબલા બની મહાદેવી બને છે. સ્નેહની પૂંઠે સર્વસ્વ સમર્પિત કરી એ સ્ત્રી રહે છે અને વૈરની પાછળ સળગીને એ ચંડિકાના રૌદ્રરૂપને ધારે છે.

વસુંધરા-પૃથ્વીના જેવી સહિષ્ણુતા સ્ત્રી જીવનમાં છે, માટેજ સંસાર ઉજળો છે, પણ સહનશક્તિને ફગાવી જ્યારે નારી અસહિષ્ણુ, તુચ્છ, તથા સ્વાર્થી અને ઘમંડી બને છે, એટલે સંસારની લીલી વાડી વેર-વિખેર થઈ ખેદાન-મેદાન બને છે.

આજનો સ્ત્રીવર્ગ એટલે સ્વચ્છંદિત, સ્વાર્થાંધવૃત્તિ તથા દંભ અને જૂઠઃ-આ ચારનો સરવાળો; પરિણામે વર્તમાન સંસાર દુઃખના દાવાનલથી ભડકે બળે છે.

**સ્ત્રી** જ્યારે મૌન રહે છે ત્યારે એની પાછળ સ્વાર્થ તથા ઘમંડ ડોકીયાં કરે છે, જ્યારે એ વાચા ઉપાડે છે ત્યારે દંભ અને જૂઠનો સાક્ષાત્કાર થાય છે.

પુરૂષની શોભા જ્ઞાન, અને સ્ત્રીની શોભા શીલ. [ પં. ક. વિ. ]

## સ્ત્રીજગતના અવનવા.

થોડા વખત પહેલાં ન્યુયોર્ક-અમેરીકાની એક હોટેલમાં સારી રસોઇ બનાવવા માટે સ્ત્રીઓ વચ્ચે હરિફાઇ ગોઠવાઇ હતી. ૯૭

સ્ત્રીઓ તથા ૩૦ પુરૂષો મળી; કુલ; ૧૦૦ જણાએ ભાગ લીધો હતો. ૨૫ હજાર માણુસો પ્રેક્ષકો હતા. તેમાં ૧ લું ઇનામ એક કન્યાને ૫૦ હજાર ડોલરનું મલ્યું હતું, બીજું ઇનામ ૧૦ હજાર ડોલરનું અને ત્રીજું ઇનામ ૪ હજાર ડોલરનું હતું. જ્યારે આપણા દેશમાં ભણેલી સ્ત્રીઓને રસોઇ કરવામાં શરમ આવે છે, ગંગા ઉલટી વહી રહી છે, તે આનું નામને ?

રેસ્ટ પુલની વતની ફ્રાઉ ફ્રીએડા નામની એક પરિણિત સ્ત્રીને બે વખત વિધવા બનાવાનો કરૂણુ પ્રસંગ બન્યો હતો. પહેલી વખતે એ જેની સાથે પરણી હતી, તે પતિ રશીયન યુધ્ધમાં માર્યો ગયાના સમાચાર આવ્યા, એટલે એણે બીજાની સાથે લગ્ન કર્યું; પણ પહેલો પતિ યુદ્ધમાંથી પાછો આવતાં એને આ સમાચાર જાણ્યા એટલે પોતે આપઘાત કર્યો; અને બીજાને એ છોડી ગઇ, એટલે બીજાએ પીસ્તોલથી પોતાનાં જીવનનો અંત આણ્યો.

ખરેખર મોહનો નશો ભલ-ભલાને પાગલ બનાવે છે, ભાગ્ય જ્યાં હોય ત્યાં બે ડગલાં આગળ.

કચ્છના જુના દીવાન સૂર્યશંકર મહેતાના પુત્ર નલીને, આજથી થોડા વખત પહેલાં સરલા નામની પોતાની પત્ની સામે છુટાછેડાની અરજી મુંબઇ-હાઇકોર્ટમાં કરી હતી, સરલાએ પણ પોતાના ધણી પર ઘાતકીપણાનો આરોપ મૂકી છુટાછેડા માટે અરજી નોંધાવી હતી. છેવટે જસ્ટીસ તેન્દુલકરે બન્ને જુવાન પતિ-પત્નીને સમજૂતિ પર આવવા આગ્રહ કરી, સમાધાન કરાવી આપ્યું. ....રે હિંદુ સંસાર ! તારી આ ઢેઢ-ફજેતી; કાયદાઓ, સુધારો અને પાશ્ચાત્ય સંસ્કૃતિના નાદનો આ નશો, શું પરિણામ આણશે ? એની કલ્પના કરતાં માથું ભમી જાય છે !

સર જદુનાથ સરકારની પુત્રી કુ૦ રમા સરકારે લંડનમાં ઝેર પીને આપઘાત કર્યો. કુમારી રમા સરકાર છેલ્લાં કેટલાંય સમયથી લંડન યુનીવર્સીટીમાં અભ્યાસ કરી રહેલ હતી....રે કેળવણી ! તારા ખપ્પરમાં !

લીવરપુલ [ અમેરીકા ]ની જોન નામની ૨૫ વર્ષની યુવતી, પોતાના ત્રણ નાનાં બાળકોને ભૂખે ટળવળતાં મૂકી એક હિંદી સાથે ૧૮ મહિના રહી, એ હિંદીએ ત્યજી દીધી એટલે એ ઘેર આવી. કોર્ટે એને છ મહીનાની સજા કરી.—વિષય તૃષ્ણાની વેદી પર એક વધુ બલિદાન.


## જુના અને જાણીતા આંગીના કારીગર

**લુહાર મોહનલાલ કરશનદાસ**

ઠે. નાની શાક માર્કીટ પાસે, **પાલીતાણા.**

ભગવાનની આંગી, મુગટ, કલ્પવૃક્ષ, કળશ, ચાંદીની ડબીઓ, ચાંદીનાં પ્રતિમાજી તથા સિધ્ધચક્રજી વગેરે તમારી ઇચ્છા મુજબ બનાવી આપવામાં આવશે. એક વખત કામ આપી ખાત્રી કરો. રૂબરૂ બોલાવવાની જરૂર પડે તો આવવા જવાનો ખર્ચ આપવાનો રહેશે.

## પચ્ચક્ખાણના કોઠાઓ

**પ્રભાવના માટે મંગાવો !**

**૧૦૦ના રૂા. ૬-૪-૦.**

દરેક પચ્ચક્ખાણો તેમજ સમયનો કોઠો.

**સોમચંદ ડી. શાહ, પાલીતાણા.**

# પીળો ચાંદલો.

શ્રી મનવંતરાય મણીલાલ શાહ



ગુર્જરેશ્વર પરમાર્હત કુમારપાળ મહારાજા આજે સભામાં બિરાજમાન થયા હતા. તેમના મુખ પર પૂર્ણ પ્રસન્નતા છવાઇ રહી હતી. જિનધર્મમાં રક્ત એવા એક હજાર અને આઠસો શ્રેષ્ઠીઓ તેમની શુશ્રૂષા ઉઠાવવાને ખડે પગે હાજર હતા.

'ફરિયાદ......ફરિયાદ' બહારથી પોકાર પડયો.

'શું છે?' કુમારપાળ મહારાજાએ પૂછ્યું.

'મહારાજ, કોઇ ગુહનેગારને પકડવામાં આવ્યો છે.' દ્વારપાલે આવીને કહ્યું.

'હજી પણ મારા રાજ્યમાં પૂર્ણ શાંતિ નથી?' મહારાજાએ સહજ ચકિત થતાં કહ્યું.

'નાથ! નાના ગુહ્નાઓ તો દરેક રાજ્યમાં બન્યાજ કરે ને! એમાં શું નવાઈ?' મહામંત્રી બોલ્યા.

'ઠીક, શું છે ગુન્હો?' કુમારપાળ ભૂપાળે પૂછ્યું.

'દાણચોરી' એક સામટા છ-સાતનો પ્રતિધ્વનિ આવ્યો.

'આટલો બધો બંદોબસ્ત રાખ્યા છતાં પણ હજી દાણચોરી?' કુમારપાળે પોતાના રાજ્યમાં પૂર્ણ વ્યવસ્થા કરી હતી, છતાં પણ આવા બનાવો બનતા જોઈ-સાંભળી તેને ન સમજાય તેવું આશ્ચર્ય થયું.

'હા, નાથ. માહેશ્વરી નામનો વણિક.........'

'ઠીક, કાલે રાજ્ય-સભામાં લાવજો. તેનો ન્યાય કરીશું' ગુર્જરાધિપતિએ આદેશ કર્યો. વાત આવતી કાલ પર મુલતવી રહી. સભામાં પાછી જ્ઞાનગોષ્ઠી શરૂ થઇ ગઇ. અનેકાનેક વિષયો પર લાંબી ચર્ચા થઇ અને સમય થતાં સભા વિસર્જન પામી.

અનન્ત ઉપકારી કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પર પૂર્ણ પ્રેમવાળા આ કુમારપાળ મહારાજા હતા. તેઓ ગુરૂનો ઉપદેશ સાંભળતાં કદી થાકતા જ નહિ. પરમ ગીતાર્થ ગુરૂ મહારાજા પાસેથી તેમની સર્વ શંકાઓનું નિવારણ થતું. જૈનધર્મ વડે તેમનું હૃદય પૂર્ણ રંગાયું હતું. કર્મની 'થીઅરી' તેમના હૃદય સાથે બરાબર વણાઈ ગઇ હતી. ત્રિકાળ જિનપૂજન, સ્નાત્રપૂજા વગેરે ધર્માનુષ્ઠાનો તેમના જીવન સાથે ઓતપ્રોત થઇ ગયાં હતાં. તેઓ પર્વના દિવસે પૌષધ કરવાનું ચૂકતા નહિ. આવા મહાપવિત્ર દિવસે એક હજાર અને આઠસો શ્રેષ્ઠીઓ તેમની સાથે પૌષધ કરતા, અને જ્ઞાનગોષ્ઠી કરી તે દિવસની આરાધના કરતા. ગુર્જરાધિપતિએ આ શ્રેષ્ઠીઓને સહાય કરી હતી. તેમના તરફથી આવતો બોંતેર લાખ રૂપિયાનો કર પણ તેમણે માફ કર્યો હતો. આમ કરતાં રાજની તિજોરીમાં પ્રતિવર્ષે એક કરોડ રૂપિયાની ખોટ જતી. ચૌદ ચૌદ વર્ષો વીતી ગયાં. ચૌદ કરોડ રૂપિયાની રાજ્યને ખોટ હતી, છતાં પણ ધર્મને જ સર્વસ્વ માનનાર ભૂપાલ સાધર્મિકોના બોંતેર લાખ રૂપિયા લેવા જરા પણ લલચાયા ન હતા. ઉપરાંત નબળી સ્થિતિના સાધર્મિકોને એક હજાર દીનારનું દાન પણ કરતા. તેમનું રાજ્યશાસન કડક હતું. સાત વ્યસનનો જેમણે નિષેધ કરાવ્યો હતો. કોઇ નાનો ગુન્હો પણ કરવાની હિંમત કરતું નહિ. મહેશ્વરી-જૈનેતર વાણિયો-દાણચોરી કરી નાસવા જતો હતો, પણ ચતુર અધિકારીઓએ તેને પકડયો. મહારાજાએ કાલ પર વાત છોડી હતી.

'હવે શું થશે?' મહેશ્વરીએ પોતાના એક મિત્રને પૂછ્યું.

'શું? શેનું?' મિત્રને કાંઇ ન સમજાયું.

'આરોપ?' મહેશ્વરી ખરેખર ધ્રુજતો હતો. અત્યારે તેની ભાષા કોઇ અગમ્ય હતી. મિત્રને આખી વાત કહેવી હતી, પણ તે ભયને લીધે કાંઇ કહી શકતો ન હતો.

'શું છે? આમ ધ્રુજે છે કેમ?' મિત્રે કહ્યું.

'દાણચોરી !!'

'શું ? તેં દાણચોરી કરી ?' મિત્ર કાંઇક સમજ્યો.

'હા, આવતી કાલે રાજ્યસભામાં ફેંસલો છે.'

'હેં !!!'

'હા, કાલે આવી બન્યું. હવે મને આકરામાં આકરી...............'

'અરે ! અરે ! ધીરજ રાખ. આમ ઉતાવળો...'

'શું ઉતાવળો ? કાલે તો મારા બારે વહાણો ડૂબી જશે.' મહેશ્વરી ખુબજ ગભરાઇ ગયો હતો.

'પણ......' મિત્રે એક સારી યુકિત્ત ગોતી કાઢી.

'પણ શું ?.........કાલે ફેંસલો.........બીજું શું ?' મહેશ્વરી હિંમત ખોઇ બેઠો હતો.

'જો સાંભળ રસ્તો છે.' મિત્રે કહ્યું.

'શો ? જે હોય તે સત્વર કહો' મહેશ્વરી ઉતાવળો થયો.

'રાજાને નિયમ છે.'

'શેનો ? રાજાને તો એવા ઘણાએ નિયમો છે.' મહેશ્વરી પ્રતિક્ષણ ઉતાવળો થતો જતો હતો.

'સાધર્મિકો તરફ તે પૂજ્યભાવવાળો છે' મિત્રે જાણ્યું કે હવે જો હું તેને જલ્દી માર્ગ નહિ બતાવું તો બિચારો નાહક વધુ ગભરાશે.

'પણ હું તો જૈનેતર છું ને !' મહેશ્વરીએ શંકા કરી.

'જૈન હોવાનો ઢોંગ કર. જો બચવું હોય તો.'

'કઈ રીતે ? મહેશ્વરીની બુદ્ધિ અત્યારે કામ કરતી ન હતી.

'જૈનો કરે છે તેવું કપાળમાં ચંદનમિશ્રિત કેસરનું તિલક કર.' મિત્રે રાહ ચિંધ્યો.

'પછી ?'

'પછી શું ? રાજા તને જોશે કે તરત જ છોડી મૂકશે.'

'અરે-રે !!'

'કાં ? કેમ ?' મિત્ર ચમકયો.

'ના, ના, એવું તો ન થાય. કદાચ પકડાઈ જવાય તો ?' મહેશ્વરી ગભરાટને લીધે, શું કરવું તેની ગૂંચમાં પડી ગયો હતો.

'હિંમત રાખ. જો બચવું હોય તો આજ રસ્તો છે. વિચાર કરી જો જે.' કહી મિત્ર પોતાના કામને લઇને ચાલ્યો ગયો. મહેશ્વરી વિચારમાં ગૂંથાયો.

રાત્રી પસાર થઇ, દિવસ ઉગ્યો. સભાનો સમય થતાં ગુર્જરાધિપતિ કુમારપાળ મહારાજા પધાર્યા અને પોતાના યથાસ્થાને બિરાજમાન થયા. આજે મહેશ્વરી પરના દાણચોરીના આરોપનો ફેંસલો હતો. મહેશ્વરીને રાજ્યના માણસો દોરડાથી બાંધી ત્યાં લાવ્યા. અને સિંહાસન સમક્ષ ઉભો રાખ્યો. ભયથી વણિક કંપતો હતો.

'શું છે ?' ગુર્જરાધિપતિએ કેસની શરૂઆત કરતા હોય તેમ પૂછયું.

'નાથ, આ વાણિયાએ આપ શ્રીમાનની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે.' એક અધિકારીએ કહ્યું.

'મારી આજ્ઞાનું ઉલ્લંઘન ?' ગુર્જરપતિ આવેશમાં બોલ્યા,

'હા સ્વામી, દાણચોરી કરી છે. શું શિક્ષા કરવાની છે ?'

ગુર્જરાધિપિત કુમારપાળે વણિકની સામે દ્રષ્ટિ કરી. સહેજ ચમકયા. તેના કપાળમાં વીતરાગની ભકિત કરનાર શ્રાવકના જેવું તિલક જણાયું. સાધર્મિકભાઇ લાગ્યો. જૈનધર્મમાં રક્ત કોઇ સાધર્મિકભાઇ કોઇ જાતનું પાપ કદાપિ કરે નહિ તેવી ઉંડી છાપ તેના હૃદયમાં પડી ગઇ હતી તેમને આ વણિક સાવ નિર્દોષ જ લાગ્યો, સભા આખી સ્તબ્ધ થઇ ગઇ હતી. સૌ કોઇ રાજાનો છેવટનો ફેંસલો સાંભળવાને ઉત્સુક હતા. સભા આખીમાં એક ક્ષણ માત્રમાં શાંતિ છવાઈ ગઇ.

'છોડી મૂકો' મહારાજાએ અંતિમ ફેંસલો આપ્યો.

'હેં !! છોડી મૂકીએ ?' અધિકારીથી આશ્ચર્યમાં બોલાયું. વણિકે નિરાંતનો શ્વાસ લીધો.

'હા, હું ગુર્જરાધિપતિ ફરમાવું છું કે, છોડી મૂકો, તે નિર્દોષ છે.' કુમારપાળ બોલ્યા.

'કેમ ? કઈ રીતે ? તેણે દાણચોરી કરી જ છે'

# ટ્રસ્ટ એકટ ૧૬ મી જુલાઈથી અમલમાં;

[ વકીલ કેસરીચંદ નેમચંદ શાહ બી. એ. એલ. એલ. બી. ]



મુંબઇ રાજ્યમાં સાર્વજનિક ધાર્મિક અને ધર્માદા ટ્રસ્ટોના વહીવટનું નિયમન કરવા અને તેને માટે વધુ સારી જોગવાઇ કરવા માટેના ઉદ્દેશથી આ કાયદો તા. ૧૬ જુલાઈ ૧૯૫૧ ના રોજથી અમલમાં મુકવા માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ થયું છે, અને ત્યારથી ત્રણમાસમાં દરેક ટ્રસ્ટીએ અગર મેનેજરે અગર વહીવટદારે કલમ ૧૮ મુજબ જાહેર ટ્રસ્ટ રજીસ્ટર કરાવવું પડશે, અને તેને માટે અરજી કરવાનો નમુનો નીચે મુજબ છે:-

**મે. રા. ડેપ્યુટી ચેરીટી કમીશનર** વિભાગ
એસીસ્ટન્ટ પેટાવિભાગ

**પબ્લીક ટ્રસ્ટ "________________" બાબત**

૧ હું ઉપર જણાવેલા પબ્લીક ટ્રસ્ટના ટ્રસ્ટી __________ ઓઅમે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ની ક. ૧૮ મુજબ રજીસ્ટર કરવા માટે અરજી આપું છું ,

૨ હું જરૂરી વિગતો નીચે મુજબ જણાવું છું:-

(૧) ટ્રસ્ટીઓ તથા મેનેજરોનાં નામો–સરનામાંઓ સાથે.

(૨) ટ્રસ્ટી તથા વહીવટ માટે ઇસમો કેવી રીતે લેવામાં આવે છે. (ચૂંટણીથી કે વારસાઇ હકકથી અગર કઇ રીતે જે હોય તે જણાવો)

(૩) ટ્રસ્ટનો હેતુ.

(૪) (એ)ટ્રસ્ટની રચના માટે કોઈ દસ્તાવેજ કે નિયમો છે કે કેમ? (નિયમો અગર બંધારણ હોય તો તેની નકલ રજુ કરવી)
(બી)ટ્રસ્ટની શરૂઆત તથા રચના બાબત વિગતો-

(૫) ટ્રસ્ટ બાબત કોઇ યોજના હોય તો તે કઇ છે? (યોજનાની નકલ રજૂ કરવી)

(૬) જંગમ મીલકતોની વિગત તથા તેની બજાર ભાવે કિંમત (ફરનીચર, પુસ્તકો વિગેરે તમામ જંગમ મીલકતોની વિગતો જણાવવી તથા ટ્રસ્ટની રોકડ રકમ હોય તો તે પણ જણાવવી)

---

અધિકારીએ સત્ય વાત રજુ કરી

'તદન અસંભવિત, બનેજ નહિ ને!' કુમારપાળના હૃદયમાં કોઈ બીજીજ ગડમથલ ચાલતી હતી, તેમની વાણી અધિકારીને અગમ્ય લાગી.

'આપ કઇ રીતે કહો છો?' અધિકારીએ હિંમત એકઠી કરીને જવાબ માંગ્યો

'તે સાધર્મિક છે, તેના કપાળમાં વીતરાગની ભક્તિ કરનારો શ્રાવક હોય તેવું તિલક છે ભગવાનની વાણી તેના અંતરાત્મામાં વસી હોય તેવું તેનું મુખાર્વિંદ છે. બનેજ નહિ ને!!' મહારાજાને સાધર્મિક પ્રત્યે માન થયું. સભા આખી ચકિત થઇ ગઇ. સહુને સાનંદાશ્ચાર્ય થયું.

'પણ નાથ, તે જૈન નથી, અભક્ષ્યાદિનું ભક્ષણ કરનાર છે.' અધિકારીએ દલિલ કરી.

'સંભવિત જ નથી. તે તર્જના કરવા યોગ્ય નથી તે તો માનનીય, વંદનીય અને પૂજનીય છે, તે સિવાય આ શ્રી જિનેશ્વરનો ભક્ત છે, તેવું મારા મનમાં આવે જ કેમ? માટે જ મેં તેને છોડી મૂકયો છે. તેને સુખે ઘેર જવા દો' ગુર્જરાધિપતિનો છેવટનો હુકમ થતાં જ મહેશ્વરી છૂટો થયો.

મહારાજાના આવા વર્તનનું તેના હૃદયમાં પ્રતિબિંબ પડયું. જૈનધર્મ તેને કોઇ અલૌકિક જ લાગ્યો. મહારાજાના ચરણ કમલમાં પડી, ગુન્હો કબુલ કરી, માફી માગી લેવાનું તેને મન થયું અને મહારાજાની નજરમાં તે જેવો લાગ્યો તેવોજ થવાનો દૃઢ સંકલ્પ કર્યો અને ત્યારથી માંડીને મહેશ્વરી ખરો જૈન બન્યો.

(૭) (એ) સ્થાવર મીલકતોની વિગત (ક્યા ગામે આવેલી છે તથા તેનો સુધરાઈનો નંબર, સરવે નંબર, માપ, ક્ષેત્રફળ, વેરાનો આકાર, ચતુર્સીમા...વિગેરે વર્ણન જણાવવું.

૧

૨

૩

એ પ્રમાણે જે જે મીલકતો હોય તે જુદી જુદી જણાવવી.

(બી) સ્થાવર મીલકતોની બજારભાવે કિંમત-

૧.

૨.

૩.

(૮) ટ્રસ્ટ મીલકતોની આવકનાં સાધનો.

(૯) વાર્ષિક કુલ આવક,

(૧૦) વાર્ષિક કુલ ખર્ચ.

(૧૧) સરેરાશ વાર્ષિક ખર્ચનું બજેટ:

૧ નોકર-ચાકર તથા ટ્રસ્ટ ચલાવવાનો ખર્ચ,

૨ ધાર્મિક હેતુ માટે ખર્ચ,

૩ સખાવતી હેતુ માટે ખર્ચ,

૪ બીજા પરચુરણ ખર્ચની વિગતો.

(૧૨) ટ્રસ્ટ મીલકત ઉપર જો કંઈ બોજો હોય તો તેની વિગત.

(૧૩) કંઈ ખાસ વિગત હોયતો તે.

આ સાથેફીની રકમ રૂા.... રજુ કરૂં છું (ફીની રકમ જો ટ્રસ્ટની મીલકત રૂપીયા બે હજાર સુધી હોય તો રૂા. ૩); બે હજારથી પાંચ હજાર સુધી હોય તો રૂા. ૫); પાંચ હજારથી દસ હજાર સુધી હોયતો રૂા. ૧૦): દસ હજારથી પચીસ હજાર સુધી હોયતો રૂા. ૨૦): પચીસ હજાર ઉપરાંત હોયતો રૂા. ૨૫):—એ પ્રમાણે રકમ આપવાની છે) ટ્રસ્ટી અગર મેનેજરનું પત્રવ્યહાર કરવા માટે નોંધેલું સિરનામુ-

નામ.

ઠેકાણું

ઉપરની હકીકતો સોગન ઉપર જાહેર કરૂં છું ને તે મારા માનવા તથા જાણવા પ્રમાણે ખરી છે.

તા

અરજદારની સહી

ઉપર મુજબનો અરજીનો નમુનો છે; અને અરજી ઉપર સહી ડેપ્યુટી ચેરીટી કમીશ્નર, જસ્ટીસ ઓફ પીસ, મેજીસ્ટ્રેટ અગર સોગન આપવા અધિકાર કાયદા પ્રમાણે જે અમલદારને હોય, તેમના રૂબરૂ સહી કરી, રજિસ્ટર કરવા માટે અરજી દાખલ કરવાની છે. આવી અરજી ઉપરથી અથવા પોતાની મુનસફીથી ડેપ્યુટી અથવા એસીસ્ટન્ટ કમીશ્નરે નોંધણી માટે ચોકસી કરવી.

જો એ પ્રમાણે ત્રણમાસમાં ટ્રસ્ટ રજીસ્ટર કરવામા, ટ્રસ્ટી ચુકે તો તે રૂપીયા એક હજાર સુધીના દંડને પાત્ર થાય છે.

## વિભાગો અને હદો

મુંબઈ સ્ટેટમાં આ કાયદો અમલી બનાવવા માટે તેની હદો તથા વિભાગો નક્કી કરવામાં આવ્યાછે. એના ૭ મુખ્ય વિભાગો છે.:

૧ **ગ્રેટર બોમ્બે રીજીયન**- એમાં ગ્રેટરબોમ્બે, તથા થાણા અને કોલાબા ડીસ્ટ્રીકટનો સમાવેશ થાય છે.

૨ **અમદાવાદ રીજીયન**—એમાં અમદાવાદ, અમરેલી. મેસાણા, બનાસકાંઠા તથા સાબરકાંઠા ડીસ્ટ્રીકટનો સમાવેશ થાય છે.

૩ **વડોદરા રીજીયન**-એમાં વડોદરા, ખેડા, પંચમહાલ, ભરૂચ, સુરત, તથા ડાંગ ડીસ્ટ્રીકટનો સમાવેશ થાય છે.

૪ **પુના રીજીયન**-એમાં પુના, પૂર્વ ખાનદેશ, પશ્ચીમ ખાનદેશ, નાસીક, અહમદનગર અને શોલાપુર ડીસ્ટ્રીકટનો સમાવેશ થાય છે.

૫ **કોલ્હાપુર રીજીયન**-એમાં કોલ્હાપુર, દક્ષીણસતારા, ઉત્તરસતારા અને રત્નાગીરી ડીસ્ટ્રીકટનો સમાવેશ થાય છે.

૬ **બેલગામ રીજીયન**-એમાં બેલગામ, ધારવાર,

[અનુસંધાન પેજ ૭૨ માં]

# અધિકારનો ઉપયોગ.... ....પૂ૦ મુનિરાજ શ્રી ચંદ્રકાન્તસાગરજી મહારાજ



**અધિકાર પામી જગતમાં, કરે ન જો ઉપકાર;**
**અધિકારમાંથી 'અ' ગયો તો પાછળ રહ્યો ધિક્કાર.**

આપણુને મનુષ્યભવનો અધિકાર મલ્યો છે એટલું જ નહિ પણ પંચેન્દ્રિની પટુતા, દેહની નિરોગતા અને બુદ્ધિ પણ આપણુને કુદરતી રીતે મળી છે તો કાંઇ પણ પરોપકાર કરવો આવશ્યક છે, કારણુ કે કેટલીકવાર મનુષ્યથી તિર્યંચ કેટલીક બાબતમાં વધી જાય છે. દાખલા તરિકે એક ગાયનો દાખલો લઇએ તો ગાય દુધ આપે છે એથી માનવ માત્ર તેનું પયપાન કરીને આ નાશવંત દેહની તુષ્ટિ-પુષ્ટિ કરે છે વળી ગાયનું છાણુ પણુ લીંપણુ વગેરેમાં કામ આવે છે વળી તેનુ મૂત્ર પણુ ઘરોમાં પવિત્ર જાણી છાંટે છે ગૌમુત્ર તરીકે અશુદ્ધિ ટાળવા વાપરે છે, માટે વિચાર કરીએ તો મનુષ્યનું શરીર કાંઇ કામ આવતું નથી પણ જરૂર એ મનુષ્ય, ધર્મ અને પરોપકાર કરી શકે છે તેથી મનુષ્ય તિર્યંચથી વધે છે માટે પરોપકાર બને તેટલો કરવો જોઇએ. આ શરીર તો જ્યારે ત્યારે મૂકવાનું છે એ નકકી છે તો આમાંથી જો પરોપકાર થાય તો મનુષ્યભવ પામ્યાની સાર્થકતા થાય છે આજકાલ તો સમાજમાં ગરીબ વર્ગ બહુજ દુઃખ અનુભવી રહ્યો છે અને આ દુઃખ કોઇને કહી પણ શકાય નહી કારણુ કે દરેકને પોતાની આબરૂ જાળવવા માટેનું અભિમાન રહે જ છે માટે હાથ ધરતો પણુ અચકાય છે માટે દરેક શ્રીમંત વગેરે આ વાત લક્ષમાં લઇને પોતાનો સાધર્મિક ભાઇ જ્યાં જ્યાં દુઃખી દેખાય ત્યાં ત્યાં પોતાથી બને તેટલી કોઇ ન જાણે તેવી રીતે મદદ કરવી જોઇએ; આ રીતે દરેક માનવી પોતાની ફરજ સમજીને શકિત અનુસાર પરોપકાર કરીને મનુષ્યભવનો જે અધિકાર મળેલો છે તેને સફળ કરવો જોઇએ.

चलाचले च संसारे, धर्म अेकोहि निश्चल:

આ સંસારને વિષે બધી વસ્તુ ચાલી જશે પણ ધર્મ કરેલો જતો નથી માટે ઉપરની બીના સમજીને સુકૃતનાં કાર્ય કરીને મનુષ્ય જીવન ઉજ્જવળ બનાવવું એજ હિતાવહ છે. અહિંથી જ્યારે ત્યારે વિદાયગિરિ લેવી પડશે ત્યારે તમને દુનિયા યાદ કરે કે સમાજમાંથી એક પુરૂષરત્ન ખરી પડયું. એક કવિ કહે છે.

**જબ તુમ આયે જગતમેં, જગત હસ્ત તુમ રોય,**
**અબ કરણિ એસી કરો કે, તુમ હસ્ત જગ રોય,**

માટે આ ફાની દુનિયામાંથી જતાં પહેલાં પરોપકાર રૂપી ભાથું બાંધવા પૂર્ણ લક્ષ રાખવું એજ આ ટૂંકા લેખનો સાર છે.

---

[ પેજ ૭૦ નું ચાલુ ]

કનારા, અને બીજાપુર. ડીસ્ટ્રીકટનો સમાવેશ થાય છે.

## હિસાબ તથા સ્વત્વાર્પણ બાબત

દરેક ટ્રસ્ટીએ પોતાના હિસાબો ચોકખા અને વાઉચર પદ્ધતિથી રાખવા પડશે અને દરસાલ હિસાબનું સરવૈયુ તથા આવક જાવકનો હિસાબ ઠરાવેલા ધોરણુ મુજબ ટ્રીસ્ટીઓએ તૈયાર કરી ઓડીટ કરાવી મંજુર કરાવવો પડશે. ટ્રસ્ટ દસ્તાવેજ અગર નિયમોનેપાત્ર રહીને ચેરીટી કમીશ્નરની પરવાનગી સિવાય, ટ્રસ્ટની કોઇ પણુ સ્થાવર મીલકતો ટ્રસ્ટી અગર મેનેજર ગીરો, વેચાણુ, અદલા, બદલી કે બક્ષીસ આપી શકશે નહિ

[ કેટલાક મહાત્માઓના જીવનપ્રસંગોમાંથી પ્રેરણા રૂપ થોડીક કંડિકાઓ અહિં ઉધૃત કરાય છે. 'કલ્યાણ'ના વાંચકો તે વાંચીને પોતાના જીવનને વધુ તેજસ્વી બનાવે. ]



## સંતજીવનની સુવાસ

[ ૧ ]

એક સંત પાસે એક માણુસે આવીને કહ્યું 'મહારાજ ! મારા પુત્રને ગોળ ખાવાની બહુ ટેવ છે. તેની એ ટેવ આપ તેને ઉપદેશ આપીને છોડાવો, તો હું આપનો ઉપકાર માનીશ' સંતે કહ્યું 'તમે આજથી પંદર દિવસ પછી આવજો.' 'ભલે ગુરૂ જેવી આજ્ઞા' કહીને તે માણુસ ઘેર ગયો, બરાબર પંદર દિવસ પછી પાછો તે છોકરાને સાથે લઇને તે સંત પાસે આવ્યો.

સંત તે છોકરાને ઉપદેશ આપવા લાગ્યા. 'જો ભાઇ, તારા શરીરની તંદુરસ્તી માટે તારે ગોળ ખાવો નુકશાનકારક છે, માટે તું ગોળ ખાવો છોડી દે અને સાચેજ સંતના એ પ્રકારના ઉપદેશથી તે છોકરાએ ગોળ ખાવાનો છોડી દીધો. થોડાક દિવસો પછી તેનો પિતા તે મહાત્મા પાસે આવ્યો અને ભક્તિપૂર્વક નમન કરીને કહેવા લાગ્યો, 'મહારાજ ! આપશ્રીના ઉપદેશથી મારા દીકરાએ ગોળ ખાવાનો છોડી દીધો છે પણ આપે તે બાબતનો ઉપદેશ પંદર દિવસ પછી કેમ આપ્યો ? તેનું કારણુ બતાવવા કૃપા કરશો !

સંતે કહ્યું 'જુઓ ભાઇ ! માણુસ પોતે જે બાબતનું આચરણુ ન કરે, અને તે બાબતનો બીજાને ઉપદેશ આપે તો તે ઉપદેશ સામાના દીલમાં ટકતો નથી. મેં તમને પંદર દિવસની મુદત આપી તેનું કારણુ એ હતું કે, મેં પોતેજ ગોળ ખાવો છોડી દીધો. પંદર દિવસ પછી મને લાગ્યું કે, હું ગોળ વિના ચલાવી શકું છું. તેથી હવે બીજાને ગોળ ન ખાવાનો ઉપદેશ આપવાને હું લાયક બન્યો છું, એમ જ્યારે મને જણાયું ત્યારે જ મેં તમારા પુત્રને ગોળ ન ખાવાની શીખામણુ આપી.' સંતનો ખુલાસો સાંભળીને તે છોકરાનો પિતા ઘણોજ આનંદ પામ્યો અને તે સંતના ચરણુમાં શીર ઝુકાવી પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યો.

[ જીવનપ્રકાશ ]

[ "પરોપદેશે પાંડિત્યં" જેવું વર્તન રાખનારાઓએ આ સંતનો દાખલો હૃદય સન્મુખ રાખીને કોઇ પણ વિષય ઉપર ઉપદેશ ધારાને વહેતી મુકતાં પહેલાં તે બાબત વિષે પોતાના જીવનમાં કેટલું ઉતાર્યું છે, તેનું અવલોકન કરીને જ બીજાને ઉપદેશ આપવા પ્રયત્ન કરવો જોઇએ "પોથીમાંના રીંગણાં" જેવું વર્તન ધરાવનારાઓ કોઇને ઉપદેશ આપવાને લાયક નથી. તેવાઓએ પોતાના આત્માને પહેલો સુધારવા પ્રયત્ન કરવો જોઇએ એવું આ સંતનું ઉદાહરણુ આપણુને ઉદ્‌બોધન કરી જાય છે. ]

[૨]

એક સંન્યાસી નદીમાં સ્નાન કરતા હતા, તેવામાં એક વિંછી તણાતો તેમની નજરે પડયો. સંન્યાસીએ પોતાની હથેલીમાં તેને લઇ લીધો પણ વિંછીએ ડંખ માર્યો, તેથી હાથ જરા

હલ્યો, એટલે પાછો તે પાણીમાં પડી ગયો. સંન્યાસીએ બીજીવાર તેને હથેલીમાં લઈ, બચાવવાનો પ્રયત્ન કર્યો. તે વિંછીએ ફરીવાર તેમને ડંખ માર્યો, સંતે પાણીમાંથી બચાવવા બહાર જમીન ઉપર કોઇ જગ્યાએ મુકી દેવા ત્રીજીવાર પણ તે વિંછીને પોતાની હથેલીમાં લીધો અને વિંછીએ પાછો ડંખ માર્યો. સંતના આ પ્રકારના કાર્યને જોઇને પાસે ઉભેલા એક ભાઇએ તે સંતને કહ્યું. 'મહારાજ! આપ આમ શાને કરો છો?' સંતે કહ્યું, 'જેવો તેનો સ્વભાવ ડંખ મારવાનો છે તેવો મારો સ્વભાવ તેને બચાવવાનો છે. તે ક્ષુદ્ર જંતુ પણ પોતાનો સ્વભાવ છોડતો નથી. તો હું માણુસ થઈને મારી ફરજ કેમ ચૂકું?' સંતનું પરોપકારમય હૃદય જોઈને તે માણસને ઘણો આનંદ થયો.

[ જીવનપ્રકાશ ]

[સમાજ અને રાષ્ટ્રના હિતચિંતકોને, આ સંતનો દાખલો કહી જાય છે કે, પોતાના સુખની ખાતર બીજા પ્રાણીઓનો નાશ કરવાનું કોઇ શાસ્ત્રનું ફરમાન નથી. છતાં બીજા પ્રાણીઓનો નાશ કરીને સુખ મેળવવાનાં ફાંફાં મારશો તો તેનું પરિણામ માનવસમાજ માટે ખતરનાક સર્જાએલું છે. વાંદરાઓની કતલ કરાવીને કે બીજાં પ્રાણીઓનો નાશ કરીને વધુ અનાજ મેળવવાના આજની સરકારે આદરેલા પ્રયોગોનું પરિણામ આજે કેટલું ખતરનાક નિવડયું છે, તે માટે દોષ કોનો છે? કુદરતનો કોપ આજે ભારત ઉપર તોળાઇ રહ્યો છે. તેનો વિચાર હજુ પણ કરવા સવેળા આજની સરકાર જાગ્રત નહિં થાયતો જેમ તિડોનાં જંગી ટોળાંનો કોપ જ્યાં ત્યાં ઉતરી પડયો છે, એવા બીજા પ્રકારના અવરોધી નહિં શકાય એવા કુદરતના કોપો હજુ નહિં ઉતરે એની શી ખાત્રી? માટે અમૂલ્ય એવો આ માનવભવ પામીને જેટલો બને તેટલો પરોપકાર કરી લેવો. એમાંજ માનવભવની સાચી સાર્થકતા છે. આ સંતનો દાખલો વધુમાં એ પણ કહી જાય છે, કે માનવતાને પરવારી બેઠેલો માનવી જેમ સમાજ માટે ભયંકર છે તેમ તેવા માનવીને કોઇપણ રાષ્ટ્રના ઉચ્ચ સત્તાના સ્થાને નિયુક્ત કરવામાં આવે છે ત્યારે તેનું અસ્તિત્વ રાષ્ટ્રની આબાદીને ભરખી જનારૂં નિવડે છે. કારણુ કે, શ્રી. ર. વ. દેસાઇના જ શબ્દોમાં કહીએતો, નાગને ભૂલાવે એવું ઝેર એનામાં ભર્યું હોય છે. વિંછી કરતાં પણ એ વધારે ડંખીલો હોય છે, વરૂ કરતાં પણ એનામાં વધારે ક્રૂરતા ભરેલી હોય છે. શિયાળને શિક્ષણ આપે એવી લુચ્ચાઇ એની રગેરગમાં ભરેલી હોય છે.]

૩

એક ઉંચો ટેકરો હતો, તેના ઉપર ઝુંપડાં હતાં. એક સંત ત્યાંથી ભિક્ષા લઇને નીચે ઉતરી રહ્યા હતા. ટેકરાની નીચેથી પાંચેક વર્ષની બાળા તેના ત્રણેક વર્ષના ભાઈને ઉંચકીને ઉપર આવતી તે સંતે જોઇ, તેમને લાગ્યું કે આટલી નાની બાળા આટલો ભાર ઉપાડીને શી રીતે ટેકરો ચઢી શકી? એનામાં એટલી શકિત તો જણાતી નથી. સાધુની નજીકમાં બાળા આવી પહોંચી એટલે તે સાધુએ પૂછયું. 'છોકરી તું નાની છે છતાંયે તારા ગજા ઉપરાંતનો આટલો બધો ભાર ઉપાડીને તું શી રીતે ટેકરો ચઢે છે'? આ સાંભળીને બાળાએ ઉત્તર આપ્યો કે, 'એ મારો ભાઇ છે.' છોકરીનો જવાબ સાંભળીને તે સંતને જણાયું કે, જ્યાં મમત્વ છે, પ્રેમ છે, ત્યાં ભાર કે બોજ જેવું કાંઈ લાગતું નથી.

[આઠ કે દશ વર્ષનો નાનો બાળક કે બાલિકા દિક્ષા લેવા તૈયાર થાય છે અગર દિક્ષીત થયેલા હોય છે ત્યારે તેઓને જોઇને કેટલાક સંસાર રસિક જૈન શાસનના રહસ્યને નહિં પામેલા અબુધ જીવોને એમ લાગે છે કે, આ કેવી રીતે સાધુધર્મનું પાલન કરી શકશે? કરી શકતા હશે? પણ તેઓ બિચારાઓને કયાં ખબર હોય છે, કે જેને જેના પરત્વે સાચો પ્રેમ કે મમત્વ જાગે છે, ત્યાં તેને કોઈ પ્રકારની કઠિનતા જેવું લાગતું નથી.]

# મધપૂડો

'કલ્યાણ'માં વિવિધતા આણવા અને તેના વાચકોને બોધપ્રદ વાંચન આપવા અમારા પ્રયત્નો ચાલુ છે. સામગ્રી, સંયોગ આદિની અનુકૂળતા મુજબ તે દિશામાં અમે વધુ ધટતું કરી રહ્યા છીએ. આજથી 'કલ્યાણ'માં આ નવો વિભાગ શરૂ કર્યો છે. આગામી અંકોમાં નિયમિત રીતે આ વિભાગમાં આવું ઉપયોગી સાહિત્ય રજૂ થતું રહેશે.—સં૦

જેવું સાંકડા મોંઢાની બાટલીઓનું તેવું જ સાંકડા મનના માનવીઓનું. અંદરની વસ્તુ જેટલી ઓછી તેટલો ઠાલવવામાં અવાજ વધારે.

મદિરા જેમ સબળ મસ્તકને અસર કર્યા વિના રહેતી નથી, તેમ સત્તા પણ ગમે તેવા શાણા માણસને પણ ભ્રમિત કર્યા–પાગલ કર્યા વિના રહેતી નથી.

સ્ત્રીઓ અને વર્તમાનપત્રો વચ્ચે ઘણું સામ્ય છે. બન્ને જૂનાં થઇ ગયા પછી મહત્વના રહેતાં નથી બન્નેનો પરિચય ઉપલક દૃષ્ટિયે સારો, બહુ નહિ.

નિયમીતતા એટલે સામી વ્યક્તિ કેટલી મોડી પડે છે, તે જોવાની ફેશન.

કપડાં પરથી પુરૂષ પારખવો એ જેકેટ–પૂંઠા પરથી પુસ્તક પારખવા જેવી ઘેલછા છે.

હૃદયનું દ્વાર પ્રેમથી ખૂલે છે, અને કંજૂસની કોથળીનું દ્વાર ખુશામતથી ખૂલે છે.

સૌંદર્યવાન સ્વચ્છંદી સ્ત્રી વિકૃત મનના પુરૂષની આંખનો ખોરાક છે, પણ જીવનને માટે તો એ દુઃખ, શોક અને સંતાપનું સાધન છે.

માનવ બે રીતે દુઃખી થાય છે, નશીબ કરતાં એને વધારે જોઇએ છે, અને સમય પાકયા પહેલાં ઉતાવળે જોઇએ છે.

જે માણસ પોતાને ડાહ્યો માને છે, તેની આગળ દલીલો કરવી, એ કૂતરાની પૂંછડીને સીધી કરવા બરાબર છે.

સુધરેલા જગતમાં દર મીનીટે ૨૦ લગ્નો થાય છે, અને દર મીનીટે ૧ છૂટાછેડાનો કેસ નોંધાય છે, માટે હજુ યૂરોપના સામાજિક સંસારમાં સ્નેહ, શાંતિ કે સમભાવ જેવી વસ્તુ ટકી રહી છે. જ્યારે બન્ને પાસાં સરખાં થશે, પછી શાંતિનું દેવાળું નીકળવાનું.

ઉધાર લીધેલા પૈસા પાછા આપવા મુશ્કેલ હશે, પણ ઉધાર આપેલા પૈસા પાછા મેળવવા એથીયે વધુ મુશ્કેલ છે.

જેઓ વ્યક્તિગત વિચારે કે પોતે કશું કરી શકે એમ નથી, અને જુથમાં બેસી નક્કી કરે કે કશું કરવા જેવું નથી તે આજની સમિતિઓ અને કમિટિઓની ઓળખાણ.

સુખમાં મિત્રો આપણને ઓળખે છે, દુઃખમાં મિત્રોને ઓળખવાનો આપણને અવસર મળે છે.

જે લોકો સહન કરતાં ડરે છે, તે લોકો જ ડરના માર્યા સહન કરે છે.

સમાજવાદે અને સામ્યવાદે ધનિક અને મજૂર; શેઠ અને નોકર વચ્ચેના–બેમ્નેના ચાલ્યા આવતા એખલાસ, સંબંધોમાં અગ્નિ ચાંપી અશાંતિની હોળી સળગાવી,–આ છે સમાજવાદનાં તોફાન.

ગાંધીવાદે ઢેડ-ભંગી તથા ઉચ્ચવર્ગના હિંદુઓ વચ્ચેના ચાલ્યા આવતા ભાઇચારામાં કચવાટ ઉભો કરી બન્નેને સામ–સામા લડાયક મોરચા પર મૂકયા.

પં. ક. વિ.

**ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી**
**આપત્તકાલ એ પરખીયે ચારી**

—તુલસીદાસજી—

પોતાના પુત્રને માણસ બનાવતાં સ્નેહાળ માતાને ૨૦ વર્ષ લાગે છે, જ્યારે પારકાઘરની સ્ત્રી, વહુ તરીકે આવી એ દીકરાને ૨૦ મીનીટમાં મૂર્ખ બનાવી

દે છે, આ છે મોહનો માદક નશો.

જે માણુસ કોઇનો જામીન થતો નથી અને જે કોઇનું દેવું કરતો નથી તે નિરાંતે ઉંઘ લઇ શકે છે.

ગરીબ અને શ્રીમંત વચ્ચે તફાવત આજ-કાલ એ રહ્યો છે, કે શ્રીમંતને જમતી વખતે પરસેવો થાય છે, જ્યારે ગરીબને જમવાનું મેળવતાં પરસેવો થાય છે-આ છે પૂર્વના સુકૃત-દુષ્કૃતની કમાણીનું અંતર.

આશા એતો મધુર કડવો અંશ છે જીંદગીનો,

છેદાયના જીવિતથકીએ છેદતા જીવ જાતો.

વર્ગ-વર્ગ વચ્ચેના ભેદોને મોટું રૂપ આપી તેને લડાવી મારનાર અને વર્ગવિગ્રહ ઉભો કરનાર **સમાજવાદ** અને વર્ણ-વર્ણ વચ્ચેના ભેદોમાં કટુતા આણી તેમાં વર્ણવિગ્રહ ઉભો કરનાર-**ગાંધીવાદ.**

જુના સમયના યૂરોપની આ વાત છે. શિક્ષકનો મોભો કેટલો પવિત્ર છે, તે આથી સમજાય છે; ઇંગ્લેંડની વેસ્ટમીન્સ્ટર સ્કૂલના પ્રખ્યાત વૈજ્ઞાનિક ડોકટર શ્રી બુસ્બી, જ્યારે રાજા ચાર્લ્સ બીજાને સ્કૂલ બતાવે છે, ત્યારે હેડમાસ્તર તે વેળા વિદ્યાર્થિઓને ક્લાસમાં શિક્ષણ આપી રહ્યા છે, તે વેળા રાજાની સામે જોવા છતાં પોતાના માથાપરની ટોપી તેણે ન ઉતારી, રાજાને એમાં અપમાન લાગ્યું, કલાસ પૂરો થયા પછી હેડમાસ્તરે રાજાની સમક્ષ ખુલાસો કર્યો; માફ કરજો સાહેબ, આપના માનમાં મેં માથાપરની હેટ ન ઉતારી, હું તેમ ન કરી શકયો, કારણ; હું તે વખતે મારા વિદ્યાર્થિઓ સમક્ષ વિદ્યા જેવી પવિત્ર વસ્તુનું દાન કરી રહ્યો હતો તે સમયે મારા વિદ્યાર્થીઓને એમ ન લાગવું જોઈએ કે, ' વિદ્યા અને વિદ્યાગુરૂ કરતાં આ જગતમાં બીજો કોઇ મોટો માણુસ છે. મારા વિદ્યાર્થીઓનાં મન પર જો એવી છાપ પડે તો તે મને પરવડે નહિ ' આથી રાજા ખુશ-ખુશ થયો.

[ પં. ક. વિ. ગણિ ]

## આજનો વિદ્યાર્થી.

**જ્યારે** હમણાં તાજેતરમાં બનેલો એક કીસ્સો આજે માસ્તર-શિક્ષકોનું, વિદ્યાર્થી જગતમાં કેટલું હીણું સ્થાન છે તે બતાવી આપે છે-વાંકાનેરની સ્કુલમાં પરીક્ષાઓ ચાલતી હતી. માસ્તર હોલમાં વિદ્યાર્થીઓ પર દેખરેખ રાખવા ફરતા હતા. એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીના પેપરમાં જોઈ જતો હતો. ચોરી કરનાર વિદ્યાર્થીને માસ્તરે પકડયો. કલાસમાં ઉભો કર્યો, આથી ઉશ્કેરાએલા તે વિદ્યાર્થીએ પોતાના પગનો જોડો કાઢીને સીધો માસ્તર પર ફેંકયો. બીજા વિદ્યાર્થીઓએ ગરબડ કરી મૂકી.-આ છે આજના વિદ્યાર્થી જગતની ફરજેતી. શિક્ષણ અને તેના આપનાર વિદ્યાગુરૂ પ્રત્યેનો બહુમાનભાવ જ્યાં નથી, વિનય કે વિવેક જેવી વસ્તુ જ્યારે વિદ્યાર્થીઓના જીવનમાંથી આમ તદ્દન ઓસરતી જશે તો એ વિદ્યાર્થીસમાજ ભણી-ગણીને તૈયાર થયા પછી દેશ, સમાજ કે કુટુંબને કઇ રીતે ઉપકારક બનશે ! [ પં. ક. વિ. ગણિ ]

## પશુમાં પડી એક તકરાર

એક સમાજવાદી મિત્ર પોતાની પાડોશમાં રહેલા એક ભાઇને સમજાવી રહ્યો છે; જુઓ, તમારી પાસે બે ગાય છે, તેમાંથી એક અમને મળવી જોઇએ, એટલામાં ત્યાંથી પસાર થતા ' સામ્યવાદી જનાબ વચ્ચે બોલી ઉઠયા ' ના એમ નહિ. તમારી પાસે બે ગાય છે તે બંન્ને અમને આપી દો, અને અમારી પાસેથી દૂધ ખરીદો ' આ બન્નેની ટપાટપી પેલો પાડોશી સાંભળી રહ્યો છે. ત્યાં એક મૂડીવાદી માનસ ધરાવતા ભાઇ વચ્ચે આવી લાગ્યા; અને ફેંસલો સુણાવ્યો; ' જુઓ તમે બન્ને ખોટા માર્ગે છો; અને પેલા પાડોશીને કહ્યું ' તમારી પાસે બે ગાય છે, હવે એક બળદ ખરીદી દેશનું ઉત્પાદન વધારો ' આમ ત્રણ વચ્ચે વાત વધી, ત્યાં તો ધોળી ટોપી અને ઝભ્ભામાં સજ્જ એક ગાંધીવાદી કોંગ્રેસમેન ત્યાં આવી ચઢયા; તેણે કહ્યું; ના એમ નહિ, તમે દૂધનો વ્યાપાર શરૂ કરો, સરકારને જુદા-જુદા ટેક્સો આપી સરકારને સહાય કરો: ' આમ પશુમાં પડી એક તકરાર, વાદ-વિવાદમાંથી હિંસક-અહિંસક પ્રતિકાર પર બધા ચડી ગયા એટલામાં ત્યાંથી જતા એક અધ્યાતમવાદમાં માનનાર ભાઇની દૃષ્ટિ આ ચર્ચાના ચોરા પર પડી, તેમણે ઠંડે કલેજે આ બધાની વાતો સાંભળી અને જવાબમાં વિનમ્ર શબ્દોમાં કહ્યું; ' ભાઇઓ ! જુઓ તમારામાંથી એકેને મારી સલાહ ખપ લાગવાની નથી, એમ મને સમજાય છે; છતાં આ બધી માંથાફોડ નકામી છે, હું તો આજની આ તકે એટલું

જ કહીશ કે, 'પૂર્વની પુણ્યાઇથી જે મળ્યું છે, તે ભેગું કરવાની કે વધારવાની લોભવૃત્તિને તજી સંતોષ રાખો. તમારાથી હીન, દીન–દુઃખિતોને સ્વાર્થના ભોગે સહાયક બનો, પીડિતોની પડખે રહો; ભોગવતા પહેલાં છોડતાં–ત્યજતાં શીખો; મેળવવા કરતાં આપતાં શીખો, આમાં જ માનવતા છે. સમાજવાદ, સામ્યવાદ કે બીજા કોઇ વાદ કરતાં હિંદને–દુનીયાના દરેક દેશને જરૂર છે, આ માનવતાવાદની ચોકખી ભાષામાં કહીએ તો ભલાઇવાદની. આ સિવાય બીજા બધા વાદો કાંઈ ખપના નથી.' [પં. ક. વિ.]

## આજની નવી કહેવતો.

'ધણી વિના ઢોર સૂનાં' અને કોંગ્રેસરાજમાં 'છતી પોલીસે વધતા ગુન્હા'.

ધણી આવ્યો કે ધાડ; ઝુંપડું લગાડયું કે વાડ; બહારવટીયા આવે કે અમલદાર; એક કહેશે કાપું નાક, બીજો કહેશે પૈસા આપ;

ધર્મની ગાયના દાંત શા જોવા, મફતીયા શાકપાંદડું મળ્યાં તો અમલદાર કહેશે, એટલું તો રળ્યા.

ધન ઘેલાં તો મન ઘેલા; સરકાર કહે પ્રજાઘેલી; પ્રજા કહે સરકાર; આઝાદી કહે બન્ને ઘેલાં, એ હિંદના તંત્રનો સ્વર.

ધોબીનો કૂતરો નહિં ઘરનો, નહિ ઘાટનો–ને સરકારી કારકુન કાં ઓફીસમાંને કાં અમલદારને ઘેર.

ધાનવિનાના મરે કે સાનવિનાના મરે– ને સત્તાના સિંહાસને બેઠેલા માનમાં મરે.

નગારખાનામાં તતુડીનો અવાજ કોણ સાંભળે? ઢોલ ગગડાવે કોઠીના દ્વાર તોયે સળવળતી સરકાર,

ન જાણે જોશી તે જાણે ડોશી–ને બધાય ધંધા જાણે એ કોંગ્રેસી.

નદી પછવાડે ઓવારા, અમલદાર પછવાડે કાંટા દલાલ, ને અસીલ પાછળ દોડે વકીલ.

ન બોલ્યામાં નવગુણ પણ બોલે એનાં બોર વેચાય ને ભાષણો કરે તે નેતા થાય!


ઉનાળામાં હીમાળો

ગરમીનો

કટ્ટો શત્રુ

એટલે

ધખધખતા તડકામાં પણ શિયાળાની ગુલાબી ઠંડકની મજા માણવા આજે જ આવો

શરૂ કરો.

'ચરક'નો ગુલકંદ

[પ્રવાલ યુક્ત]

આજથીજ વાપરવો શરૂ કરો.

મગજની ગરમી, કબજીઆત, હરસ, ખુજલી, લોહી વિકાર, અનિદ્રા, શરીરનો દાહ વિગેરે મટાડી શરીરમાં ઠંડક લાવે છે

કિંમત તોલા ૪૦ના રૂા. ૪–૦–૦ અને તોલા ૨૦ના રૂા. ૨–૦–૦




ચરક ભંડાર

૪૯ બ્રુજીસ રોડ, મુંબઈ, ૭

:: શાખાઓ ::

સુરત અને અમદાવાદ.

# કાવ્ય સૌરભ.

## : આઠમા વર્ષના પદાર્પણ સમયે :

હર્ષથી વર્ષ આઠમામાં પ્રવેશતું કલ્યાણ છે,
અનુભવ અને તત્ત્વજ્ઞાનનું સુંદર એક નિધાન છે;
સાહિત્ય અને ઇતિહાસની સૌરભ જેમાં છે ભરી,
પ્રત્યેક પત્રોથી જગતમાં અધિક કીર્તિ છે વરી. ૧
નિષ્પક્ષતા અને નિડરતા જેની ભૂમિ વળી છે અજબ;
સૌએ મુક્તકંઠે કહી પ્રગતિ પણ જેની ગજબ;
સમાજ ઉન્નતિ અને વિકાસો સાધવા જે તૈયાર છે,
લેખક-કવિ અનુભવિ જનોનો જેમાં નિત્ય સહકાર છે. ૨
કુનયી અને ઉત્સૂત્ર ભાષિનો પ્રચારપણ દેખાય જ્યાં,
એક અડગ ખડ્ગ જેવું કલ્યાણ ઉભુ રહે છે ત્યાં,
જૈન-દર્શનનું સુદર્શન ચક્ર જેવું ભાસતું,
પુલકિત થઇને શાસ્ત્ર તત્ત્વોને સદા પ્રકાશતું. ૩
કુશંકા કુપથમાં પડેલાને સમાધાન આપતું,
દુર્નિવાર અને નાસ્તિક પ્રવાહોને એ ઝટપટ કાપતું;
સત્ય અને સુંદર વચમ વિલાસોને આલાપતું,
વાંચકોના હૃદય-પથ પર વીર શ્રદ્ધા સ્થાપતું. ૪
યોગી અને ધ્યાની તથા ત્યાગી તથા જ્ઞાની વળી,
નિત્ય વાંચે છે પ્રશંસે છે જેના શુભ ગુણને કળી,
દેશ-વિદેશ સર્વળે ફરીને ધર્મ-ઝરણું છે ઝરે,
મિષ્ટ ભોજન જેવું સૌને ધર્મમાં સુસ્થિર કરે. ૫
સાહિત્ય-ભાષા અભિનવ જેમાં સદા ચમકી રહે,
કથા કહાની રસ ભરપૂર સુધાસાર વણી વહે,
શંકા-સમાધાનો વિવિધ રંગો ભર્યા ભરપુર છે,
અવનવા જગ-ભરના જેમાં કદી નહિ વળી દુર છે. ૬
સાક્ષર વળી અનુભવી વિબુધ જનના લેખો જેમાં આવતા,
વાંચકોને નવનવા રસ નસોનસ ઉભરાવતા;
સંજયની નવી-નજરે નવ-વિષય જે દેખાડતું,
કચુંબરના તમતમા સ્વાદો વિવિધ ચખાડતું. ૭
અદ્ભૂતતા અલૌકિકતા અજોડતા અને ભવ્યતા,
સારલ્યતા સુન્યાયિતા અને સત્યતા સુવિચારીતા;
સાહિત્યતા સૌન્દર્યતા નિષ્પક્ષતા નિઃસ્વાર્થતા,
ઐતિહાસિતા સંસ્કારિતા જેમાં રહે છે ઝલકતા. ૮
શિશુ પણ એ તરુણ જેવું પ્રગતિ પંથે દોડતું,
ભલભલા સાહિત્ય ગ્રંથો સાથમાં જે હોડતું;
અનુભવી કોઇ વૃદ્ધ જેવું ઉંડી વાતો બોલતું,
શબ્દને સાહિત્ય ભૂષાથી સદા જે ડોલતું. ૯
જય વરો, વિજય વરો મંગલ-માલા વિસ્તરો,
અનેક કુટિલ ગહન પ્રશ્નો વાદી મનના ઉધ્ધરો;
ચારે દિશામાં ફરફરો અમર-પદવીને વરો,
અજ્ઞેય એવી નય મિશ્રિત જિનવાણી ઉચ્ચરો ૧૦

—શ્રી અજ્ઞેય

## : શુભાકાંક્ષા :

### : શાર્દૂલ-વિક્રીડિત :

વિસ્તારો શુભ સૌમ્ય જ્યોત જગતે સુજ્ઞાન શાન્તિ ભરી,
પામો એ કિરણાવલિ તરણિની અજ્ઞાન રાત્રી હરી;
ધારો અબ્ધિ-અપારતા ગુણ-મહા-રત્નાવલિ અર્પવા,
સાધો શ્રી નવલે પ્રભાત જગતું કલ્યાણ કલ્યાણ આ.

### : અનુષ્ટુપ :

લહોએ શકિત, ને સ્ફૂર્તિ, પ્રાણવન્તુ રહો સદા;
પૂરો ! એ પ્રાણને શકિત, ધર્મ-પ્રાણ-વિહીનમાં.

### : શીખરિણી :

જગજ્જન્તુ-કેરાં સકલ મન સંતાપ હરવા;
સ્વરૂપ-પ્રાપ્તિ હો ! વિપુલ વડની શાન્તિ ભરવા;
વહો ! વીરે ભાખ્યું, વિમલ શ્રુતનું શુદ્ધ ઝરણું,
કરો ! એ કલ્યાણ-પ્રચુર નૂતનાબ્દે ભૂ-ભરતું.

### : અનુષ્ટુપ :

ધર્મ ને સંસ્કૃતિકેરો, જગાવા નાદ વિશ્વમાં'
બનો એ શંખ તો શુભ્ર, સ્થાપવા શાન્તિ વિશ્વમાં.

### : ઉપજાતિ :

દશે દિશામાં, નવલે પ્રભાતે,
કલ્યાણ કલ્યાણ-દીપાવલિકા;
ચેતાવજો ! અર્પજો! વિશ્વ હૈયે-
'કલ્યાણ'ની તો કુમળી કલિકા.

—શ્રી રાજકીર્તિ

## : નવલીઉષા :

આવો ! આવો ! ! નવલી ઉષા,
આંગણિયે અમ આવો !
રકતરંગી વ્યોમસંગી, મુખ અમ્બુજ મુશકાવો !
નવઊર્મિ નવઆશા નવ-ચેતન નવજીવન લાવો !
કોમળ કર કિરણો ફેલાવી, નીંદ ગોદ તજાવો !
વાત્સલ્ય ભરિત કરથી પંપાળી;
હેતે વિશ્વ, હસાવો ! આવો૦ ? ૧

જાઓ ! જાઓ ! ! નવલી ઉષા,
વિશ્વ ખેડવા જાઓ !
જળમાં સ્થળમાં પર્વતશીરમાં, દશે દિશા ચમકાઓ !
જનના મનમાં તનમાં સઘળે, જ્યોત જ્વલંત જગાવો !
કાળજૂની' બૂઝેલી ચિરાગ, ' ચેતનની ચેતાવો,
લાલ ઉષા, જગલાલ હૃદયમાં,
લાલ રંગ રેલાવો ! જાઓ૦ ૨
લાવો ! લાવો નવલી ઉષા,
કોટી 'કલ્યાણ' લાવો,
મંગલમય સ્વમધુર સુણાવી, વિશ્વ ચાહના લાવો !
નાદ સત્યનો ગંભીર ગજાવી, જગત ચિત્ત ડોલાવો !
અવનિનાં અન્તઃકરણોને, આકર્ષી અહીં લાવો !
આદમી ઉષા, જય કલ્યાણી
કીર્તિ કલ્લોલ છાવો ! ૩

—ઉપશાન્ત

## લ્યો લાભ! પ્રોત્સાહન દઈ.

હરીગિત

કલ્યાણની ઈચ્છા યદિ, ' કલ્યાણ ' માસિક વાંચજો,
કલ્યાણકર સાહિત્યને, વાંચી વિચારી રાચજો;
કલ્યાણમૂર્તિ-સંત-સાધુ-જ્ઞાન-અનુભવ રસવતી,
પીરસાય છે રસથાળમાં, આરોગ્યદાયક કસવતી. ૧
વિદ્વાન શ્રાવક વર્ગના, લેખો વિવિધ વિષયો વિષે;
'શંકા-સમાધાનો,' સતત સત્સંગ થાસે એ વિષે;
વાતો અભિનવ જગતની, નિસ્કર્ષ સાથે આવતી,
નિયમિત ગોચરી જ્ઞાનની, તસરસિક જનગણુ ભાવતી. ૨
ઇતિહાસ, તત્ત્વ ચરિત્ર સંકલના નિબંધ પ્રબંધથી.
દિન-દિન વધે વૈવિધ્ય વિદ્દ્વર્ગ સ્નેહ સબંધથી;
ગ્રાહક, સહાયક, સભ્ય આદિ યોજનાને જાણીને,
લ્યો લાભ પ્રોત્સાહન દઇ, થોડે ઘણું જ પ્રમાણીને, ૩

શ્રી ભીખાભાઇ છગનલાલ શાહ

---

આફ્રીકાના ગ્રાહક બંધુઓ '**કલ્યાણ**' માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૬-૦-૦
નીચેના સીરનામે ભરી અમને પત્ર લખી જણાવશો.
**શ્રી દામોદરદાસ આસકરણ** પોષ્ટ બોકસ નં. ૬૪૯ **દારેસલામ** [આફ્રીકા]

---


**સારાભાઈ નવાબનું એક નવું કલાત્મક પ્રકાશન:**

# શ્રી જૈન ચિત્રાવલિ

**ત્રીસ ચાર રંગી ચિત્રો જુદાં જુદાં ૯ માઉન્ટો પર**

**મૂલ્ય પાંચ રૂપિયા**

આ ચિત્રાવલિમાં પંદરમા સૈકાનો મહામંગલકારી શ્રી ઋષિમંડલ બૃહદ્યંત્ર તથા મહાચમત્કારીક શ્રી મંત્રાધિરાજ ચિંતામણી યંત્ર કે જેમાં દરેક યંત્રમાં નવગ્રહો, નવનિધાનો, દશ દિગ્પાલો, ધરણેંદ્ર-પદ્માવતી, સરસ્વતીદેવી, લક્ષ્મીદેવી, અંબિકાદેવી, ક્ષેત્રપાલ તથા ગૌતમસ્વામીનાં રંગીન ચિત્રો તથા મંત્રો વગેરે વિદ્વદ્વર્ય મુનિ મહારાજ શ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાના પંદરમા સૈકાના પ્રાચીન કપડાં પરના ચિત્રપટોમાંથી મૂળ રંગોમાં આપવામાં આવેલાં છે તથા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવથી શરૂ કરીને ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી પર્યંતના ચોવીશે તીર્થંકરો, લંછનો તથા અવનવી ચિત્રાકૃતિઓ સહિત તથા શ્રી સરસ્વતીદેવી, શ્રી લક્ષ્મીદેવી, શ્રી ચક્રેશ્વરીદેવી તથા શ્રી સરસ્વતીદેવીનાં ચાર રંગમાં ચિત્રો આપવામાં આવેલાં છે. આ ત્રીસે ચિત્રોના રંગીન બ્લોકો મુંબાઇના ટાઇમ્સ ઓફ ઇંડીયા પ્રેસમાં કરાવેલા હોવા છતાં અને માત્ર ત્રણસો પ્રતોમાં મર્યાદિત આ ચિત્રાવલિની કિંમત દરેકના ખીસાને પોસાય તેટલીજ રાખવામાં આવેલી છે.

**સારાભાઈ મણિલાલ નવાબ** નાગજી ભૂદરની પોળ **અમદાવાદ.**

# એ ★ ક ★ જ ★ ભૂ ★ લ.

શ્રી જયકીર્તિ.



'મનુષ્યમાત્ર ભૂલને પાત્ર' કહીને આપણામાં આજ-કાલ ભૂલને ખોટી રીતે નભાવી લેવાની વૃત્તિ બહુ વધી પડી છે; પરંતુ એક નજીવી ભૂલ પણ-તેની પાછળ લાપરવાહ બની જઇએ, અંધ બની જઇએ તો જીવનની સારીયે ઉજ્જવળ કારકીર્દી ઉપર કલંક-કૂચડો ફેરવીને, અધોગતિની ઉંડી ખીણમાં ખેંચી જાય છે અને ન ભૂલાય તેવો ખતરનાક અંજામ લાવે છે, તેનો તાદૃશ ચિતાર-આ દૃષ્ટાંત ખડો કરે છે. સં૦

સતીનાં સતનાં યશોગાન ઠેઠ વિક્રમના કાન સુધી પહોંચી ચૂકયાં હતાં, એની સુવાસ ચોમેર ફેલાઇ ગઇ હતી. વગર પાંખે દશે દિશામાં ઉડી રહી હતી. જ્યાં જૂઓ ત્યાં સતી રત્નમંજરીનું નામ ગવાઇ રહ્યું હતું. એનાં નામ ઉપર ધન્યવાદના ઢેર ખડકાઇ રહ્યા હતા.

એક વૃદ્ધની સેવા માટે, પોતાની ઉગતી વૃત્તિઓનું બલિદાન આપીને રત્નમંજરી સ્વેચ્છાએ એક વૃદ્ધને વરી હતી. માત્ર વરી-પરણી હતી એટલું જ નહિ પણ પોતાનાં હ્રદયનો દેવ કરી ચૂકી હતી. હ્રદયમાં નવલા કોડને ભરીને આવતી યુવાન નવવધૂ જેમ યુવાન પતિની સેવા-આદર કરે તેમજ રત્નમંજરીયે વૃદ્ધને સેવી રહી હતી. તસતસતાં જોબનમાં સ્વેચ્છાએ વૃદ્ધની સાથે લગ્ન, તેની સેવા અને વળી વૃત્તિઓનું દમન, એજ એના યશોગાનના નિમિત્તભૂત હતાં.

નાગરિકોના દિલમાં રત્નમંજરીનું સ્થાન બહુ ઉંચુ હતું. એટલું જ ઉંચું તેણીનું સતીત્વ હતું. દિન-પ્રતિદિન તેણીનો યશ વ્યાપક બનતો જતો હતો. દેશ-દેશની જનતાના કાને પહોંચતો જતો હતો અને હ્રદયમાં એક મધુરૂં સ્થાન જમાવતો જતો હતો.

વિક્રમના કાને જ્યારે, સતીનો આ યશ પહોંચ્યો ત્યારે સહેજે એનાં દિલમાં સતીનાં સતને પ્રત્યક્ષ અનુભવવાની વૃત્તિ ઉછળી આવી. પહેલેથી જ એ સ્ત્રી ચરિત્રનો અનુભવી, શ્રોતા અને જિજ્ઞાસુ હતો એટલે આમાં પણ કાંઇક સ્ત્રી ચરિત્ર હશે! એમ એના દિલમાં ઉગી આવ્યું પણ પ્રશ્ન એ હતો, કે પ્રત્યક્ષ અનુભવનો મોકો મળે કેમ? અવસર મળે કે નમળે, પણ એની જિજ્ઞાસા અને અનુભવ, એને જંપીને બેસવા દે તેમ ન હતાં. અવસર આવીને મળે ત્યાં સુધી રાહ જોઇને બેસવા કરતાં, અવસરને ખેંચી મેળવવો, એજ એને, જિજ્ઞાસાને સંતોષવા અને અનુભવ વધારવા માટે સીધો રસ્તો લાગ્યો.

રત્નમંજરીની આજુબાજુની બધી બીના સમજી લઇને વિક્રમ એક દિવસ ઉપડયો તેનું ઘર કયાં આવ્યું ને તે કયાં રહે છે વગેરે બધી બીના જાણી લેવાનું ચતુર વિક્રમ ચૂકયો ન હતો.

'મૈયા, બારણું ઉઘાડજો ને!' રાત્રિના ઘોર અંધકારને ભેદીને એક પરવશ અવાજ રત્નમંજરીના દ્વાર પર અથડાઇ રહ્યો હતો.

'કોણ એ..........' કહેતાંકને પતિના પગ ચાંપતી રત્નમંજરી ઉભી થઇને દ્વાર તરફ સરકી ગઇ. પતિ સેવા અને દીન-દુઃખીઆની દયા, રત્નમંજરીનો જીવનમંત્ર બની રહ્યો હતો. રોજ સવારે પોતાના જ હાથે પતિને સ્નાન કરાવતી, પ્રેમથી જમાડતી અને બપોરે સુન્દર બિછાનું બિછાવી આરામ કરાવતી હતી. સાંજના પુનઃ હાથ-પગ ધોતી-જમાડતી અને પુનઃ સુંવાળા બિછાનામાં આરામ કરાવતી હતી અને કોમળ હાથે પગ ચંપી કરીને ઉંઘાડી દેતી હતી અને આજે જ્યારે રત્નમંજરી પતિના પગ ચાંપી રહી હતી ત્યારે એના કાને અવાજ અથડાયો;

'મૈયા, બારણું ઉઘાડજોને' અને રત્નમંજરી 'કોણ એ........' કહેતાં દ્વાર બાજુ સરી ગઇ હતી.

'કોણ છે, ભાઇ?' બારણાની સાંકળ ખોલતાં

રત્નમંજરીએ મધુર અવાજે પૂછ્યું,

'પરદેશી છું. રાત રહેવા દેશો ? ભાઇ,' ગળતા અવાજે આગન્તુકે પોતાની સ્થિતિ જણાવી,

'પરદેશી છો ?' કંઇ કહેવાની ગમ ન પડતાં રત્નમંજરીથી બોલાઇ જવાયું, પણ એના હૈયાની સ્થિતિ તો જૂદી જ હતી. એ વિચારી રહી હતી; 'પરદેશી માણસને કેમ રાત રહેવા દેવાય ?' એ એની વ્યવહારૂ બુદ્ધિનું સૂચન હતું, જ્યારે એની દયામયતા પોકારી રહી હતી. 'બિચારો ભલેને એક ખૂણામાં પડયો રહે.' વ્યવહારૂ બુદ્ધિ ને દયાબુદ્ધિના વિવાદમાં આખરે દયાબુદ્ધિ જીતી. પરદેશી રત્નમંજરીના જવાબની રાહ જોતો ઉભો હતો, એની આંખોમાંથી ગરીબાઇ નીતરતી હતી, અને અવાજમાં કરૂણતા રણકી ઉઠતી હતી, છતાંય એના ચહેરાનું તેજ અછતું ન હોતું રહેતું છૂપાયું છૂપતું ન હતું. ચહેરા ઉપરના ચમકતા તેજને દબાવવા પરદેશી મથી રહ્યો હતો, જબરજસ્તીથી દબાવી રહ્યો હતો. સદ્ભાગ્યે એનું એ તેજ રત્નમંજરીની આંખમાં ન વસ્યું.

'ભલે, આ ખૂણામાં સૂઈ રહેજો, ખુશીથી !' કંઇક વિચાર કરીને કીધા પછી રત્નમંજરી ચાલી ગઇ અને પરદેશીએ નિરાંતનો શ્વાસ ખેંચ્યો.

રાત વધતી જતી હતી. અંધકારનો ઓથાર ઊતરી રહ્યો હતો. ધીમે ધીમે એક પછી એક જંપતા જતાં હતાં. રત્નમંજરી પણ ઊંઘી ગઈ હતી. તે વખતે પેલો પરદેશી પાસાં ઘસડી રહ્યો હતો. એનાં દિલની ચિન્તા એની ઊંઘને ખાઇ ગઇ હતી. ખરૂં પૂછાવો તો એને ઊંઘ જોઇતી પણ ન હતી. અંધકારમાં પણ એ ઘરના ચારે ખુણા માપવા મથી રહ્યો હતો. જાણે કંઇક શોધી રહ્યો હતો. પણ અંધકાર એને સિદ્ધિ સાંપડવા દેતો નહતો. થોડીવાર પડખું ફેરવ્યા પછી એની આંખમાં પણ જંપ વળવા માંડયો પણ એના નસીબમાં જંપ હતો કયાં ? જંપ વળ્યાને હજુ બહુ સમય વીત્યો ન હતો; એટલામાં એ એકદમ ઝબકી ઉઠયો, એના કાને એક ભયંકર ચીસ અથડાઇ. તે પથારીમાંથી અડધો બેઠો થઇ ગયો અને ચીસની દિશામાં કાન માંડયા. સાવધ થઇ ને અસ્પષ્ટ શબ્દમાં થતો વાર્તાલાપ ધ્યાનથી સાંભળવા લાગ્યો.

'જો તો ખરો ! ડોસો તો કયારનો સ્વધામ પહોંચી ગયો છે.' રત્નમંજરીના રૂપાની ઘંટડી જેવા અવાજમાંથી ભય કરતા નીતરી રહી હતી. મસ્તીએ ચઢેલી રત્નમંજરીનો માદકતાથી મઢેલો અવાજ સાંભળી પરદેશી વધુ ચમકયો, વધુ સાવધ થયો, અને કાન વધુ સવળા કરી સાંભળવા લાગ્યો.

. ના પણ આજે તો મને જવા દે !' ડરતા અવાજે સામે ઉભેલો નવજવાન બોલ્યો. તેનું રૂપ જોઇને આજે રત્નમંજરી ગાંડી બની હતી. તેની દબાવેલી વૃત્તિઓ આજે ઉછળી આવી હતી. વર્ષોથી કાબૂમાં રાખેલી ભાવના આજે જોર કરી રહી હતી. એનું જોબન આજે રમણે ચઢયું હતું. જાણે ધસધસતું નદીનું પૂર.

રત્નમંજરીને ત્યાં ધનની ચોરી કરવા આવેલો ચોર એનું ચિત્ત ચોરી લેશે; એવું કોણ જાણતું હતું ? અને વર્ષોથી ઠારીને રાખેલા એના હૃદયનાં–મધસાગરના નીરને હિલોળે ચઢાવશે ! એનીયે કોને ખબર હતી ?

બારી ઓળંગીને ચોરે આવાસમાં પગ મૂકયો. રત્નમંજરી જાગી ઉઠી. કાળનો અકાટય સંકેત હતો. કર્મની એ જાદૂઇ લીલા હતી. પામર મનુષ્ય એને કેમ પિછાણી શકે ?


આમતો રત્નમંજરીની નજર નીચે ઘણાય રૂપના ભડકા આવી ગયા હતા પણ એકેય એના હૃદયાગ્નિને ચેતાવી શકયા નહતા. અગરતો કહો કે રત્નમંજરીએ સાવધાનીપૂર્વક તેનું રક્ષણ કર્યું હતું પણ આ શું ? ચોરનું રૂપ ખરેખર, રત્નમંજરી માટે ભયાનક નીવડયું. વર્ષોથી જાળવીને રાખેલો હૃદયનો બંધ આજે તૂટી પડયો અને ચોરના રૂપ તરફ વહી નીકળ્યો. ઉગતા જોબનને, અનેક યુવાનોને ઠુકરાવીને વૃદ્ધને વરેલી રત્નમંજરી જીવનની બંધાઇ ચૂકેલી અવસ્થામાં વકરી ગઇ, ચોરની રૂપ-રાશિમાં ડૂબી ગઇ.

हतमपि हन्ति હણાયેલાંને પણ હણવાની પ્રવૃત્તિવાળા નિષ્ઠુર મદનને રત્નમંજરીની દયા તો શેનીજ આવે? લાંબા કાળનાં યુદ્ધ પછી જીતવાનો આખરી પ્રસંગ નિર્દય- કામદેવ શેનો મૂકે ? અનેકોની મજાક ને ભૂંડી હાલત કરી ચૂકેલો તે આજે રત્નમંજરીને પણ ફસાવી રહ્યો હતો.

# વિરતિ અને વિવેક વિનાનું જ્ઞાન આપત્તિજનક છે.

પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ.

**સંસાર** ચક્રનો એક એવો નિયમ છે, કે શ્રીમંત માગવા-વાળા માનવને દાન ન આપે તો તે હાંસી-પાત્ર બને છે. ધન-હીન કંઇ જ ન આપે તોય પ્રશંસાપાત્ર બને છે, અને લોકમાં બોલાય છે કે, બિચારાનું દિલ દરિયાવર છે, પણ શું કરે? અને શ્રીમંત બનીને કંઇ જ ન આપે ત્યારે લોક કહે છે કે, ગધાડાની ડોકમાં મોગરાનાં અને ગુલાબનાં ફુલની માળા જેવી આ કંજુસને લક્ષ્મી મલી છે. હૈયાનો ભિખારી અને દિલનો ચોર શ્રીમંત હોય તોય તે લોક-વાણીમાં ઘણો જ તિરસ્કારને પાત્ર બને છે, તેમ સંસારમાં માનવોને ક્ષયોપશમ અને ઉદ્યમના પ્રમાણે જ જ્ઞાન-પ્રાપ્તિ થાય છે. કેટલાક માનવો બાલ-વયથી જ્ઞાનાભ્યાસ કરવા ભગીરથ પ્રયત્નો આદરે છે અને અંતમાં અનેક બિરૂદોને પ્રાપ્ત કરે છે અને વિદ્વાનોમાં ગણત્રી થાય છે.



કેટલાકો ધાર્મિક-જ્ઞાનના ઉંડા અભ્યાસીઓ હોય છે, કેટલાકો લૌકિક-વ્યવહાર જ્ઞાનના નિષ્ણાતો હોય છે પણ એ જ્ઞાન સ્વ-પર પ્રકાશક નીવડે ત્યારે જ જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન ગણાય છે પણ અદ્ભૂત જ્ઞાન મેળવ્યા પછી પણ વિચાર, વાણી અને વર્તનમાં એકધા-વૃત્તિ-પ્રવૃત્તિ ન દેખાય ત્યારે એ પંડિત-પ્રવરો નિંદાને પાત્ર બને છે અને તેઓના વચન પર જન વર્ગની શ્રદ્ધા પણ લોપ થઇ જાય છે. આથી પુરૂષ તરીકે એવા શુષ્ક જ્ઞાનીઓની ગણત્રી કદીએ થતી નથી અને તેઓ જ્ઞાનનો જોઇએ તેટલો પ્રકાશ પહોંચાડી શકતાય નથી. દીપક હજારોને પ્રકાશ આપે છે, બલ્કે પોતાની પાસે અંધારૂ છે. કોઇ આંધળો ચાલતો સ્ખલના પામે કે ક્ષતિ પામે તો એમ કહેવાય કે, બિચારો અંધ છે, શું કરે? પણ મોટી એવી આંખો હોવા છતાં ધોળા-દિવસે દીવો હાથમાં લઇને ચાલનારો જો ખાડામાં પડે કે ઠોકર ખાય તો લોકો એમજ કહે કે, મૂર્ખો! આંખો છતાં જોયા સિવાય કુવામાં કેમ પડયો! તેમ સત્-અસત્‌ના જ્ઞાનવાળો અનાચારી બને, અવિવેકી બને, વિનયના પાઠોને ભૂલી જાય, જેમ આવે તેમ વાણીમાં બાફે! અને વર્તનમાં સ્વચ્છંદતાથી, અપવિત્રતાની બદી ઘુસાડે! તો પછી આંધળા કરતાંય વધારે ગુન્હેગાર કેમ ન ગણાય! ઘણા એવો ઉત્તર આપે છે કે, જ્ઞાની ભલે અનાચાર સેવે, ભલે જેમ આવે તેમ બકે, ભલે જગતને ઉંધા રસ્તે લઇ જાય! પણ તેની પાસે એવી એક

---

રત્નમંજરી જાગે છે એમ જાણીને ચોર પાછો વળ્યો. રત્નમંજરીએ ઊઠીને, પાછળ જઇ એકદમ તેનો હાથ પકડયો. ચોર જોકે બીન્યો. તોય હિમ્મત રાખીને ઊભો રહી ગયો. રત્નમંજરી મૂઢ જેવી થઇને તેના મોં સામું જોઇ રહી હતી, સૌન્દર્યપાન કરી રહી હતી. ચોરને આશ્ચર્ય થયું, કે આ વળી કેવી રીત? એનો ભયતો લગભગ બધો ઓસરી ચૂકયો હતો. થોડીક ક્ષણો વીત્યા પછી ચોરે જવાનો પ્રયત્ન કર્યો. અત્યારસુધી મૌન ઉભેલી રત્નમંજરીની વાચા હવે ખૂલી ગઇ, તે બોલી.

'કેમ નથી ગમતું અહીં? જૂના કાળની પ્રીત હોય તેમ રત્નમંજરીના અવાજમાંથી ધ્વનિત થતું હતું. પણ તદ્દન નવી પ્રીતની આ રીત ચોરને વધુ મૂઝવણમાં મૂકી રહી હતી.

'જો! કેવી ચાંદની રાત છે? અને આ રૂપેરી તેજનાં સાગર ઉભરાય છે, કેવા મજાનાં છે? અને તું જવાની વાત કરે છે? જાણે અમૃતનાં છલોછલ ભરેલા ઠામમાં વિષની ધારા' કહીને રત્નમંજરીએ ચોરને નજદીક ખેંચ્યો. તેણીનાં બધા ખેલ તે સમજી ચૂકયો હતો.

—ક્રમશઃ

ચાવી છે કે, ઉંધાને સીધું બનાવી શકે છે પણ આ પ્રમાણે બોલનાર દ્રષ્ટિરાગી કે ઉન્માર્ગગામી છે. સમજવું જોઇએ કે. જ્ઞાની કે અજ્ઞાની બન્નેય વિષ પીએ તો જરૂર મરે જ છે. હાં, ઝેર-નાશક બુટ્ટી જેની પાસે હોય તે ઝેર પીને જીવતો રહે છે પણ વિષ મારનાર છે, એવું જાણનારો પીવાની ચેષ્ટા જ શા માટે કરે! કદાચ-કર્મવશ કરે છે, એમ કહેશો તો અજ્ઞાની પણ કર્મવશ જ કરે છે, તો પછી જ્ઞાની અને અજ્ઞાનીમાં ફરક શો! એટલે જ્ઞાની સદ્બોધ પામ્યા પછી વિચાર, વાણી અને ક્રિયાઓમાં એક પ્રકારે જ વર્તે છે. "महतामेक रूपता" મહાપુરુષોની સદૈવ એકરૂપતાજ હોય છે.

ધગતી અંગારાની ચિતામાં પડવાથી બળી જવાય છે, એમ બધાય જાણીયે છીએ એટલે એવી ચિતામાં મરવાની ઇચ્છા સિવાય કોઇ પડતો નથી, તેમ જ્ઞાની કદીય અનાચારના માર્ગે જતો નથી. જ્ઞાની વિવેક કે વિનયને ચૂકતો જ નથી, જ્ઞાની દેશકાલને લક્ષ્યમાં રાખ્યા સિવાય વર્તે નહિ, એકાન્ત હોય કે જાહેર હોય પણ જ્ઞાનીનું જીવન એકજ સરખું પવિત્ર અને નિર્દોષ જ હોય છે. અમે જ્ઞાની છીએ, અમે તર્ક-વાદી અને પ્રતિભાસંપન્ન પ્રપક્ષો છીએ કે અમારી સામે કોઇ પણ વાદી કે જ્ઞાની ટકી શકે નહિ, આવી મિથ્યાભિમાની વૃત્તિવાળાઓ તો ભલે પોતે પોતાની જાતને જ્ઞાની માનતા હોય પણ દુનિયાને ભારે અનર્થના માર્ગે વાળનારાઓ હોય છે. દરેક દુકાને બોર્ડ તો "ઇન્સાફી અને શાહુકારીની પેઢી છે" "એકજ ભાવ અને એક જ વાત! પધારો!" પણ આવાં બોર્ડો વેપારીઓ ગ્રાહકને આકર્ષવા અને વિશ્વાસમાં લેવા, ગ્રાહકો વાંચી શકે એવી રીતે લટકાવે છે, પણ એમાં બોર્ડ કે વેપારીની કિંમત શી? તેમ અમો જ્ઞાની છીએ! પંડિત-પ્રવરો છીએ! આવી બીરૂદાવલીઓ ઘણાની આગળ બોલાય છે પરંતુ તેઓની સાથે કામ પડતાં તેઓના અંતરજીવનની દશા જોવામાં આવે છે તો નજરે પણ જોતાં તેવાઓની પર ઘૃણા જ છૂટે છે.

આંતિરક વર્તન જુદું-પ્રચારમાં વાણી જુદી-અને બાહ્ય આડંબર જુદો જ દેખાય છે. તો શાસ્ત્રો કહે છે કે, વિરતિ અને વિવેક વિનાનું જ્ઞાન આપત્તિ રૂપ થાય છે.

જ્ઞાન એ નેત્ર છે પરંતુ દિવસના અજવાળા સિવાય નેત્ર કંઇ કામમાં આવતાં નથી; તેમ વિરતિભાવ અને વિવેક એ દિવસના અજવાળાં જેવાં છે. ચક્ષુ ગમે તેટલાં તેજસ્વી કે દીર્ઘાવગાહી હોય પણ પ્રકાશની અપેક્ષા જરૂર રાખે છે, તેમ જ્ઞાન પણ આચારશુદ્ધિ અને વાણીશુદ્ધિ સિવાયનું એક ઉપદ્રવ રૂપ છે. કારણ કે, છદ્મસ્થને જ્ઞાન વધતું જાય અને જ્ઞાન ફલ કશુંય ન હોય તો દર્દીને દવા ઘણીજ સુંદર આપવા છતાં અસર વિના નકામી જાય છે તેમ જ્ઞાન બોજા રૂપ બને છે. જ્ઞાન લેવાનો ગંગ-ઘાટ સુગુરુઓ જ છે. સુગુરુઓની નિશ્રામાં સવિનય અને ક્ષમાપૂર્વક જે જ્ઞાન મેળવાય છે તે વિધિપૂર્વકનું સમ્યગ્જ્ઞાન કહેવાય છે, ગુરુની નિશ્રા સિવાય આપોઆપ ગંભીરતા ભર્યા, ગૂઢાર્થવાળા. શાસ્ત્રો વાંચતા વાનરને મણીહાર પહેરાવાની જેમ નિષ્ફલતાને પામે છે, કારણ કે જૈનાગમો તેમજ અન્ય જ્ઞાની વિરચિત ગ્રંથો અપેક્ષાની સુવાસથી વાસિત હોય છે, એ અપેક્ષાઓને, અપવાદોને, ગંભીર અર્થોને તેમજ અનેક કલ્પનામાં ન આવે તેવી સર્વજ્ઞીય બાબતો પર અશ્રધ્ધા જન્મે છે અને એ અશ્રધ્ધા પામેલા જૈનશાસનને પણ ગુમાવી બેસે એવી દુર્દશા પેદા થાય છે. જૈનોનું દ્રવ્યાનુયોગ જ્ઞાન તેમજ ભૌગોલિક જ્ઞાન અને આકાશ-પદાર્થોનું પરિજ્ઞાન ઘણું જ વિશાલ તથા બારીક છે. કુપમંડુક જેવાઓને સર્વજ્ઞનું વિશાલ-જ્ઞાન કેવી રીતે ભેજામાં ઉતરે! ગુરૂ-ગમથી ધીમે ધીમે વિધિપૂર્વક ગ્રહણ કરતા આ જ્ઞાન પચે છે, રૂચે છે અને શ્રધ્ધા-પુષ્ટ બને છે વૈદ્યની સાંનિધ્યમાં સોમલ જેવું ઝેર પણ ખવાય છે અને પચાવાય છે પણ વિધિ-વિના દેખાદેખી કોઇ માનવી સોમલ ખાઇ જાય તો કેવી દશાને પામે છે, તે અનુભવગમ્ય જ છે ને? આજે-પરિબલ ખવાતું જાય છે. ગુરૂ-ગમ સિવાય આપમેળે અનેક આગમોને કેટલાકો વાંચે છે, પ્રચારે છે, તેનું પરીણામ એવું આવ્યું કે, સંસારમાં જે વીતરાગ શાસ્ત્રો પર લોક-વિશ્વાસ હશે તે ફગાવા માંડયો છે. પંડિત અને વિશ્વાસુ ગણાતાઓ પણ છડેચોક એ આગમોની ઠેકડી ઉડાવે છે, આગમમાં આવતા અનેક વિષયોને જુઠા અને કાલ્પનિક મનાવા તૈયાર થાય છે. હજારો માનવોમાં એ વિચારોની દુર્ગંધી ફેલાતી જાય છે. હજારો માનવી-મનુષ્યોને પણ સત્ય



# નવી નજરે

**શ્રી સંજય**

**જુનાગઢ મુકામે શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું અધિવેશન આખરે બંધ રહ્યું છે તેમજ સ્વાગત સમિતિના પ્રમુખ શેઠ શ્રી ફુલચંદભાઈ તંબોલીએ રાજીનામું આપ્યું છે, અને કોન્ફરન્સના સૂત્રધારોએ અનિચ્છાએ હાલ અચોક્કસ મુદત માટે તેનું અધિવેશન મોકુફ રાખ્યું છે.**

**—છેલ્લા સમાચાર.**

આ અવસરે ખાસ જુની કહેવત યાદ આવે છે; 'શિકારની લાલચે ચિત્તો કદાચ ચાલ બદલે પણ શરીરનાં ટપકાં બદલતો નથી.' ખરેખર કોન્ફરન્સના સૂત્રધારો માટે આમ જ કહી શકાય. છેલ્લા ફાલના અધિવેશનમાં તેના જૂના કાર્યકરોએ પોતાની ચાલ બદલી હતી, એ વાત કેટલેક અંશે સાચી હતી, પણ તેના કાર્યકરોનું હૃદય પલટાયું ન હતું, તે કોન્ફરન્સની ૧૫–૨–૫૧ ની પત્રિકા પરથી સ્પષ્ટ સમજી શકાય છે. જે શ્રધ્ધાળુ સમાજે ગઇ ગૂજરી ભૂલીને કોન્ફરન્સને તથા તેની સમાજ–ઉપયોગી પ્રવૃત્તિને સહકાર આપવા હાથ લંબાવ્યો, તે જ સમાજને છેવટે કોન્ફરન્સે છેહ દીધો એ ખરેખર જૈન સમાજના ભાવિ માટે દુઃખદ ઘટના કહી શકાય. શ્રી જિનેશ્વરદેવ જેવા તારક અનંતજ્ઞાનીના શાસનમાં જે જે ધર્મપ્રવૃત્તિઓ, અનુષ્ઠાનો તથા ક્રિયાકાંડો ત્રણેય કાલમાં સંસારભરના આત્માઓ માટે ઉપકારક ગણાય છે, તે જ શુભ અનુષ્ઠાનોની સ્હામે કોન્ફરન્સના સૂત્રધારોનો ઉકળાટ, હ્રદયનો બળાપો છૂપો ન રહી શકયો. જેના પરિણામે કોન્ફરન્સના મહામંત્રીની: કલમમાંથી શ્રી જિનેશ્વરદેવના શાસનના સ્વ-પર ઉપકારક ક્રિયાકાંડોની સ્હામે તે પ્રચાર પત્રિકામાં ઠામ-ઠામ તણખા વેરાઇ રહેલા જણાય છે. ઉપધાન તથા શાંતિસ્નાત્રની સ્હામે કોન્ફરન્સની પત્રિકામાં તેના તંત્રીએ ખરેખર બેફામ લખ્યું છે, જે કોઇ રીતે ક્ષમ્ય ન ગણી શકાય. આજે સામાજિક કે રાજકીય ઉત્સવોની પાછળ આપણા જૈનસમાજમાં લાખ્ખોનો દુર્વ્યય જે રીતે થઈ રહ્યો છે, તેની સ્હામે કોન્ફરન્સના મહાતંત્રીની કલમ કોણ જાણે કેમ ચૂપ થઇને બેઠી છે, તે સમજી શકાતું નથી. જે સામાજિક કે રાજકિય ઉતસવોની પાછળ સમાજનું અઢળક ધન વેડફાઇ રહ્યું છે, તેને માટે કોન્ફરન્સના મંત્રીશ્રીએ 'ધનવ્યયની દિશા ફેરવો' હેડીંગથી ખબર લઇ નાંખવી જોઇતી હતી. ત્યાં મંત્રીશ્રી મૌન રહ્યા છે; ફકત એમને ખટકે છે શાંતિસ્નાત્ર ઉપધાન કે ઉજમણું : પણ એ કોન્ફરન્સના કાર્યકરોએ એટલું સ્હમજી લેવું જોઇએ કે, 'જે શ્રધ્ધાળુ સમાજ, આજે કે પહેલાં ધાર્મિક અનુષ્ઠાનો પાછળ શુભ ભાવનાથી લાખ્ખોનો સદ્વ્યય કરે છે– કરી રહ્યો છે; તે જ સમાજ તરફથી તમારી પ્રત્યેક સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓમાં લાખ્ખોનાં દાન મળેલાં છે; જેમના હ્રદયમાં ધર્મ વસ્યો છે, તે લોકો જ સમાજના ઉત્કર્ષની યોજનાઓમાં પોતાનો દાન-પ્રવાહ વ્હેતો રાખી શકયા છે-અને રાખી રહ્યા છે,' બાકી; સુધારક ગણાતાઓએ તો સમાજ–ઉપયોગી પ્રવૃત્તિઓમાં પણ શકિત હોવા છતાંએ બાધતું પણ દાન કર્યું નથી, એમ અમારો અનુભવ કહે છે. આવા ઉદારહ્રદયી શ્રધ્ધાળુ સમાજની પવિત્ર ભાવનાપૂર્વકની ધર્મપ્રવૃત્તિઓ સ્હામે અકારણ રોષ ઠાલવી, કોન્ફરન્સના કાર્યવાહકોએ કાચના ઘરમાં બેસી પથરા ફેંકવાનું ગેરડહાપણ કર્યું છે. હવે તો કોન્ફરન્સના ભાવિ માટે બે જ માર્ગ નક્કી છે, કયાં તો ઉઘાડે છોગે સુધારક ગણાતાઓના વિચારોને અપનાવી લઈ, જૈનયુવકસંઘ સાથે તેણે જોડાઇ જવું જોઇએ, અથવા તો શાસનપ્રેમી સંઘની શિસ્તને સંપૂર્ણ માન આપી, શ્રધ્ધાળુ સમાજનો વિશ્વાસ જીતી લેવો જોઇએ. એ સિવાય ત્રિશંકુની જેમ દૂધ અને

---

મનાવવા પ્રેરાય છે અને આજસુધી રક્ષણ કરે છે. બીજ બળી ગયા પછી અંકુરા તેમજ ફલની આશા સ્વપ્નવત તેમજ શ્રધ્ધા–બીજ દગ્ધ થયા બાદ ધર્મ–વૃક્ષ કે ફલો કયાંથી પ્રાપ્ત થાય? જેવું વાતાવરણ તેવી વાસના, જેવો સતસંગ તેવી સુશ્રુષા અને શ્રધ્ધા તેવું સમ્યગ્ જ્ઞાન અને એ સમ્યગ્ જ્ઞાનથી મુકિતને પ્રાપ્ત કરવી એજ જ્ઞાનનું ફળ છે.

દહિંમાં પગ રાખવાની તેના કાર્યકરોની હાલની દ્વિમુખી ચાલબાજીથી કોઇપણ એક પક્ષનો તે વિશ્વાસ સંપાદન નહિ જ કરી શકે, પરિણામે તેના દ્વારા સમાજના ઉત્કર્ષની એકપણ યોજના હાલતો સક્રિય નહિ બની શકે એતો દિવા જેવું સ્પષ્ટ છે.

ગૂજરાત વિદ્યાપીઠ અંગેની એક સભામાં ભાષણ કરતાં, હિંદીપાર્લામેન્ટના સ્પીકર માનનીય શ્રી માવલંકર કહે છે કે, આજે દેશની અંદર ભણતર વધે છે, પણ ચારિત્ર્ય ઘટી રહ્યું છે. આપણા દેશમાં ભણેલા ઘણા છે, ધોળી ટોપીવાળા ઘણા વધ્યા છે, છતાં દેશમાં કાળાંબજાર, અનીતિ, લાંચરૂશ્વત કેમ જણાય છે ? મને લાગે છે કે, ટોપીનો રંગતો નથી બદલાઇ ગયો ને ? ભણેલાનું ભણતર જુઠ્ઠું નથી ને ? ભણેલાનું પરિણામ આવું હોય તો ભણતર શા કામનું ? સમાજ માટે ભોગ આપવાનો હોય, કોઇનું શોષણ કરવાનું ન હોય, વૃત્તિ પશુની ન હોય અને માનવ કલ્યાણ આદર્શ હોય– ' આટલું મળે તેને સાચી વિદ્યાપીઠ ગણાવી જોઇએ. –સંદેશ.

માનનીય શ્રીયુત માવલંકરનું આ કથન ખરેખર મનનીય છે. પણ તેને અંગે જવાબદારી આજના ભણેલા ગણાતા વર્ગ કરતાં દેશનાયકોની વર્તમાન રહેણી–કહેણીની વિશેષપણે છે, નૈતિક ચારિત્ર્ય, સંયમ, જીવનની પવિત્રતા, આદર્શ માનવતા ઇત્યાદિ આત્મલક્ષી સદ્‌ગુણો આજના જીવનમાંથી લગભગ અદૃશ્ય થતા જાય છે, તેનું કારણ; દેશનાયકોએ દેશના દરેક વર્ગને ધર્મપ્રત્યેની શ્રધ્ધાથી દૂર–સુદૂર ધકેલી દીધા તે છે. ધર્મ, તેના પ્રચારકો કે તેના નાયકોને માટે પૂર્વગ્રહ ઇરાદાપૂર્વક આજે ઉભો કરાઇ રહ્યો છે. પરિણામે દેશનો ભણેલો વર્ગ જેની શ્રધ્ધા ધર્મપ્રત્યે આજના વિલાસી વાતાવરણમાં ખસતી ગઈ છે, તેને આ પૂર્વગ્રહથી મોટામાં મોટું નુકશાન થયું. માનવને નૈતિક અધઃપતનના લપસણા માર્ગે ઢસડી જનાર આત્મચિંતા–આત્મગવેષણનો અભાવ, આત્મ વિમુખતા, પાપમાં નડોરતા વગેરે છે, આ પાપોને કંટ્રોલમાં રાખનાર ધર્મ, ધર્મગુરૂ તથા ધર્મસ્થાનોનું પવિત્ર વાતાવરણ છે. શ્રધ્ધા, ઈશ્વર પ્રત્યેની આસ્થા, પાપભય આદિ સદ્‌ગુણોના યોગેજ માનવ જીવનમાં સ્વાર્થ ત્યાગ, સંતોષ, સહિષ્ણુતા, ઉદારવૃત્તિ, ત્યાગ, તપ કે આદર્શમાનવતા ઈત્યાદિ ગુણો પ્રગટે છે પણ જ્યારે આપણા કહેવાતા દેશનાયકોએ ઇરાદાપૂર્વક ધર્મને ઉતારી પાડયો એટલે પછી કાળાંબજાર, લાંચરૂશ્વત પાશવવૃત્તિ–આ બધું ફેલાતું રહે એમાં બે–મત હોઇ શકે જ નહિ. ધોળી ટોપીનો રંગ ભલે દેખાવમાં પહેલાં ધોળો હશે, પણ તેના પહેરનારા વર્ગનાં હૃદય આજ પહેલાનાં કાળાં જ હતાં, માટે જ આજે ધોળી ટોપીના રાજમાં કૂદકેને ભૂસકે લાંચ–રૂશ્વતખોરી, કાયદાનાં કાળા બજાર, સત્તાને મેળવવા માટેની પડા–પડી, સેવા, સ્વાર્થત્યાગના નામે મેવા, તથા ખીસ્સા ભરવાનું ચોમેરથી ચાલી રહ્યું છે. ભણેલા વર્ગમાં વિનય, ત્યાગ, સહિષ્ણુતા, સરળતા, નમ્રતા જેવું કાંઇ જ દેખાતું નથી, જ્યારે ઉધ્ધતાઇ નફટાઇ, સ્વચ્છંદિતા, વિલાસ,–આ પાપો આજના શિક્ષિત ગણાતા યુવક વર્ગમાં વધી રહ્યાં છે. જે દેશ, સમાજ કે કુટુંબની સાચી ઉન્નતિના માર્ગ માટે ભયરૂપ છે. આ માટે હજુ દેશના હિતચિંતકોએ સવેળા જાગૃત રહી, પ્રજાને સાચી દોરવણી આપવાની જરૂર છે, એમ કહ્યા વિના ચાલતું નથી.

મુંબઇના મેયર તથા મુંબઇ પ્રાંતિક કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી એસ. કે. પાટીલને એલાઉન્સ–ભથ્થા તરીકે રૂા. ૧૦ હજાર આપવાનું મ્યુ. ની સભાએ ઠરાવ્યું છે, જે વેળા સમાજવાદીઓ ગેરહાજર હતા. એમની ગેરહાજરીનો લાભ લઇ કોંગ્રેસ પક્ષે ઠરાવ પસાર કરી દીધો. –મુંબઇ સમાચાર

મોસાળમાં જમણ અને મા પીરસનાર પછી પૂછવું જ શું ? એક વેળા સત્તા હાથ કરવા માટે ત્યાગ, સાદાઇ તથા નમ્રતાની વાતો કરીને જનતાને ઉંધા પાઠ ભણાવનારા આ કોંગ્રેસ કાર્યકરોએ કરાંચીના અધિવેશનમાં ઠરાવ કર્યો હતો કે ' સત્તા હાથમાં લીધા પછી પ્રધાને ૫૦૦ રૂા. ના પગારથી વધારે નહિ લેવું જોઇએ. ' જ્યારે આજે કેવળ મુંબઇ શહેરની

# સેવા ધર્મ........પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિશ્વરજી મહારાજ:

**सेवाधर्मः परमगहनो, योगीनामप्यगम्यः '**

ખરેખર સેવાધર્મ ખૂબ જ ગહન છે. આજે ચારે હાથે મેવા મેળવી રહેલાઓ પણ પોતાની પ્રવૃત્તિને સેવાના ઉજળા નામ પર ચઢાવી રહ્યા છે. આ સ્થિતિમાં સેવાના વાસ્તવિક સ્વરૂપને સમજવા માટે 'સેવાધર્મ' વિષેના પૂ૦ આચાર્યદેવ મ૦ ના અપ્રસિધ્ધ જાહેર પ્રવચનનો ઉપયોગી સાર તેના અવતરણકાર શ્રી છગનલાલ દલીચંદ શાહે અમને પ્રસિધ્ધિ અર્થે મોકલાવી આપેલ છે તે ક્રમશઃ અહીં સાભાર રજુ થાય છે. **સં૦**



પૂ. પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાન-વાચસ્પતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ

**સાચી** સેવા ક્યારે કરી શકાય? પોતાનું સર્વસ્વ જેના ચરણમાં મૂકવાનું હોય તે મૂકવા સદા તત્પર હોય અને સમયે મૂકનારો હોય તે આત્મા સેવા કરી શકે છે, અને તેમ થાય ત્યારે સેવાનો ભાવ જન્મે. હવે આપણે વિચાર કરવો જોઇએ કે, આપણે આપણું સર્વસ્વ કોના ચરણમાં મૂકવાનું છે. એટલે એના બે વિભાગ કર્યા છે. સૌ કોઈ સૌ કોઇની સેવા કરનારા હોય છે. **સેવા, એમાં લેવાનું કાંઈ ન હોય અને દેવાનું બધું હોય, એને** શાસ્ત્રકાર મહર્ષિઓએ સેવા કહી છે. લેવા માટે સેવા કરે નહિ, અને દેવા માટે બધું કરે, બદલામાં કશાની ઈચ્છા નહિં, આપણી પાસે જે કાંઇ હોય તે સેવાની દ્રષ્ટિએ દેવામાં કશી ચિન્તા હોય નહિં. પગ ન હોય તો હાથથી સેવા કરીએ, હાથ-પગ બન્ને ન હોય તો માથાથી કરીએ, અને ન થઇ શકે તો તેટલી ખામી ગણાય. 'સેવા, શબ્દનો સાદો અને સરલ અર્થ કરવો છે. સેવા કોની? એ પ્રશ્ન મોટો છે. સાચું સમજાઇ જાય તો સર્વસ્વ આપવું બિલકુલ અઘરૂં નથી. આ જગતમાં કોઈની પણ સેવા કરનારે તો નિઃસ્વાર્થભાવે-સ્વાર્થ વિના કરવી જોઇએ, ધનને માટે, કામ માટે, જે સેવા થાય છે, તેમાં સ્વાર્થ બેઠો છે એટલે તે સેવા કહેવાતી નથી. કાંઇ પણ સેવાના બદલામાં લેવાનું જ નહિ અને જેમાં અણુનો પણ સ્વાર્થ નહિ તે સેવા સાચી સેવા છે. પ્રમાણિક વ્યાપારીના ખોળામાં જેમ માથું મૂકવામાં હરકત નથી કે તે પેઢીનું ભાડું થોડું ગણી નીતિમય નફો લેશે પણ બીન હક્કનું તે લેતો નથી. આગળના કાળમાં વ્યાપારી, રાજા અને શેઠીઆ પણ આવા ઉત્તમ હતા, બીજાને સુખી કર્યા સિવાય આપણે સુખી થઇ શકવાના નથી. સમાજમાં

---

મ્યુનિસીપાલિટીના પ્રમુખને રૂા. દશ હજારનું એલાઉન્સ આપવાનો ઠરાવ એજ કોંગ્રેસપક્ષ કરી રહ્યો છે; આ કેટ-કેટલી વિચિત્ર અને વિસંગત હકીકત. ખરેખર સ્વાર્થને આંખ હોતી નથી તે આનું નામ! આપણી શ્વેતાંબર કોન્ફરન્સના મંત્રીશ્રીને કહીશું કે, 'પ્રજાના ધનનો આ રીતે જે ભયંકર દુર્વ્યય થઇ રહ્યો છે, તે માટે 'ધનવ્યયની દિશા ફેરવો' ને તમારો નાદ નિર્ભીકપણે ગજવતો કરો! જો સેવાની સાચી ધગશ હૃદયમાં બેઠી હોય તો! તા. ૧૫-૪-૫૧

સુખી થવું હોય તો કેમ જીવવું ? સમાજ, કુટુંબ, અને સગાં-સહોદર કરતાં આજુબાજુના જગતના તમામ જીવોની ચિન્તા વધારે કરવાની હોય છે.

હવે સેવા કોની કરવી? તે નક્કી કરી લઇએ, ઘરમાં માતા અને ધર્મપત્ની બે હોય, પિતા અને પુત્ર, વડિલ અને આશ્રિત; આમ બધાં હોય ત્યાં 'સેવા' શબ્દનો પ્રયોગ કયાં કરવો જોઇએ ! અનંતજ્ઞાનીના સેવાના માર્ગની આ વાત છે. સેવ્ય નક્કી કરી સેવા થાય. પેટ તૈયાર ન હોય તો ન જ ખવાય. કોઇ પણ ક્રિયા કરતા પહેલાં ક્રિયા કયાં ? અને કેવી કરવી ? તે નક્કી કરવું પડશે. બધાંને ખાન-પાન આપો છો એમાં સેવા નથી, એતો ફરજ હોય છે, માતા-પિતાને પુત્ર-સ્ત્રીને દેવામાં ફેર, નોકર અને મહેમાનને દો તેમાં અંતર રહે. મેમાનની બેડક સમાલવી પડશે. પૂંઠે-પૂંઠે ચાલવું પડશે, સામા લેવા જવું પડશે. એમાં ખૂબ ભેદ પડી જાય છે. માતા-પિતાના સેવક કહેવાય પણ પત્ની-પુત્રના સેવક કહી શકાય નહિ. આટલો ભેદ હોય છે. આ ભેદ પાડયા વિના સેવામાં વિવેક આવે નહિ. મન, વચન, કાયા અને ધન સર્વસ્વ જેના ચરણમાં મૂકી દેવાના જયાં હોય, ત્યાં કયો પવિત્રભાવ આવે ત્યારે મૂકાય ? સ્વાર્થીના હૈયાં સમર્પિત થતાં નથી. પૈસાને કિંમતી માનનાર પ્રામાણિક ન રહે. માતા-પિતા, વડિલ સેવ્ય છે, પત્ની-પુત્ર આશ્રિત સેવ્ય નથી. ગોળ અને ખોળ એ બન્ને વસ્તુ છે, વસ્તુ માત્રમાં ફેર પડી જાય. માનવ તરીકે સરખા છતાં મહાન ફેરફાર પડે. માણસ જાત છતાં ભેદભાવ પડે છે સેવા ખરી પણ સેવા સેવાની જગ્યાએ હોય સેવા એ લીમીટેડ ચીજ છે, દયા હરકોઇ જગ્યાએ છે. સેવાને ચોગઠામાં રાખવી પડે છે આર્યનો સદાચાર નાશ પામ્યો છે. આજની રીતિ-નીતિ જુદા જ પ્રકારની છે, શબ્દો વાપરવાનો વિવેક લગભગ નાશ પામ્યો છે. સેવા મહાન ઉંચી કોટીનો શબ્દ છે, જયાં ત્યાં એનો પ્રયોગ કરીએ તો તે દંભમાં જાય. પાડોશી સહાય કરે અને નોકર સહાય કરે એ બન્નેનું જુદા પ્રકારનું બોલાય, અને તેમાં ભેદ પડે. નોકર છે અને કરે તેમાં કાંઇ નવાઈ નથી. અણીના અવસરે પાડોશી વગર બોલાવે હાજર થયો, એ કેટલું ઉપકારી જણાય, નોકર માટે તમો ઉદાર હો તો પાંચ-પંદર રૂા. ઇનામ આપો, પગાર વધારો પણ પાડોશીનું ઋણ અદા કરવાનું કદી મન થાય છે કે નહિ? તે અવશ્ય વિચારવું જોઇએ.

શબ્દ સારા અને વ્યાજબી વાપરીએ તો હૈયામાં સાચો ભાવ આવે અને દંભ અટકી જાય. આપણે સેવાના ભાવ કરો. સેવા એ ભાવ ઉપર આધાર રાખનાર છે, કોઇકને બચાવીએ, સહાય કરીએ, રક્ષણ કરીએ તેની ગણત્રી હોય નહિ અને આપણે સામો ગમે તેવો હોય છતાં આપણી સજ્જનતા છોડવી નહિ. સિંહનું કલેવર ઓઢવાથી સિંહ બનાતું નથી અને તેમ થતાં કદાચ સામો સિંહ ગર્જે તો મામલો ખતમ થાય.

સેવા કોની ? એ પ્રધાન વિષય છે. સેવ્યની સેવા કરનારા જગતમાં દિવ્ય આત્મા બનનારા થાય છે, એને જગતની સેવા કરવાની મળશે ત્યારે પોતે માનશે કે, મેં મારા ઉપર ઉપકાર કર્યો સ્વાર્થની પણ હદ હોય છે. જે સ્વાર્થ પરિણામે નિષ્પાપ હોય છે, તે આત્મોપકાર અને એક જે સંસારની ચીજ ઇચ્છે છે એ સ્વાર્થી, સાચો ઉપકારી જગતના જીવને જેની જરૂર, એની પોતાને જરૂર નહિ, મોક્ષ એજ તે એક ઇચ્છનારો હોય જન્મ્યા પછી કાંઇ પણ ભૂંડુ થયું હોય તો તે જગતની ચીજની ઇચ્છાથી જ. જેનાથી કોઇપણનું ખરાબ ન થાય; તે ભાવના ઉત્તમ કામના સિવાય કામ થાય નહિ. ઇચ્છા કરવી તો એવી કરવી, કે કોઇપણને તેમાંથી દુઃખ દેવાનો જીંદગીમાં પ્રસંગ ન આવે. ઇચ્છા મોક્ષની કરો, બીજી છોડો. અમુક ઇચ્છા પાપને માર્ગે લઈ જનારી છે અને કોઇ ઇચ્છા પાપ માર્ગેથી રોકનારી હોય છે, મોક્ષાર્થીને કોઇ ઇચ્છા જ ન થાય. સાધુ જીવન એ દ્રષ્ટિયે પવિત્ર છે, જ્યારે સંસારી તો વધુને વધુ ઇચ્છાવાળો છે.

સ્થાન ભેદ છે, જરૂર હોવો જોઇએ. તમારે જરૂર ઘણી છે. સાધુને ન રાખવી હોય તો બહુ ઓછા પ્રમાણમાં રાખી તે બની શકે છે, એ દ્રષ્ટિએ સાધુપણાનું સ્થાન ઉત્તમ છે,

સેવ્ય કોણ હોઈ શકે ? જે માતાએ આપણને જન્મ આપ્યો એણે એમના સ્વાર્થ માટે જન્મ આપ્યો છે, એમ શું પુત્ર બોલે? એક માણસ આપણા ઉપર ઉપકાર કરે તે તેના સ્વાર્થ માટે કર્યો એમ આપણે

માનવું નહિ, સ્વાર્થ માટે કરેલો ઉપકાર જોવો નહિ. એ મૂર્ખાઇનો વિચાર છે અને એવા વિચાર કરનારા મૂર્ખ સ્વાર્થી છે. જન્મ આપનાર માતા-પિતા બે છે. જન્મ લેતાં બચ્ચું કંઇ ન સમજતું હોય છતાં બાળપણથી તે એટલું તો સમજે કે માતા-પિતા જ મારે સર્વસ્વ છે, પૂર્વ યુગના સુપુત્રો પ્રભાત થયે માતા-પિતાના પગમાં મસ્તક મૂકયા પછી જ આગળ ચાલતા. આજે સાધારણ નોકરી કરતા આપણી ઉપરના ઓફીસરને લળી-લળીને સલામ ભરાય. ખળભળાટ પણ ન થાય, ચુપકીદી જળવાય, પાછા ફરતાં તે જુએ યા ન જુએ તોપણ સલામ ભરાય.

આગળના કાળમાં બાપ, માની રજાસિવાય બચ્ચાથી બહાર ન જવાતું, રજા લેવી પડે. જે કામે જવું હોય તે તથા તેમાં કેટલો વખત લાગશે તે જણાવવું પડે. એટલાથી જ અનેક અનાચારો થતા અટકી જતા, કેમકે સારા કામે જવું હોય તો રજા લેવાની હિંમત થાય અને તે ખરાબ કરવા જવું હોય તો જુઠું બોલાય નહિ અને ખરૂં કહેવાય નહિ એટલે અટકી જવું પડતું. તેથી ઘણાં પાપથી બચી જતા. આજે રાત્રે બે વાગે છોકરા ઘેર આવે. મા-બાપથી ન પૂછાય એટલે વિચારો કે બાર-બે વાગે ઘેર આવેતો બહાર શું શું કાળું કરીને આવતો હશે?

મા-બાપ માથું કૂટે, છોકરા ભૂખે મરે તોએ મા-બાપથી સહન ન થાય. આવો માતા-પિતાનો છોકરા પ્રત્યે ભાવ હોય છે, પૂર્વે પુન્ય કરેલું માટે મનુષ્ય જન્મ મળ્યો, પણ આજના સુધારક, માત-પિતાને ઉપકારી ન માને એટલે ધર્મને તો માને જ કયાંથી? તેને કહીએ, ધર્મ ઉત્તમ ચીજ છે, તો તે કહે કે ધર્મ હમ્બગ છે.

રૂપસંપન્ન જન્મ્યા, સારા કુળમાં, સારી ધર્મની સામગ્રીમાં, સારા દેશમાં, પાંચે ઇન્દ્રિયો સતેજ મળી એ પૂર્વના પુણ્યે અને કેટલાક જન્મ્યા તે લુલા, લંગડા, આંધળા, પાંગળા, દુબળા તેનો જરા વિચાર કરો તો માલુમ પડે કે, આ બન્યું અને બને છે તે શાથી? તેમાં પાપ-પુન્ય અવશ્ય માનવું પડશે.

માતા-પિતાનો પૂજારી સારી વસ્તુ મા બાપને ખવડાવી પછી જ પોતે ખાનારો હોય. સારાં કામો કરે તો માતા-પિતાના નામથીજ કરે, કમાય પોતે અને નામ પિતાનું હોય.

સેવ્યને ઉપકારી માન્યા પછી, એની સેવા માટે એનું હૈયું તૈયાર રહેશે અને એથી 'સેવ્યને દુઃખ ન આવે એવું ખરાબ કામ ન કરવું, સારૂં હોય તો કરવું, આશાને ન લોપવી, દિવસમાં ત્રણ વાર પગે પડી નમસ્કાર કરવા. મરેલા મા-બાપોની મૂર્તિ રાખે અને સઘળાં કામ એમને પૂછી-પૂછીને કરે, કહી-કહીને કરે, આ બધું બનવું સહજ છે. આજના સુધારક જમાનાની જમાતમાંથી માતા-પિતાની સેવા નિકળી જ ગઇ છે. આપણા દરેક છોકરા પ્રત્યે એવી ફરીયાદ હોય છે પણ બોલાતું નથી. આપણે પોતે પણ કેવા છીએ! જો માતા-પિતાની સેવા ચાલુ હોત તો વર્તમાન જગત ખરાબ હોત જ નહિ અને ધર્મનો પ્રચાર આપણને રૂચિ જનારોજ થાત.

આજના ભણેલાઓનો મોટો ભાગ સંસારમાં પણ પોતાના ઉપકારી કે સેવ્યની મર્યાદા સાચવતાં લજવાય છે. એક શિક્ષક હતો, તેનો બાપ ગરીબ હોવાથી ટૂંકી પોતડી અને દીલ પર કટકો રાખી બહાર ફરતા, કારણ કે તેને બદન-કોટ, ખમીસ મળે એમ ન હતું. જ્યારે જ્યારે શિક્ષક કોઈ સાથે બેઠા હોય અને તેટલામાં બાપ આવી રહે તો તેને બાપ તરીકે ઓળખાવે નહિ. કારણ કે તેને નાનમ લાગતી, હવે આ બાપને બાપ કહેવાય નહિ અને બીજો બાપ બનાવાય નહિ. બાપની પાસે નાણાં વગેરેની સ્થિતિ નહિ. આ સુધરેલ શિક્ષક, એ બાપને બાપ કહે નહિ. આવા શિક્ષકોના હાથે આજે વિદ્યાર્થીઓનું શું શ્રેય થાય? તે આપણે જ વિચારી લેવું. પરીક્ષક સાહેબ પરીક્ષા માટે આવ્યા છે. ગામના ગૃહસ્થો આવે એની જગ્યા કરી, પણ પાછળ બાપ આવ્યો તેમની કાંઇ સરભરા કરી નહિં, જગ્યા આપી નહિં, એટલે સાહેબે પૂછ્યું, 'એ કોણ છે?' શિક્ષકે કહ્યું, 'ગામના કોક માણસ છે.' બાપ કહેતાં અચકાય છે, કારણ કે ગરીબ એટલે બાપ નહિ. આ વાત બાપે સાંભળી એટલે કહ્યું કે, હું ગામનો પણ માણસ છું અને એ શિક્ષકની માનો માટી પણ છું! પરીક્ષકે કહ્યું, 'માસ્તર? શરમ જેવું છે, તમારી રીત અને ભાવના સુધારો નહિ તો રાજીનામું આપો,'

# सुभाषित रत्नमाला.

**: भावानुवादपूर्वक :**

**પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ૦**

**[ પં૦ શ્રી કનકવિજયજી ગણિ'ના શિષ્ય ]**



જૈન સાહિત્ય અપાર-વિશાલ છે. ચારેય પ્રકારના અનુયોગના સાહિત્યમાં વિવિધ વિચારરત્નો સંકલિતપણે રહેલાં છે. તેમાં 'શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર' એ ચારેય અનુયોગોનો પવિત્ર સંગમ છે. તેનાં ૩૬ અધ્યયનો છે. ટીકાકાર શ્રી ભાવદેવસૂરિજી મહારાજે આ સૂત્ર પર સુંદર તથા સરળ વ્યાખ્યા રચી છે. વિવિધ કથાઓ આ ટીકામાં તેઓશ્રીએ પ્રાસંગિક રીતે મૂકી છે, તે કથાઓમાં જે જે સુભાષિતો અવસરોચિત રીતે સંકલિત થયાં છે, તે બધાં સંગ્રહીત કરીને ભાવાનુવાદપૂર્વક ક્રમશઃ અહિં રજૂ થાય છે. **સં૦**

[ १ ]

१ हितशिक्षा हि दुष्टानां नोपकाराय जायते ।
पय:पानमिवाहीनां किन्तु स्याद्विषवृद्धये ॥

–જેમ સર્પોને દુધનું પાન વિષવૃદ્ધિને માટે થાય છે, તેમ દુષ્ટ પુરુષોને હિતશિક્ષા ઉપકારને માટે નથી થતી.

પણ ભણતરમાં ગમે તેટલો ઉંચે જાય છતાં સંસ્કારહિતનું હૈયું સુધરવું મુશ્કેલ છે.

મા-બાપ કરતાં પણ ધર્મની સેવા મહાન ઉંચી છે. જે કોઇ સારૂં શરીર આદિ મળ્યું તે ધર્મથી, તો ધર્મથી જે કાંઇ મળ્યું તે ધર્મમાં જરૂર ઉપયોગી થવુંજ જોઇએ. ધન મળે ધર્મથી તો ધનનો વપરાશ પણ ધર્મ માટે જ થાય. મા-બાપની સેવા કરે તેજ ધર્મની સેવા કરી શકે, ધર્મના સ્થાપક, પ્રચારકને ગુરૂ માનીએ. દેવ કે ગુરૂને નહિ માનનાર કે તેની અવગણના કરનાર, દેશસેવા કે બીજાની સેવા કરી જ ન શકે, આપણા વડિલોની પ્રણાલિકા ચાલુ હોત અને તે સાંભળવા, જાણવા ઇચ્છા હોત તો આજની આર્યદેશની બેકારી હોત જ નહિ. અધર્મિ વર્ગમાં ઉન્માદ ન હોત, શ્રીમંતોમાં ઉધ્ધતાઇ ન હોત અને આજે મરી રહેલો મધ્યમ વર્ગ મટી ન જાત, –ક્રમશઃ

२ बालानामिव बालानामाग्रहो हि भवेद् बली ।

–બાલકની જેમ સ્ત્રીઓનો આગ્રહ બલવાન હોય છે.

३ सुवंशोऽप्यपकृत्यानि कुरुते प्रेरित: स्त्रिया ।

–સારા વંશમાં ઉત્પન્ન થયેલો કુલિન પણ સ્ત્રીની પ્રેરણાથી અનાચરણ આચરે છે.

४ रक्ष्यन्ते शरणायाता निर्बला हि मनस्विभि: ।

–શરણે આવેલા નિર્બળોનું ડાહ્યા પુરુષો રક્ષણ કરે છે.

५ जहाति मणिं को हि विनायाससमुपस्थितम् ? ।

–પ્રયત્ન વિના પ્રાપ્ત થયેલા રત્નચિંતામણિને ખરેખર કોણ ત્યજી દે ?

६ बलिनो ह्यलसायन्ते वैरशुध्ध्यै न कर्हिचित् ।

–બલવાન પુરુષો વૈરની શુદ્ધિ માટે કદિ આળસ કરતા નથી.

७ भञ्जन्ति स्वाश्रयं दन्तावला: प्राय: खला इव ।

–દંતૂષવાળા પ્રાણીઓ ખલની જેમ પોતા-

ના આશ્રયને ભાંગે છે.

૮ धर्मार्थिना हि नान्येषां पीडोत्पाद्या कदाचन।

—ધર્મના અર્થી આત્માએ બીજાઓને કોઇ દિવસ પીડા નહિ આપવી જોઇએ.

[૨]

૧ धर्मकृत्येषु सारं हि, वैयावृत्यं जगुर्जिनाः।
तत्पुनर्ग्लानसम्बन्धि विना पुण्यं न लभ्यते॥

—ધર્મકાર્યોમાં વૈયાવચ્ચ શ્રેષ્ઠ છે, તેમ શ્રી જિનેશ્વરદેવોએ કહ્યું છે અને ગ્લાનને અંગેનું તે વૈયાવૃત્ય પુણ્ય વિના પ્રાપ્ત થતું નથી.

૨ स्नेहो हि निर्मन्त्राकर्षणं मतम्।

—સ્નેહ એ મંત્ર વિનાનું વશીકરણ છે.

૩ निषिद्धं तु कृत्यं हि नापदि कार्यं धीधनैः।

—બુધ્ધિમાન પુરુષોએ નિષિધ્ધ કાર્યને આપત્તિમાં પણ ન આચરવું જોઇએ.

૪ हृमान् कुर्वन्नकार्यं हि स्वच्छायातोऽपि शङ्कते।

—લજ્જાશીલ આત્મા અકાર્યને આચરતાં પોતાના પડછાયાથી પણ શંકિત રહે છે.

૫ उदबिन्दौ यदेकत्राऽसङ्ख्यजन्तून् जिना जगुः।

—પાણિના એક બિન્દુમાં અસંખ્ય જીવો રહેલા છે, એમ શ્રી જિનેશ્વરદેવોએ કહ્યું છે.

૬ स एव हि पूज्यो गुरुश्च जनकोऽपि च।
शिष्यं सुतं च यः क्वापि नैवोन्मार्गे प्रवर्तयेत्॥

—તેજ ગુરુ તથા પિતા પૂજ્ય છે કે જે પોતાના શિષ્ય અને પુત્રને કદિ પણ ઉન્માર્ગમાં પ્રવૃત્ત નથી કરતા.

૭ स्वादुभोज्यं हि सर्वेषां वशीकरणमुत्तमम्।

—ખરેખર સ્વાદિષ્ટ ભોજન એ ઉત્તમ પ્રકારનું વશીકરણ છે.

૮ को वा कामिनीभिर्न भिद्यते ?।

—સ્ત્રીઓથી કોણ નથી ભેદાતું ?

૯ राज्ञा न्यायवता लोकं सामान्यमपि पीडयन्,
निग्राह्यः खलु पुत्रोऽपि किंपुनः साधुबाधकः?।

—ન્યાયી રાજાએ સામાન્ય લોકને પીડા કરતા પોતાના પુત્રને પણ શિક્ષા કરવી જોઇએ, તો પછી સાધુઓને પીડા કરનારની તો વાતજ શી?

૧૦ नृप-दुर्जन-सर्पाणामात्मायो हि न कश्चन।

—રાજા-દુર્જન અને સર્પ-આ ત્રણને પોતાનું કોઇ હોતું નથી,

૧૧ नियोगिनां राजकार्यव्यग्राणां क्व सुखं भवेत ?।

—રાજકાજમાં વ્યગ્ર રહેતા રાજપુરુષોને સુખ કયાંથી હોય ?

૧૨ स्वामिभक्तैः स्वामिकार्यं विधीयते।

—સ્વામિભક્ત પુરુષો પોતાના સ્વામિનું કાર્ય કરે છે.

૧૩ नह्यस्ति किञ्चनाकार्यं स्त्रीवशानां विदामपि।

—સ્ત્રીને આધિન એવા ડાહ્યાપુરુષોને પણ કાંઇ નહિ કરવા યોગ્ય હોતું નથી.

૧૪ किमभ्यासेन दुष्करम्।

—અભ્યાસથી કઈ વસ્તુ દુષ્કર છે ?

૧૫ दुग्धं नकुलसञ्चारादिव स्त्रीणां प्रचारतः,
योगिनां दुष्यते चेतः स्थूलभद्रमुनिं विना।

—જેમ નોળીયાના આવ-જાથી દુધ ટકી શકે નહિ, તેમ સ્રીઓના સહવાસથી કેવળ સ્થૂલિભદ્રજી જેવા મહામુનિ સિવાય સાધુઓનું ચિત્ત દુષિત થાય છે.

૧૬ सिद्धिः सर्वाऽपि येन स्याद् ध्रुवमेकाग्रचेतसाम्।

—એકચિત્તવાળા આત્માઓને જે કારણથી કાર્યસિધ્ધિ નિશ્ચિત હોય છે.

૧૭ नैकत्रस्था हि साधवः।

—સાધુઓ એક સ્થાનમાં રહેનારા હોતા નથી.

૧૮ गुणानुरागबद्धस्य दूरे हि किमु देहिन: ?

—ગુણાનુરાગથી બંધાયેલા આત્માને શું દૂર છે ?—કાંઇ દૂર નથી.

૧૯ सहवासो निजैर्येन कथानामाकरो मत: ।

—પોતાના માણસોનો સહવાસ કથાઓની ખાણ ગણાય છે.

૨૦ पापं लगति दुष्टेन चेतसा ।

—દુષ્ટ ચિત્તથી પાપ લાગે છે.

૨૧ सन्तोहि नतवत्सला:

—સજ્જન પુરુષો નમન કરનારને વિષે વાત્સલ્ય રાખનારા હોય છે.

૨૨ हृद्या हि प्राप्यते भिक्षा गुणैः परिचयेन वा ।

સુંદર ભિક્ષા ગુણોથી અથવા પરિચયથી પ્રાપ્ત થાય છે.

૨૩ स्वयं शठोहि सरलमप्यन्यं मन्यते शठम् ।

—પોતે શઠ એવો માણસ બીજાને પણ શઠ માને છે.

૨૪ तीव्रतपोऽपास्ता: पाप्मान: प्रबला अपि ।

—તીવ્ર તપથી પ્રબલ પાપો પણ નાશ પામે છે. [ક્રમશઃ]


જૈન પાઠશાળા ઉપયોગી

## નિત્યનોંધ

પાઠશાળા તથા કન્યાશાળામાં ભણતા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને હંમેશનો પૂરવાનો કાર્યક્રમ છે, એક બુક પાંચ મહીના ચાલે છે.

૧૦૦ ના રૂા. ૧૨-૦-૦.

સોમચંદ ડી. શાહ... ...પાલીતાણા.

## દહેરાસર ઉપયોગી સાધનો

અમારે ત્યાં શુધ્ધ ચાંદીની આંગીઓ, મુગટ, પાખર, ચૌદ સ્વપ્ન, તોરણ, કળશ, ચાંદીની તથા પંચ ધાતુની પ્રતિમાજીઓ વગેરે દહેરાસર ઉપયોગી દરેક ઉપકરણો બનાવી આપનાર તથા વેચનાર.

તા. ક.:—સોનાના વરખથી દરેક ઉપકરણો ઓર્ડરથી રસી આપવામાં આવે છે.

પત્ર વ્યવહાર નીચેના સીરનામે કરો.

લુહાર ત્રીભોવનદાસ ધરમશી
પાલીતાણાવાળા
ઠે. મદન ગોપાળની હવેલી—અમદાવાદ.

## બ્લોકો કયાં કરાવશો ?

પ્રભાત પ્રોસેસ સ્ટુડીઓ
રીલીફ રોડ; કૃષ્ણ સીનેમા પાસે,
અમદાવાદ.

લાઇન, હાફટોન, ટ્રુકલર, થ્રીકલર બ્લોકો માટે ઉપરના સીરનામે પૂછાવી ખાત્રી કરો ! સુંદર, સફાઇદાર સુઘડ અને સંતોષજનક કામ કરી આપવું એ અમારો મુદ્રાલેખ છે.

‘ લક્ષ્મી છાપ ’

## સતૂઇસબ ગુલ

કબજીયાતો મટાડે છે સાથે આંતરડાંનાં ચાંદાં અને કડણાઈ પણ નાબુદ કરી યથાસ્વરૂપમાં લાવે છે.

૧ કચ્છી મેડીકલ સ્ટોર્સ—પાલીતાણા.
૨ પારેખ મેડીકલ સ્ટોર્સ
ગાંધી રોડ, અમદાવાદ.

# અભયકુમારની અંતિમ આરાધના. પૂ૦ મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મ૦

અભયકુમારનું નામ જૈનશાસનમાં સુપ્રસિધ્ધ છે. એમના નામથી ભાગ્યે જ કોઇ જૈન અજાણ હશે. અનેક જન્મોની સાધનાના યોગે, સામાન્ય મનુષ્યોને દુષ્પ્રાપ્ય અને ચમત્કાર ઉપજાવે એવી અદ્દભૂત બુદ્ધિની એમને પ્રાપ્તિ થઇ હતી. અભયકુમારને આજે અઢી હજારથી પણ વધારે વર્ષ થવા આવ્યાં છે છતાં અદ્યાપિ પર્યન્ત એમના જેવી બુધ્ધિની પ્રાપ્તિ માટે જૈન સમાજ પ્રતિવર્ષ પ્રાર્થના કરે છે. પરમ પવિત્ર અને પ્રાતઃસ્મરણીય મહાપુરૂષોની નામાવલિમાં અભયકુમારનું નામ આવે છે. જૈનશાસનમાં રહેલ પ્રત્યેક સાધુ યા સાધ્વી-શ્રાવક યા શ્રાવિકા પોતાની પ્રાતઃકાળની પવિત્ર આવશ્યકક્રિયા કરતી વખતે શરૂઆતમાં જ મહામાંગલિક એવા મહા પુરૂષોના કીર્તનરૂપ **ભરહેસર બાહુબલિ**ની સજ્ઝાય બોલે છે, તેમાં ભરતેશ્વર અને બાહુબલી પછી જ તરત જ અભયકુમારનું નામ મોખરે આવે છે. અભયકુમારની વિશિષ્ટતા માટે પૂર્વાચાર્યોના હૃદયમાં પણ કેટલું બહુમાન હતું, એનો એ એક સુંદર પુરાવો છે. અસ્ખલિત રીતે એમના તરફ એક સરખો આદર આજ દિન પર્યંત જળવાઈ રહ્યો છે, માંગલિક અર્થે લખાતા અનેક ઉત્કર્ષસૂચક વાકયોમાં "અભયકુમારની બુદ્ધિ હોજો" એવું પણ એક વાકય લખાય છે. એ ઉપરથી એમ સમજાય છે, કે શ્રી વીરપરમાત્માના અગ્રણ્ય શ્રાવક શ્રેણિક ભૂપતિના મુખ્ય મંત્રીશ્વર અભયકુમારની બુદ્ધિ તીવ્ર અને સમયોચિત હોઇને દૃષ્ટાન્તરૂપ થઇ પડે તેવી છે. એમનામાં અદ્દભૂત બુદ્ધિ ચાતુર્ય હતું. એમણે પોતાના જીવન દરમ્યાન પોતાના બુદ્ધિ ચાતુર્યથી અનેક વખત અત્યંત ગહન વિષયોનો પણ બહુ સહેલાઇથી નિકાલ કરી આપી-ઉત્તમ પ્રકારની નિપુણતા સિદ્ધ કરી આપી છે. મંત્રીપદે રહી એમણે પોતાની સદ્દબુદ્ધિનો કેવો સદુપયોગ કર્યો હતો તે માટે વિસ્તૃત માહીતિના અર્થીએ, એમનું ચરિત્ર વાંચવું જોઇએ. અહીં તો અંત વખતે પોતાને પ્રાપ્ત થયેલ સુબુદ્ધિનો એમણે કેવો સદુપયોગ કર્યો હતો, તે હકીકત આરાધક આત્માઓ માટે અતિ ઉપયોગી હોવાથી રજૂ કરવામાં આવે છે.

અભયકુમારે મહા મુશીબતે પોતાના પિતા શ્રેણિકની અનુજ્ઞા મેળવી, ભગવાન મહાવીર પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષાના દિવસથી આરંભી વધતી–વધતી શ્રધ્ધા વડે ચારિત્ર પાળતાં, પોતાનો પર્યન્ત સમય નજીક છે, એમ જાણી અભયકુમાર મુનીશ્વરે પ્રભુને નમીને એમની અનુજ્ઞા મેળવીને સકળ સંઘની ક્ષમા માંગી, હર્ષ સહિત અનસન આદર્યું: સમતારૂપી અમૃત કુંડમાં નિમગ્ન એવા એ મુનિએ તે અવસરને રાધાવેધના ક્ષણ સમાન સમજીને આ પ્રમાણે આરાધના કરી-અરિહન્ત, સિધ્ધ, સાધુ અને અરિહંતે કહેલો ધર્મ એ ચારનું મારે શરણ છે, મારાં દુષ્કૃત્યોની હું નિન્દા કરૂં છું અને સુકૃત્યોની અનુમોદના કરૂં છું. શ્રી ઋષભદેવથી આરંભીને શ્રી મહાવીર પર્યન્ત સર્વ તીર્થંકરોને તથા અપર ક્ષેત્રના પણ સર્વ તીર્થંકરોને મારા નમસ્કાર હો. વળી શ્રી મહાવીર વર્તમાન તીર્થંકર હોવાથી અને મારા ધર્મ દાતાર હોવાથી એમને મારા પુનઃ પુનઃ નમસ્કાર હો. એ અરિહંત પ્રભુઓજ મારૂં શરણ હો, તેઓજ મારા માંગલિકરૂપ થાઓ. તેઓ વજ્રના પંજર જેવા છે, એટલે એમને પામવાથી મને કોઇ પણ પ્રકારનો ભય રહેવાનો નથી.

વળી અનંતવીર્ય, અનંતદર્શન, અનંતસુખ, અનંતજ્ઞાન અને અનંત સમ્યક્ત્વના ધણી સર્વ સિધ્ધ ભગવાનોને મારા નમસ્કાર હો. અષ્ટકર્મોને હણી પરમપદ પામ્યા છે અને લોકના અગ્રભાગે રહેલા છે, એવા એ સિધ્ધ ભગવાન મારા શરણરૂપ અને મંગળકર્તા છે.

વળી જ્ઞાન, દર્શન અને ચારિત્રથી અલંકૃત અને અહર્નિશ ક્રિયાકાંડમાં રક્ત એવા સાધુઓને મારા નમસ્કાર હો. તેઓ પાંચ મહાવ્રત યુક્ત, શાન્ત, દયાવન્ત અને જિતેન્દ્રિય છે, તે સર્વ મુનિરાજો મારા શરણરૂપ અને માંગલિક રૂપ થાઓ.

કર્મરૂપી વિષને ઉતારનાર મહામંત્ર સમાન અને કષ્ટરૂપી કાષ્ટને માટે દાવાનલ સમાન એવા જિનેન્દ્ર ભાષિત ધર્મને પણ મારા પુનઃ પુનઃ નમસ્કાર હો. આલોક તથા પરલોકના સર્વ કલ્યાણના કારણ રૂપ એવો તે ધર્મ, મારા શરણરૂપ અને મંગળરૂપ થાઓ.

આ પ્રમાણે ચાર શરણો અંગીકાર કરીને, હવે

એમનીજ સાક્ષીએ મારાં પાપોની નિન્દા અને મારાં સુકૃત્યોની અનુમોદના કરૂં છું.

આઠ પ્રકારના જ્ઞાનાચારને વિષે જે કોઇ અતિચાર થયો હોય તે હું નિન્દું છું. ગર્હું છું અને વોસિરાવું છું. નિઃશંકિત આદિ આઠ પ્રકારના દર્શનાચાર સંબંધમાં પણ જે કોઈ અતિચાર મારાથી થઇ ગયો હોય, એને વારંવાર મન, વચન અને કાયાએ કરેલ હોય, કરાવેલ હોય કે અનુમોદના કરેલ હોય તેને નિન્દું છું. મોહથી કે લોભથી મારાથી કોઇ સૂક્ષ્મ વા બાદર જીવહિંસા થઈ ગઇ હોઇ તે પણ ત્રિવિધે ત્યજું છું. હાસ્ય, ક્રોધ, ભય કે લોભને વશ થઈને મારાથી કંઇ અસત્ય બોલાયું હોય તે સર્વ હું નિન્દું છું અને ગર્હું છું. રાગથી કે દ્વેષથી, કોઈનું સ્વલ્પ કે બહુ દ્રવ્ય મેં ઉચાપત કર્યું હોય એવા કાર્યને પણ નિન્દુ છું. દેવ, મનુષ્યાદિની સ્ત્રી સાથે રાગગ્રસ્ત થઇ મેં કદિ મૈથુન સેવ્યું હોય તેને હું વારંવાર નિન્દુ છું. પુત્ર, મિત્ર, કલત્ર આદિ બન્ધુવર્ગ પર કે અન્ય પરજનો પર, દ્વિપદો પર, ચતુષ્પદો પર, ધન,–ધાન્ય, જન કે વન પર તથા ઉપકરણો પર કે દેહ પર કોઇપણ વસ્તુપર મને કંઇપણ મોહ થયો હોય, તો તે પણ હું પુનઃ પુનઃ નિન્દું છું. ચતુર્વિધ આહારમાંનો કોઇ પણ પ્રકારનો આહાર રાત્રિને વિષે લીધો હોય તે પણ હું નિન્દું છું. વળી માયા,–મૃષાવાદ, રતિ–અરતિ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા લોભ, કલહ, પૈશૂન્ય, પરપરિવાદ, અભ્યાખ્યાન અને મિથ્યાત્વશલ્ય, આ સર્વ પાપસ્થાનકોને પણ હું નિન્દુ છું. દર્શનાચાર કે ચારિત્રાચાર સંબંધમાં અન્ય કોઇ પણ અતિચાર, ત્રણ કરણ અને ત્રણ યોગથી મારાથી થયો હોય તે પણ હું નિન્દુ છું. – ગર્હું છું.

વળી બાહ્યતપ સંબંધી કે અભ્યંતર તપ સંબંધી પણ કોઇને અતિચાર મન વડે, વચન વડે કે કાયા, વડે થઇ ગયો હોય તે પણ હું ગર્હું છું. સંસારમાં ભ્રમણ કરતાં મિથ્યામોહને લીધે શુધ્ધમાર્ગને છોડીને અશુધ્ધ માર્ગની પ્રરૂપણા કરી હોય કે મિથ્યાત્વ લાગે એવાં શાસ્ત્રોની પ્રશંસા કરી હોય, એવાં સર્વ પાપાચરણોનું હું પ્રાયશ્ચિત લઉં છું. વળી યંત્ર, મુશળ, ઘંટી, ખાંડણી, ધનુષ્ય શર, ખડ્ગ આદિ જીવહિંસક અધિકરણો મેં કર્યાં–કરાવ્યાં હોય તે પણ હું ત્રિવિધ ત્રિવિધે ગર્હું છું અને વિસર્જું છું. મેં જે જે દેહ અને ઘર ગ્રહણ કરીને પછી મૂકી દીધાં હોય તે સર્વ પણ હું આત્મ પરિગ્રહ થકી વિસર્જું છું. કષાય કરીને કોઇની પણ સાથે મેં જે કંઇ વેર બાંધ્યું હોય, તે પણ સર્વ હું પડતું મૂકું છું. નરકગતિમાં રહીને નારકોને, તિર્યંચગતિમાં તિર્યંચોને. મનુષ્યાવતારમાં માનવોને અને દેવભવમાં દેવતાઓને મેં મદાંધ થઇને કોઇ જાતની કદર્થના કરી હોય તે સર્વની હું ક્ષમા યાચું છું. મારે સૌની સાથે મૈત્રી જ છે. સર્વ જીવો મારા સ્વજન થઈ ગયા છે અને એજ સર્વ પરજન પણ થયા હશે. સર્વ જીવો મારા મિત્રરૂપ બન્યા હશે તેમ તેજ સર્વ અમિત્ર એટલે વૈરી પણ થયા હશે, માટે રાગ કે દ્વેષ કયાં કરવો ?

મારો ક્ષેમકુશળ દેહ, બન્ધુ વર્ગ અને અન્ય પણ જે જે સુસ્થાનને વિષે ઉપયુકત થયા હોય – રત્નત્રયી આદિની આરાધનામાં જોડાયેલ હોય તે સર્વની અનુમોદના કરૂ છું.

જિન ભગવાનના અથવા હરકોઇ બીજાના પ્રકૃષ્ટ ગુણો અને પરોપકાર વૃત્તિની હું અનુમોદના કરૂં છું. નિષ્પક્ષ છે સર્વકૃત્યો જેઓનાં એવા સિધ્ધભગવાનોની સિધ્ધતા અને જ્ઞાનાદિરૂપતાની પણ હું અનુમોદના કરૂં છું. નિરંતર ક્રિયાકર્મમાં પ્રવૃત્ત એવા અનુયોગી આચાર્યોના સર્વ અનુયોગાદિક વ્યાપારની પણ હું અનુમોદના કરૂં છું. ક્રિયારકત અને પરોપકાર તત્પર ઉપાધ્યાયોના સિધ્ધિની – શિક્ષણની પણ અનુમોદના કરૂં છું.

અપ્રમત્ત અને સમભાવી એવા સમસ્ત સાધુસમાજની સામાચારીની પણ હું અનુમોદના કરૂં છું. વળી ગૃહસ્થ એવો જે શ્રાધ્ધવર્ગ છે, એમનું પ્રભુ–પૂજન, વ્રતધારણ, ધર્મશ્રવણ તેમ જ દાનાદિ વ્યાપારની પણ અનુમોદના કરૂં છું. ભદ્રિક પરિણામી શેષજીવોના પણ સદ્ધર્મ, બહુમાનાદિ વ્યાપારની પણ હું અનુમોદના કરૂં છું. હવે હું યાવજજીવ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરૂં છું–અનશન વ્રત લઉં છું અને એમ કરીને અન્ત્ય ઉચ્છ્વાસે દેહમુકત થઇશ.

આ ધ્યાનમગ્ન અવસ્થામાં અભયમુનિએ પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રને તથા શ્રી વીર-

# જીવનમાં વ્યવહારશુદ્ધિની આવશ્યક્તા....શ્રી ઉજમશી જુઠાભાઈ

**સંસ્કૃતિ** આશ્રયી સંસ્કાર, સંસ્કાર આશ્રયી આચાર–વિચાર, આચાર–વિચાર આશ્રયી ધર્મ. ધર્મ ભણી માનવ જાતને જે ખેંચે તેજ સદાચાર–સદ્‌વિચાર, સુસંસ્કાર ને સુસંસ્કૃતિ.

એ સંસ્કૃતિ આપણને સૂચવે છે, કે ધર્મ ભણી ઢળ્યા વિના માનવદેહની સાર્થકતા નથી. વળી સાધન વિના સાધ્ય શકય નથી, એટલે કે ધર્મના સાધનોનો અસ્વીકાર કઇ રીતે થઇ શકે? ધર્મના પાયારૂપ સદાચાર પ્રત્યે આંખમીંચામણાં કે તે પ્રત્યે બેપરવાઇ આપણને કેમ પાલવે? સદાચારનું મૂલ્ય ઓછું આંકી મનની ચંચળતાને જ માત્ર આધીન બની જવું અને મનને ખુશી કરવામાં જ સુખ માનવું એતો નરી મૂર્ખતાજ છે ને?

સદાચારનું ખરૂં મૂલ્ય આંકી આપણે જો સદાચારી બનવા મથીએ અને નીતિને આપણા જીવનમાં યોગ્ય સ્થાન આપીએ તો આપણો દુન્યવી વ્યવહાર શુદ્ધ બની જાય, જેથી અરસપરસનો અવિશ્વાસ, ઈર્ષા, દ્વેષ આદિ બૂરાં તત્ત્વો આપોઆપ દૂર હડસેલાઇ જાય.

શુદ્ધ વાતાવરણ કેળવાય એટલે કુદરતી જ રીતે ભ્રાતૃભાવ ખીલે અને પછી તો અથડામણો સંભવે જ કયાંથી? વિશ્વમાં વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેની અથડામણો ટળે એટલે યુધ્ધનો અંત આવે.

માટેજ, આજે જગતને કોઇ પણ વસ્તુ કરતાં સૌથી પ્રથમ સદાચાર–સદ્‌વિચાર અને વ્યવહાર શુદ્ધિનું સાચું દર્શન જરૂરનું છે. વ્યકિત, સમાજ, રાષ્ટ્ર કે ધર્મનો આધાર વ્યવહાર શુદ્ધિ પર છે. વ્યવહાર શુદ્ધિ વિના વ્યકિત, સમાજ, રાષ્ટ્ર કે ધર્મ સુંદર રીતે કદી ખીલી નહિ શકે. જનતાનો સાચો વિકાસ વ્યવહાર શુદ્ધિના ભાન વિના શકય નથી.

વ્યવહાર શુદ્ધિની ઉપયોગિતાનું વ્યક્તિને સાચું ભાન થાય ત્યારે, પોતાના જ્ઞાન, ધન, બળ કે સત્તાનો તે દુરુપયોગ ન કરે પરંતુ તે સરલ અને સાદો બની લઘુતા ધારણ કરે. નીતિ–ન્યાયને સદા તે દ્રષ્ટિ સંમુખ રાખે, કોઇને ખોટી પજવણી તે કરે નહિ કે કોઇને ઠગે નહિ. અન્ય વ્યક્તિની માલિકીની ચીજો પ્રત્યે તે બદ–દાનત કરે નહિં. પોતાના ભોગે, તે બીજાનું ભલું કરે પણ પોતાના સુખ–સગવડ માટે, બીજાનું બૂરૂં કરવાની તે કલ્પનાયે ન કરે. માતા, પિતા, ગુરૂજન અને વડિલોનું તે વિવેકપૂર્વક બહુમાન કરે. સર્વેની જોડે તે સંપીને ચાલે. ઇષ્ટદેવનું તે સદા સ્મરણ કરે, પૂજન કરે.

---

**તીર્થંકરને ચિત્તમાંથી લેશપણ દૂર કર્યા નહિં.** એમ કરતાં–કરતાં શુભતર ભાવ થવાથી, દુષ્કર્મ રૂપ દાવાગ્નિને પ્રશાંત કરી નાખી, માન અને મોહરૂપી સર્પનો પ્રતિઘાત કરી, ગુણીજનોના આભૂષણ રૂપ અભયમુનિએ સાધુધર્મ પર ધ્વજારોપણ કર્યું. અર્થાત્ એ પૂર્ણપણે દીપાવ્યો.

પ્રાન્તે શુધ્ધ અને શુધ્ધતર ધ્યાનમાં મૃત્યુ પામી અભયમુનિ પ્રવર સુખમય એવા ‘ સર્વાર્થસિધ્ધ ’ નામના વિમાનને વિષે તેત્રીશ સાગરોપમની આયુષ્ય સ્થિતિ અને એક હસ્તની કાયવાળા દેવપણે ઉત્પન્ન થયા, ત્યાંથી ચ્યવી કોઇ અત્યન્ત નિર્મળ શ્રાવકકુલને વિષે જન્મ લઇ, વ્રતગ્રહણ કરી, પ્રાન્તે અભયમુનિ નિશ્ચયે મોક્ષ પામશે.

**જીવનભરની આરાધના**નો સાર અંત સમયની આરાધના ઉપર છે, અભયકુમારની અંતસમયની આરાધના વાંચી, સૌ કોઇ ભવીજીવ પોતાની અંત વખતની અવસ્થા સુધારી લેવા માટે આજથી જ આરાધનામાં તલ્લીન બને અને અખંડ કલ્યાણના ભાગી બને, એજ એક કામના.

સદાચારનો વિવેક હોય તેવા સજ્જનો ધીર ને ગંભીર હોય, તેમનું બોલવું, ચાલવું, ઓઢવું, પહેરવું પણ વિવેક યુક્ત હોય, તેમનું જીવન આછકલું ન હોય, તેમનું દાંપત્ય જીવન પવિત્ર ને ઠાવકું હોય. ઉગતા ભાવિ નાગરિકો પર તેમનું જીવન માઠી અસર ન કરે, તેવી રીતે તેઓ લોક મર્યાદાઓ રૂડી રીતે જાળવે અને આદર્શ નાગરિક જીવન જીવે.

ટુંકમાં વ્યવહાર શુદ્ધિ, સદાચાર અને સદ્‌વિચારનું વ્યક્તિને યોગ્ય ભાન થાય ત્યારે તે ખાય, પીવે, રાચે, રમે, ઉઠે, બેસે તોયે વિવેકપૂર્વક જ. બીજાની આંખમાં આવે તેવું બેપરવાઈ ભર્યું કે ઉન્મત્ત તેનું જીવન ન હોય. તેઓનું ધન અને જીવન બીજાઓને તરુની શીતલ છાંયડી રૂપ હોય. તે વિવેકી જનો પાસે ધન થોડું કે ઝાઝું, ગમે તેટલું હોય તોયે તે, ધન એવા વિવેકપૂર્વક વાપરે કે એ જોઈને ભવિ જીવોને એમ થાય કે 'ધન્ય હો ! ધન મળો તો એવાઓને મળજો.'

ત્યાં પછી નિર્ધનોને, ધનિકો પ્રત્યે ઈર્ષા દ્વેષ કેમ હોય ? પછી તો આજના અસુરી સામ્યવાદની વાત હોય જ ક્યાંથી ? સાચો વિવેક ને સાચો ધર્મ ભૂલાયો છે માટે જ. આજે એ અસુરી સામ્યવાદનો પંજો ચોમેર ફેલાઇ રહ્યો છે.

કદાપિ અક્ષરજ્ઞાન ઓછું-વધતું હોય, છતાં પણ ઉપર્યુક્ત જીવન જીવતો સમાજ, તેજ માત્ર સુધરેલો અને વિનીત સમાજ ગણાય.

બાકી આજની સુધરેલી કહેવાતી દુનિયા તો બસ છે, તેઓનું બોલવું કાંઇ ને ચાલવું કાંઈ, તેઓ સદાચારની વાતો માંડે પણ શીલની વાડો ને તોડે ને અવગણે, માનવ સેવાના પોકારો પાડે ને પોતાનું પેટ પહેલું ભરે, સંસ્કૃતિની મોટી-મોટી વાતો કરે ને ધર્મને નેવે મૂકે, એવું તો પાયાવિનાનું સુધરેલું કહેવાતું આજનું જગત.

આપણા દેશનો આજનો સુધરેલો કહેવાતો ગાંધીવાદ પણ જુવોને ! તે આજે ક્યાં જઇને ઉભો છે? પ્રજામાં રહ્યાં-સહ્યાં દાન, દયા ને શીલનાં તત્ત્વોનું તે નિકંદન કાઢી રહેલ છે.

એ ગાંધીવાદને આર્યસંસ્કૃતિની રક્ષાની ખરી ખેવના હોય તો તેણે જીવદયા અને શીલનાં તત્ત્વોને સમજણપૂર્વક યથાર્થપણે સ્વીકારવાં પડશે. જીવદયાને ભૂલવાથી કે શીલની વાડોને તોડવાથી આર્યસંસ્કૃતિની સાચી રક્ષા કદી નહિ થઇ શકે. આર્યસંસ્કૃતિની રક્ષા વિના લોકોનું ભલું થવાનું નથી.

દુઃખની જે ઉંડી ખીણમાં આપણે ગબડી પડયા છીએ અને જે ચિત્તની શાંતિ ગુમાવી બેઠા છીએ તે ખરેખર ! આર્યસંસ્કૃતિને ભૂલવાથી જ.

કોઇ વ્યક્તિને ત્યાં કદાપિ ધનના ઢગે-ઢગ હોય, વળી તે વ્યકિત સત્તાના ઉચ્ચ શિખરે વિરાજતી હોય અને સર્વ વિદ્યામાં પારંગત પોતે તે પંડિત હોય, છતાં પણ જો તેના ચિત્તની શાંતિ ન હોય તો તે સુખી નથી. ચિત્તની શાંતિ વિનાનો ઉપાધિવાળો જીવ સુખી ન કહેવાય. ચિત્તની શાંતિ એજ સુખનું માપક યંત્ર છે.

જે વ્યકિત ચિત્તની શાંતિ અનુભવે છે, તે ભલે સાધનહીન હોય છતાંયે સુખી છે, જ્યારે વિપુલ સાધનોનો ધણી અશાંતિ ચિત્ત-વાળો હોવાથી ખરો સુખી ન કહેવાય. મનને દુન્યવી પ્રવાહો ભણી ઘસડાતું અટકાવ્યા વિના ચિત્તની શાંતિ કદી શકય નથી.

# उपदेश-रत्नमंजूषा.

**: भावानुवाद सहित :**

**પૂ. મુનિરાજ શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજ**

—**મહાપુરૂષો**ની વાણી એ સ્વર્ગીય પ્રકાશ છે. અજ્ઞાન આત્માઓના મોહ તિમીરનો નાશ કરવામાં તે સાધનરૂપ છે. પૂર્વકાલમાં અનેક મહાપુરૂષોએ આ રીતે પોતાના સદ્બોધ પ્રવાહથી સાહિત્યને પણ સમૃધ્ધ કર્યું છે. આવા જ એક ઉપદેશસારની સંકલનાદ્વારા પન્યાસ શ્રી કુશલસાર ગણિએ આપણા પર મહાન ઉપકાર કર્યો છે. એ ગ્રંથમાંથી ઉપયોગી પદ્યોને ચૂંટીને ભાવાનુવાદપૂર્વક ક્રમશઃ અહિં રજૂ થતા રહેશે .

आयुर्वृद्धिर्यशोबृद्धिर्वृद्धिः प्रज्ञा—सुख—श्रियाम् ।
धर्मसंतानवृद्धिश्च धर्मात्सप्तापि वृद्धयः । ॥१॥

—**આયુષ**ની વૃદ્ધિ, યશની વૃદ્ધિ, બુદ્ધિ, સુખ તથા સંપત્તિની વૃદ્ધિ તથા ધર્મ અને સંતાન, કુલ પરંપરાની વૃદ્ધિ- આ પ્રકારે સાત વસ્તુની વૃદ્ધિ ધર્મથી થાય છે. ૧

बुध्धेः फलं तत्त्वविचारणंच, देहस्य सारं व्रतधारणं च ।
वित्तस्य सारं किल पात्रदानं, वाचांफलं प्रीतिकरं नराणाम् ॥२॥

—**બુદ્ધિનું** ફલ તત્ત્વવિચારણા છે, શરીરનો સાર વ્રતની આચરણા છે, લક્ષ્મીનો સદુપયોગ-સુપાત્રદાન છે, અને વાણીનું ફળ સામા આત્માને પ્રીતિ ઉપજે તેવું બોલવું તે છે. ૨

शिष्टे सङ्गः श्रुतौ रङ्गः सद्ध्याने धीर्धृतौ मतिः ।
दाने शक्तिर्गुरौ भक्तिः षडेते सुकृताकराः ॥३॥

—**શિષ્ટ** જનોનો સંસર્ગ, શાસ્ત્રશ્રવણમાં રાગ, શુભધ્યાનમાં ચિત્તની સ્થિરતા; ધીરતાવાળી બુધ્ધિ, દાનની યથાશકિત આચરણા, ગુરૂમહારાજની ભક્તિ—આ છ વસ્તુઓ સુકૃતની ખાણ છે. ૩

दानं वित्ताहतं वाचः कीर्ति—धर्मौ तथायुषः,
परोपकरणं कायादसारात्सारमुद्धरेत् ॥४॥

—**લક્ષ્મી**થી દાન, વાણીથી સત્ય, આયુષથી કીર્તિ તથા ધર્મ, અને શરીરદ્વારા પરોપકારઃ- આ રીતે અસાર વસ્તુઓમાંથી સારને ગ્રહણ કરવો. ૪

सुकुलजन्म विभूतिरनेकधा, प्रियसमागमः सौख्यपरम्परा । नृपकुले गुरुता विमलं यशो, भवति पुण्यतरोः फलमिदृशम् ॥५॥

—**સત્**કુલમાં જન્મ, અનેક પ્રકારની વિભૂતિ, પ્રિયજનોનો સમાગમ, સુખની પરંપરા, રાજકુલમાં મહત્તા, નિર્મળ યશ- આ બધું પુણ્યધર્મરૂપ વૃક્ષના ફલસ્વરૂપ છે. ૫



ચિત્તની શાંતિ પ્રાપ્ત કરવાની કલા આર્યસંસ્કૃતિની ગાથાઓમાં સુંદર રીતે ગવાયેલી છે અને તેથીજ તેની મહત્તા છે. આર્યોને આર્યત્વ વહાલું હોય તો આર્યોએ આર્ય સંસ્કૃતિને ભૂલવી ન જોઇએ એટલે કે આર્યોએ આર્યસંસ્કૃતિ વિરૂદ્ધ ગમન ન કરવું જોઇએ.

देहे द्रव्ये कुटुम्बे च सर्वसंसारिणां मतिः।
जिने जिनमते सङ्घे पुनर्मोक्षाभिलाषिणाम् ॥६॥

—દેહમાં, દ્રવ્યમાં, તથા કુટુંબમાં મારાપણાની બુદ્ધિ સર્વ સંસારી આત્માઓને પ્રાયઃ રહ્યા કરે છે, પણ શ્રી જિનેશ્વરદેવ વિષે, શ્રી જિનેશ્વરદેવના ધર્મવિષે તથા શ્રી ચતુર્વિધસંઘ વિષે મારાપણાની બુદ્ધિ કેવળ મોક્ષસુખની અભિલાષાવાળા ભવ્યજીવોને હોય છે. ૬

वसुधाभरणं पुरुषाः पुरुषाभरणं सुकृतजा लक्ष्मीः।
लक्ष्म्याभरणं दानं दानाभरणं सुपात्रं च ॥७॥

—સંસારમાં શોભારુપ પુરુષો છે, તેઓ પણ ન્યયોપાર્જિત લક્ષ્મીથી શોભે છે અને લક્ષ્મીનો અલંકાર દાન છે, તથા દાનને શોભાવનાર સુપાત્ર છે, ૭

नाणं नियमग्गहणं नवकारो नयरुइ अ निट्ठा य
पंच नमू विभूसियाणं न दुल्लहा सुग्गइ लोए ॥८॥

—સમ્યગ્જ્ઞાન, નિયમોનું ગ્રહણ, નવકારમંત્ર, નીતિમાર્ગની રૂચિ, તથા પાંચ વિષયોનો અને પાંચ પ્રમાદોના ત્યાગરૂપ ચેષ્ટા આ પાંચ નકારોથી જેઓ વિભૂષિત છે, તે આત્માઓને માટે સદ્ગતિ, લોકમાં દુર્લભ નથી. ૮

पूआ पच्चक्खाणं पडिक्कमणं पोसहो परोवआरो य।
पंचपयारा जस्स उ न पयारो तस्स संसारे ॥९॥

—પૂજા, પચ્ચકખાણ, પ્રતિક્રમણ, પૌષધ તથા પરોપકાર આ પાંચ પકાર જેને છે, તેનો સંસારમાં પ્રચાર નથી- તેનું સંસાર પરિભ્રમણ નથી રહેતું. ૯

वरपूजया जिनानां धर्मश्रवणेन सुगुरुसेवनया।
शासनभासनयोगैः सृजन्ति सफलं निजं जन्म ।१०।

—શ્રીજિનેશ્વરદેવની પૂજા તથા સદ્ગુરુ સેવા, ધર્મશ્રવણ અને શાસનપ્રભાવનાના યોગથી પુણ્યવાન વિવેકી આત્માઓ, પોતાનો જન્મ સફળ કરે છે. ૧૦

दया दीनेषु वैराग्यं विधिवज्जिनपूजनं।
विशुद्धा शीलवृत्तिश्च पुण्यं पुण्यानुबन्धप्रदः।११।

—અશરણ જીવોને વિષે દયા-અનુકંપા, વૈરાગ્યભાવના, વિધિપૂર્વક જિનપૂજા, વિશુદ્ધ-ન્યાયવૃત્તિ આ બધાં પુણ્યાનુબંધીપુણ્યનાં નિમિત્તો છે. ૧૧

जिनबिम्बार्चनं सेवा गुरूणां प्राणिनां दया।
शमो दानं तपः शीलमेष धर्मो जिनोदितः।१२।

—શ્રીજિનેશ્વરદેવની પૂજા, ગુરુમહારાજની સેવા, પ્રાણીઓની દયા, શમ, દાન, તપ તથા શીલ- આ શ્રીજિનેશ્વરદેવે કહેલો ધર્મ છે. ૧૨

देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः।
दानं चेति गृहस्थानां षट्कर्माणि दिने दिने।१३।


—દેવપૂજા, ગુરુસેવા, સ્વાધ્યાય, સયંમ, તપ, તથા દાન- આ રીતે ગૃહસ્થોનાં છ ધાર્મિક ષટ્કર્મો છે. ૧૩

देवं श्रेणिकवत् प्रपूजय गुरुं वन्दस्व गोविंदवत्।
दानं शील-तपः प्रसङ्गसुभगां चाभ्यस्य सद्भावनाम्
श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा,
धर्म्ये कर्मणि कामदेववदहो चेतः स्थिरं स्थापय।१४।

—શ્રીજિનેશ્વરદેવને શ્રેણિકની જેમ પૂજ! કૃષ્ણની જેમ ગુરુમહારાજને વંદનકર! દાનધર્મની આરાધના શ્રેયાંસની જેમ કર! શીલ સુદર્શનની જેમ પાળ! શ્રી ઋષભદેવસ્વામીની જેમ તપ-ધર્મની આરાધના તેમજ ભરતચક્રવર્તીની જેમ ભાવનાધર્મનો અભ્યાસકર! તથા કામદેવ શ્રાવકની જેમ ધર્મપ્રવૃત્તિમાં ચિત્તને સ્થિર કર!

भक्तिर्जिनेषु दृढता गुरुभाषितेषु, श्रद्धा च धर्म-

# શ્રી કાનજીસ્વામિના મતપ્રચારકોને ! શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ.



૧ જૈનધર્મનો આશ્રય જેમ આપણા મોક્ષ સુધીના આત્મ-કલ્યાણ માટે લઇએ છીએ અને તે ખાતર તેણે બતાવેલા જ્ઞાન અને આચારનું પાલન કરીએ છીએ, તેજ પ્રમાણે તે ધર્મ તરફની વફાદારી રૂપે તેની પ્રતિષ્ઠા, ચિરંજીવિતા, મૌલિકતા અને સાંગોપાંગ સત્ય સ્વરૂપમાં ટકાવવાની કાળજી રાખવાની અને તે ખાતર તન, મન, ધન, અને સર્વસ્વ તથા લાગવગનો ભોગ આપવાની તમન્ના રાખવાની ફરજ છે.

આ પણ સમ્યગ્દર્શનની એક અવસ્થા છે. સ્વપરની વહેંચણ જેમ સમ્યગ્દર્શન છે, તેજ પ્રમાણે જૈનદર્શન, જૈનશાસન અને જૈનધર્મ તરફની સક્રિય અનન્ય વફાદારી પણ સમ્યગ્દર્શન છે. તે વફાદારી ચુકવામાં સમ્યગ્દર્શન ગુણમાં અતિચાર લાગે છે, એટલું જ નહિ, પરંતુ વફાદારી નિરપેક્ષ વર્તાવ રાખવામાં અનાચાર એટલે મિથ્યાત્વથી ઘેરાવું પડે છે. હિંસાદિક દોષો કરતાં મિથ્યાત્વ દોષ મોટામાં મોટો છે. આ વાત જૈનશાસનનો થોડામાં થોડો જાણકાર પણ સહજ રીતે સમજી શકે છે.

૨ પ્રાચીન શાસ્ત્રપરંપરા, ક્રમબધ્ધ ઐતિહાસિક પ્રમાણો, અવિચ્છિન્ન આચાર્ય પરંપરા, ભારતમાં તો શું પરંતુ ભારતની બહાર પણ પ્રાચીન કાળથી વ્યવહારિક રીતે મુખ્ય પ્રબળ પ્રભાવ, શાસ્ત્રોકત કલ્યાણક ભૂમિઓ અને તીર્થભૂમિઓ તથા મહાતીર્થોની રક્ષાની પરંપરાગત જવાબદારી ઉપાડતા આવ્યાનો ઇતિહાસ, પ્રીતિઅનુષ્ઠાનના આરાધકથી માંડીને શૈલેશીકરણ સુધીના ચરમાવર્તિ તમામ પ્રકારના આરાધક જીવો માટેની સર્વ પ્રકારની વ્યવસ્થિત આરાધનાની સામગ્રીઓના વિવિધ માર્ગદર્શનોથી ભરપુર, એક મહાદર્શનને છાજતી સર્વ દિગ્ગામિની વ્યાપક વિશાળ વ્યવસ્થા યુકત, જૈનદર્શન સિધ્ધનય-નિક્ષેપા પ્રમાણ, સિધ્ધ સ્યાદ્વાદની સમગ્ર દૃષ્ટિઓને આધારે, વિશિષ્ટ પ્રકારના જિનપ્રતિમાપૂજન વિધાનથી યુકત, સકળ નય શુધ્ધ, પંચાચારમય મૂળ આચાર પરંપરા યુક્ત, પરંપરાગત દૃષ્ટિવાદાંતર્ગત પૂર્વોક્ત પર્યુષણા પર્વાદિક મહાપર્વોથી શોભિત, જૈનદર્શનના મુખ્ય બીજ ભૂત-કરેમિ ભંતે-મહાસૂત્રના મૂળ આધાર ઉપર રચાયેલા મહાન જૈનદર્શનની સાંગોપાંગ ચારેય અનુયોગમય અદ્ભુત વ્યવસ્થામય, દિગંબર શબ્દની ઉત્પત્તિ પછી અંબર શબ્દ ઘટિત શ્વેતાંબર શબ્દ ધારણ કરનાર, સ્ત્રી, પુરૂષ-નપુંસકના મોક્ષની માન્યતા અને સચેલક-અચેલકના મોક્ષની માન્યતા, મૂર્તિપૂજા તથા બીજા આચારોને સિધા યા પરંપરાએ મોક્ષના અંગ તરીકેની માન્યતા, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમય અષ્ટ પ્રવચન માતાની સાંગોપાંગ શકય પાલનની વ્યવસ્થામય, જિનકલ્પ અને સ્થવિરકલ્પમય મુનિ વિભાગની માન્યતા, વગેરે માન્યતાઓને આધારે અનેકાંત વ્યવસ્થાને અસ્ખલિત રીતે રાખવાની વ્યવસ્થાયુકત સર્વ ધર્મો અને ખાસ કરીને જૈનધર્મની ઇતિહાસ સિધ્ધ મૂળ પરંપરારૂપ શ્રી જૈનસંઘ [શ્વે. મૂ.] ની નજીક જેમ બને તેમ આ કાળમાં પણ પૂર્વકાળે છુટી પડેલી દરેક પરંપરાએ પ્રમાણિક સમજપૂર્વક આવવાની તક ઉભી થઇ છે અને તમારા વડીલો ગમે તેવા સંજોગોમાં પણ જૈનધર્મની મૂળ પરંપરા તરફની વફાદારી ટકાવી રહ્યા હતા.

તે છોડીને તેનાથી દૂર જવાનું ઉતાવળીયું પગલું ભરવા માટેનું એવું મહત્વનું શું કારણ મળ્યું છે? દેખાદેખી, ગતાનુગતિકતા, બિનજરૂરી દાક્ષિણ્યતા, ખોટી શરમ, વ્યામોહ, અંધ અનુકરણ, ક્ષણિક લાગણી

---

करणेषु गुणेषु रागः। दानेषु तीव्ररुचिता विनयेषु वृत्तिः, कस्यापि पुण्यपुरुषस्य भवन्त्यवश्यम्

॥१९॥

–શ્રીજિનેશ્વવદેવ પ્રત્યે ભકિત, ગુરુવચનોમાં દૃઢતા, ધર્મક્રિયાઓમાં શ્રધ્ધા, ગુણોનો અનુરાગ, દાનપ્રત્યે ઉત્કટરૂચિ, તથા વિનયમાં વૃત્તિ આ ગુણો કોઇક પુણ્યવાન આત્માને અવશ્ય હોય છે.

એવા કોઈ નિર્બળ મનના જીવોને શોભે તેવાં કારણોથી સજ્જન પુરૂષો દોરવાઇ જાય, એ સંભવિત માની શકાય નહિં.

રાજકોટ જેવા હિંદના મુખ્ય ધાર્મિક ક્ષેત્રોથી દૂરના પ્રદેશમાં તથાપ્રકારની ધર્મપ્રભાવની સામગ્રી જોવામાં ન આવે તેટલા ઉપરથી તેને વિષે ઉતરતી સ્થિતિનો અભિપ્રાય બાંધી દેવો, એ એક બાળચેષ્ટા સમાન ગણાય; અલબત્ત સ્વાધ્યાય, ધર્મશ્રવણ, પ્રશ્નોત્તર, જિજ્ઞાસા–સંતોષ માટે વિવિધ દર્શનોના અને વિવિધ વિદ્વાનોનો લાભ લેવામાં આવે તો તે ખાસ વિશિષ્ટ પરિણતિ યુકત ધાર્મિક પુરૂષો માટે દોષ રૂપ બહુ માનવામાં ન આવે, એ સ્વાભાવિક છે, પરંતુ એટલા ઉપરથી સંપ્રદાય પલટો અને જ્યાં જે સંપ્રદાયનો પ્રચાર ત્યાં તે સંપ્રદાયની ઉપસ્થિતિ કરી એકંદર જૈનદર્શનમાં સામાન્ય સમજના જીવોમાં બુદ્ધિભેદ કરવાનું તથા કુસંપનાં કારણોનાં બીજ વાવવાં કઈ રીતે ઉચિત ગણી શકાય ?


કરુણા ભાવનાથી, ૨૧ વખત બૌદ્ધ થયેલા શ્રી ઉપમિતિ ભવપ્રપંચ ગ્રંથના કર્તા મહાત્મા સિધર્ષિ ગણિને બોધ આપવા ગુરુ મહારાજાઓ, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી રચિત લલિતવિસ્તરા નામનો અપૂર્વ ગ્રંથ તેની સામે રાખીને બહાર ગયા અને જેના વાંચનથી તે મહાત્મા બોધ પામીને જૈનદર્શનની શ્રધ્ધાથી કાયમ વાસિત થયા, જે ઘટનાનો ઉલ્લેખ તેઓશ્રીએ પોતાના ઉકતગ્રંથને અંતે સ્પષ્ટ શબ્દોમાં કરેલો છે.

ભવાંતરોમાં પણ ભાવથી જૈનદર્શન પામ્યા વિના જીવનો મોક્ષ થતો નથી, પરંતુ જૈનદર્શનની મૂળ પરંપરાની નજીક આવેલા જીવો જેમ બને તેમ તે સ્થીતિથી ચ્યુત ન થાય તો સારૂં, એ ભવદયાના આધારે તેવા જીવોને સહૃદય ભાવે સ્થિર કરવાના પ્રયત્ન કરવામાં આવે તે પરમ શાસ્ત્રકારોની આજ્ઞા સમ્મત છે, એ લક્ષ્યથી અમારા એક વખતના સાધર્મિક બંધુઓ તરીકેના ભાઈઓને આ પ્રમાણે સમજાવટ કરીએ, તેમાં કશો દોષ કે આશય દોષ નથી જ.

જૈનદર્શનમાં અનુયાયિઓની સંખ્યાની અધિકતા-હિનતાને સ્થાન નથી પરંતુ યોગ્યતા, અને સત્યની નિકટતાને મુખ્ય સ્થાન છે, તેથી બે-પાંચ કે તેથી વધુ ઓછાં ધરો કમી થાય, તેના કોઇ ભયથી દોરાયા વિના અમારૂં આ બંધુભાવે હિતકારક સૂચન છે, તેના ઉપર કેટલો ખ્યાલ આપવો ન આપવો ? તે તમારી સ્વાતંત્ર્યતાની વસ્તુ છે. વ્યકિત સ્વાતંત્ર્યની આડે આવવાની અમારી ઇચ્છા નથી તેમજ કોઇ જાતની ખુશામત કે લાલચો પાથરવાની અમારી ઇચ્છા નથી. તમારા દિલમાં સત્યનો પ્રકાશ પાડવાની ઇચ્છાથી જ આ લખું છું. અમને, પણ શંકા છે, કે અમારી આ હિતશિક્ષા આપ ભાઇઓને કેટલા અંશે સ્પર્શ કરશે ? પરંતુ અમારી ફરજ અમારે બજાવવી જોઇએ, કારણ કે જ્યારે વ્યકિત કોઇ એક પ્રકારના નવીન ઉત્સાહમાં કે વેગમાં હોય, ત્યારે હિતશિક્ષા ભાગ્યે જ અસર કરે છે.

આ બાબત તરફ વિશેષ ધ્યાન ખેંચવાનું મુખ્ય કારણ તો એ છે, આજના આ જાતના સંપ્રદાય પલટાનો ચેપ ધર્મપલટામાં પરિણમવામાં વાર લાગે તેમ નથી કેમકે તેવા સંજોગો ભારતમાં વધતા જાય છે અને ભાવિ આપણા સંતાનો તે જાળમાં ફસાયા વિના કેવીરીતે બચી શકશે? એ આજે મોટો હિંદના ધર્મોની સામેનો પ્રશ્ન ઉપસ્થિત થતો જાય છે, માર્ગદર્શન મળી જાય, અને તેનો કેવો દુરુપયોગ કરવામાં આવશે, તેની કલ્પના ભય ભરેલી છે. આમજ એ લાગી શકે, આપણે નવું જાણ્યું, પરંતુ આવતી કાલે ભાવી સંતાનો જૈનધર્મથી જ દૂર ચાલ્યા નહિં જાય તેની કશી ખાત્રી નથી મળતી પણ દિવસે દિવસે ભય વધતો જાય છે, અને સહેજ વિચારભેદ થયો કે નવું તંત્ર ઉભું કરીને જુદો ચોકો જમાવાની સગવડ ભવિષ્યમાં શ્વેતામ્બર–દિગમ્બરને જ નહિં, પરંતુ જૈનધર્મને અને એકંદર સર્વ આર્યધર્મો અને આધ્યાત્મિક દોરવણીને ભયંકર ફટકારૂપ નિવડશે અને આપણા ભાવિસંતાનો જૈનધર્મ રહિત સ્થિતિમાં મુકાઇ જાય, તો આના જેવો બીજો અનર્થ કયો ગણાશે ? અને તેમાં આજની ઉતાવળ સિધી યા આડકતરી રીતે નિમિત્તભૂત બને, તો તે લાભને બદલે નુકશાન કર્યું ગણાય, આ વસ્તુ સ્પષ્ટ સમજી શકાય તેમ છે. જૈનદર્શન તરફની સામાન્ય વફાદારીની દ્રષ્ટિથી પણ આ વસ્તુ શાંતિપૂર્વક વિચારવાની જરૂર છે તો તે તરફ ખાસ તમારૂં લક્ષ્ય ખેંચવામાં આવે છે.

[ ક્રમશઃ ]



શ્રી શત્રુંજય ગિરિરાજની તળેટી નજીક આવેલ જૈનસોસાયટીના વિશાળ કમ્પાઉન્ડમાં [redacted] રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઇની કાળજીભરી દેખરેખ નીચે તૈયાર થયેલ ભવ્ય નૂતન જિનાલયમાં મહા શુદિ ૧૩ ના શુભદિને બારમા તીર્થંકર વાસુપૂજ્ય સ્વામી આદિ ભગવંતોની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો, જે મહોત્સવમાં એક લાખ જેટલી ઉપજ થઇ હતી.

**: નૂતન જિનમંદિરનું એક પ્રકૃતિરમ્ય ભવ્ય દશ્ય :**

[ 'દુંદુભિ' કાર્યાલયના સૌજન્યથી ]

સિધ્ધાંતમહોદધિ પૂ૦ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા તેઓશ્રીના પટ્ટાલંકાર પૂ૦ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં મહા શુદિ ૧૨ ના દિને વિદ્વાન મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજને પંન્યાસ પદાર્પણ થયું તે વખતનું એક દશ્ય: વિદ્વાન મુનિરાજશ્રી ઉભા ઉભા બે હાથ જોડી સૂત્રોનું ઉચ્ચારણ કરતા દેખાય છે.



[ 'દુંદુભિ' કાર્યાલયના સૌજન્યથી ]

હોય તો નીચેના સ્થળોમાંથી ગમે તે સ્થળે લવાજમ ભરી અમને એક પત્રથી જણાવવું.

૧ શ્રી મેઘજી ખીમજી ગુઢકા
પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ કીસુમુ [ આફ્રીકા ]

૨ શ્રી દામોદરદાસ આશકરણ
પોષ્ટ બોક્ષ નં. ૬૪૯ દારેસલામ

૩ શ્રી તારાચંદ ડી. શાહ
પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ નૈરોબી

૪ શ્રી ભીમજીભાઇ ઘેલાભાઇ
પોષ્ટ બોક્ષ નં. ૨૪ કીસી [ આફ્રીકા ]

પોષ્ટ-ખાતામાં એવો એક ઓર્ડર નિકળ્યો છે કે, ગ્રાહકના વી, પીના ઓર્ડર પત્ર સિવાય વી. પી. થઈ શકતું નથી, માટે વી. પી. જ મંગાવવું હોય તો એક પત્ર લખી અમને જણાવવું.

નવા વર્ષથી જેમ બને તેમ વધુ આકર્ષક, અને સુઘડ તેમજ વિવિધ સાહિત્યની વાંચન સામગ્રીથી સમૃધ્ધ કરવા અમે પ્રયત્નો કરતા રહ્યા છીએ. જે અંક જોતાં આપને જરૂર ખાત્રી થશેજ. આપને જો આ અંક ગમે તો જરૂરથી નવા ગ્રાહક કે સભ્ય બનાવી નિ:સ્વાર્થ ભાવે ધર્મ તથા સમાજ સેવા કરવાના અમારા ભગીરથ કાર્યમાં આપ સહકાર આપશો. દશ ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ 'કલ્યાણ' ફ્રી મોકલીશું.

આ અંકમાં બાલજગત, નારી કૂંજ, મધપૂડો એ હેડીંગ નીચે વિભાગો શરૂ કર્યા છે, અને એ વિભાગોનું વાંચન વાચકોને જરૂર ગમશે. એ અંગેનાં લખાણો લેખક બન્ધુઓને મોકલવા આમંત્રણ છે.

દરેક લેખક બન્ધુઓએ લખાણો કાગળની એકજ બાજુ અને સ્વચ્છ અક્ષરોથી લખી મોકલવાં. દરેક અંક ૧૫ મી એ બહાર પડે છે તો ૧ લી તારીખ પહેલાં લેખો મળી જવા જોઇએ. વિશેષાંકમાં જે જે લેખક મહાશયો અને પૂ. આચાર્ય દેવાદિ મુનિવરોએ લેખો મોકલી સહકાર આપ્યો છે, એ બદલ ઋણી છીએ.

સાહિત્યનો નવો ફાલ, સમાચારો અને કેટલાક લેખો સ્થળ સંકોચને કારણે રહી જવા પામ્યા છે, તે આગામી અંકે પ્રગટ કરીશું.

'કલ્યાણ' માસિકે આ અંકથી ઇનામી હરિફાઇની શરૂઆત કરી છે, એના માટે પેજ ૫૭ મું જુઓ અને લાભ ઉઠાવો.

આ અંક જોયા પછી ગ્રાહક કે સભ્ય બનવાનું મન થાય તો તુરત જ લવાજમ મોકલી ગ્રાહક કે સભ્ય બની જવું ઇષ્ટ છે, કારણ કે વિશેષાંકની ગણત્રીની જ નકલો બચતમાં રહેવા પામી છે.

દર વર્ષે એકાદ વખત આત્મમંડળના સભ્યોની નામાવલિ 'કલ્યાણ' માં છપાય છે. આ વખતે પણ છાપવા વિચાર તો હતો જ પણ લેખોનું મેટર વધી જવાથી, આગામી અંકે નામાવલિ રજુ કરીશું.

દરેક ગ્રાહક બંધુઓએ પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે 'ગ્રાહક નંબર' લખવા ચૂકવું નહિ.

આગામી ૩ જો અંક તા. ૧૫-૫-૫૧ ના રોજ એટલે આ અંક પછી પંદર દિવસમાં જ પ્રગટ થશે.

## ઇનામી નિબંધોનું પરિણામ.

ગયા ડિસેમ્બર મહીનાના ૧૦મા અંકમાં 'ઇનામી નિબંધ હરીફાઇ' રજુ કરીહતી, એનું પરિણામ નીચે મુજબ છે, કુલ સોળ ભાઇ-બ્હેનોએ નિબંધો લખી મોકલ્યા છે તેમાં પ્રથમના ત્રણ નંબરોને નિયમ મુજબ ઇનામ અપાશે.

| | નામ | | માર્ક્સ, | ઇનામ |
|---|---|---|---|---|
| ૧ | ચંપાલાલ એ. વિશારદ | શીવગંજ | ૭૦ | રૂ. ૨૫, |
| ૨ | માસ્ટર હરીભાઇ | શીવગંજ | ૬૦, | રૂ. ૧૫, |
| ૩ | એન. બી. શાહ | આમોદ | ૬૦, | રૂ. ૧૦. |
| ૪ | અમૃતલાલ છગનલાલ | મુંબઇ | ૫૫ | |
| ૫ | સી. એલ. વિશારદ | શીવગંજ | ૫૦ | |
| ૬ | ભગુભાઇ અંબાલાલ | અમદાવાદ | ૫૦ | |
| ૭ | સૌ. કમળા ધોંડીલાલ | નીપાણી | ૪૦ | |
| ૮ | ચંપકલાલ ગોપાલજી શાહ | કોલ્હાપુર | ૪૦ | |
| ૯ | તારાબેન એન. શાહ | બારામતી | ૩૫ | |
| ૧૦ | બાબુભાઇ વનેચંદ શાહ | કોલ્હાપુર | ૩૫ | |
| ૧૧ | ઇલાબેન સી. ઝવેરી | મુંબઇ | ૩૫ | |
| ૧૨ | છોટાલાલ લખમશી | જામનગર | ૩૦ | |
| ૧૩ | મોતીચંદ રાયચંદ | ડબાસંગ | ૨૫ | |
| ૧૪ | ગુણવંત વી. શાહ | અમદાવાદ | ૨૫ | |
| ૧૫ | ઝવેરચંદ મોતીચંદ | જામનગર | ૨૫ | |
| ૧૬ | પાનાચંદ કેશરીચંદ | વાપી | ૨૦ | |

ઉપર મુજબ પરિણામ જાહેર થાય છે અને જેઓને ઇનામ પ્રાપ્ત થાય છે તેઓને પંદર દિવસમાં મોકલી આપીશું.

Reg. No. 4925.

# વરસીતપના પારણા ઉપર ઘટાડેલા પુસ્તકના ભાવ.

| | | |
|---|---|---|
| સામાયિક સૂત્ર | ૧૦૦ ના | રૂ. ૧૨-૦ |
| બે પ્રતિક્રમણ મૂળ | ” | ના ૩૫-૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ પોકેટ | ” | ૧૨૫-૦ |
| પંચ પ્રતિક્રમણ વિધિ સહિત | ” | ૧૩૫-૦ |
| દેવપાલ કથા | ” | ૧૨-૦ |
| રત્નાકર પચ્ચીસી | ” | ૧૨-૦ |
| નેમનાથનો શ્લોકો | ” | ૧૨-૦ |
| ચૌદ નિયમની બુક | ” | ૧૦-૦ |
| નૂતન સ્તવનાવલિ | ” | ૧૨-૦ |
| સ્તવન સુધા | ” | ૧૫-૦ |
| શત્રુંજય ઉધ્ધાર રાસ | ” | ૧૨-૦ |
| અમરબલિદાન | ” | ૧૨૫-૦ |
| સમકીત સડસઠ બોલની સજ્ઝાય | ” | ૨૫-૦ |
| સ્નાત્ર પૂજા | ” | ૧૫-૦ |
| સુધારસ સ્તવનાવલિ | ” | ૩૨-૦ |
| નવકારવાળી | ” | ૮-૦ |
| નવસ્મરણ | ” | ૭૫-૦ |
| દર્શન ચોવીસી | ” | ૬૦-૦ |
| સ્થાપનાજી | ” | ૪-૦ |
| શત્રુંજય તીર્થદર્શન | ” | ૧૨૫-૦ |
| નૂતન સ્તવનાવલિ હિન્દી | ” | ૩૫-૦ |
| અંતસમયની આરાધના | ” | ૩૦-૦ |
| પચ્ચક્ખાણના કોઠા | ” | ૭-૦ |
| આત્મભાવના સંગ્રહ | ” | ૧૨-૦ |
| સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો | ” | ૭૦-૦ |
| આઠ દ્રષ્ટિની સજ્ઝાય સાર્થ | ” | ૫૫-૦ |
| નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ | ” | ૨૩૫-૦ |
| સંસ્કૃત ચૈત્યવંદન ચોવીસી | ” | ૫૫-૦ |
| કર્મગ્રંથ ભાગ ૧ લો ૧ થી ૪ | ” | ૩૫૦-૦ |
| વિમલ જ્યોત | ” | ૩૦-૦ |
| જેશલમેરનો ચમત્કાર | ” | ૧૫-૦ |
| અક્ષયતૃતિયા કથા | ” | ૧૨-૦ |
| શત્રુંજય દિગ્દર્શન | ” | ૧૦૦-૦ |

સમ્યગ્જ્ઞાનનાં પુસ્તકોની પ્રભાવના કરી વરસીતપના પારણાના શુભ પ્રસંગને ઉજવો.

* અગાઉથી ઓર્ડર નોંધાવશે તેઓને પોતાના ખર્ચે નામની કાપલી છપાવી ચોડાવી આપીશું

* અગાઉથી ઓર્ડર નોંધાવનારને રૂા. ૨૫) ડીપોઝીટના ભરવાના રહેશે.

* બહાર ગામના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન અપાશે.

લખો—

**સોમચંદ ડી. શાહ**

જીવનનિવાસ સામે,

**પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

: મુદ્રક : હીરચંદ જગજીવન શેઠ, કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ-પાલીતાણા.